Vol. 41, No. 9
January 2021
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

અનહદ બાની

❑ સુભાષ ભટ્ટ

માનવ સભ્યતાના ઇતિહાસમાં સૌથી વધુ સમજવાના અને સમજાવવાના પ્રયાસો થયા હોય તો તે છેઃ માનવ મનના. કારણ કે મન ક્યારેક ચોર તો ક્યારેક ચોકીદાર છે, ક્યારેક દર્દી તો ક્યારેક દાક્તર છે, ક્યારેક ગુનેગાર તો ક્યારેક ન્યાયાધીશ છે. તો વળી બૌદ્ધ ધારામાં તો મન એટલે સંસાર અને નિર્વાણ બન્ને.

તિબેટની બૌદ્ધ ધારામાં ન્યાંગમા નામક સંપ્રદાયમાં પેતૃલ રિમ્પોચે કે અબુ નામના પરમ જ્ઞાની-મરમી સાધુ થઈ ગયા. તે હંમેશાં શિષ્યો વચ્ચે જ રહેતા. દરરોજ સંધ્યાકાળ પછી મઠના ખુલ્લા ચોગાનમાં ઊનની નાનકડી શેતરંજી પાથરે અને આકાશ સાથે સંવાદ રચે. ક્યારેક તાકી રહે, માપી રહે અને પામી રહે. એક વખત લૂંગ્ચે નામનો એક ખોજી શિષ્ય ત્યાંથી પસાર થયો તો અબુ તેને કહે, 'તું પૂછતો હતો ને કે તને મનનું આવશ્યક તત્ત્વ કે સ્વરૂપ સમજાતું નથી. તો અહીં મારી જેમ જ શેતરંજી પાથરીને આડો પડ, હું તને સમજાવું.' અને પછી લૂંગ્ચે અબુની જેમ જ આકાશાભિમુખ સૂવે છે.

અબુ : તારાઓ દેખાય છે?

લૂંગ્ચ : હા.

અબુ : ઝોંગ્ચેન મઠના શ્વાનનો ભસવાનો અવાજ સંભળાય છે? (લૂંગ્ચે હા પાડે છે)

અબુ : બસ, તે ધ્યાન છે, સમાધિ છે, સંબોધિ છે.

અને લૂંગ્ચેને તે પળે જ :

આ પૃથ્વી તે આકાશ, આ છે તે નથી, આનો સ્વીકાર તેનો નકાર,
આ શૂન્યતા પેલી સભરતા, આ મારગ તે મંઝિલ, આ પ્રયાસ તે પ્રાપ્તિ,
આ સંસાર પેલું નિર્વાણ તેવાં બધાં વિપરીતોને ઓસરતાં ઓગળતાં અનુભવે છે. પરમ પરમી કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ મન વિશે લખે છેઃ

ઓગળે તો મૌનથી એ ઓગળે ઝળહળ થતું,
શબ્દનું એની કને કૈં ક્યાં ઊપજતું હોય છે!

અર્થાત્ વિચાર્યું તો ચૂક્યા, વર્ણવ્યું તો ખોયું.

❑❑❑

૧૧૩

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંકઃ ૯, જાન્યુઆરી ૨૦૨૧

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

આપણે આખરે તો માણસો છીએ અને માનવસહજ નિર્બળતાની ક્ષણોમાં માતૃભૂમિની મહત્તાને જોઈ શકતા નથી. હજી કેટલાક મહિનાઓ પહેલાં જ લાગતું હતું કે નવજાગૃતિના યુગની સર્જકશક્તિ હવે ખરચાઈ ચૂકી છે. ખંડનાત્મક પરિબળો પ્રબળ બની રહ્યાં હતાં. જાહેર જીવન અધોમુખ બન્યું હતું. દેશની એકતાને સુરંગ ચંપાઈ રહી હતી. જડ સુખવાદ આપણા વ્યક્તિગત જીવનને વિષમય બનાવી રહ્યો હતો.

પણ એટલામાં તો આપણી સીમા પર ચીની ટોળાંઓ ઊમટ્યાં, રાજપુરુષોના વાણીવિલાસ અટકી ગયા, ભાષાવાદની ધાર બુઠ્ઠી થઈ ગઈ. વિદ્યાર્થીઓ અને કામદારોની દુનિયાના ઝઘડા શમી ગયા. કેવળ અંગત સુખના વિચારોને તિલાંજલિ અપાઈ. આખાયે દેશમાં જાગૃતિનો જુવાળ ફેલાઈ રહ્યો.

દેવગણ જોવા ઊતરી આવે એવું એ દૃશ્ય હતું. આપણે ક્યારેય આટલા સંગઠિત ન હતા. દુનિયાના બહુ ઓછા દેશોમાં આવી કટોકટીની ક્ષણે આક્રમકનો પ્રતિકાર કરવાનો આવો સ્વયંભૂ ઉત્સાહ જોવા મળ્યો છે.

આ ક્ષણોમાં નવજાગૃતિનો યુગ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો. આપણને ઇષ્ટ એવાં મૂલ્યો સામેના પડકારને આપણે ઝીલી લીધો.

જો સામુદાયિક પ્રતિકારની આ ભાવના ઉગ્ર તપશ્ચર્યાની ક્ષણોમાં ટકી રહેશે તો ભારતની નવજાગૃતિનો પ્રકાશ સર્વત્ર લહેરાઈ રહેશે. ભારતે ગુપ્તયુગમાં નિહાળ્યો હતો એવો સુવર્ણયુગ સર્જાશે.

જો આ મહાન પ્રયત્નમાં ભવન કૈંક પણ કરી છૂટશે તો એનું અસ્તિત્વ સાર્થક બનશે.

[ક્રમશઃ]

|| શબ્દમૂળની શોધ ||

ગુસપુસ

☐ હેમન્ત દવે

'છાની વાતચીત - મસલત' એવા અર્થ સાથે અને 'ગુચપુચ' એવા સમાનાર્થી શબ્દ સાથે આ શબ્દ *સાર્થ જોડણીકોશ*માં નોંધાયો છે. એની સાથે જ 'ગુસગુસ' અને 'ઘુસપુસ' એ શબ્દ પણ છે જે કોશમાં નોંધાયા નથી, જેમ કે 'ક્યારનોયે શું એના કાનમાં તું ગુસગુસ કરે છે?' વગેરે. ખરું જોતાં 'નાદતંત્રીઓને હલાવ્યા વિના સાવ ધીમા અવાજે થતી વાત' એમ અર્થ હોવા જોઈતો હતો. આવી વાત ખાનગી કે છાની જ હોય એવું આવશ્યક નથી. કોઈને ખલેલ ન પડે માટે પણ આવી રીતે વાત થતી હોવાનું જાણીતું છે. તો અંગ્રેજીમાં જેને 'સ્વીટ નથિંગ્ઝ' કહે છે તેમાં પણ હોય છે તો ગુસપુસ જ!

હિન્દીમાં 'ખુસખુસ', 'ખુસપૂસ', 'ખુસરફુસર' શબ્દો છે. નેપાળીમાં પણ 'ખુસખુસ' શબ્દ છે. બરો અને એમનો એમના દ્રા. વ્યુ. કોશમાં આ ઉપરાંત પ્રાકૃત 'ખુસખુસ' આ અર્થમાં નોંધે છે. એમણે એમના કોશમાં દ્રાવિડી ભાષાના શબ્દો નોંધ્યા છે. જેમ કે, કન્નડમાં 'કુચુ', 'કુસ.', 'કુસુ', 'ગુજ.', 'ગુજુ', 'ગુસ.', 'કિસુ', 'ગિસુ', અને એમના અર્થ 'a sound imitating whispering (frequently reduplicated)' એમ આપ્યા છે (૧૬૩૮). હિન્દી, નેપાળી, અને પ્રાકૃત શબ્દો ઉપરથી તેઓ આ શબ્દોની ક્ષેત્રીય વ્યુત્પત્તિ હોવાનું માને છે અને નોંધે છે કે રૅલ્ફ ટર્નરના તુલનાત્મક કોશમાં આ શબ્દો નોંધાયા નથી. દેખીતી રીતે, ગુજરાતી 'ગુસપુસ', 'ગુસગુસ', 'ઘુસપુસ', વગેરે શબ્દો એમની જાણમાં નથી.

મને આ શબ્દ દ્રાવિડી મારફતે આવેલા લાગે છે.

❑❑❑

''માણસ માટે સૌથી ભવ્ય કોઈ વિજય હોય તો તે જાત ઉપરનો.''

- પ્લેટો


* * *

''તર્ક તમને અથી બ સુધી લઈ જશે, જ્યારે સર્જનશક્તિ તમને સર્વવ્યાપક બનાવશે.''

- આલ્બર્ટ આઇન્સ્ટાઈન

પ્રમુખના પત્રો

બે જીવનધ્યેય



જીવન મુખ્યત્વે બે હેતુ સાથે ધબકતું હોય છે: સુખની શોધ અને પીડામાંથી મુક્તિ. આખા જીવનસંઘર્ષ દરમિયાન આ બે અભીપ્સા સદા સાથે રહે છે.

પશુયોનિમાં મનુષ્ય જગત જેટલી સમજશક્તિનો અભાવ હોવાથી મનુષ્ય તાર્કિક અને વધુ પરિષ્કૃત રીતે અન્ય જીવ-જગતથી જુદો પડે છે. જીવ-જગતના અસ્તિત્વની અવધારણા પ્રકૃતિગત માત્ર શારીરિક હોઈ આ સર્વ પશુ-પક્ષી, સરિસૃપ કે મત્સ્ય જેવાં જળચર તાત્કાલિક ધોરણે, મુખ્યત્વે આ બે પાર્થિવ ઉદ્દેશોની પરિપૂર્તિ માટે સતત રમમાણ રહે છે. આ અંતર્ગત પ્રાકૃતિક સ્વભાવથી દોરવાઈને આ જીવ-જગત સુખને સ્વીકારે છે અને દુ:ખને નકારે છે. આનાથી વિશેષ એના લાંબા ગાળાનાં પરિણામો, વિરોધાભાસો અને આફતો વિશે તેઓ જાગૃતિ કેળવી શકતાં નથી. એટલે અનુકૂળ પરિસ્થિતિમાં તેઓ વિકસે અને પ્રતિકૂળ સ્થિતિમાં હ્રાસ પામે એવી સદંતર પાર્થિવ અવસ્થામાં જીવે છે જેમાં તાત્કાલિક નફો કે નુકસાન અગત્યનો ભાગ ભજવે છે.

દુ:ખનાં કે સુખનાં કારણો અને એવાં અન્ય આધ્યાત્મિક પ્રશ્નો માટે એમની પાસે અવકાશ નથી. એ તો પોતાના નૈસર્ગિક સ્વભાવ મુજબ પીડાને

અવગણશે અને સુખ માટે લાલાયિત રહેશે. એમનો જીવન-વિકાસ સાહજિક ક્રિયા-પ્રતિક્રિયાથી દોરવાતો હોઈ એક કે બીજા માટે હર્ષ, શોક જેવું પણ ખાસ નથી હોતું.

આ બે અંતિમોને પામવાની વ્યક્તિની જુદી જુદી પ્રક્રિયામાં વ્યવહાર અને પ્રમાણમાં અનેક વિભિન્નતાઓ નજરે પડે છે. મનુષ્ય પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે આ બે અંતિમોને પામવા યથાશક્ય અથાક પ્રયત્નો કરે છે.

કેટલાક વિશેષપણે વ્યક્તિગત શરીર અને મનના સુખની અભિવૃદ્ધિ અને દુ:ખની નિવૃત્તિ માટે પ્રવૃત્ત હોય છે, તો કેટલાક એ જ સાધારણ ઉદ્દેશો પોતાના પરિવાર તેમ જ મિત્રો માટે સાધવા પ્રયત્નશીલ રહે છે.

કેટલાક ઊંડા જ્ઞાની માટે જીવનની અવધારણા આ બે અંતિમોથી ઉપરની હોય છે. એમને માટે વર્તમાન જીવનનું ખાસ મહત્ત્વ નથી હોતું. શારીરિક સુખસાહ્યબી કે ઉપભોગનાં સાધનોને અવગણે છે. પોતાનાં મન અને શરીરને શિસ્તમાં રાખવા તેઓ અનેક સાધનાને અનુસરે છે. જિવાતા જીવનથી ઉપર અને પુનર્જન્મમાં માનતા હોવાથી તેઓ સૂક્ષ્મ તેમ જ ગૂઢ અસ્તિત્વ દ્વારા આનંદની ઉપલબ્ધિ કરવા આતુર હોય છે.

આવી આનંદાનુભૂતિ ખરેખર પ્રાપ્ત થતી હોય તોય એના સાધકોને એની સાધનામાં આત્યંતિક પીડાનો અનુભવ પણ સામેલ હોય છે. કદાચ આવી નિર્ભેળ આનંદની અનુભૂતિ માટે પીડા અનિવાર્ય હોય છે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા


"તમારા વિચાર વચ્ચેના મૌનમાં તમે કોણ છો?"

- ગીલ ફ્રોન્સડાલ

* * *

"તમારી પ્રામાણિકતાને કોઈની મંજૂરીના ત્રાજવે તોળતા નહીં."

- અજ્ઞાત



૨૬ જાન્યુઆરી

☐ મકરન્દ દવે

આજે ૨૬ જાન્યુઆરી છે. આજે પર્વનો દિવસ છે, એક ઉત્સવનો દિવસ છે. આજે એક પ્રજા તરીકે આપણે ઉદ્‌ઘોષણા કરી કે આપણે ત્યાં લોકોનું રાજ્ય, લોકશાહી પ્રસ્થાપિત થાય છે. ભારતમાં અનેક સમ્રાટો થયા, ગણરાજ્યો હતાં પણ સમગ્ર ભારત એક પ્રજાસત્તાક રાજ્ય હોય તે ઇતિહાસમાં અપૂર્વ ઘટના છે. ભારત ખંડિત થઈ ગયું છે, વિભાજિત થઈ ગયું છે. આપણે જાણીએ છીએ કે આપણું અખંડ ભારતનું સ્વપ્ન છિન્ન-ભિન્ન થઈ ગયું છે. પરંતુ ભારતનો જે મોટો ભાગ અત્યારે ભારત તરીકે ઓળખાય છે, એ ભારતમાં આજના દિવસે લોકોનું રાજ્ય સ્થાપિત થયું. એક

વ્યક્તિનું નહીં, કોઈ રાજાનું નહીં, એક વર્ગનું નહીં પણ સમગ્ર પ્રજાનું રાજ્ય. કેવડી મોટી વાત છે! આપણે રાજા છીએ. કોઈને રાજ્યવ્યવસ્થા સોંપીએ છીએ અને ધારીએ ત્યારે હટાવી પણ શકીએ છીએ. આપણા બંધારણ દ્વારા દરેક વ્યક્તિના હાથમાં એક મોટું બળ મૂક્યું છે. એ મોટી ઘટના છે.

આપણા કમનસીબ છે કે આપણે ત્યાં એ બળ પ્રજાના હાથમાં નથી રહ્યું. પ્રજાની જાગૃતિ નથી. જે બંધારણ દ્વારા આપણે લોકોના હાથમાં આપ્યું છે તે લોકોને નથી મળ્યું. એ કાર્ય હજી બાકી છે. આપણે કાયદાની દૃષ્ટિએ કે રાજ્યવ્યવસ્થાની દૃષ્ટિએ લોકશાહીમાં જીવીએ છીએ પણ વાસ્તવિક રીતે લોકોના હાથમાં કશો જ દોર નથી. તો એ કેમ આવે? લોકો પોતાની ફરજ પ્રત્યે, પોતાના અધિકાર પ્રત્યે જાગૃત થાય અને સમજે કે પોતે એક નાના સરખા જૂથના નથી, એક પ્રાંતના નથી, એક રાજ્યના નથી પણ સમગ્ર ભારતના છે, સમગ્ર ભારતવાસી છે. હું ગુજરાતી છું પણ ભારતવાસી છું. મારું કેન્દ્ર ભારત છે, ભારતની સંસ્કૃતિ છે, ભારતનો પ્રાણ છે. એના પ્રત્યે હું જાગૃત થાઉં, ઉન્મુખ થાઉં તો ભારતમાં સાચું લોકરાજ્ય આવે. નહીંતર હજી બીજા છિન્ન-ભિન્ન ટુકડાઓ થઈ જશે એ મોટો ભય છે.

આપણે રવીન્દ્રનાથ ટાગોરનું ગીત રાષ્ટ્રગીત તરીકે અપનાવ્યું છે. એમાં તો ભારત-પ્રાણનું સંપૂર્ણ દર્શન છે. 'જન ગણ મન ગાઈએ છીએ. આજે તો અનેક જગ્યાએ ગવાતું હશે. રાષ્ટ્રધ્વજ ફરકાવાતો હશે. 'જન ગણ મન અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા.' જન ગણ મન - જે વિશાળ જનતા છે એના મનનો અધિનાયક કોણ છે? ભારતનો ભાગ્યવિધાતા કોણ છે? ક્યાં રહ્યો છે? ભારત-ભાવમાં રહ્યો છે, ભારતની સંસ્કૃતિમાં રહ્યો છે. અને ભારતે જેની ઉપાસના કરી છે એ મહાપ્રાણ, મહાશક્તિ - એને પરમાત્મા કહો, ચૈતન્ય કહો એમાં રહેલો છે. આજે કુંભમેળામાં લાખો માણસો કઈ શ્રદ્ધાથી, કયા ભાવથી ગંગાનદીમાં સ્નાન કરવા જાય છે? ત્યાં ભારત રહ્યું છે. કુંભ અમૃતનું પ્રતીક છે. આ મૃત્યુલોકમાં અમૃત હોય તો અમૃત ક્યાં છે? અમૃતનું પાન ક્યાં છે? અમૃતનું સ્વરૂપ શું છે? અમૃતનો આપનારો કોણ છે? એનું અનુસંધાન થાય તો ભારત-પ્રાણનો પરિચય થાય. એ ક્યાં છે? ક્યાં વસે છે એની શોધ કરવી જોઈએ. એક એક વ્યક્તિમાં આપણે રાજ્યસત્તાનું કે પ્રજાસત્તાનું જે સ્થાપન કર્યું છે તે વધુ ઊંડે કરવું પડશે. વ્યક્તિના ત્રણ વિભાગો છે - એક શરીરની ભૂમિકા છે, એક મનની ભૂમિકા છે અને ત્રીજી અંતરાત્માની ભૂમિકા છે. એ ત્રણેય

ભૂમિકા પર જો સ્થાપન થશે તો આપણને ભારતના ભાગ્યનો પરિચય થશે અને વિધાતાનોય પરિચય થશે.

સુંદર પંક્તિઓ આ ગીતમાં આવે છે જે રાષ્ટ્રગીતમાં નથી લીધેલી.

પતન-અભ્યુદય-બંધુર પંથા,
યુગ - યુગ - ધાવિત યાત્રી -
હે ચિરસારથિ, તવ રથચક્રે મુખરિત
પથ દિનરાત્રિ.

પતનના અને અભ્યુદયના બંને માર્ગમાં યુગયુગથી પ્રવાસી યાત્રા કરી રહ્યો છે. ભારતનો પ્રાણ પતનમાંય છે. પતનમાં એ વિરામ પામ્યો નથી. એની યાત્રા અટકી નથી. જ્યારે ગુલામી આવી પડી છે, અંધકાર આવી પડ્યો છે ત્યારે આપણા સંતોએ, આપણા સામાન્ય માણસોએ, ધૂળિયા સંતોએ, ઋષિ-મુનિઓએ પ્રકાશની યાત્રા કરી છે. અભ્યુદય થયો ત્યારે ઘરોમાં એને ઉન્નત નહોતો કર્યો એમ નથી. એણે દરેક પ્રાણીમાત્રમાં પરમાત્માની શોધ કરી છે. ભારતનો પ્રાણ એનો મિત્ર, એનો સખા બન્યો છે. 'હે ચિરસારથિ' - એણે સારથિ જોયો છે જે અનંતના માર્ગમાં, યુગ યુગમાં એને લઈ જાય છે, કદી ભૂલતો નથી.

તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રિ
દારુણ વિપ્લવ-માઝે તવ શંખધ્વનિ
બાજે સંકટદુ:ખત્રાતા

સંકટ અને દુ:ખમાંથી તેં અમને મુક્ત કર્યા છે. ભારતનું અનુસંધાન આ અંતર્યામી સાથે છે. એણે નથી ધનને માન આપ્યું, નથી બાહ્ય ઐશ્વર્યને આપ્યું. પણ એણે માન એક વનવાસી તપસ્વીને આપ્યું છે. ભારતને જાગૃત કરનાર એક તપસ્વી હતો. યોદ્ધો હતો પણ સંત હતો. સંત અને યોદ્ધા બંને નીકળ્યા છે. કૃષ્ણ જુઓ, રામ જુઓ. મહાવીર સંત છે છતાં જીવનના અંદરના અસુરોને હણવા તેમણે પ્રયત્ન કર્યો છે. તેઓ અરિહંત છે. એમની ઉપાસના કરી છે, એ ભારતનો પ્રાણ છે. આ ભારતની સાધના છે. એક બીજી પંક્તિ બહુ સરસ છે.

જાગ્રત છિલ તવ અવિચલ મંગલ
નત નત નયને અનિમેષે
દુ:સ્વપ્ને આતંકે રક્ષા કરિલે અંકે
સ્નેહમયી તુમિ માતા

તું સ્નેહમયી માતા છો. જ્યારે જ્યારે દુ:ખ આવ્યાં છે ત્યારે તેં રક્ષા કરી છે. -'જાગૃત છિલ'

ઘોર તિમિરઘન નિબિડ
નિશીથે પીડિત મૂર્છિત દેશે

ઘોર કાળી રાત જામી છે, અમે પીડામાં પડી ગયા છીએ, અમે મૂર્છિત બની ગયા છીએ. આજે આપણે મૂર્છિત છીએ, પીડિત છીએ કારણકે જેની પાસે સત્તા હોવી જોઈએ, જેનું ગૌરવ હોવું જોઈએ એનું ગૌરવ નથી. એની પાસે કશું જ નથી. એ દીન કંગાળ છે. એ કૂબામાં, કુટિરમાં પડ્યો રહે છે. અરે કુટિરેય નથી એને તો. ખાવા ધાન પણ

નથી. 'જાગ્રત છિલ તવ અવિચલ મંગલ નત નત નયને અનિમેષે'

બહુ વિશ્વાસથી, શ્રદ્ધાથી ગાય છે કે તારું મંગલ વિચલિત નથી થયું, જાગૃત છે. પીડામાં, મૂર્છામાં, ઘોર તિમિર રાત્રિમાં તારું 'અવિચલ મંગલ નત નવ નયને'- એના નેત્રો ઢાળીને, નેત્રો સામે મીટ માંડીને. 'અનિમેષે, દુ:સ્વપ્ને આતંકે' - ભયંકર દુ:સ્વપ્નમાં. પંજાબનું દુ:સ્વપ્ન જ છે ને. (એ દિવસોમાં પંજાબમાં આતંકવાદ હતો) Nightmare છે ને? આતંકે - આતંકવાદી કહ્યું છે. 'રક્ષા કરિલે અંકે' હે મા, હે ભગવતી રક્ષા કર. તારા ખોળામાં જેમ બાળકની મા રક્ષા કરે તેમ તું રક્ષા કર કારણ કે સ્નેહમયી માતા તું જગદંબા છો. તું જગતજનની છો. આપણે આ જગન્માતાની ઉપાસના કરીએ છીએ, જગન્નાથની ઉપાસના કરીએ છીએ. એ આપણા આરાધ્ય છે. એ આપણી અંદર પણ છે અને બહાર પણ છે અને અનંત વ્યાપી પણ છે.

ભારતની આ ઉપાસના, ભારતનું આ દર્શન આપણે પ્રાપ્ત કરવાનું છે. નંદિગ્રામ પણ તેનો જ અંશ છે, તેનું જ કિરણ છે. હું તો હૃદયપૂર્વક માનું છું કે જે ભાગ્યવિધાતા છે, જે જગતજનની છે એની દૃષ્ટિ આ નાનકડી ભૂમિ પર છે. મારી પ્રાર્થના છે કે જે "સ્વાતંત્ર્યની, જે સ્વાયત્તતાની આપણે ઝંખના કરી રહ્યા છીએ એનું એકાદ બીજ આપણા અંતરમાં ઊગે, આ ભૂમિમાં ઊગે અને આ ઘોર રાત્રિમાંથી એક પ્રકાશનું કિરણ આપણે પામીએ. વ્યક્તિ તરીકે આપણે પામીએ, સમાજ તરીકે પામીએ. ભારતવાસી અને આ જગતના એક નિવાસી તરીકે પણ પામીએ. કારણ કે ભારતનું અસ્તિત્વ જગતના કલ્યાણ માટે છે. ભારતની જે પ્રાપ્તિ છે તે વિશ્વની એકેએક વ્યક્તિ માટે છે. ઋષિ-મુનિઓએ સમસ્ત વિશ્વને આર્ય કરો, સમસ્ત વિશ્વને પ્રાણથી ઝંકૃત કરો, આધ્યાત્મિક કરો એવી ઘોષણા કરી છે. આ જે લોકશાહીની ઘોષણા થઈ, સ્થાપન થયું એનું નિશાન, એનો પાયો છેક શેષનાગની ફણા પર ટકો કે જેથી જે શક્તિ આપણામાં નિહિત છુપાઈને પડી છે એ વ્યક્ત થાય.

આપણે બહારની દૃષ્ટિએ પ્રજા તરીકે મુક્ત બન્યા હવે આપણે આંતરિક રીતે પણ મુક્ત બનીએ. ભાવની દૃષ્ટિએ, જ્ઞાનની દૃષ્ટિએ, વિચારની દૃષ્ટિએ મુક્ત થતા જઈએ. જે અન્યાય થતો જાય છે, જે અસમાનતા વ્યાપી રહી છે એનો મૂળમાંથી ઉચ્છેદ થાય એવી આપણી આ દિવસે પ્રાર્થના હોય. ભારતનો પ્રાણ શું છે? આ અધિનાયક, આ સંચાલક કોણ છે એની થોડીક ઝાંખી કરીએ. આજે આપણે કયા યુગમાં જીવીએ છીએ? તો એક શબ્દ છે Remote control -દૂર નિયંત્રણ. આપણે અવકાશયાનમાં જોઈએ કે અહીંથી અવકાશમાં યાત્રા કરે પણ તેનું નિયંત્રણ ભૂમિ પર હોય. ચંદ્ર પર પહોંચે અને એક પીન નીચે પડી જાય

અને અહીંથી આદેશ આપવામાં આવે તો પીન લઈને યંત્ર સરખી રીતે મૂકી દે એવી ઘટનાઓ આપણે જોઈ છે. દૂર શ્રવણ તો છે જ, આપણે ફોનમાં વાતો કરીએ છીએ. દૂરદર્શન પણ ઘેર ઘેર પહોંચી ગયું છે. તો પ્રજા તરીકે એકેએક વ્યક્તિ Remote controlનું એક કેન્દ્ર છે. દિલ્હીના આસન પર બેઠા હોય કે ગાંધીનગર હોય પણ Remote control દરેક વ્યક્તિની અંદર બેઠો છે એમ થવું જોઈએ. દૂર નિયંત્રણ દેખાતું નથી. કાર્ય ત્યાં થાય છે પણ નિયંત્રણ અહીંથી થાય છે. તો એ નિયંત્રણ કોણ કરે છે? એ પણ શોધવું પડશે. જે વ્યક્તિ નિયંત્રણ કરતી હશે તે મહત્ત્વાકાંક્ષા કે સ્વાર્થથી કરતી હશે તો વિનાશ છે. આસુરી બળો હશે તો વિનાશ છે. Remote controlમાં જે અંતરતમ ઊંડાણમાં, ઊંડે ઊંડે જે હૃદયમાં બિરાજમાન છે એ જ્યારે નિયંત્રણ હાથમાં લેશે ત્યારે નિયંત્રણમાં જ આપણને સ્વાધીનતા મળશે. કેવડી મોટી વાત છે! અંતર્યામી છે, અંતરમાં બેસીને જ નિયંત્રણ કરનારો છે. એ જેમ જાગૃત થશે તેમ આપણે દૂર હોવા છતાં પણ કેન્દ્રમાં એને સ્વાધીન કરીશું.

કહે છેને કે local self-government અને Federation. સ્થાનિક સ્વરાજ્ય અને પ્રજાસત્તાક તંત્ર. એકબીજા સાથે સંબંધિત છે. જો સ્થાનિક સ્વરાજ્ય નહીં હોય તો પ્રજાસત્તાક નહીં રહે અને જો પ્રજાસત્તાક નહીં હોય તો સ્થાનિક સ્વરાજ્યનું કશું મહત્ત્વ નહીં રહે. એ બંને વ્યક્તિ અને સમાજ, લોક અને રાજ્ય, લોકસત્તા અને રાજ્યસત્તા - બંને એકબીજા સાથે સંકળાયેલાં છે જેમ એક cell અને આખું શરીર સંકળાયેલા છે. એ બંને સાથે ચેતન સંબંધ હશે, જાગૃત સંબંધ હશે તો તેનો આનંદ રહેશે. અને સમુદાયમાં સમુદાયની સાથે રહીને આપણે આપણું સ્વાતંત્ર્ય પામી શકીશું. આપણું સ્વાતંત્ર્ય ઉચ્છૃંખલ નહીં બની જાય એ સ્વાતંત્ર્ય પોતાની વૃત્તિઓનું બેફામ રાજ્ય નહીં બને પણ એ સંવાદીપણે, સુમધુરપણે દરેકની સાથે સંયુક્ત રહેશે. એ સંયુક્તમાં પણ મુક્તિ હશે. એ ભારતનું સ્વપ્ન છે, એ ભારતનું દર્શન છે. અને આ દિવસે મારી અંતરની પ્રાર્થના છે કે ભારતમાં એ સ્થાપિત થાય. ભારતમાં ફરીથી ભારતનો જે ભગવાન છે, જે રામ છે, જે કૃષ્ણ છે, મહાવીર છે - જે આપણાં ઉપાસ્યો છે તે આપણા ઉપાસ્ય દેવ પ્રગટ થાય, હાજરા-હજૂર થાય, દૃષ્ટિગોચર થાય. અને લોકો એમની સાથે જેમ કૃષ્ણની રાસલીલામાં બધા સંમિલિત હતા, જેમ મહાવીરના વિચરણમાં અને ઉપદેશમાં બધા સંમિલિત હતા. બુદ્ધની કરુણામાં, ગાંધીની કૂચમાં, ગાંધીના આદર્શોમાં બધા સંમિલિત હતા એ ફરી થાય એવી મારી અંતરની ઇચ્છા છે અને એ થશે એમાં મને કોઈ શંકા નથી.

* પ્રાતઃ પ્રાર્થના પછી મકરન્દભાઈ જે વાત કરતા હતા તેમાંથી

પાંચ ગીત

☐ સંજુ વાળા

જળનાં જુદાં હેત

નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેંત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત

ટીપાંમાં તરવરતું મળજો આભ, આભમાં
રમતાં હો નભગંગા'ને નક્ષત્રો
અહો! અમીરી આંખોને, તે ફાટાફાટ
ઉજવાતાં સામે ઋતુ-ઋતુનાં સત્રો

તપવું, ઠરવું, ઠલવાવું બસ વન હો કે રણરેત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત
નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેંત

ઝંખ્યું એને જીરવવું'ને જીરવવાને
ઝંખે, એવી પડી કારમી પ્રથા
વ્હેવું હોય વશેકું જેને, એને સઘળું
સરઆંખો પર વ્હાલ હોય કે વ્યથા

વળી કદી વણસે તો, વરસી વરસી વારો લેત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત
નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેંત

પછી કૈં બોલ

તારું સ્થાનક શોધ, તને તું સ્થાપ, પછી કૈં બોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઈને આઘે ઊભા રહી બધું યે તોલ!
તારું સ્થાનક શોધ, તને તું સ્થાપ, પછી કૈં બોલ!

કોની મરજીથી આ ખરતા તારા,
પડતી ઉલ્કા ફરતા ગ્રહો!
કરી ઇશારો કહ્યું હશે કોણે નદીઓને
અવળે વ્હેણે વહો!
કયા નિયમથી વૃક્ષની એક જ ડાળે બેસી
વિલાપ કરતાં ચકવો-ચકવી'ને ગાતું ચંડોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઈને આઘે ઊભા રહી બધું યે તોલ!

હિલ્લોળા યાને કે જંગલ ચડે મસ્તીએ
ડણકે 'ને ચહચહે!
પછી લખલખું, કંપારી 'ને પડતા
ટાઢાબોળ શેરડા, દહે!
પણે દૂર તગતગવું, રાની આંખ હશે કે
હશે તાપણાં? કયા ભરોસે જીવ રહે સમતોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઈને આઘે ઊભા રહી બધું યે તોલ!

તને, તું ગમે

કહે, તને ક્યા કારણથી તું ગમે?
કોઈ જરા તાકીને નમણું
નીરખે તો કાં સાંજ સુધી સમસમે!
કહે, તને ક્યા કારણથી તું ગમે?

મોસંબી સમ ખટ્ટમધુરો મળ્યો માંહ્યલો ભાવ
વણજાણ્યે કોઈ ચાખી લે તો ચડે કારમો તાવ
તારા મોઘમ વેણની મીઠ્ઠી
રણઝણ સામે, રવ એક્કે ના રમે!
કહે, તને એ કારણથી તું ગમે?

હોય ઝાપટું ચીતરવું એ, લે તારો સંદર્ભ
ઉપરથી છો સખ્ખત, ભીતર રસાળ ફળનો ગર્ભ
સંવેદનશીલ છોડ સ્હેજ કોઈ
અડતાં પગથી માથા લગ કમકમે!
કહે, તને કોઈ કારણથી તું ગમે?

ઘેઘૂર આભમાં

જી રે... ગોરંભા ઊમટ્યા ઘેઘૂર આભમાં
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે
ઊંડે અજવાળાં તબકી-ઝબકી જાગતાં
જાણે ઝીણેરું ઝળકંતી તલવાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

તપતી માટીએ કીધી કંઈ કંઈ આરદા
ઊંચું ઝાંખે રે જળતળ થઈ 'ને સાબદા
વેરી તૂટયાં તૂટયાં કાંઈ વચનું વાયદા
ક્યાંથી ચડશે ક્યાં ઢળશે ચતરંગ સાયબો
કોઈ અણસારો ઊગે ના લગાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

કેવા ગઢની કુંવરીયું કોણે નોતરી
અક્ષત-કંકુ લૈ ઊભી જે આગોતરી
દીધી જળના સ્વયંવરની કંકોતરી
કરશે લેખા - જોખા 'ને અક્ષર માંડશે
મોંઘા મૂલે મૂલવાશે મુશળધાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

કહેવા જેવું

કહેવા જેવું સંભારી સંભારી સઘળું કહ્યું!
પછી લાગલી ખબર પડી કે બાકી ક્યાં કૈં રહ્યું!

કંઈક પૂછવા કરું આંગળી ઊંચી તો
તું સમજે કે મેં ચીંધાડ્યું આકાશ
મૂળ વાતનો મહીસાગર તો સમજાયો નહીં
ડ્હોળ્યું તે તો હતી નીતરી છાશ
ભરી ગુણાનુવાદ સભાઓ, જેણે કંઈ ના ચહ્યું!
પછી લાગલી ખબર પડી કે બાકી ક્યાં કૈં રહ્યું!
કહેવા જેવું સંભારી સંભારી સઘળું કહ્યું!

'ક' કહીએ તો કવિ અને આ 'હે'-નો
મતલબ હેવા વત્તા વાત નરી મર્માળુ
એમ સતત કંડાર્યે જઈએ કેડી યાને
તર્ક - ફર્કને મારી દેવું તાળું
હા પાડી દે: વ્હેણ સમયનું છોને ના હો વહ્યું!
કહેવા જેવું સંભારી સંભારી સઘળું કહ્યું!
પછી લાગલી ખબર પડી કે બાકી ક્યાં કૈં રહ્યું!

વ્યક્ત-મધ્ય (વસંતતિલકા)

☐ **રમણીક સોમેશ્વર**

સામે તળાવ, નભ, વૃક્ષ, વનો લચેલાં
ને અંતરે ધગધગંત ધરા-પ્રદેશો
સામે અથાક ઊડતાં ખગ આસમાને
ને ભીતરે જરઠ, કઠ્ઠણ પ્હાડ થીજ્યા
સામે હવા પ્રસરતી લઈને સુગંધો,
દૂષિત વાયુ વમળાય અહીં હવામાં
સામે જુઓ ટમકતા દીવડા દિશાના
ને આંહીં અંદર ઝમે ઘન અંધકાર

સામે દિસે ઊઘડતા સહુ અંતરાલો
ને ભોગળો અહીં બધીય ભીડેલ ભાસે
થોડું ખૂલે ઘડીકમાં, ઘડી બંધ થાયે
સામે કશુંક, કશું ભીતરમાં અવ્યક્ત
બારે કદીક, કદી અંદર જોઈ લેતો
ઊભો રહ્યો અધવચાળ હું વ્યક્ત-મધ્ય.

અણસાર

□ યોસેફ મેકવાન

નીરખ્યું એનું અઢળક વ્હાલ,
થઈ જવાનું ખુશખુશાલ!

હવા-રૂપે એ સ્પર્શે સાવ સુંવાળું,
ઊઘડે એનું ઊગમણે અજવાળું!
ઘનવાદળમાં એ જ ઝબક ઝબકાર રે,
ધોધમાર કે ઝરમરે જલની ધારે!
મારે મન હવે કોઈ ન આજ કે કાલ...
થઈ જવાયું ન્યાલ...
નીરખ્યું એનું અઢળક વ્હાલ!

એ જ રણકતો સુષુમ્ણાનો તાર,
નીલગગનનો નિગૂઢ નાદ અપાર!
પિંડે-બ્રહ્માંડે એ ધબકે ધરાર...
એનો અચાનક ભીતરમાં અણસાર!
મારે મન હવે કોઈ ન આજ કે કાલ...
થઈ જવાયું ન્યાલ...
નીરખ્યું એનું અઢળક વ્હાલ!

બે કાવ્ય

□ વિપાશા

શ્વાસ કાપ
લાશ ભર
આગળ ચાલ

□

સમયો ફરે મારામાં
હું ફરું સમયમાં.

બે ગઝલ

☐ ગૌરાંગ ઠાકર

પેટ બાંધીને ભૂખ તો ભાંગી
પણ પછી મન થઈ ગયું બાગી

ચીસ આંતરડે વીંટીને મારી;
તોય તમને હૃદયમાં ના વાગી?

ઝાંઝરી પ્હેરી ઝાંઝવે ચાલ્યાં,
મૂળે જળનાં અમે અનુરાગી.

ફક્ત સૂર્યાસ્તથી જ રાત પડે?
રાત પડખામાં રાતભર જાગી.

ફૂલનાં ઘરમાં મ્હેંક ઊછરી'તી
તોય ફૂલોને પારકી લાગી.

સંતને પાસેથી મળ્યો, તો થયું;
હું તો વરણાગી પણ આ વૈરાગી?

થાય એવું જ કામ છે ઈશ્વર;
સ્વપ્નમાં સુખની માનતા માગી.

જરા આગળ વધો ઝરમર ટપકવાથી;
હૃદય કેવળ હૃદય રહેશે ધબકવાથી

કશું અટક્યું નહીં મારા અટકવાથી;
હું બદલાયો છું મારામાં સરકવાથી.

પવન ઝાઝી કરે તરફેણ તો જોજો;
ધજા થઈ જાય ઝંડો બહુ ફરકવાથી.

ઇનામ આપી દીધું માળીને? કેવાં છો!
ફૂલો ખીલ્યાં'તાં ભમરાના અડકવાથી.

મેં ઘરના ગોખલે દીવો કર્યો એમાં;
ઘણાં સળગે છે મારું ઘર ચમકવાથી.

વજન સરખું છે દિલ પર, બેઉ ઘટનામાં,
ઉમળકા મૂકતાં, ચસ્કા ઊચકવાથી.

બે ગઝલ

□ ભાવેશ ભટ્ટ

કવિ હોય તો ટેવ એવી જ રાખે
ખુમારીને લાચારી ભેગી જ રાખે

ભલા કેવો દાઝયો હશે સ્પર્શથી એ
છબી પણ સદાયે મઢેલી જ રાખે

ફરશ ચીકણી છે તો વાંધો નથી કૈં
અહીંયા બધા ખુદને તેડી જ રાખે

ન સમજાય ને તોય સમજાયું લાગે
બધી પારદર્શકતા ભેદી જ રાખે

જે એકાંતમાં નગ્ન સમજે છે ખુદને
જમાનાની નજરોને પ્હેરી જ રાખે

કદી માથું અથડાયું'તું બારસાખે
હવે રોજ ગરદન નમેલી જ રાખે

□

છે બહુ કાતિલ નશો ધૂત્કારનો
રોજ મેં પીધો છે પ્હેલી ધારનો

સાંભળ્યો ફોટામાંથી દાતારનો
ઓડકાર આવે છે જે ઉપકારનો

જાય જ્યાં, વાતાવરણ ભારે બને
જેમને ના ભાર લાગ્યો ભારનો

કર નહીં ફરિયાદ સન્નાટાની તું
આપશે ઉકેલ હાહાકારનો

છે વિરોધી અશ્વ રાજાશાહીનો
રોજ પાડે છે મુગટ અસવારનો

પગને કાપે એ પ્રથમ લાગે પગે
છે પ્રથમથી આગ્રહી સંસ્કારનો

શ્વાસની વર્તાઈ પીછેહઠ જરા
અંત આજે આવશે તકરારનો?

સાફ કરશો કઈ દિવાળીએ તમે
ચિત્તમાં ઢગલો થયો ભંગારનો



ઉજાસભર્યું આકાશ!

☐ કિરણ વી. મહેતા

ડામરનો રસ્તો વિચારોમાં ખોવાયેલો હોય, એમ શાંત હતો. સાંજ ઢળી ચૂકી હતી.

રસ્તાની આજુબાજુની વાડીઓમાંની નાળિયેરીઓનાં પર્ણો પર હજુ તડકો તગતગતો હતો, પણ નીચાં વૃક્ષો પર સાંજના પડછાયાઓ પથરાઈ ચૂક્યા હતા. વૃક્ષોના વિવિધ ઝાંયવાળા લીલા રંગો જોવા શરદને ગમતા. એનાથી હૃદયને અનેરો આનંદ થતો. તો વળી, રસ્તાની ધારે આવેલાં ઝાડવાં પર આવીને ગોઠવાઈ જતાં પંખીડાંનો

ઉત્સાહ એનામાં પણ રોમાંચ જગાડતો. આથી જ, એ આજે સમય મળતાં શહેરથી બહાર આવેલા એક આશ્રમ સુધી ચાલતો ગયો હતો.

પાછા ફરતી વખતે એના મનમાં ઘરે જવાની ઉતાવળ ન હતી, એટલે એ ધીમે ધીમે ચાલી રહ્યો હતો.

એવામાં એની નજર સૂરજમુખીના છોડ પર પડી. કોઈએ તે સૂરજમુખીના છોડને ઉખાડીને વાડીની કાંટાળી વાડ પર નાખી દીધો હતો. ગમમાં ડૂબેલા ચહેરા સરખી સૂરજમુખીની કરમાયેલી પીળી પાંદડીઓ, વિલાયેલાં નયન જેવાં પર્ણો, લાચાર અસ્તિત્વ જેવું જમીનથી વિખૂટું પડેલું મૂળિયું... એને મૃદુલા યાદ આવી ગઈ અને એનું મન વિચારે ચડી ગયું.

આ શહેરમાં જ્યારે એની બદલી થઈ હતી ત્યારે એણે 'નીરવ' સોસાયટીમાં એક રૂમ ભાડે રાખ્યો હતો. રૂમ ભાડે રાખતા પહેલાં એ રૂમ જોવા આવ્યો હતો, ત્યારે જ સમજી ગયો હતો કે, પાસેના બે રૂમમાં કોઈ વિધવા રહે છે. એનું નામ મૃદુલા છે, એ તો એણે પાછળથી જાણેલું.

મૃદુલાનો ચહેરો કરમાયેલા સૂરજમુખીના ફૂલ જેવો જ છે. મૃદુલા કપાળમાં ચાંદલો નથી કરતી, બંગડીઓ નથી પહેરતી અને સાડીયે સફેદ રંગની! જાણે આ વાડ પર પડેલો સૂરજમુખીનો ઊખડેલો છોડ એ જ મૃદુલા ન હોય!

શરદને યાદ આવ્યું કે એ આશ્રમે જવા નીકળ્યો ત્યારે મૃદુલાના રૂમ આગળથી પસાર થતાં જ મૃદુલા એને સંબોધીને પ્રથમ વાર બોલી હતી,

''કાલે મારે ત્યાં જમજો.''

''કંઈ ખાસ કારણ છે?'' શરદે સવાલ કર્યો હતો.

''હા, આમ તો ખાસ કારણ જ છે. મારા 'એ' જીવતા હતા ત્યારે વર્ષોવર્ષ અડોશી-પડોશીને અમારે ઘરે વર્ષની કોઈ એક પૂનમે જમવા બોલાવતા. કાલેય પૂનમ છે!''

''પણ મારે કાલે ઑફિસનો ટાઈમ સવારના સાત વાગ્યાનો છે, એટલે ઘરે આવતાં બપોરના બાર-એક થઈ જાય.''

''તમે એક વાગેય જમવા તો આવશો ને?''

''ન આવું તો નહીં ચાલે?''

''તમે તો પડોશી ગણાવ. મારા 'એ' બધાયે પડોશીઓને યાદ કરીને જમવા બોલાવતા. એકેય પડોશી જમવા ન આવે એ ન ચાલે. બસ, ત્યારથી જ અમારા ઘરમાં વર્ષની કોઈ એક પૂનમે સવારમાં પડોશીઓને જમવા બોલાવવાની પ્રથા ચાલુ છે. તમે ન આવો એ તે કેમ ચાલે?''

આખરે શરદે 'હા' પાડવી પડી હતી. આટલી વાતચીત દરમિયાન પણ શરદે મૃદુલાની આંખોમાં એવું કંઈક જોયું હતું કે એનું મન વેદનાથી હલબલી ગયેલું.

શરદની દરરોજ સવારે છ વાગ્યે ઊઠવાની ટેવ. એ બ્રશ કરતો કરતો ધાબા પર જતો. વહેલી સવારે ધાબા પર મજાની ઠંડક હોય છે. ઝાંખા ઝાંખા

અજવાળામાં દૂર... દૂરનાં તરુઓમાંથી આવતો પોપટોનો કલશોર, આસોપાલવની ડાળે બેસીને ચહકતાં બુલબુલ, રંગ ભરેલી પૂર્વ ક્ષિતિજ... શરદનું મન ઘડીભર પ્રફુલ્લિત થઈ રહેતું. એક વાર આવા સમયે એની નજર મૃદુલા પર પડી હતી. વહેલી સવારે દેવપૂજા માટે જતી કોઈ શ્વેત વસ્ત્રધારિણી રૂપકુંવરી સમી મૃદુલા! એ અનિમેષ નયને મૃદુલાને જોઈ રહ્યો હતો. જ્યારે મૃદુલા શેરીના વળાંકે વળી ત્યારે કંઈક ગમગીની લઈને એ ધાબા પરથી નીચે ઊતર્યો હતો. એને થતું કે, ખરેલાં પર્ણોની કેવી લાચારી! ખરેલાં પર્ણોને પવન રમાડે એમ રમવાનું હોય છે! એમની પોતીકી ઇચ્છાઓનું કોઈ મૂલ્ય હોતું નથી.

એ દરરોજ મૃદુલાને મંદિરે જતી જોતો અને પછી ગમગીન ચહેરે ધાબા પરથી નીચે ઊતરતો. ત્યાર બાદ સ્નાન કરતી વખતે, છાપું વાંચતી વખતે એ કશુંક ભૂલવા પ્રયત્ન કરતો અને એવામાં જ ઑફિસે જવાનો સમય થઈ જતો.

પણ એક વાર એ દરરોજની ટેવ પ્રમાણે જ ધાબા ઉપર ઊભો ઊભો મૃદુલાને નિહાળી રહ્યો હતો. કદાચ, મૃદુલાને ખબર પડી ગઈ હતી કે એ દરરોજ મંદિરે જાય છે ત્યારે શરદ એને જોતો હોય છે. આથી, એણે પાછળ વળીને જોયું. શરદને જોઈને એણે તરત મોં ફેરવી લીધું. એની નજર શરદના ચહેરાને અથડાઈને તરત જ પાછી વળી ગઈ હતી. શરદે મૃદુલાની આંખોમાં ખૂલી ગયેલાં શંકા અને ભયનાં પાનાં વાંચી લીધાં હતાં.

બીજે દિવસથી શરદ ધાબા પર જતો ન હતો. મૃદુલા એકલી જ રહે છે. એનો ચહેરો જોઈને કહી શકાય કે એની ઉંમર ત્રીસ વર્ષથી વધુ તો નહીં જ હોય. વચ્ચે-વચ્ચે ક્યારેક મૃદુલાનો વીસ-એકવીસ વર્ષનો ભત્રીજો અમદાવાદથી એને મળવા આવતો ત્યારે મૃદુલા સગા દીકરાની જેમ એને સાચવતી. એનો મૂરઝાયેલો ચહેરો તે વખતે કેસરી ગલગોટાની જેમ ખીલી ઊઠતો અને ભત્રીજો જતાં જ મૃદુલાનો ચહેરો પૂર્વવત્ મૂરઝાઈ જતો.

શરદને થતું કે, આખો દિવસ ઘરમાં પુસ્તકો વાંચ્યા કરતી કે આરામખુરશીમાં બેસીને કંઈક વિચાર્યા કરતી મૃદુલાને જઈને કહું કે, ''મૃદુલા! તને ઘરમાં પુરાઈ રહેવાથી કંટાળો નથી આવતો? તને બહાર ફરવા જવાની ઇચ્છા નથી થતી? જીવતર કંઈ પૂર્ણ નથી થઈ ગયું. ચાલ, મારા ઘેર, વતનમાં, મારી પત્ની અપૂર્વાને તારી જોડે મજા આવશે અને તુંયે ખુશ થઈ જઈશ. મારો આઠ વર્ષનો પુત્ર નૈમિષ તો તને એટલો હેરાન કરશે કે એનાં તોફાનોથી જેમ અપૂર્વા કંટાળી જઈને કહે છે કે, ''તોબા છે આ છોકરાથી તો! છે આઠ વર્ષનો પણ આખાયે ઘરને માથે ઉપાડી લીધું છે!'' - એમ તું પણ અપૂર્વાની માફક જ કંઈક આવી જ મતલબનું કહીશ. મૃદુલા... તું એક કારાગૃહમાં કેદ જિંદગી છે!''

પ...ણ એક વિધવા અને એકલી સ્ત્રીને આમ કહેવા જતાં જો એને કંઈક અવળું સમજાઈ ગયું તો તો શરદને 'નીરવ' સોસાયટીમાં રહેવુંયે ભારે થઈ પડે! અને એક વાર વાત સોસાયટીમાં ફેલાયા પછી તો જાણે આવી જ બન્યું સમજો! લોકોના મોઢે કંઈ ડૂચા મારવા થોડું જવાય છે! આમેય અર્થનો અનર્થ થતાં આ દુનિયામાં ક્યાં કદી વાર લાગે છે!

ઘર આવ્યું. મૃદુલાના રૂમ પાસેથી જતાં શરદે જોયું કે, મૃદુલા કોઈ પુસ્તક વાંચી રહી છે. સવારે સાડાછ વાગ્યે શરદ ઑફિસે ગયો. પોણાએકે ઘરે આવ્યો. એ જ્યારે મૃદુલાના રૂમ આગળથી પોતાના રૂમ તરફ જતો હતો ત્યારે મૃદુલા બહાર આવી.

''શરદભાઈ, હાથ-મોં ધોઈને જમવા ચાલો. તમે એકલા જ બાકી છો! થોડું જલદી કરજો હોં!''

''હાથપગ ધોઈને આવ્યો. આજ તમારા હાથની રસોઈ જમવા મળશે!'' એ ઉત્સાહમાં બોલી તો ગયો, પણ મૃદુલાના ચહેરા પર એણે કશો કોમળ ભાવ ન જોયો, એટલે એ આગળ કશું ન બોલ્યો.

બાથરૂમમાં એ હાથપગ ધોવા ગયો ત્યારે વિચારમાં ને વિચારમાં એને ઘણી વાર થઈ. આથી, મૃદુલાએ બૂમ મારી, ''શરદભાઈ, કેટલી વાર કરશો?''

''એ આ આવ્યો.'' કહેતો શરદ બાથરૂમમાંથી બહાર નીકળ્યો.

મૃદુલાના રૂમમાં એ પ્રવેશ્યો ત્યારે મૃદુલાએ એને આવકાર્યો અને બેસવા માટે આસનિયું પાથરી આપ્યું.

''કેમ, બીજાં બધાં જમીને જતાં રહ્યાં?'' - શરદે પૂછ્યું, એ ભૂલી ગયો હતો કે, મૃદુલાએ આ બાબતનો તો અગાઉ ઉલ્લેખ કર્યો હતો.

''હા, તમે એકલા જ બાકી છો.'' મૃદુલાએ જવાબ તો આપ્યો, પણ શરદને લાગ્યું કે મૃદુલાને એનો પ્રશ્ન પસંદ પડ્યો ન હતો, છતાંય એ અણગમાને અવગણતો એ ભાવાવેશમાં તણાતો પૂછી બેઠો,

''તમેય જમ્યાં?''

''હા'' કહેતાં મૃદુલા સહેજ સંકોચાઈ. એને ખટક્યું કે શરદના અવાજનો રણકો કેમ બદલાઈ રહ્યો છે?

ભાણું પીરસતી મૃદુલાને શરદ એકીટસે જોઈ રહ્યો. મૃદુલાને ખ્યાલ આવતાં જ ભાણું પીરસીને તરત જ પાણીનો ગ્લાસ ભરી લાવવાના બહાને એ રસોડામાં સરકી ગઈ.

મૃદુલાનું હૃદય જોર જોરથી ધબકી રહ્યું હતું. બની ગયેલી ઘટનાઓ એના મનઃચક્ષુ સમક્ષ તરવરી રહી.

એની બહેનપણી અનીતા. સગી બહેન જેવી જ માયાળુ. જ્યારે મૃદુલાને ઘરની એકલતા અકળાવતી ત્યારે એ અનીતાના ઘરે જતી. વળી, અનીતાનું ઘર પણ મૃદુલાના ઘરથી દૂર નહોતું.

અનીતાના પતિ યશવંતકુમાર પણ માયાળુ સજ્જન. પણ એક વાર મૃદુલા લગભગ રાત્રે આઠ-સવાઆઠે અનીતાને

ઘરે ગઈ હતી. ઘરે એકલા બેસી રહેવાથી કંટાળો આવતો હતો, એટલે થયું કે અનીતાને ઘરે જવાથી કંટાળોય દૂર થઈ જશે અને સમય પણ જલદી પસાર થશે. નહીંતર, ઘરમાં તો સમય કાચબાની ઝડપે જાય છે. અનીતા અને યશવંતકુમાર બીજે માળ રહેતાં. નીચેનું મકાન એમણે ભાડે આપ્યું હતું. એ અનીતાના ઘરમાં દાખલ થઈ, પણ એને લાગ્યું કે, કદાચ અનીતા ઘરે નહીં હોય, નહીં તો ઘરમાં આટલી શાંતિ ન હોય.

યશવંતકુમાર કોઈ સામયિક વાંચતા હતા. ''આવો, આવો'' એમ કહી એમણે મૃદુલાને આવકારી.

મૃદુલાએ પૂછ્યું, ''અનીતા બહાર ગઈ છે?''

''હા. પરમ દિવસે આવી જશે.''

''કેમ? એકાએક?''

''એના પિયરથી ફોન આવ્યો હતો કે એની બાની તબિયત બગડી છે. વળી, મયંકને પણ રજા હતી. આથી એ પણ અનીતાની સાથે જ એના મામાને ત્યાં ગયો છે. મારે ઓફિસમાં રજા મૂકી શકાય એવી સ્થિતિ નથી, નહીં તો હું પણ અનીતાની સાથે જ ગયો હોત.''

''તો તો હું બે દિવસ પછી આવીશ.'' આવું કહી મૃદુલા બારણા તરફ પાછી વળી.

''કેમ, મારો ડર લાગે છે કે શું, તે હાલ જ આવ્યાં અને હાલ જ પાછાં ચાલ્યાં?'' યશવંતકુમારે પૂછ્યું.

આ સાંભળતાં જ બારણા તરફ આગળ વધતા મૃદુલાના પગ એક ક્ષણ થંભ્યા. એના ચહેરા પર પરસેવો વળી ગયો હતો. એણે યશવંતકુમાર સામે જોઈને કહ્યું, ''ના... રે... ના... પણ આ તો અનીતા છે નહીં એટલે...''

''તો શું થયું? હું તો છુંને?'' કહેતાં યશવંતકુમાર લુચ્ચું હસ્યા.

મૃદુલાને આ શબ્દોએ ચોંકાવી દીધી હતી. માણસાઈનું પૉલિશ કરેલું કવર ફગાવી દઈને યશવંતકુમારની લુચ્ચાઈ કોઈ તીક્ષ્ણ છરીની માફક મૃદુલાના મનમાં ખૂંપી રહી હતી. એ છરી વધુ ઊંડી ઊતરે એ પહેલાં જ મૃદુલા ઝડપથી રૂમમાંથી નીકળીને સીડીનાં પગથિયાં ઊતરી ગઈ. એ આખી રાત એને ઊંઘ આવી ન હતી. એ વિચાર્યા કરતી... કેવો લુચ્ચો માણસ! અનીતા હોય છે ત્યારે તો ''મૃદુલાબહેન... મૃદુલાબહેન'' કહેતાં એનું મોં સુકાતું નથી અને આજે...

ત્યારથી મૃદુલાએ અનીતાના ઘરે જવાનું બંધ કર્યું હતું. ક્યારેક અનીતા એને ત્યાં આવતી અને પૂછતીયે ખરી, ''કેમ મૃદુલા, તું હવે મારા ઘરે નથી આવતી?'' મૃદુલા કોઈ ને કોઈ બહાનું બતાવીને ખરા જવાબને મનમાં સંઘરી રાખતી, કારણ, એ જાણતી હતી કે, આ પ્રશ્નનો ખરો જવાબ અનીતાના જીવનમાં વંટોળ પેદા કરશે. અનીતાના શાંત જીવનમાં વંટોળ આવે એવું એ ઇચ્છતી નહોતી અને સ્મૃતિઓમાં ડૂબેલા મૃદુલાના મન સમક્ષ એક આવો

જ બીજો પ્રસંગ આવી ગયો.

અશોકભાઈ નામના કોઈ આધેડ વયના આદમી પાસેની રૂમમાં રહેવા આવ્યા હતા. એક વાર સાંજે એ મૃદુલાના રૂમના બારણા આગળ સમય પૂછવા આવ્યા હતા, ''કેટલા વાગ્યા છે?''

''છ ને પાંચ મિનિટ.'' મૃદુલાએ ખુરશી પરથી ઊભી થતાં કહ્યું.

કાંડા ઘડિયાળની ચાવી ઘુમાવતાં ઘુમાવતાં અશોકભાઈ રૂમમાં આવ્યા, ''આ મારી ઘડિયાળ બરાબર ચાલતી નથી. વારે વારે અટકી જાય છે.'' આટલું કહી અશોકભાઈ અટક્યા, મૃદુલા તરફ જોઈને બોલ્યા, ''મને થાય છે કે, એક નવી દીવાલ ઘડિયાળ લઈ આવું. આમેય આ કાંડા ઘડિયાળ ગમે ત્યારે બંધ થઈ જાય છે. એનો કોઈ ભરોસો જ નહીં. ક્યાં છે તમારી દીવાલ ઘડિયાળ? મારે મૉડેલ જોવું છે.''

''પણ ઘડિયાળો તો દુકાનમાંય હશે જ. ત્યાં જોઈ લેજો ને.'' મૃદુલાને પોતાના રૂમમાં કોઈ પુરુષ શિયાળાની સાંજે આવી રીતે આવે એ બિલકુલ પસંદ નહોતું.

''તમારી ઘડિયાળ જોઈ હોય તો ઠીક રહે'' કહી અશોકભાઈ પાસે દીવાલ પર લટકાવેલ ઘડિયાળને જોઈ રહ્યા. એક મિનિટ પછી મૃદુલા તરફ જોઈને આંખ મીંચકારતા બોલ્યા, ''ઘડિયાળ છે તો મજાનું, જોતાં જ ગમી જાય એવું. બિલકુલ તમારા જેવું બ્યુટીફુલ!''

ચમકેલી મૃદુલાએ જોયું કે અશોકભાઈમાં રહેલું જંગલી પ્રાણી એને ઘૂરી રહ્યું હતું અને એની લાળ ટપકતી નજર મૃદુલાના અંગ-અંગ પર ફરી રહી હતી. અશોકભાઈ આગળ કંઈ બોલે એ પહેલાં જ પાસે ઊભેલી મૃદુલાએ 'સ...ટ્ટા...ક' કરતો જોરદાર તમાચો એમના ગાલ પર ચોડી દીધો. ''બહાર નીકળી જા મારા ઘરમાંથી. જો બીજી વાર મને એકલી જાણીને ભૂલથી પણ આ રૂમ તરફ નજર કરી છે, તો લોકોને બોલાવીને ધક્કો મારીને આ સોસાયટીમાંથી કઢાવી મૂકીશ. નાલાયક, હલકટ, અહીંથી તારું કાળું મોઢું લઈને ટળ બેશરમ!''

અશોકભાઈ તો ત્યાંથી ચૂપચાપ નીકળી જ ગયા. થોડી વાર પછી તો મૃદુલાને પણ નવાઈ લાગી હતી કે એનામાં તમાચો મારવાની હિંમત ક્યાંથી આવી ગઈ હતી? જિંદગીમાં પહેલી વાર આટલી સખ્તાઈથી એ કોઈની સાથે વર્તી હતી. બસ, ત્યારથી એ સંભાળીને રહેતી. પેલા અશોકભાઈ તો બીજા જ દિવસે સામાન લઈને ગયા તે ગયા, તે ઘડી ને આજનો દિ', કોઈ દિવસ ફરી નજરે પડ્યા નથી.

મૃદુલાને મનોમન થઈ આવ્યું કે ભગવાને મને શા માટે આટલું રૂપ દીધું? જે રૂપ માટે એ પરણી ત્યારે ગૌરવ અનુભવતી હતી, તે રૂપના લીધે એ વિધવા બન્યા પછી દુઃખ અનુભવતી. બીજાં લગ્ન કરવાં એનું મન માનતું નહોતું. પતિની સ્મૃતિઓ એ વીસરી શકે એમ નહોતી ને સારા માણસના મહોરા પાછળ વરુ જેવો

અસલી ચહેરો છુપાવીને ફરનારા લોકોની હેરાનગતિનો કડવો વખ અનુભવ ડગલે ને પગલે થયા કરતો હતો.

માતા-પિતા પણ હયાત ન હતાં, નહીં તો એમની પાસે જઈને રહેત. સાસુ-સસરા જેઠજીના પરિવાર સાથે રહેતાં હતાં. વડનાં સૂકાં પર્ણો જેવો વર્તમાન મૃદુલાના કાળજામાં અહીંતહીં અથડાયા કરતો.

યશવંતકુમાર અને અશોકભાઈ જેવા પુરુષોને શાપ દેવાનું મન થઈ આવતું, પણ એ જાણતી હતી કે હવેના કળિયુગમાં દીધેલ શાપ ફળતા નથી. કદાચ, કોઈ જન્મમાં એ એવી સુંદરી હશે કે જેણે કોઈ પરિણીત પુરુષ સાથે સંસાર માંડીને તેની પરિણીતાને આકંઠ દુઃખી કરી હશે અને ત્યારે કોઈ ઋષિએ તે પરિણીતાની વ્યથા સાંભળીને એને શાપ દીધો હશે કે, ''હે સુન્દરી! તું કોઈ જન્મમાં, વિધવા બનીને પતિના વિયોગની પારાવાર વેદના સહન કરતી રહીશ.''

અને ત્યાં જ શરદના શબ્દોથી એની વિચારધારા તૂટી. શરદે પાણી માગ્યું હતું. અંદરથી એ પાણી લઈને સંકોચ સાથે આવી. બારીમાં આકસ્મિક નજર પડતાં એને લાગ્યું કે આકાશમાં ભેગાં થયેલાં વાદળોએ સૂરજની રોશની ઓછી કરી હતી અને સૌંદર્યવંતા આકાશને સંતાડી દીધું હતું. બારીમાંથી દેખાતું ગુલમહોરનું ઝાડ વાદળિયા અંધકારમાં ઊંઘવા માંડ્યું હતું.

''બહુ વાર કરી તમે તો! તમે કૂવે પાણી ભરવા ગયાં હતાં કે રસોડામાંથી? કેમ આટલી બધી વાર થઈ તમને?''

શરદની આ રમૂજ સાંભળી એનાથી સહેજ મીઠો છણકો કરીને બોલી જવાયું,

''હવે બેસો છાનામાના, ખાઓ છો થોડું અને બોલો છો વધુ.''

શરદ કંઈ બોલ્યો નહીં, પણ એની આંખો ભીંજાઈ ગઈ.

મૃદુલાને નવાઈ લાગી. ઘણા લાંબા સમય પછી એણે કોઈ પુરુષની આંખોના કિનારા પલળતા જોયા હતા.

''કેમ, આંખો ભીની થઈ ગઈ, શરદભાઈ?''

''મારેય એક બહેન હતી. એય હું ખાવા બેસતો ત્યારે જો બોલ બોલ કરતો હોઉં તો તમારી જેમ જ કહેતી કે, 'હવે બેસો છાનામાના, ખાઓ છો થોડું અને બોલો છો વધુ... ' પરંતુ... એક બસ-અકસ્માતમાં... વીસ વર્ષની વયે...''

મૃદુલાને આ ગમગીની સ્પર્શી ગઈ.

એ અવશપણે પૂછી બેઠી, ''શું નામ હતું તમારી બહેનનું?''

''મૃદુલા!''

બારીમાંથી દેખાતું હતું કે વાદળો વિખેરાઈ રહ્યાં હતાં અને ઉજાસભર્યું આકાશ ઊઘડી રહ્યું હતું! ગુલમહોરનું ઝાડ જાણે તડકો ખીલતાં જાગી ગયું હતું અને એનાં લીલેરાં પર્ણો તડકામાં નિહાયત ખૂબસૂરત લાગી રહ્યાં હતાં!

❑❑❑



ભારતના મોડર્ન ડાન્સના અગ્રણી આસ્તાદ દેબુ

☐ **સુનીલ કોઠારી**

ટૂંકી માંદગી બાદ દસમી ડિસેમ્બર, ૨૦૨૦ના વહેલી સવારે આસ્તાદ દેબુ આ ફાની દુનિયાને અલવિદા કરી ગયા છે. આ લેખ એ પહેલાં લખાયેલો છે એ વાચકોએ ધ્યાનમાં લેવા વિનંતી. -સં

ભારતના સર્વમાન્ય આઠ શાસ્ત્રીય નૃત્ય-પ્રકારો વિશે હવે ઘણી માહિતી ઉપલબ્ધ છે. પરંતુ ભારતના મોડર્ન ડાન્સ વિશે કશી સ્પષ્ટ માહિતી મળતી નથી. ઉદયશંકરની શૈલીને ભારતની મોડર્ન ડાન્સ શૈલી તરીકે ગણવામાં

આવે છે પરંતુ પશ્ચિમમાં જેમ માર્થા ગ્રેહામ, પોલ ટેઈલર, ઓલ્વિન એઈલી, મર્સ કનિંગહામ ઇત્યાદિ કળાકારોની મોડર્ન શૈલી માન્ય થઈ છે તેવી મોડર્ન શૈલી ભારતની કઈ તે ચર્ચાસ્પદ રહ્યું છે.


મુંબઈથી માર્થા ગ્રેહામ પાસે નૃત્ય શીખવા ગયેલ પારસી કલાકાર આશા કુર્લાવાળાએ માર્થા ગ્રેહામની નૃત્યશાળામાં તે શૈલીનું નૃત્ય શીખી પોતાની વૈયક્તિક નૃત્ય શૈલીમાં યોગાસનોને આધારે જે શૈલી નીપજાવી તેને પણ ભારતીય મોડર્ન નૃત્યની શૈલી તરીકે માન્યતા મળી છે. ઉદયશંકરના અનુયાયીઓમાં નરેન્દ્ર શર્માએ જે શૈલીમાં નૃત્યો કરવાનું શરૂ કર્યું અને તેમના પુત્ર ભરત શર્માએ પણ પોતાનું યોગદાન આપ્યું તેને પણ ઉદયશંકર પછી મોડર્ન ડાન્સને વિકસાવનાર કલાકારોમાં બન્નેની ગણના થાય છે.

આ કલાકારોની હરોળમાં અન્ય પારસી પુરુષ નર્તક આસ્તાદ દેબુનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં ૨૧મી શતાબ્દીમાં આસ્તાદ દેબુ એક માત્ર કલાકાર છે જેમણે તેમની નિજી શૈલીમાં નૃત્યના સીમાડા વિસ્તાર્યા છે. તે એટલી હદે કે તે પ્રકારનું નૃત્ય કરનાર તે માત્ર એકલા જ છે.

જમશેદપુરમાં જન્મેલા આસ્તાદ દેબુ બાળપણથી શાસ્ત્રીય કથક નૃત્ય શીખેલા. તેમના પિતા ત્યારે ટાટા સ્ટીલ કંપનીમાં એન્જિનિયર હતા. બે બહેનો અને એક ભાઈ એમ તેમના કુટુંબમાં ત્યારે છોકરો ડાન્સ શીખે તે વિશે માબાપનો કશો વિરોધ નહોતો. આજથી અડધી સદી ઉપરાંત નૃત્યને કલા પ્રકાર તરીકે બહુ ઓછી માન્યતા મળી હતી. કલકત્તાથી ત્યારે અચ્છન મહારાજ પાસે નૃત્ય શીખેલા પ્રહ્‌લાદ દાસ અઠવાડિયામાં બે વાર જમશેદપુર આવતા. આસ્તાદ તેમની પાસે દસ વર્ષ કથક શીખ્યા હતા.

પિતાજીની બદલી મુંબઈ થતાં આસ્તાદ મુંબઈ આવ્યા અને આર. એ. પોદ્દાર કોલેજમાં બી. કોમનો અભ્યાસ પૂરો કર્યો. પરંતુ નૃત્ય કરવું ચાલુ રાખેલું. મુંબઈમાં તે વર્ષોમાં તેઓ કોલેજના વાર્ષિકોત્સવમાં નૃત્યો રજૂ કરતા પણ શાસ્ત્રીય કથક નૃત્ય ઉપરાંત કંઈક નવું નવું રજૂ કરવાની ઘણી હોંશ. તે અરસામાં તેમણે આશા કુર્લાવાલા પાસે પણ મોડર્ન ડાન્સની થોડીક પ્રેક્ટિસ કરેલી અને તે શૈલીમાં આગળ શીખવાનું વિચારેલું. તેમની ૧૯૬૮ની નૃત્યસંરચના Joyous cosmologyમાં આસ્તાદે નૃત્ય કરેલું.

મુંબઈમાં ત્યારે અમેરિકન મોડર્ન ડાન્સર મરે લુઈસ તેમની મંડળી સાથે નૃત્યો રજૂ કરવા આવેલા. તેમના નૃત્યોથી તે ઘણા પ્રભાવિત થયા. કોઈ પણ હિસાબે પરદેશ જઈ એ પ્રકારની શૈલીનાં નૃત્યો શીખવા મળે તો તે માટે



તેમને રટ લાગી.

એટલે માબાપની પરવાનગી લઈ તેમણે વિદેશ જવા હામ ભીડી. સાહસ પાર વિનાનું એટલે કાર્ગોશીપમાં લંડન જવા ઊપડ્યા. તે દિવસોને યાદ કરતા તેઓ ઘણીવાર કહેતા કે કાર્ગોશીપમાં ઘેંટાં-બકરાં બધાં ભરેલાં. એટલે ઘણીવાર તે પશુઓની સાથે પણ રહેવું પડતું. પણ તેની તેમને પરવા નહોતી.

લંડન પહોંચ્યા પછી કેટલાક મિત્રોની મદદથી ત્યાં રહેવાનું શરૂ કર્યું. કમાણી તો કંઈ નહીં એટલે રેસ્ટોરાંમાં વાસણો સાફ કરતા અને દિવસે The Place નામે યુસ્ટન પાસે આવેલ સ્ટુડિયોમાં મોડર્ન ડાન્સ શીખવા જતા. પરંતુ ત્યાં બેત્રણ મહિના શીખ્યા પછી કશું ગોઠ્યું નહીં એટલે વળી પ્રવાસે ઊપડ્યા.

તે વિશે વાત કરતા આસ્તાદ કહેતા કે તેમને કોઈ કશી દોરવણી આપતું નહીં. પોતે ક્યારેક ટ્રેઈનમાં ક્યારેક Hitch hike કરી મોટરમાં, લોરીમાં પ્રવાસો કરતા. લંડનમાં માર્થા ગ્રેહામની શૈલી ફાવી નહીં એટલે બીજી શૈલીઓમાં મર્સ કનિંગહામ, હોસે લીમોન (Jos limion)ની શૈલીઓ વિશે જાણવા ઉત્સુક. તે માટે અમેરિકા જવા ઉદ્યત થયા. પરંતુ અમેરિકા જવું સહેલું નહોતું. વીઝા મળે નહીં. પણ હિંમત હાર્યા વિના તેમણે કેનેડા જવાનું વિચાર્યું. ત્યાં મોન્ટ્રીએલ પહોંચ્યા. મોન્ટ્રીએલમાં ઇન્ડિયન સ્ટુડન્ટ્સ યુનિયન માટે નૃત્ય કરતા. ભારતીય વિદ્યાર્થીઓનો ઘણો સહકાર મળેલો. તેમના આવા સાહસ બદલ એક નૃત્યકાર તરીકે કારકિર્દી ઘડવાના તેમના નિર્ણયથી સૌને નવાઈ પણ લાગતી. પણ તેઓ જ્યાં તક મળે ત્યાં નૃત્યો કરતા. પછી કેનેડામાં પ્રવાસ કર્યો. ઓટાવા, ટોરન્ટો, એડમિંટન અને વાનકુંવર ગયા. એ દરેક શહેરમાં નૃત્યો કરતા અને મિત્રો બનાવતા.

વાનકુંવર ગયા ત્યારે વિચાર્યું કે શા માટે જાપાન ના જવું? જાપાન જવા માટે વીઝાની અરજી કરી અને એક વર્ષનો વીઝા મળ્યો. જાપાનનાં નૃત્યો અને સંગીતનો તેમના પર ઘણો પ્રભાવ પડ્યો. ત્યાંથી દક્ષિણ કોરિયા ગયા અને કોરિયામાં રહેવા માટે ત્યાં અંગ્રેજી શીખવવાનું શરૂ કર્યું. આ ઉપરાંત એક Barમાં ફેશન મોડેલ તરીકે કામ કર્યું અને તેમાં સફળ થયા.

આમ અનેક દેશોના પ્રવાસ કરતાં


કરતાં જાપાનથી તાઈમેઈ, ત્યાંથી હોંગકોંગ, ન્યુગીએના, અને સિંગાપોર પહોંચ્યા. આ વર્ષોમાં પત્રવ્યવહાર દ્વારા, અન્ય નૃત્યકારો અને મંડળીઓ સાથે ઓળખપત્રો દ્વારા સંપર્ક સાધતા. સિંગાપોરમાં આર્ટ ફેસ્ટિવલમાં તેમનાં આધુનિક નૃત્યો રજૂ કર્યાં, જેને સારો આવકાર મળ્યો. સિંગાપોરથી મનીલા ગયા ત્યાં કડવો અનુભવ થયો. તેમના પૈસા ચોરાઈ ગયા અને ભારે મુસીબતમાં મુકાયા. પણ મિત્રોની મદદથી હોંગકોંગ પહોંચ્યા. ત્યાં જઈ ત્યાંના સ્થાનિક કલાકારો પાસે નૃત્યો શીખવાનું શરૂ કર્યું. ૧૯૭૧માં વીએટનામ ગયા પરંતુ ત્યાં યુદ્ધ ચાલતું હતું એટલે ત્યાંથી બેંગકોક ગયા.

ત્યાં જઈ અમેરિકન એમ્બસીમાં નૃત્યો રજૂ કર્યાં. એમ્બેસેડરનાં પત્ની નૃત્યો જોઈ અને વિશેષે તેમના સાહસ વિશે સાંભળી ઘણાં પ્રસન્ન થયાં. યોગાનુયોગ તે દિવસોમાં થાઈલેન્ડનાં મહારાણીનાં માતુશ્રીની વર્ષગાંઠ ઉજવાતી હતી. અમેરિકન એમ્બેસેડરનાં પત્નીએ આસ્તાદ દેબુને ત્યાં નૃત્યો રજૂ કરવા મોકલ્યા. ક્યાંથી ક્યાં સંપર્ક બંધાય છે. થાઈલેન્ડના રાજવી રંગસેનની પુત્રી સાથે જયપુરનાં મહારાણી ગાયત્રીદેવીના પુત્રનાં લગ્ન થયાં હતાં. ભારતના નૃત્યકાર આસ્તાદ દેબુને તેમની ઓળખાણથી ઘણો લાભ થયો.

બેંગકોકમાં આસ્તાદે ઘર ભાડે લીધું અને નૃત્યો શીખવવાનું અને રજૂ કરવાનું શરૂ કર્યું.

આસ્તાદના પ્રવાસોની યાદી ઘણી લાંબી છે. બેંગકોકથી લાઓસ, કેમ્બોડિયા, મલેશિયા પ્રવાસ ખેડી ત્યાંથી તે ભારત પાછા ફર્યા અને કોલકાતામાં નૃત્યો રજૂ કર્યાં, જેને સારો આવકાર મળ્યો.

કોલકાતાથી તેમની બહેનનાં લગ્ન નિમિત્તે તે મુંબઈ આવ્યા ત્યારે ૧૯૭૨માં અમારી પહેલી મુલાકાત થઈ. આસ્તાદના વિશ્વપ્રવાસો અને મોડર્ન ડાન્સર તરીકેની ખ્યાતિ નૃત્યવર્તુળમાં પહોંચેલી હતી. એક કાર્યક્રમ નિમિત્તે


ખેંચેલાં કપડાંથી ચ્યુંગગમની રજૂઆત કરતા આસ્તાદ દેબુ

અમે બન્ને ભેગા થયા હતા. આસ્તાદ કથક શીખેલા તે હું જાણતો હતો. તેમની ઇચ્છા અભિનય શીખવાની હતી. તે માટે કથકલીના કોઈ ગુરુ મળે તો તેમને મેળવી આપવા મને કહ્યું. મેં તેમનો પરિચય કથકલીના ગુરુ કૃષ્ણા પણીકર સાથે કરાવી આપ્યો. આસ્તાદે તેમની પાસે કથકલીનું શિક્ષણ લેવાનું શરૂ કર્યું. તેમના સાહસિક જીવન અને તનતોડ મહેનત વગેરેથી માત્ર હું જ નહીં પરંતુ નૃત્યજગતના અનેક કલાકારો તેમના પ્રસંશક હતા. મોડર્ન ડાન્સર તરીકે તેમણે નામ કાઢેલું.

મુંબઈથી અંતે તેમને અમેરિકાનો વીઝા મળ્યો અને મોડર્ન ડાન્સ શીખવા તે અમેરિકા ગયા. ત્યાં તેમણે અન્ય અમેરિકન મોડર્ન ડાન્સર પાસે તાલીમ લીધી. અને વળી પ્રવાસે ઊપડ્યા આ વખતે તે ઇન્ડોનેશિયા ગયા અને જાવાના ડાન્સના પાઠ લીધા, ત્યાંનું સંગીત એકઠું કર્યું. તેમનું અનેક દેશોના સંગીતનું ભંડોળ આશ્ચર્યજનક છે.

ઇન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયા ગયા. ત્યાં ઓસ્ટ્રેલિયાના ઉત્તરે છેડે ડાર્વિન ગયા અને ત્યાંથી ઓસ્ટ્રેલિયાનો 3000 માઈલનો પ્રવાસ Hitch hike દ્વારા કર્યો. મોટરમાં, ટ્રકમાં જ્યાં લિફ્ટ મળે ત્યાંથી લિફ્ટ મળે ત્યાં સુધી લિફ્ટ લઈ સીડની પહોંચ્યા. ત્યાંથી મેલબર્ન, પછી ન્યુઝીલેન્ડ અને ફીજીનો પ્રવાસ કર્યો.

૧૯૭૪માં પાછા અમેરિકા ગયા. ત્યાંથી હોનોલુલુ, કેલિફોર્નિયા અને મેક્સિકો ગયા. બધે ડાન્સ કરતા. ઘણીવાર 100 કે 150 ડોલર મળતા, તો તે લઈ નિર્વાહ કરતા. એમની પ્રવાસ ભૂખ ક્યારેય પૂરી થતી નહીં. એકવાર તો લંડનથી કેન્યા માત્ર પશુઓને જોવા વિમાનમાં ગયેલા. ૧૯૭૬માં બ્રાઝિલમાં કાર્નિવલ જોવા ગયા હતા અને થોડો વખત આર્જેન્ટિનામાં ગાળેલો.

પછી ભારત ફર્યા અને ૧૯૭૭માં જર્મનીના વિખ્યાત કોરિયોગ્રાફર પીના બાઉશની નૃત્યમંડળીમાં વુપરટાલ શહેરમાં જોડાયા. પીના બાઉશને તેમનાં કથકલી નૃત્યો ગમ્યાં હતાં અને પોતાની નૃત્ય-સંકલનમાં તેનો ઉપયોગ કરવા માગતાં હતાં. પરંતુ આસ્તાદને તે મંજૂર નહોતું. તેમને તો પીના બાઉશનાં નૃત્યો પરત્વેનો અભિગમ જાણવો હતો. પીના બાઉશે તેમને જે રીતે કથકલી દ્વારા આસ્તાદ પોતાનાં નૃત્યોમાં પોતાની વિભાવના વ્યક્ત કરે તો કરવા બદલ સંમતિ આપી. એટલે પીના બાઉશના સહાયક આર્થર રોઝેન ફેલ્ટને ત્યાં આસ્તાદ રહ્યા. અને પોતાના સ્વતંત્ર કાર્યક્રમો રજૂ કરતા. આ બધાં વર્ષોમાં તેઓ Taped musicનો ઉપયોગ કરતા.

આસ્તાદ દેબુ એક માત્ર વ્યક્તિ હતા જે એકલે હાથે મોડર્ન ડાન્સ રજૂ કરવા માગતા હતા. ભારતની શાસ્ત્રીય શૈલીઓના તે પરમ પ્રસંશક

હોવા છતાં જેને આધુનિક કહી શકીએ તેવી શૈલીની રચના અને રજૂઆત કરવાનો તે આગ્રહ સેવતા હતા.



નેશનલ સેન્ટર ફોર ધી પરફોર્મિંગ આર્ટ સેન્ટર (NCPA)માં ૧૯૮૪માં મેક્સ મૂલર ભવનના ડાયરેક્ટર ગીઓર્ગ લેકનરે મેક્સ મૂલર ભવન, NCPA અને સંગીત નાટક અકાદમીના સંયુક્ત આશ્રયે East-West Dance Encounterનો અભૂતપૂર્વ કાર્યક્રમ અને સેમિનાર યોજેલા. તેમાં આસ્તાદ દેબુએ Mangalore street નામે કાર્યક્રમ રજૂ કર્યો હતો જેમાં એક કારકુન એક વેશ્યાના પ્રેમમાં પડી, તે વેશ્યા જે રીતે બોલીવુડ ફિલ્મોમાં નૃત્ય કરે છે તેવું નૃત્ય કરેલું, જેથી ઘણો ઊહાપોહ થયેલો. પરંતુ બીજે પક્ષે તેમની આવી હિંમતપૂર્વક કથાનક રજૂ કરવાની કળા બદલ તેમની પ્રશંસા પણ થઈ હતી.

આસ્તાદ દેબુએ ડાન્સમાં અનેક સ્તરે કામ કર્યાં છે. તેનું ફલક અને વ્યાપ વિશાળ છે અને નોંધપાત્ર છે. આસ્તાદ કહે છે કે તેમની સફળતામાં તેમના મિત્રોનો ફાળો મોટો છે. જાણીતા પારસી puppeteer દાદી પદમજી, પ્રકાશયોજનામાં પારંગત સામ કેશવાલા, સેટ ડિઝાઈન માટે રતન બાટલીબોયના તેઓ અત્યંત ઋણી છે. તેમની અનેક રચનાઓમાં આ મિત્રોએ તેમને ઘણી મદદ કરી છે.

તેમનાં નૃત્યોના વિષયવસ્તુઓ પણ 'Broken Pane' આધુનિક હોય છે. જેમ કે તેમની એક રચના ડ્રગએડિક્ટ (Drug edict)માં તેની વ્યથા, તરફડાટ, તેમણે સચોટ રીતે વ્યક્ત કર્યાં હતાં.

આહ્વાહનમાં તેમણે ૬૦ યાર્ડની લંબાઈના સફેદ કાપડનો ઉપયોગ કરેલો તેની જટાજાળમાંથી આત્મા

શાંતિ શોધવા પસાર થાય છે તેવું સૂચવેલું અને શુભ તત્ત્વોનું સૂચન કરવા લાલ રંગની પ્રકાશયોજના કરેલી.


એમની અન્ય રચનાઓમાં Friends અને Thanatomorphicમાં આસ્તાદે દાદી પદમજીની મદદથી તેમની ઇશારા પપેટ મંડળીનાં વિવિધ પ્રકારનાં મહોરાં masksનો ઉપયોગ કરેલો. ફ્રેન્ડ્સમાં મોટાં મહોરાં પહેરેલા live puppet કલાકારો આસ્તાદ સાથે નૃત્ય કરતા જોવા મળતા. અને બન્ને મિત્રો વચ્ચે ઝઘડાં થતાં તે દર્શાવવા live puppet વધુ અને વધુ ઊંચાઈ કેળવી આસ્તાદને તેના મોટા પંજાઓ વતી થપાટો મારતો દર્શાવેલો.

જ્યારે Thanatomorphicમાં Phantom of Death માં મૃત્યુ માટે મોટા pumpkinની બે ફાડ કરી તે ગોળગોળ ફરે અને ભય ઉપજાવે તેવી રચના કરી હતી. એમાં નાટ્યાત્મક તત્ત્વો જોવા મળે છે. આ ઉપરાંત ધ્વનિ માટે જે સંગીતનો તેઓ ઉપયોગ કરે છે તે પણ નોંધપાત્ર છે. આહ્‌વાહનમાં શિવાષ્ટકના મંત્રોચ્ચાર અને 'દગડડગ્ગા', 'દુમાદુમ્મા', 'શિવા શિવા'નું રટણ, તો 'Confluence' સંગમમાં યાન ગારબેક, હરિપ્રસાદ ચૌરસિયા અને જોહ્‌ન મોકલોલીનનું સંગીત મેળવી તેમાં ઝાકિર હુસેનનાં તબલાં અને સેક્સોફોન, ગિટાર વગેરેના સૂરો મેળવી અભૂતપૂર્વ સંગીત રચના કરેલી. તેમણે તેમની આહ્‌વાહન નૃત્યરચનામાં ગુંડેચા બંધુઓના ધ્રુપદ સંગીતનો ઉપયોગ કર્યો છે. જ્યારે એકવાર ખજૂરાહો નૃત્યસમારોહમાં નાટકીય ઢબે રાજકીય નેતા તરીકે ઘોંઘાટ સાથે જીપમાં પ્રવેશ કરેલો ત્યારે લોકો ચકિત થઈ ગયેલા કે રંગમંચ પર કોઈ રાજકીય નેતા શા માટે આવ્યા છે!

આસ્તાદ કહે છે કે તેમનાં નૃત્યોમાં બીજી કળાઓનો સમાવેશ થાય છે. તેઓ અવકાશ (space)માં નીત નવી નૃત્યસંરચના કરે છે. આહ્‌વાહનમાં કપડાની જટાજાળમાંથી તે અવકાશમાં પ્રવેશે છે તો ક્યારેક ભૂમિ નીચેથી સરકે છે. ક્યારેક સીડીનો (Ladder) ઉપયોગ કરીને અવકાશમાં Vertically ઉપર જાય છે.

તેમની રચના Thanatomorphicમાં તેમણે મહોરાંઓનો વિશિષ્ટ ઉપયોગ કર્યો છે. પણ તેમની સાથે નૃત્ય કરનાર puppeteersનાં મહોરાંઓ નિર્વિકાર, કશો ભાવ વ્યક્ત કરે નહીં. Dance of Death Thanatomorphicનું કથાનક. આસ્તાદ કહે છે કે તેમણે મૃત્યુને વિવિધરૂપે તેમાં રજૂ કર્યું છે. મૃત્યુ એક લલચાવનાર નૃત્યકાર છે. મૃત્યુ એક ઉત્કટ પ્રેમી છે, મૃત્યુ મુક્તિ આપનાર વ્યક્તિ છે અને મૃત્યુનો ઉત્સવ પણ ઊજવી શકાય. અલબત્ત સાવિત્રી જે રીતે યમરાજાને વાક્ચાતુરીથી સત્યવાનના

[અનુસંધાન પૃ. 125]



આત્મીય શ્રી જયંત મેઘાણી : આમિ સખા માત્ર

☐ સુભાષ ભટ્ટ

મારી નાની-નમણી વસ્તુઓ
વહાલાંઓ માટે મૂકતો જાઉં છું,
મોટી જણસો સર્વને સમર્પિત હશે.
- રવીન્દ્રનાથ ટાગોર

આ પંક્તિના અનુવાદક છે પ્રિય અને પૂજ્ય જયંતભાઈ મેઘાણી (ઈ. સ.૧૯૩૮-૨૦૨૦). આ કથન જાણે કે તેમની અંતિમ ઇચ્છાસમું છે. તેઓ અત્યંત ઉદાર ચિત્ત કલ્યાણમિત્ર હતા, સૌના. તેથી સૌ પાસે - દરેકના ભાગમાં 'નાની-નમણી વસ્તુઓ' અને 'મોટી જણસો' અઢળક આવી છે. તેમના સંપર્કમાં આવેલ દરેક પાસે તેની પોતાની એક સ્મરણ-જ્યોત છે.

ઈ. સ. ૧૯૭૫-૭૬માં હું તેમની પાસે 'પ્રસાર'માં પુસ્તકો આસપાસ રહેવાશે તેવી લાલચે કામ માગવા ગયેલો અને કદાચ એકાદ વરસ કાર્યકર તરીકે

રહ્યો અને પછી પિસ્તાલીસ વરસોથી શુભેચ્છક-મિત્ર બની રહ્યો. મારી પાસે પૈસા ન હતા ત્યારે પ્રસારનાં પુસ્તકોથી વધારે મેં તેમનાં અંગત પુસ્તકો વાંચ્યાં હશે. આ બધાં વરસો તેમની કલ્યાણ-મૈત્રીમાં ભીંજાવાનાં વરસો બની રહ્યાં, જ્યારે પણ જઈએ ત્યારે નાસ્તાનો ડબલો, અગરબત્તી, સીડી-કેસેટ, પુસ્તક, એકાદ લેખ-કાપલી આપે. આ રીતે તેમની જીવનપળોને વહેંચે અને પ્રેમ થકી દરેકમાં વહેંચાય. ક્યારેક થેલામાં નાનકડી-રૂપકડી વસ્તુ લઈને આપણા ઘરે આવી ચડે. ક્યારેક તેમના ઘરે કશુંક અદ્‌ભુત સ્વયં રાંધી અને આપણને જમાડે. આપણી સાથે ફિલ્મમાં, રેસ્ટોરન્ટમાં, કોફી-શોપમાં આવે તો ક્યારેક વિક્ટોરિયા પાર્કમાં સંધ્યાકાળે સાથે ચાલવા આવે. આ બધી પળોને ધન્યતા કહું કે સાર્થકતા તે સમજાતું નથી.

•

લાવ, પરમ શાંતિમાં સમાઈ જાઉંને
મૌનની આતમ-અટારીએ તારી વાણી ઝીલું.
- રવીન્દ્રનાથ ટાગોર

ઈ. સ. ૧૯૭૨માં 'પ્રસાર'ની સ્થાપનાથી આરંભીને ઈ. સ. ૨૦૧૭માં તેના વિશ્રામ સુધી જયંતભાઈએ આમ જ કર્યું. તેમનું કામ બોલે પણ તેઓ ભાગ્યે જ બોલે. ઈ. સ. ૨૦૦૮માં ગુજરાતના અનોખા પુસ્તક ભંડાર તરીકે ભારતીય પ્રકાશક સંઘે 'પ્રસાર'-ને સન્માનિત કર્યું. તેમના થકી જ 'પુસ્તકોની નાનકડી દુનિયા' અને અમારું નાનકડું નગર પુસ્તક માર્ગે ઓક્સફર્ડ, કેમ્બ્રિજ અને લાઈબ્રેરી ઓવ કોંગ્રેસ સાથે જોડેલું રાખ્યું. તેમની મૌન તન્મયતામાં તેમનાં આનંદ અને સૌંદર્ય છુપાયેલ રહ્યાં.

ભારતીય શબ્દની ધારામાં એમ પુછાયું છે, કોની વાણી અમોઘ નીવડે છે? તો તેનો ઉત્તર છે, જેનામાં સત્ય હોય છે, જે મૌન રહે છે, જે શાંતિ રાખે છે, એની વાણી અમોઘ હોય છે. મને અંગત રીતે એમ લાગે છે કે જેમને સત્ય જ બોલવું હોય તેમને બોલકાપણું ન પોષાય. જયંતભાઈ આ મૌન ગોત્રના શબ્દપ્રેમી હતા. સાહિત્યકારનો પ્રભાવ,

માત્ર વાણીનો નથી, મૌનનો પણ છે,
માત્ર વિચારનો નથી, જીવનનો પણ છે,
માત્ર જ્ઞાનની લંબાઈ-પહોળાઈનો નથી
પણ મૌન-એકાંતની ઊંડાઈનો પણ છે.

તેઓ અલિપ્ત, અનાસક્ત અને અનુશાસિત હતા પણ જગતથી વિમુખ ન હતા. તેમનામાં તાટસ્થ્ય હતું પણ ઉદાસીનતા ન હતી. તેઓ શબ્દ અને વિચારને જીવનનાં અનેક સ્તરે અને આયામો થકી સ્પર્શતા, તેઓ સંગ્રાહક અને સંપાદક. પ્રસારક અને પ્રકાશક, વિચારક અને વિક્રેતા, અનુવાદક અને લેખક એવા અનેક સ્વરૂપે શબ્દને આરાધતા. પણ હા ૮૨ વરસની તેમની અંદર અને બહારની સમાંતર યાત્રા



દરમિયાનની તેમની પ્રતિબદ્ધતા અને નિસબત હતી, જીવનમાં.

•

મારા આ જીર્ણ જીવન પર
સૌંદર્ય અને માધુર્ય છાંટી દે.

- રવીન્દ્રનાથ ટાગોર

જયંતભાઈના જીવનવહેણમાં માત્ર સૌંદર્ય અને માધુર્ય જ નહીં પણ જીવનનો આનંદ અને આસ્તિકતા પણ વહે છે. સાહિત્યનો આત્મા વસે છે જીવનરસમાં. તેમની જીવનઆસ્થા રેતાળ નથી, રસાળ છે. તેમના શબ્દો અને વિચાર જીવનસૌંદર્યમાં ઝબોળાઈને આવે છે. તેમના દરેક વ્યવહારમાં સાહજિકતાનું સૌંદર્ય પણ છે, સહૃદયતાની સુગંધ પણ છે. તે દરેકને મળે ત્યારે તેમની સંપૂર્ણ-સમગ્ર ઉપસ્થિતિ હોય. તેથી તેને મળનાર દરેક માટે તે પળ અવિસ્મરણીય બની જાય. તેથી જ પ્રસારમાં એકવાર આવનાર પણ નિરંતર આવ્યા કરે. જયંતભાઈને રબિ ઠાકુર ગમતા તેનું કારણ એ લાગે છે કે બન્નેમાં આત્મનિષ્ઠતા અને હૃદયનિષ્ઠતા, કાવ્યમયતા અને મૈત્રી સરખી છે. બન્ને માને છે કે, આનંદધારા અને સૌંદર્યધારા બહિ છે ભુબને. જયંતભાઈની સંવેદનશીલતા સ્થળ-કાળની સીમાઓને લાંઘે છે.

ઈ. સ. ૧૮૬૨માં રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ તેમના પ્રવાસ દરમિયાન બીરભૂમની વેરાન ભૂમિ પર બે સપ્તપર્ણી-વૃક્ષોની છાયામાં વિશ્રામ અર્થે થોભ્યા હતા. ઈ. સ. ૨૦૧૮માં એટલે કે ૧૫૮ વરસ પછી જયંતભાઈ રવીન્દ્રનાથની કબિતિકાઓની 'સપ્તપર્ણી' નામક પુસ્તિકાના અર્પણમાં લખે છેઃ સપ્તપર્ણીની એ ક્યારીએ આ અલ્પ જળસિંચન.

તેમનું આ સત્ત્વશીલ પાવક અને અનુશાસનમય એસ્થેટિક્સ વંદનીય છે.

•

આપણા મૂલના સાચા હિસાબ ન સાચવી
શકનાર
ગાફેલ પરમાત્મા જ સૌંદર્યની લહાણ કરતો
હોય છે.

- રવીન્દ્રનાથ ટાગોર

અને અસ્તિત્વની સૌથી મોટી લહાણ છેઃ પ્રેમ-મૈત્રી. ભલે આપણે પેરિસની સીન નદીતટની 'શેક્સપીઅર એન્ડ કંપની' કે ઓક્સફર્ડની 'બ્લેકવેલ' બુકશોપમાં ન ગયા હોઈએ પણ 'પ્રસાર' તેનાથી સહેજ પણ ઓછો અનુભવ નથી. પ્રસારમાં જ્ઞાનપિપાસુ, જ્ઞાનસેવી અને જ્ઞાનરસિકોને તો નિત્ય આવકાર મળ્યો જ પણ સમાન રીતે જીવન-પ્રેમી, જીવન-મરમી અને જીવન-ધરમીનો પણ સત્કાર થયો. કારણ કે પ્રિય જયંતભાઈને મળનારા અગિયારથી એકાણુ વયજૂથના મિત્રો હતા. તે સૌ માટે પ્રસાર એટલે આત્મીય સંવાદો માટેનું અભયારણ્ય. એક એવો પાવક ખૂણો કે જ્યાં જીવનની વાતો જીવનભર થઈ શકે. અહીં આવનાર દરેક પોતાનો અંગત અંધકાર અને પાવક ઉજાસ તેમની સાથે શેર કરતા. યુવક પોતાની વસંતની વાતો કરતો તો વૃદ્ધ પોતાની પાનખરની વિગતો આપતા. કદાચ, જીવનના ડહાપણનું આ જ તો કાર્ય છે. જ્યારે વ્યાસપીઠ શોભાવનાર આટલા સહજ રીતે હાથવગા નથી હોતા ત્યારે દરેકના કલ્યાણપ્રિય સમા જયંતભાઈ સાવ સહજ જ મળી જતા. તેમનાં શબ્દ અને વિચાર, અભિપ્રાય અને સૂચન સંવેદનશીલ મૈત્રી અને માનવીય નિસબતથી ભીનાં રહેતા. તેમની પ્રેમ અને મરમથી છલકાતી ઉપસ્થિતિમાં સધિયારો અને બાંયેધરી હતાં, જ્ઞાન અને પ્રેમ એ વ્યાકરણમાં ભલે નામ કહેવાય પણ જયંતભાઈએ તેને ક્રિયા-કૃત્ય બનાવેલાં.

વિલ દૂરાંના ગ્રંથોમાં મને રસ હતો તે જાણતાં જ તેમણે મને 'સ્ટોરી ઓવ સિવિલાઈઝેશન'ના અગિયાર વોલ્યુમ્સ ભેટ આપી દીધેલા. અસંખ્ય લોકો પાસે તેમની અનન્ય છબી-પ્રતિમા હશે/છે.

•

કાળના કાટમાળમાં એક દુખિયારા ઉદ્‌ગારે
માળો બાંધ્યો છેઃ
રોજ રાત્રે અંધારા ઊતરે ને ગાન ગુંજ્યા કરેઃ
'મેં તને ચાહ્યો છે.'

- રવીન્દ્રનાથ ટાગોર

કોઈ શબ્દ કે વિચારનો, જ્ઞાન કે જીવનનો પ્રેમી આવશે તેમ માનીને સવારે ૮ થી રાત્રીના ૮ સુધી, પ્રસારમાં બેસીને પ્રાર્થના સમી પ્રતીક્ષા કરવી અને તે પણ જીવનના સાડાચાર દાયકા સુધી, તે માત્ર નિષ્ઠા નથી, ઉપાસના છે. અન્યનાં સૌનાં કલ્યાણ અને માંગલ્ય માટેની તેમની આસ્થા અને આરાધનાને વંદન!

•


પુસ્તકોની આ નાનકડી દુનિયા : પ્રસાર

ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણી, નિરંજન ભગત અને મધુસૂદન ઢાંકી જેવા વરિષ્ઠ વિદ્યાપુરુષોને આવકારવાનો લહાવો પ્રસારને મળેલો. સુરેશ દલાલે આ ભંડારને ભાવનગરનું એક 'તીર્થસ્થાન' માનેલું. પાંચેક વરસ પહેલાં અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના અધ્યાપક, મૂળ ગુજરાતી, મહમૂદ મામદાણી અચાનક આવી ચડ્યા હતા, એમની સાથેનાં સન્નારીનો પરિચય આપતાં કહ્યું: ''આ મારાં પત્ની મીરા નાયર...'' ઓહો! એક ખ્યાતિવંત ફિલ્મ નિર્દેશક અતિથિ હતાં! યાદ કરવા બેસીએ તો પ્રદ્યુમ્ન તન્ના, મલ્લિકા સારાભાઈ, નગીનદાસ સંઘવી, વીરચંદ ધરમશી, ભોળાભાઈ પટેલ, જયંત કોઠારી, જયંત પાઠક, ધીરેન્દ્ર મહેતા... એ સહુ એકદા પુસ્તકોની આ નાનકડી દુનિયાને આંગણે પદ્ચિહ્ન મૂકી ગયેલાં. 'દર્શક' અહીં આવીને પુસ્તકોનો સંગ કરતા કે મૂળશંકર મો. ભટ્ટ વારંવાર ચોપડીઓ જોવા આવતા એ દિવસો સ્મરણીય છે. અમેરિકાના રાષ્ટ્રીય ગ્રંથાલયના પ્રકાંડ ભારત-નિષ્ણાત યુજીન સ્મિથને લઈને દીપક મહેતા આવેલા એ યાદ છે, મધ્યકાલીન ગુજરાતના ફ્રેન્ચ અભ્યાસી ફ્રાન્સવા માલિઝોં, જર્મન ભારતવિદ્ જ્યોર્જ બાઉમન, બ્રિટનમાં ગુજરાત-અભ્યાસી રોહિત બારોટ, ડેવિડ હાર્ડીમેન, પરિતા મુક્તા અને વિપુલ કલ્યાણીના મિત્રભાવ થકી પ્રસાર ભીનું છે. કેટલાંક વરસો સુધી પુસ્તકો વિશેનાં વાર્તાલાપોની 'ગ્રંથગોષ્ઠિ'ની બેઠકો પ્રસારના પ્રાંગણમાં ચાલી હતી. ભોળાભાઈ પટેલને એ વિશે 'પરબ'માં સંપાદકીય લખવાનું મન થયું હતું, ને પછી તો ગુજરાતમાં અન્યત્ર પણ એ પ્રવૃત્તિ ફાલી હતી. કાળે કરીને પ્રાંગણ ટૂંકું થયું ને એ ઉપક્રમ પણ લુપ્ત થયો.

પ્રસાર અત્યારે જ્યાં છે એ ઇમારત ૧૯૩૮ના અરસામાં ગિજુભાઈ બધેકાના નિવાસ અર્થે તૈયાર થયેલી. ગિજુભાઈ તો અહીં વસવા આવી ન શક્યા. ને પછીના વરસે એમનું અવસાન થયેલું. બાલ-ફિરસ્તાની એક ખંડિત પ્રતિમા અત્યારે પ્રસારનું પ્રાંગણ શોભાવે છે એ ગિજુભાઈની સ્મૃતિ છે.

આત્મીય શ્રી જયંતભાઈ મેઘાણીના પુત્ર નિરજ મેઘાણીએ 'બુક પ્રથા' નામ સાથે ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા આરંભી છે, મેઘાણી પરિવારની ત્રીજી પેઢીનો આ ત્રીજો અધ્યાય છે. સૌને વંદન!

(શ્રી રવીન્દ્રનાથ ટાગોરનાં દરેક અવતરણના અનુવાદક શ્રી જયંત મેઘાણી છે.)



એક્ઝિટ

☐ બિપિન પટેલ

છેલ્લું અઠવાડિયું ઘણું ખરાબ રહ્યું. જ્યારે જ્યારે મઝા ન હોય ત્યારે એકલો જ 'અટીરા' ગાર્ડનમાં ચાલવા જતો રહું. એમ જ કર્યું. ઓડ ટાઇમે નીકળી પડ્યો, જેથી રોજના સાથીદારો ન ભટકાય. ત્રણ દિવસ દરરોજ ગયો, તોય મેળ ન પડ્યો. મનને શાતા ન થઈ. મને થયું રાણીપુર જવું પડશે.

એ આખરી ઉપાય. હમણાં ઓફિસમાં ઢગલો કામ છે. નવી સરકાર ઘાણીએ ઘાલીને તેલ કાઢે છે. એક સી. એલ. પણ મળવી મુશ્કેલ. બીજો શનિવાર પકડ્યો. જિગીષાને શુક્રવારે સાંજે, જમતી વખતે જાણ કરી, 'કાલે મામાને ત્યાં જાઉં છું. એકલો જ જઈશ. એ રોટલી પીરસતાં અટકી ગઈ, છાંછિયું કર્યું, 'કેમ તમારા એકલાના મામા છે? અમારા નઈ?' વાતને લંબાવવાના બદલે ટૂંકમાં જવાબ આપ્યો, 'આ વખતે એકલા જવાનું મન છે.' મનમાં પેલું ભજન, 'એકલા જ આવ્યા મનવા, એકલા જવાના...' તબકી આવ્યું. જિગીષાને ના પાડવાનું બીજું કારણ, આખો દિવસ મારો મોબાઈલ લઈને બેસી જાય. મારા બધા મેસેજ વાંચી લે. હમણાંના બનાવ પછી એ ન વાંચે તો સારું.

સાંજે જ બેગ પેક કરી દીધી. બહારગામ જવાનું હોય એના આગલા દિવસે ઊંઘ વેરી થઈને ઊભી રહે. આજે પણ બારના ટકોરા ગણ્યા. અચાનક રોજનીશી યાદ આવી. અત્યારની અને રાણીપુર વખતની, એમ બે ડાયરીઓ મૂકી. પછી સૂવા મથ્યો. કેટલીક નોંધો યાદ કરી જોઈ. આંખ મળી ન મળી ને એલાર્મ વાગ્યો.

મામાને ફોન કરીને એસ. ટી. ના લેટેસ્ટ ટાઈમ પૂછી લીધેલા. સવારના આઠની બસ લેવાનું નક્કી કર્યું. બે આખા દિવસ મળે તો મનને ગોઠવાવાની સ્પેસ મળે.

(૨)

નાના વખતની ખુરશીમાં બેઠેલા મામાએ ને પછી એમનું જોઈ મામીએ નેજવું કરી, ખાંચાના નાકામાં આવતા મને જોયો. મામા તરત ઊભા થઈ ગયા ને બોલી ઊઠ્યા, 'ઓહો ન! ભોણાભઈ તો આઈ જ્યા કોન્તા. લે હેંડ ચા મૂક.'

ઘર સુધી પહોંચતાં જોયું, જમણી બાજુની સુતાર ખડકીનાં બધાં ઘેર તાળાં હતાં. ત્યાં બોથો રહેતો. ડાબી બાજુ નાનાનું લીમડાવાળું ઘર પણ બંધ હતું. એમના છેલ્લા દિવસોમાં એ અહીં આવતા રહેલા. આંગણામાં પહોંચતાં જ મામા-મામીએ, નીચા નમેલા મારા માથે વહાલથી હાથ ફેરવ્યો. એક સમયે લોહી ભરેલા હાથની ચામડી લબડી પડી છે, દાંત જતા રહેવાથી મોં બેસી ગયું છે, પણ આંખોનો ભાવ હજુ ઘરડો નથી થયો. એટલે તો વારે વારે અહીં દોડી આવતો. આજે પણ.

ચા પીતાં ગામનાં સહુની ખબર પૂછી. એમને કહીને અમારા 'જાહુડીવાળા' ખેતર તરફ ગયો. એ પહેલાં ગામમાં આંટો માર્યો. ઝીલુમામાની દુકાનનો ગોળ, ચતુરદાદાને ત્યાં અમારાં ચોરેલાં લીંબું અને ખાંડ-પાણી એમનાં, એ શરબત. એમ ઘણી વાતો યાદ કરતો રહ્યો. એમને અમે શું કામમાં આવતા હતા? બસ એમ જ, પ્રેમ બતાડવાની એમની રીત. પ્રેમ ન બતાડવાની બીજી

પણ હશે.

ખેતરમાં તો શું બદલાય? એ શહેર થોડું છે? લીમડો થોડો વધારે ફાલ્યો હતો, પણ હવે ઘરડો લાગતો હતો. વખડાનું પણ એમ જ. આછો, બોડો થઈ ગયો હતો. ગુંદી પર ગુંદાં ઓછાં વળગેલાં. સીઝન નહીં હોય. મને ઓળખ્યો? એમ પૂછ્યું તો પવન નાખ્યો. છાંયડો પણ પાથર્યો. આટલાં વર્ષે આયો એનો એમણે ક્યાં વાંધો પાડ્યો? મશીનની ઓરડી એમની એમ હતી, પણ અંદરથી ચોખ્ખી હતી. હવે ઓઈલ ન ઢળેને? મોટર મૂકી હતી. મામાની ખેતી સંભાળતા ખેડૂતને પૂછ્યું, 'કૂંડીમાં નવાય? ફોર્સ કેવો આવે?' 'મશીન કરતા મોટરની તાકાત વધાર. લ્યો ચાલુ કરું?' ખેડૂતે ઉત્સાહ બતાવ્યો. પહેરેલે કપડે જ ઝંપલાવ્યું. ઘડીકમાં બધું ભૂલી ગયો.

શીરા વગર મામીનું જમણ અધૂરું. વળી, અહીં વધારે ખાતાં રોકનાર જિગીષા ન હતી. આગ્રહ કરવામાં મામીનો જોટો નહીં. મામા એમને 'કાઠિયાવાડી' એમને એમ નહોતા કહેતા. એટલું બધું જમાઈ ગયું કે તરત મેણો ચડ્યો. પણ કલાકમાં તો શહેર અને ગામના તુમુલ યુદ્ધે જગાડી દીધો. ફોન ચેક કરવાનું મન નહોતું. બેઠાં બેઠાં કંટાળ્યો. અર્ધો મેડો ઊતરીને જોયું તો મામી હજુ નહોતાં ઊઠ્યાં. પાછા જઈ, મોં ધોઈ રાણીપુરવાળી ડાયરી લીધી. ડાયરીમાં કિશોરવયનાં પાનાં ફેરવ્યાં. એક નોંધ આગળ અટક્યો.

રાણીપુર, તા. ૫, મે, ૧૯૭૩

ફુઆના 'સંદેશ' પ્રેસની ગાડીમાં બધાએ, એટલે મોસાળ પક્ષના, એમાંય અમારા કુટુંબના છોકરાઓએ જવાનું નક્કી થયું. ફુઆ એટલે બાના ફુઆ, મારા નહીં.

ચારે મામા, હું અને ગુલિયો, એટલા ગાડીમાં સમાઈએ તેમ હતું. અર્ધી ગાડી છાપાંથી ભરેલી હોય, તોય ફઈનાં દૂરનાં બહેન એમના વિષ્ણુને ગાડીમાં લઈ જવાની ભલામણ કરી ગયેલાં. ફઈએ ખાતરી નહોતી આપી, પણ જોઈશું કહી આશ્વાસન આપેલું.

બરાબર સવારના આઠ વાગે પ્રેસની ગાડી આવી. આખી ગાડી પીળા રંગે રંગેલી. ક્યાંક ક્યાંક પોપડા ઊખડી ગયેલા. બધી બાજુ લાલ અક્ષરે 'સંદેશ' ચીતરેલું. ગાડી જોતાં જ અમે બધા જ્યાં બેઠા હતા ત્યાંથી ઊછળ્યા.

બાલુજીએ અમેરિકાના પ્રેસિડેન્ટની ગાડી ચલાવતા હોય એવા મિજાજથી શોર્ટ બ્રેક મારી. ગાડી ઊભી રહેતાં જ ડ્રાઈવર સીટનું બારણું ખોલીને પતરાની પગથી પરથી, પહાડ ઉપરથી કૂદકો મારતા હોય એમ ભોંય પર પછડાયા. પોલીશ વગરનાં બૂટ ધૂળમાં પછડાતાં બૂટ પરની જમા ધૂળ પર બીજો થર થયો. અમારા બધા સામે ઉપકારભાવનું સ્મિત ફરકાવતાં, ચાવી ગોળ ગોળ

ઘૂમાવવા લાગ્યા. બધાને બેસવાની ભારે ઉતાવળ પણ બાલુજી ગાડી ખોલે તો ને?

થોડીવાર ફુઆની રાહ જોતાં આમથી તેમ આંટા માર્યા. પછી ફઈને પૂછ્યું, 'ક્યાં ગયા બોસ? આરામ ફરમાવે છે કે શું?'

'આ રહ્યો' એમ ઓરડામાંથી ફુઆ બોલ્યા. અંદર રહ્યે ફઈને કહ્યું, 'તારી બધી ફોજને લઈ જઉં છું.' ફઈ ધીમેથી બોલ્યાં, 'આ ડઈનો વિષ્ણુ...' પૂરું કરે એ પહેલાં ફુઆ તમતમીને બોલ્યા, 'જોઉં છું જગ્યા હોય તો, બાકી મારા છોકરા એના ખાતર વેઠશે નહીં.'

ફુઆ એમના કાયમી સફેદ પેન્ટ, શર્ટમાં સજ્જ. શર્ટિંગ ચસોચસ, એન. સી.સી.વાળા જેવો પહોળો મરુન બેલ્ટ ને એવા જ ચમકતા બૂટ. સિંહની છટાથી ઘરની બહાર આવ્યા ને બાલુજીની ગોળ ગોળ ફરતી ચાવી અટકી ગઈ. અર્ધા વાંકા વળીને, 'આવો બોસ' કહી, દોડીને આગળનું બારણું ખોલ્યું. ફુઆએ એના ઉત્સાહને વધેરતા હોય એમ, 'અલ્યા તડબૂચ, આ છોકરાને આમ તડકે કેમ ઊભા રાખ્યા છે? પહેલાં પાછળનો દરવાજો ખોલ. છોકરા કેટલા રાજી થાય? જાવ અલ્યા છોકરાઓ, ગોઠવાઈ જાઓ, છાપાંની થપ્પીની બાજુમાં. આખું મીણિયું પાથર્યું છે ને બરાબર, નહીં તો છોકરાઓનાં નવાં નક્કોર કપડાં મેલાં થશે.' 'બોસ આપડામાં કહેવાપણું ના આવે.' બાલુજી આત્મવિશ્વાસથી બોલ્યા. અમે બધા ગોઠવાઈ ગયા. તસુભાર જગ્યા બચી ન હતી. વિષ્ણુ મોટરની પતરાની પગથી પર ઊભા રહી ઊંચો થઈને જગ્યા શોધતો હતો. ફુઆએ બાલુજીને ગાડી સ્ટાર્ટ કરવા કહ્યું. વિષ્ણુએ બૂમ પાડી, 'એ... પડ્યો... મને... માસા...' ફુઆએ કરડાકીથી પાછળ જોઈને કહ્યું, 'ક્યાં મારા માથા પર બેસાડું? પેલી ભક્તાણીઓ જોડે આવજે.'

વિષ્ણુ હજુ પગથી પર ઊભો હતો. જેન્તિમામાએ દરવાજો બંધ કરતાં એને કહ્યું, 'અલ્યા વિષ્ણુડા હેઠો પડ, ઊતર કહું છું.' વિષ્ણુને ડૂમો ભરાઈ આવ્યો. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એનો બોબડો પગ ધબ્બ દઈને ધરતી પર ઠોકાયો. ધડામ દઈને દરવાજો બંધ થયો. વિષ્ણુ નીચું જોઈને ઊભો રહ્યો. ગાડી આગળ ચાલી. વિષ્ણુનાં આંસુ લૂછતા હાથ, પછી બાંય, બુશકોટ, લેંઘો, ચંપલના ટાયરના સોલ અને પછી આખું ગામ મોટરના દરવાજાની નાનકડી કાચની બારીમાંથી અદશ્ય થયાં. બધા પોતપોતાની રીતે વિષ્ણુને વિસારે પાડી ગોઠવાઈ ગયા.

* * *

તા. ક. કલોલ કેટલું દૂર? ત્યાં એક થપ્પી ઉતારવાની હતી. વિષ્ણુને સાંકડ માંકડ સમાવ્યો હોત તો? કુટુંબની ખદબદ અમે શું સમજીએ?

આજે મામા કહેતા હતા, 'બોથો ન એ ચ્યોંક બીજે રહેવા જતા ર'યા. બોથો તો પછ દેવ થઈ જ્યો. તમારી હારે રમતો નઈ ભઈ?' બોથાની નોંધ શોધી કાઢી:

રાણીપુર, ૧૮/૧૧/૭૫

આ વખતે અમને લેવા માટે મામાને મેળ ન પડ્યો. ગાડું બીજાને ત્યાં સુંઢોલમાં ગયું હતું. શિયાળો બેસી ગયો હતો, બાકી ચાલીને આવતાં ફેં થઈ ગયા હોત. ગામની પ્રાથમિક શાળાએ પહોંચ્યા ત્યાં તો દૂરથી લંઘાતો લંઘાતો, તોય ઝડપભેર આવતો બોથો દેખાયો. બોથો યુરોપિયન જેવો ધોળો, ઊંચો. એની ચડ્ડી રેતીના રંગમાં ભળી જાય એટલી મેલી. જુદાં જુદાં કપડાંમાંથી બનાવેલી ઈસ્ટમેન કલર આંગડી. અંદર શર્ટ નહીં. આંગડીના છેક છેલ્લા બટન સિવાયનાં ઉપરનાં બધાં બટન ખુલ્લાં. એ જોઈ ભરત બોલ્યો, 'કોલેજનો દાદો આયો.' અમે હસી પડ્યા. બોથાએ આવીને અમારો મોટાભાગનો સામાન લઈ લીધો. બંને હાથમાં બબ્બે બેગ, એક માથે પણ મૂકેલી. ખભે થેલા લટકાવી અમારી આગળ ચાલતાં બોલતો જાય, 'ભોણિયા આઈ જ્યા, હારુ કર્યું, હારુ કર્યું, ભોણિયા આઈ જ્યા.' બધાંનો સામાન મેડા પર મૂકી, ઓસરીમાં એક છેડે ઊભો રહ્યો. કોઈએ કહ્યું નહીં તોય ત્યાં જ બેઠો. બધાના ભેગી એને પણ ચા મળી. સહુથી મોટા સબડકા બોલાવીને પૂરી કરી.

પહોંચીને પહેલી વ્યવસ્થા સૂવા માટે ખાટલા ભેગા કરવાની. અમારી વીસ જણની ફોજ હતી, તોય બોથો ગામમમાં ખાટલા ઉઘરાવવા હાજર. ખડિયો અને કિત્તો લઈને અમારી સાથે ને સાથે ચાલતો જાય. ઘર આવતાં ખાટલા પર નામ લખનારને ખડિયામાં બોળી કિત્તો આપે. એમ ખાટલા ભેગા થતા ગયા. એક ઘેર પહોંચ્યા ત્યારે ખાડિયાનું બુંદું દેખાયું. બોથાએ એ જોયા સિવાય ખડિયો ધર્યો. કિત્તાવાળાએ ભાર દીધો એટલે ખડિયો નમી ગયો ને થોડી સહી ઢળી. એની પાછળ ઊભેલા બળવંતમામાએ બોથાને બોચીમાં ધોલ મારીને તતડાવ્યો, 'અલ્યા બડદ્યા, હપેર ઝાલ ન.' બોથાએ બીજા હાથે બોચી પંપાળી લીધી પણ ખડિયો નીચે ન મૂક્યો. શું કરે? એક તો અનાથ, ને જેમને ઘેર રહેતો હતો ત્યાં કાઠાકાઠ. અમે બધા આવતા ત્યારે એના પંદર દહાડા ટૂંકા થતા.

બપોરે જમીને અમારી ગેંગ વાડામાં પહોંચી. જતાં પોતપોતાના ખાટલા લઈને ગયા. શહેરની કૂણી ચામડી શિયાળાનો તાપ પણ વેઠી ના શકી. અર્ધા ઊંઘવા મથ્યા અને બાકીના આકળવિકળ થઈ વાતે વળગ્યા. પણ ના જામ્યું. જેન્તિમામાએ નાગોલચું રમવાનું કહ્યું કે બધા કૂદ્યા. મેં જાહેર કરી

દીધું, 'પહેલાં મારો દાવ.'

નાગોલચાના સાતમા પથ્થર પર એકધ્યાન થઈ ડાબો હાથ પણછની જેમ પાછો ખેંચી રાખ્યો. હાથમાંનો બોલ છૂટવા મથતો હોય તેમ સહેજ ખસ્યો. ચારેય મામા, પાછલા વાસનો પશો, કનુ, બોથો અને મારા મોટાભાઈ મોરચે ગોઠવાઈ ગયા. હાથમાંનો બોલ છૂટે તે પહેલાં જ માસીએ અમારી વચ્ચે ધડી નાખી. ધડી ધબ્બ દઈને ડાબે, જમણે નમીને અટકી. ધડીમાંથી ચારેબાજુ કાલાંના ફૂટી નીકળેલા કાંટા પર બધાંની નજર સ્થિર. મને એ કાંટા વાગ્યા હોય એમ હાથમાંથી બોલ ભોંય પર રગડી ગયો. એની સાથે જ બધા વિશ્રામની પોઝિશનમાં. ભરતે શર્ટની જમણી બાંયથી કપાળ અને મોં પરનાં મોતી ભાંગ્યાં. જેન્તિમામા, વિષ્ણુ, ભાઈ બધા ઝેંપાઈ ગયા હોય એમ કૂદીને એક બાજુ ઊભા રહ્યા. બોથાએ કોથળા જેવી ચડ્ડી ખેંચીને ઉપર ચડાવી, કમરે લટકાવી. મેં કંઈ ન સૂઝતાં સહેજ લાલ થયેલાં ટેરવાં તપાસી જોયાં.

માસીએ બે બે વચ્ચે એક બખડિયું આપ્યું. મને સોડમાં લઈ કહ્યું, 'અન આ મારા કૂણાનું. હું ઇન ફોલાએ.' બોથો તરત મારી બાજુમાં બેસી ગયો. બોલ્યો, 'મુ બિપાભઈન ફોલાવે.' બોલતાં એનું મોં વધારે પહોળું થયું, નીચલો હોઠ વધારે લબડ્યો ને મોંમાંથી લાળ પડી. માસી એના ચાળા પાડતાં બોલ્યાં, 'મુ ફોલાવે! પહેલોં લાળ લૂખી કાઢ. હારો નહીં લાગતો.' અમે બધા હસી પડ્યા. બોથો નીચું જોઈને કાલું રમાડવા લાગ્યો.

બધાંએ બખડિયાં હલાવ્યાં. ગાંગડા નીચે જાય અને સારાં સારાં કાલાં ઉપર. મોટાં કાલાં ફોલવાં સહેલાં પડે. વળી, રાજી થઈ જઈએ એટલું વધારે રૂ નીકળે. ટેરવાં સબૂત કરતાં હોય એમ બધાએ હથેળી રેતી પર ઘસી. હું એવા ઉપચારમાં પડ્યા સિવાય કાલું ફોલું અને ઠાલિયાંની અંદરની સુંવાળી પાંખડીને અડી લઉં. બોથાનાં આંગળાં લોઢાનાં હોય એમ ફોલ્યે જતો હતો. માસી પણ ફ્રન્ટીયર મેઈલ જેમ ધડાધડ બખડિયાની બાજુમાં ઢગલા કરે જાય. હું માસીની ઝડપને પહોંચવા કરું ને ગાંગડો આવી જતાં નખ ઊંચો થઈ જાય ને અટકું. આંગળાં મોંમાં લઈ ચૂસવા માંડું. બધાંને વેઠમાંથી ઉધમાતમાં પ્રવેશવાની ઉતાવળ હોય એમ બધાંની ઝડપ વધતી ચાલી. જોતજોતામાં ધોળા દૂધ જેવા રૂનો ઢગલો થઈ ગયો. કાલાંની બે ધડી રૂની એક ધડીમાં સમાઈ ગઈ.

માસીએ ધડી લઈ જીન તરફ જતાં પહેલાં ઠાલિયાં ચૂલા પાસે નાખવાની સૂચના આપી, કે તરત એના ઢગલા સામે જોઈ બધાની આંખોમાં મસ્તી ઊભરાઈ.

હું નીચે બેસીને ઠાલિયાંનો ઢગલો ઉપટાળવા લાગ્યો. ખોબામાં મૂકીને

ચકલી, ઘોડો ને લાખ શોધતો હતો. ત્યાં જ વિષ્ણુએ બે પાંખાળું મારા માથે મૂકીને 'ચક ચક ચીં ચીં, સળી લાવું ઘાસ લાવું' એમ 'ચકલી, એય ચકલી' ગાતો ઢગલાની આસપાસ નાચવા માંડ્યો. સહેજ નીચા નમીને ચાર પાંખાળું ઠાલિયું હાથમાં આવતાં, 'ઘોડો આમ દોડે,' કહીને હાથનો ચાળો કર્યો. એવામાં બોથાના હાથમાં પાંચ પાંખાળું ઠાલિયું આવ્યું. જેન્તિમામા દાઢમાં બોલ્યા, 'ભાયગ હોય ઇન લાખ-પોંચ પોંખાળું મળ.' જમણી હથેળી આશ્ચર્યમાં ફેરવતાં ફેરવતાં બધાએ ઠાલિયાંના ઢગલાની ગોળ ફરતે ધીમે ધીમે ફરવાનું શરૂ કર્યું. ઢોલની થાપટ વાગતાં નૃત્ય માટે થનગની ઊઠે તેમ સહુના પગ લયતાલમાં થરકવા લાગ્યા. મને હજુ ઠાલિયાંની અંદરની રેશમી પાંખડીને અડી લેવાનો મોહ છૂટતો ન હતો. જોતજોતામાં નાની નાની ઢગલીઓએ આખા વાડાને બાથમાં લીધો. બળવંતમામાએ પહેલ કરી. નર્તનની મુદ્રામાં ચકરડી ભમરડી ઘૂમવા લાગ્યા. એક પછી એક બધા રમણે ચડ્યા. હું પણ એમાંનો અંશ બન્યો. ઠાલિયાંના કાંટા, નસકોરું વાગતાં જાય, અંદરની પાંખડી અડતાં રાહત થાય. કોમળ પાશને કારણે ઉત્સાહ વધે. પગમાં જોમ આવે. હવે હાથ પણ લયબદ્ધ, તાલબદ્ધ થયા. આંખમાં નશો છલકાયો. ભાઈ 'ધન ધતૂડી પતૂડી, ધન ધતૂડી પતૂડી' એમ મોટેથી ગાવા લાગ્યા. નાદ ભળતાં નર્તન તેજ થયું. અચાનક નૃત્ય અટક્યું ને બળવંતમામાએ બોથાનો એક હાથ પકડ્યો. ભાઈએ બીજો હાથ પકડ્યો. ઠાલિયાંના કચડાવાના અવાજમાં બોથાનું રોવાનું ન સંભળાયું. બોથો ઠાલિયાં સામે જંગે ચડ્યો હોય એમ ભેંકડો વધુ ને વધુ મોટો કર્યો. મેનાબાએ બૂમ પાડી, 'મેર નરધનિયો મા-બાપ વનાના ઇન મારી નોખશ્યો.' ત્યાં સુધીમાં તો બોથાને વાડા બહાર થઈ ધફ્ફા સુધી ઘસડી ગયા. બા ધોકો લઈને ઊભાં થયાં ત્યારે બોથાને છોડ્યો. ધૂળ ધૂળ થઈ ગયેલો બોથો પાછળથી ફાટી ગયેલી ચડ્ડી જોઈ ફરી રડવા લાગ્યો. અમે બધા જોર જોરથી હસવા લાગ્યા. અમને જોઈને બોથો પણ ધૂળ ખંખેરતો જાય અને હસતો જાય. ઘડીકમાં જાણે કંઈ ન થયું હોય એમ એની ખડકી તરફ ચાલવા લાગ્યો. ખડકીના એના છેલ્લા ઘર તરફ વળી અદશ્ય ન થયો ત્યાં સુધી અમે ખી.... ખી... કરતાં હસતા રહ્યા.

* * *

ડાયરી બંધ કરી. પડાળી પર આવીને બોથાની ખડકી તરફ જોયું. ત્યાં કશો સંચાર નહોતો. આંખો બંધ કરી. બોથા અને મારી ચડ્ડીઓ ધૂળધૂળ હતી. હું અને બોથો હાથાબેલી કરી, હસતાં હસતાં બોથાના ઘર તરફ જતા હતા. એ ગમ્યું હોય એમ આંખો મીંચીને

ઘણું ઊભો રહ્યો.

* * *

(૪)

મામીએ ચા પીવા બોલાવ્યો. કહેતાં હતાં, 'આ ફેર ભોણાભઈ આયા તાણના મેળમ નહીં.' મામાએ મારો બચાવ કર્યો, 'ઈની જમ નોકરી કર એક ખબર પડ. ચેટલું ટેન્શન હોય?' મેં કહ્યું, 'એવું કશું નથી. તમને મળવાનું મન ના થાય? નીકળી પડ્યો. લો, આ બેઠો. સાંજ સુધી ઊઠવું નથી.' પછી તો મારાં બા કેવાં જાવરાં હતાં, બાપુજી કેવા સિદ્ધાંતવાદી હતા, એની મને પણ ખબર ન હોય એવી વાતો મામાએ કરી. સાંજે મામીએ બનાવેલી સ્પેશ્યલ શીશરી- (ખીચડી) દૂધ અને એય ખાસ તાંસળામાં ખાધું. મામા વહેલા ઊંઘે, તેથી મને કહ્યું, 'હમ ઊંઘવા જોવ ભઈ.'

તરત ઊંઘ આવવાનો સવાલ નહોતો. વિષ્ણુ અને બોથો મનમાંથી ખસતા નહોતા. બંને મને પૂછતા હતા, 'બોલ બિપા કંઈક તો બોલ?' એમને કહું કે દરેક ઘર, કુટુંબ, મહોલ્લો, મંડળી, ગામ, શહેર, દેશ, દુનિયામાં એક 'બીજો' જણ હોય છે. ના હોય તો ઊભો કરીએ છીએ, શોધી કાઢીએ છીએ. કોકને ઠરાવી દઈએ છીએ. પુરાવા વગર સાબિત કરીએ છીએ એ 'બીજા' ને. બોલો તમને કયા ખાનામાં ખતવું? વિષ્ણુ અને બોથો ગૂંચવાઈ ગયા. મેં એમને કહ્યું, 'જાઓ હવે મને લખવા દો, અમદાવાદવાળી ઘટના. એ માટે તો આવ્યો છું. ડાયરી લીધી ને લખવા માંડ્યું:

રાણીપુર, એક જાન્યુઆરી, ૨૦૨૦

ગયા એપ્રિલના પહેલા રવિવારે સવારના છ વાગે મેસેજ આવ્યો, 'આજે નથી મળતા. અનુકૂળ નથી.' મેં વળતો મેસેજ કર્યો, 'મને તો અનુકૂળ છે.' 'હા, પણ નથી મળતા.' પછીના બે રવિવાર પણ આવા જ મેસેજ. છેલ્લા મેસેજમાં 'હમણાં ઉનાળાના આકરા તાપમાં નથી મળતા.' એમ આવ્યું. પછી તો આખું ચોમાસું ધોધમાર ગયું, તેથી પૂછવાનો પ્રશ્ન જ ન હતો. એમ કરતાં દિવાળી આવવા થઈ, પણ મળવાના નામે મીંડું. સહુ પોતપોતાની રીતે એમને મળેલા મેસેજ ફોરવર્ડ કરતા રહ્યા. ખપ પૂરતી ચેટ, અલબત્ત ચાલતી હતી.

અમારી પાંચ જણની ટોળકી. દર અઠવાડિયે મળતા. દેશકાળમાં વાતાવરણ ગરમાતાં વોટ્સએપ ગ્રુપ રચ્યું. કશ્યપ અને નવનીત એડમિન થયા. હું, અશોક અને ધીરુભાઈ મેમ્બર. પછી તો એકબીજાના ઓળખીતા પારખીતા જોડાતાં ગ્રુપ ખાસ્સું મોટું થયું. પણ રવિવારે મળવામાં તો અમે પાંચ જ, કોર ગ્રુપ. હા, ક્યારેક એકાદ બે પરદેશી પંખી ઉમેરાતાં, પણ નિયમિત નહીં. વોટ્સએપ ગ્રુપમાં વળી, બે નવા ઉમેરાય અને ચાર એક્ઝિટ થાય. એક્ઝિટનાં દરેકનાં પોતપોતાનાં કારણો.

ઘણાને અહીં ચાલતી ચર્ચામાં પીચ ન પડે, તેથી સમય જતાં, એ સમજાતાં બહાર નીકળે. કેટલાકનું સામાન્ય રીતે જોવા મળે છે તેમ, એમના મેસેજ પર કોમેન્ટ, છેવટે ઈમોજીના ચિહ્નથી પ્રતિભાવ ન મળે તો વાંકું પડે. એમ આગળ જતાં આઠ જ રહ્યા.

મળવાનું લંબાતું જ ગયું એટલે એકવાર ધીરુભાઈને,- એ અમારા ગ્રુપના વડીલ- પૂછી જોયું, 'કેમ આમ?' એમણે ગોળગોળ જવાબ આપ્યો. એમના જવાબનો મુખ્ય સૂર હતો, પહેલાં જેવી મજા નથી આવતી. નક્કી કરેલા વિષયને પડતો મૂકી બીજી બધી વાતો થાય છે. એમાં ઉગ્રતા આવી જાય છે. એટલે હમણાં બધું ઠરવા દઈએ. એમણે સ્પષ્ટ નહોતું કહ્યું, પણ, રવિવારે મળવાની વાતને કાયમ માટે તાળાં દેવાઈ ગયાં.

એમ બે-ત્રણ મહિના ગયા. એક શનિવારે મને મન થયું. બીજા શનિવારે ઓફિસમાં રજા હોય છે. શેરબજાર બંધ હોય એટલે ધીરુભાઈ પણ ઘેર હોય. આડા દિવસે પણ ન મળવું એવી વાત ક્યાં થઈ હતી? તેથી કન્ફર્મ કર્યા વગર ધીરુભાઈને ઘેર સવારે અગિયાર વાગે પહોંચી ગયો. બારણે ઊભી બેલ મારવા જતો હતો ને અંદરથી પરિચિત અવાજો સંભળાયા. વધારે ધ્યાનથી સાંભળ્યું તો કશ્યપ, અશોક, નવનીત, બધાંનો અવાજ ચોખ્ખો સંભળાયો. બારણું

ખૂલતાં જ, 'ઓત્તારી! ધીરુભાઈ, ક્યારે મળવાનું શરૂ કર્યું? મને કહેવડાવવું તો હતું? હું પણ...' મેં પૂછ્યું. ધીરુભાઈને બદલે કશ્યપે જ જવાબ આપ્યો, 'હું અને અશોક આ બાજુ નીકળ્યા હતા તે થયું...

- નવનીતને પણ લેતા જઈએ.

- એક્ઝેક્ટલી. મંડળી મળે પછી ધીરુભાઈ બાકી મૂકે? ફાફડા-જલેબી, ખમણ ને ઘરના નાસ્તા પાથરી દીધા. તુંય બેસી જા. તારે માટે ક્યાં પારકું છે?

-મેં પૂછ્યું કે...

હા, પણ રેગ્યુલર મળવાની વાત તો દાબે મૂકેલી જ સમજવી. બટ જોઈન અસ નાવ.

-પેટમાં જરાય જગ્યા નથી. તમારી જેમ, આમ અચાનક આવી ચડીશ ત્યારે વાત.

વાતાવરણ બદલાઈ ગયું. વાતો અટકી ગઈ. ખાવાના અવાજ આવતા રહ્યા. મારી સામે વારાફરતી નજર મળે ને તરત દિશા બદલાય. ચા પણ એસિડિટીનું બહાનું કાઢી ન પીધી. બધાંની રજા લઈ તરત નીકળ્યો. નીકળતાં ધીરુભાઈએ આંખમાં આંખ મિલાવી, હળવો ધબ્બો મારીને કહ્યું, 'મળતા રહીશું દોસ્ત. વોટ્સએપ પર બધી અપડેટ્સ આપતો રહેજે.'

ઘેર જતાં આખે રસ્તે વિચારો આવ્યા કર્યા. ખરેખર શું થયું હશે? મારી કોઈ ભૂલ થઈ હશે? એકબીજાનો સ્વભાવ વર્ષોથી જાણીએ છીએ. બધા મળતા ત્યારે ઘણી મલ્લીનાથી કરતા. પણ છૂટા પડતાં બધું સાફ. કોઈ મનમાં ન રાખે. તો પછી? કંઈ જ ન હોય ને હું કારણ વગર શંકા કરતો હોઉં? ઘેર પહોંચું ત્યાં સુધીમાં મનમાંથી વાત કાઢી નાખી.

એકાદ બે અઠવાડિયાં સરસ ગયાં. પછી એક સવારે અશોકે ધડાકો કર્યો. ગ્રુપમાં એનો 'એક્ઝિટ'નો મેસેજ આવ્યો. બે કલાકમાં 'નવનીત લેફ્ટ'નો મેસેજ. નવી ટેક્નોલોજીનો એ ફાયદો, સંબંધ અટકાવવો હોય તો કશું કહેવાની જરૂર નહીં. 'એક્ઝિટ' સાથે વાત પૂરી. મને આંચકો લાગ્યો. તરત બંનેને ફોન કરવાનું મન થયું. પણ પેલો શનિવાર યાદ આવ્યો. રાહ જોઈ. સાંજે કશ્યપનો એવો જ મેસેજ આવ્યો. એ રાતે ઊંઘ ન આવી. સવાર સુધી જાગતો રહ્યો. કારણ શોધતો રહ્યો. મારા વાંક કાઢતો રહ્યો. કોણે શું ગુમાવ્યું? શું મેળવ્યું? એની ગણતરી માંડી જોઈ. જવાબ ન મળ્યો. ઓફિસમાં સી. એલ. નો મેઈલ કર્યો. આખો દિવસ ઊંઘ્યા કર્યું. સાંજે ચા પીતાં મનોમન, રાણીપુર જવાનું નક્કી કર્યું.

* * *

(૫)

રાણીપુર મામા-મામી હતાં તોય મન ત્યાનું ત્યાં જ હતું. શું કરવું એ સૂઝતું નહોતું. એકવાર 'અધર' થાઓ


એટલે તમારા હાથમાં કંઈ નથી રહેતું. પણ આ ધીરુભાઈનો મેસેજ કેમ ન આવ્યો? એકવાર આવી જાય એટલે નિરાંત. દિશા સૂઝે. અહીં નેટ નહીં પકડાતું હોય.

સાંજે અમદાવાદ જતાં પહેલાં વાડામાં ગયો. પાંચ વાગતામાં વગડાના સારી નાખતા વાયરા વાડામાં પેઠા. સૂરજનું તેજ ઝડપથી ઓછું થતું જતું હતું. પંખીઓ માળામાં જતાં પહેલાં છેલ્લો કલશોર કરી લેવામાં મચ્યાં હતાં. દાણાની કુંડીમાં છેલ્લું ચણ ચણી લેતાં લેલાં કેં કેં કરીને બીજાં પક્ષીઓને ઉડાડી મૂકતાં હતાં. એમનાથી ત્રણ ઘણી મોટી કોયલ ફરિયાદ વગર લીમડાની ડાળે જઈ એનો વારો આવે એની રાહ જોતી બેઠી હતી. કાબરો પાણીની ઠીબમાં પાંખો ફફડાવતી નહાતી હતી. રહી ગયેલી કાબરો મારી જેમ નાહકનો કલશોર કરતી હતી. ખિસકોલીઓ ગેલમાં એકબીજાને પકડવા દોટાદોટ કરતી હતી. કોઈ ત્યાંથી નીકળવાનું નામ નહોતું લેતું. આખો વાડો જીવતો થઈ ગયો. પણ મને બોથાનું એં... એં...સંભળાતું હતું. હું લીમડા, વખડા અને ગુંદીને વઢ્યો. તમે શું કરતાં હતાં? એને ઘસડાતો બસ જોઈ રહ્યાં? હુંય શું લેવા તમારી પાસે આયો? ત્યાં જ પવનનો જોરદાર ઝોલો આવ્યો. કમકમું આવ્યું, પણ સારું લાગ્યું. લીંબોળીઓ ભેગાં ગુંદાં પણ પડ્યાં. ખોબામાં ઝીલી લીધાં. ઠાલિયાંની જેમ લીંબોળી અલગ કરી બીજી હથેળીમાં લઈ સૂંઘી જોઈ. કડવી હતી પણ છેક નાકની અંદર સુગંધ પહોંચતાં થોડી મીઠી લાગી. હોઠ ચોંટી જવાની બીક રાખ્યા વગર ભચડ ભચડ ગુંદાં ખાધાં. આ લીમડો, વખડો, ગુંદી આટલાં વર્ષ ના આવ્યો, પણ વાંકાં ચાલ્યાં? વખત આયે એમનું કામ કર્યું ને? નીચા નમી એમનું આભારદર્શન કરતો હતો ને ઉતાવળે મામા બોલાવવા આવ્યા, 'ભઈ બસ ચૂકી જાહો.' 'તો વિષ્ણુની જેમ ભક્તાણીઓ જોડે...' મામાને ગડ ન બેઠી. 'જે હોય એ, ભઈ હેંડો. મી એક છોકરાન સ્ટેન્ડે ઊભો રાખ્યો છ.' ઘેર જતાં મારા પગમાં જોમ આવી ગયું.

મામા-મામીને પગે લાગ્યો. આશીર્વાદ આપતાં મામીએ પચાસની ચોળાયેલી નોટ પરાણે ખિસ્સામાં મૂકી. 'ભોણીઓ તો નીત માગ' મામાએ ગાલે હાથ ફેરવતાં કહ્યું. એ આંગળીઓની હૂંફ અનુભવતાં, હું એક ક્ષણ એમની સામે જોતો રહ્યો, પછી વાડા તરફ જોઈ બબડ્યો, 'આજે રાણીપુર આવવાનું બીજું ઠેકાણું મળ્યું.'

પગ પાછળ ઉપાડતાં મેં ફટાફટ ડાયરી કાઢી, અમદાવાદવાળી નોટમાં, છેલ્લી નોંધમાં આ વાક્ય ઉમેર્યું, 'હવે આ રીતે રાણીપુર નથી આવવું.'

❑❑❑



માનવાં મુશ્કેલ સાચાં વિધાનો

☐ ભાણદેવ

પ્રસ્તાવ

સાવ સાચી વાત હોય અને છતાં આપણે માની ન શકીએ, આપણા ગળે ઊતરે જ નહીં, તેમ બની શકે? હા, બની શકે અને અવશ્ય બની શકે. તો આપણે અહીં એવાં વિધાનો કરવાં છે, જે પ્રથમ દૃષ્ટિએ તમે માની નહીં શકો. પરંતુ અમે તમને માનવા મુશ્કેલ લાગે તેવાં સાચાં વિધાનોનો અર્થ બરાબર સમજાવીએ તો? તો તમે કદાચ તે સાચાં વિધાનોની સચ્ચાઈ સમજી શકશો અને તો તમે આ માનવાં મુશ્કેલ સાચાં વિધાનોને સ્વીકારી શકશો.

તો ચાલો હવે આપણે આ માનવાં મુશ્કેલ લાગે તેવાં સાચાં વિધાનોની સચ્ચાઈને સમજવાનો પ્રયત્ન કરીએ!

1. સમયનું કોઈ અસ્તિત્વ નથી.

આપણો સમગ્ર વ્યવહાર સમયને આધારે ચાલે છે. પિતા નોકરીએ જાય છે, બાળક શાળાએ જાય છે, મજૂર

મજૂરી કરવા માટે જાય છે અને સાંજે સૌ પાછાં ઘરે આવે છે. શું જોઈને? સમય જોઈને! ટ્રેઈન ચાલે છે, બસો ચાલે છે, આપણે સમયસર પહોંચવું પડે છે. આ બધું કેવી રીતે ગોઠવાય છે? સમય જોઈને! ટી.વી. પર કાર્યક્રમ જોવા છે. કયો કાર્યક્રમ કેટલા વાગ્યે આવશે? આ બધું શું જોઈને ગોઠવાય છે? સમય જોઈને?

આમ આપણો સમગ્ર વ્યવહાર સમય પ્રમાણે, સમયને જોઈને ચાલે છે અને તમે કહો છો-

''સમયનું કોઈ અસ્તિત્વ નથી.''

આવું બેહૂદું વિધાન કરતાં તમે કાંઈ શરમ નથી આવતી? કાંઈ સંકોચ થતો નથી? ના, મને આ વિધાન કરતાં શરમ પણ આવતી નથી અને સંકોચ પણ થતો નથી, કારણ કે આ વિધાન સત્ય છે! વ્યવહાર માટે સમય અનિવાર્ય છે અને છતાં સમયનું કોઈ અસ્તિત્વ નથી! નથી! નથી!

સમય એટલે શું?

વૈજ્ઞાનિકો સમયની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે -

The time is the distance between two events

''સમય એટલે બે ઘટનાઓ વચ્ચેનું અંતર.''

સવારે સૂર્ય ઊગે છે અને સાંજે સૂર્ય અસ્ત પામે છે. આ બે ઘટનાઓ વચ્ચેના અંતરને આપણે દિવસ કહીએ છીએ. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી આદિની ગતિને આધારે આપણે દિવસ, માસ, વર્ષ આદિ નિર્ધારિત કરીએ છીએ. આમ ઘટનાઓને આધારે આપણે સમયનું માપ કરીએ છીએ. પરંતુ કોઈ ઘટના હોય જ નહીં તો? તો સમય ક્યાં છે?

ઘડિયાળનો કાંટો ફરે છે, તે એક ઘટના છે, તેને આધારે આપણે કલાક, મિનિટ, સેકન્ડ આદિ સમયનાં પ્રમાણ નિર્ધારિત કરીએ છીએ. કોઈ ઘટના જ ન હોય તો? તો સમય છે જ નહીં.

સમયનું કોઈ સ્થળ સ્વરૂપ નથી. સમયનું કોઈ સૂક્ષ્મ સ્વરૂપ નથી. સમય કોઈ તત્ત્વ નથી.

હા, સમયનું કોઈ અસ્તિત્વ જ નથી.

2. પ્રકાશ અદશ્ય છે

પ્રકાશને કોઈ જોઈ શકે નહીં. કોઈએ પ્રકાશને કદી જોયો નથી. કોઈ કદી જોઈ શકશે નહીં કારણ કે પ્રકાશ અદશ્ય છે. સર્વથા અને સર્વદા અદશ્ય છે.

પરંતુ સૂર્યોદય થાય અને પ્રકાશ ફેલાઈ જાય છે અને સાંજે સૂર્યાસ્ત થાય અને અંધકાર ફેલાઈ જાય છે. આપણે 'સ્વીચ ઓન' કરીએ અને કમરામાં પ્રકાશ ફેલાઈ જાય છે અને 'સ્વીચ ઓફ' કરીએ એટલે કમરામાં અંધકાર, બંને આપણે જોઈએ છીએ અને તમે કહો છો કે પ્રકાશ અદશ્ય છે. તમને આવી બેહૂદી વાતો કરવાની ટેવ પડી ગઈ છે!

ના, મારા ભાઈ! હું બેહૂદી વાત નથી કરતો. હું સત્ય કહું છું - પ્રકાશ અદશ્ય છે અને અરે! અંધકાર પણ અદશ્ય છે!

પરંતુ પ્રકાશ અને અંધકારની હાજરી તો અનુભવાય જ છે, ને કેવી રીતે? તે પ્રકાશ અને અંધકારને જોઈને નહીં. તો કેવી રીતે? પ્રકાશ હોય ત્યારે, પ્રકાશની હાજરીથી આપણે અન્ય પદાર્થને જોઈ શકીએ છીએ, તેથી પ્રકાશ છે, તેમ આપણે જાણીએ છીએ. પ્રકાશ પોતે અદશ્ય છે અને પ્રકાશ પોતે અદશ્ય રહીને અન્ય પદાર્થોને દશ્યમાન કરી શકે છે, કરે છે તેથી આપણે પ્રકાશની હયાતીને જાણીએ છીએ, પ્રકાશને જોઈને નહીં. તે જ રીતે પ્રકાશ ન હોય અર્થાત્ અંધકાર હોય ત્યારે આપણે અન્ય પદાર્થને જોઈ શકતા નથી. તેથી આપણે અંધકાર છે, તેમ જાણીએ છીએ અને કહીએ છીએ.

આમ પ્રકાશ એક એવું તત્ત્વ છે, જેના થકી અન્ય પદાર્થોને જોઈ શકાય છે, પરંતુ પોતે તો અદશ્ય જ છે. પ્રકાશ પોતે અદશ્ય રહીને અન્ય પદાર્થોને દશ્યમાન બનાવે છે.

3. અંધકારનું અસ્તિત્વ નથી.

અંધકાર એટલે શું? અંધકાર એટલે પ્રકાશનો અભાવ! પ્રકાશનું અસ્તિત્વ છે. પ્રકાશ એક વિધાયક તત્ત્વ છે. ભલે, પ્રકાશ અદશ્ય છે અને છતાં પ્રકાશ એક વિધાયક તત્ત્વ છે. અંધકારનું કોઈ અસ્તિત્વ નથી, કારણ કે અંધકાર એટલે પ્રકાશનો અભાવ! પરંતુ આપણે અંધકાર જોઈએ છીએ તેનું શું? ના, આપણે અંધકારને જોતા નથી. પ્રકાશ અભાવ હોય ત્યારે આપણે કાંઈ જોઈ શકતા નથી, તેથી આપણે કહીએ છીએ કે અંધકાર છે. વસ્તુતઃ અંધકાર છે - આ શબ્દપ્રયોગ અર્થહીન છે. સાચો શબ્દપ્રયોગ, આ પ્રમાણે છે- પ્રકાશનો અભાવ છે.

આમ અંધકાર અભાવાત્મક છે. પ્રકાશનો અભાવને અપાયેલું નામ છે– અંધકાર!

આમ વસ્તુતઃ અંધકારનું કોઈ અસ્તિત્વ નથી.

આપણો ઘણો વ્યવહાર આ પ્રકાશ અને અંધકારને આધારે ચાલે છે અને છતાં

1. પ્રકાશ એક વિધાયક તત્ત્વ છે, પરંતુ અદશ્ય છે.

2. પ્રકાશનો અભાવ છે, તેજ અંધકાર છે. તદ્દનુસાર અંધકારનું કોઈ અસ્તિત્વ જ નથી અને અંધકાર અદશ્ય પણ છે. જેનું અસ્તિત્વ જ નથી, તે દશ્યમાન કેવી રીતે હોઈ શકે? તે તો અદશ્ય જ હોય ને!

4. પદાર્થને પોતાનું કોઈ વજન નથી

ન માની શકાય તેવી વાત છે ને! હા, ન માની શકાય તેવી જ વાત છે. પરંતુ સત્ય છે - પદાર્થને પોતાનું કોઈ વજન નથી!

આપણા નિત્યજીવનનો વ્યવહાર પદાર્થના વજનને આધારે ચાલે છે. વેપારી પાસે ઘઉં, મગ, ચણા કે શાકભાજી ખરીદવા માટે જઈએ ત્યારે ખરીદ-વેચાણ વજનને આધારે જ થાય છે. અરે! દરદી ડોક્ટર પાસે જાય છે, ત્યારે ડોક્ટર પણ વજનકાંટો મૂકીને દરદીનું

વજન કરે છે. આપણો ઘણો વ્યવહાર આ વજનની માપણીને આધારે ચાલે છે અને તમે કહો છો કે પદાર્થને વજન જ નથી. આપણે દુકાનેથી 20 કિ.ગ્રા. ઘઉં ખરીદીને લાવીએ છીએ તે ઘઉંને પોતાનું કોઈ વજન જ નથી! તો 20 કિ.ગ્રા.નો અર્થ શો છે? આવી બેહૂદી વાત કરતાં તમને શરમ નથી આવતી? ના, મને શરમ નથી આવતી, કારણ કે હું કોઈ બેહૂદી વાત કરતો નથી. હું સાચી અને સાવ સાચી વાત કરું છું કે પદાર્થને પોતાનું કોઈ વજન નથી?

પણ તો પછી પદાર્થનું વજન અનુભવાય છે કેમ? 20 કિ.ગ્રા. વજન માથા પર મૂકીએ તો વજન લાગે છે કેમ? બજારમાંથી ભારે વજનદાર વસ્તુ ખરીદીએ તો ઉપાડી શકાય તેમ ન હોય ત્યારે રિક્ષા શા માટે કરવી પડે છે?

પદાર્થને વજન નથી, છતાં વજન જણાય છે, તેનું કારણ પદાર્થનું પોતાનું વજન નથી, પરંતુ ગુરુત્વાકર્ષણ છે. ગુરુત્વાકર્ષણને લીધે પૃથ્વી પદાર્થને પોતાના તરફ ખેંચે છે, માટે પદાર્થ વજનદાર અનુભવાય છે.

પૃથ્વી પર કોઈ પદાર્થનું વજન એકસો કિ.ગ્રા. હોય અને તે જ પદાર્થનું વજન ચંદ્ર પર 16.5 કિ.ગ્રા. થાય છે, કારણ કે ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી કરતાં ઓછું છે અને તે જ પદાર્થનું વજન ગુરુ પર 252.8 કિ.ગ્રા. થાય છે, કારણ કે ગુરુનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી કરતાં વધુ છે. આમ પદાર્થનું વજન ગુરુત્વાકર્ષણ નિર્ધારિત કરે છે. પદાર્થનું પોતાનું કોઈ વજન નથી. પદાર્થને અવકાશમાં એવા સ્થાને લઈ જાઓ, જ્યાં કોઈ ગુરુત્વાકર્ષણ જ નથી. તો ત્યાં પદાર્થનું વજન શૂન્ય જ થશે અને તેથી પદાર્થ અવકાશમાં તરતો રહેશે.

આમ સિદ્ધ થાય છે કે પદાર્થને પોતાનું કોઈ વજન નથી!

5. દેડકાં ચાલી શકે નહીં

દેડકો ગતિ તો કરે છે, એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે, પરંતુ દેડકો ચાલી શકે જ નહીં. તો દેડકો ગતિ કેવી રીતે કરે છે? દેડકો ચાલીને નહીં, પરંતુ કૂદીને ગતિ કરે છે. ગતિ કરવાની પાંચ રીતો છે-

1. ચાલવું -

માણસો, પશુઓ આદિ ચાલી શકે છે અને ચાલીને ગતિ કરી શકે છે.

2. દોડવું -

માણસો, પશુઓ આદિ દોડી પણ શકે છે અને દોડીને પણ ગતિ કરી શકે છે.

3. ઊડવું -

પક્ષીઓ, પતંગિયાં આદિ ઊડી શકે છે અને ઊડીને ગતિ કરી શકે છે.

4. સરકવું -

જમીન પર સરકીને ગતિ કરવી, તેને સરકવું કહે છે. સર્પ, અળસિયાં આદિ જીવો સરકીને ગતિ કરી શકે છે.

5. કૂદવું -

વાનર, માનવ આદિ કૂદી શકે છે.

દેડકાં પણ કૂદીને ગતિ કરે છે, ચાલીને નહીં. તદ્દનુસાર દેડકાં ચાલી શકે નહીં.

6. ટીટડું ઊડી શકે નહીં -

તીડ અને ટીટડું - આ બંને જુદાં જુદાં જંતુઓ છે. તીડ તો લાખોની સંખ્યામાં આવે છે. ઊડી શકે છે અને પાકનો નાશ કરી શકે છે. પરંતુ ટીટડું આપણાં ઘરોમાં પણ જોવા મળે છે અને કદમાં અડધા ઇંચથી પણ નાનું હોય છે.

આ ટીટડું ઊડી શકતું નથી, કારણ કે તેને પાંખો જ નથી. તો પણ ટીટડું ઊડતું હોય તેમ લાગે છે. આમ શા માટે લાગે છે? ખરેખર તો ટીટડું લાંબો કૂદકો મારે છે. તેથી ઊડતું હોય તેવો આભાસ થાય છે. વસ્તુતઃ ટીટડું કૂદીને એક સ્થાને બીજે સ્થાન જાય છે. તેના પગની રચના એવી છે કે તે પોતાના કદના પ્રમાણમાં ઘણો લાંબો કૂદકો મારે છે, તેથી ઊડતું હોય તેમ લાગે છે.

વસ્તુતઃ ટીટડું ઊડી શકે નહીં.

7. પ્રકાશને વજન છે -

આમ જોઈએ તો આપણે હમણાં જ જોઈ ગયા તે પ્રમાણે કોઈ પદાર્થને વજન નથી. તદ્દનુસાર પ્રકાશને પણ વજન ન હોઈ શકે. આમ છતાં ગુરુત્વાકર્ષણને કારણે પદાર્થ વજન ધરાવે છે. આ અર્થમાં અર્થાત્ સર્વ પદાર્થોને જેમ વજન છે, તેમ પ્રકાશને વજન છે કે નહીં? કોઈ પણ પદાર્થને દળ (Mass) હોય, એટલે તેના પર ગુરુત્વાકર્ષણની અસર થાય અને તો તે પદાર્થ વજન ધારણ કરે છે.

હવે પ્રશ્ન એ છે કે પ્રકાશને દળ (Mass) છે કે નહીં? હા, વિજ્ઞાન સ્પષ્ટતઃ કહે છે કે પ્રકાશને દળ (Mass) છે. જો દળ છે તો તેના પર પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અસર થાય જ અને તો અન્ય પદાર્થોની જેમ પ્રકાશ પણ વજન ધારણ કરે છે. આ અર્થે કહી શકાય કે-

''પ્રકાશને વજન છે.''

❑❑❑



આગંતુકઃ ઉત્તરાર્ધ-૭

☐ ધીરુબહેન પટેલ

હિમાલય

ઈશાનને હિમાલય બોલાવતો હતો. કોઈ નિશ્ચિત સ્થાન એના મનમાં નહોતું. બસ, જે રસ્તો ઠીક લાગ્યો તે રસ્તે ચાલ્યા જવું - ચાલતા રહેવું. હવે પાછા વળવાની કોઈ જરૂર રહી નહોતી.

સંધ્યાકાળ થવા આવ્યો ત્યારે સમજાયું કે મનને ભલે પાંખો ફૂટી હોય; પગ તો એના એ જ હતા અને એમાં કળતર થતું હતું. કેડીની ધારે પડેલા અને સુંવાળા દેખાતા ખડક પર એ બેસી ગયો.

અપાર શાંતિના આહ્‌લાદક અનુભવમાં એ ડૂબી ગયો હતો ત્યાં જાણે આઘેથી સંભળાયું - ''સાધુ અંકલ! સાધુ અંકલ!''

અવાજ તો કરણનો જ લાગ્યો, પણ એ અહીં ક્યાંથી હોય? દૃઢતાથી આંખો મીંચીને એ સાયંસંધ્યા વખતે

બોલાતા શ્લોકો યાદ કરવા લાગ્યો... પછી કમંડલમાંથી થોડું પાણી પીને એણે એ ખડક પર જ લંબાવ્યું. કંબલની ભેટ કેટલી કીમતી હતી તે સમજાતાં જ આભારવશ નેત્રો મીંચાઈ ગયાં.

એ જાગ્યો ત્યારે બાલરવિનાં કિરણોથી આસપાસનાં હિમાચ્છાદિત ગિરિશૃંગો ઝળહળી ઊઠ્યાં હતાં. એ અલૌકિક સૌંદર્યમાં ઈશાન ખોવાઈ ગયો. પાછું ભાન આવ્યું ત્યારે જોયું કે પોતાની પાસે એક જરઠ ડોલીવાળો બેઠો છે અને પોતાના નાસ્તાની તૈયારી કરી રહ્યો છે. ઈશાનને એણે સહજ ભાવે પૂછ્યું, ''સત્તુ ખાઓગે બાબા?''

''ક્યોં નહીં?'' કહીને ઈશાન ઊઠ્યો અને નીચે વહેતા ઝરણામાં હાથમોં ધોઈ આવ્યો. શેકેલા લોટ જેવું એ કંઈક ખોબો ભરીને ખાધું અને નીચેથી ભરી આણેલા કમંડળમાંથી પાણી પીધું.

''કહાં તક જાના હૈ?''

''પતા નહીં?''

પેલાએ હાથ લાંબો કરીને કહ્યું, ''ઉસ ઓર જમનાજીકા કુંડ હૈ, વહીં સે પ્રગટ હોતી હૈ મૈયા! ચલના હૈ?''

યમુનાજીનું નામ સાંભળતાં જ વૃંદાવન સજીવ થઈ ઊઠ્યું. બાંકેબિહારીનો વિયોગ આટલે દૂરથી પણ નેત્રો સજળ કરવા સમર્થ હતો એ અનુભવતાં ઈશાનને નવાઈ લાગી. એનો સાથી બોલ્યે જતો હતો - ''માઈ કી કિરપા હુઈ તો ડોલી ઉઠાનેકા કામ મિલ ભી જાય.''

''ઇસ ઉમ્રમેં ડોલી ઉઠાઓગે?''

''કુછ મિલ જાયે તો દો તીન દિન કટ જાએંગે ન બાબા? ઔર ઇસમેં બુરાઈ ભી ક્યા હૈ?''

''ઠીક હૈ. મૈં ભી ચલૂંગા આપકે સાથ.''

ઘણું દૂર હતું જમનોત્રીનું સ્થળ. ગરમ પાણીના કુંડમાં ચોખાની પોટલી થોડી વાર બોળી રાખીને યાત્રાળુઓ કાચોપાકો ભાત ખાઈ લેતા હતા. ઈશાનને કોઈએ મુઠ્ઠીભર ગરમ ચોખા આપ્યા તે સહેજ ખંચકાઈને એણે લીધા પણ ખરા અને પોતાના સાથીદાર સાથે વહેંચીને ખાધા પણ ખરા.

મનને સંશય જાગ્યા કરતો હતો - આવું નાનું નબળું વહેણ તે જ શું યમુના હોઈ શકે? જેના તટ પર કૃષ્ણ મહારાસ રમ્યા હતા તે યમભગિની આ કાલિંદી?

પણ ઈશાન અહીં સંકલ્પ વિકલ્પ માટે તો આવ્યો નહોતો. એને પોતાનું અંતઃકરણ બધું જ લૂછી નાખીને એકદમ સાફ બનાવી દેવું હતું. રીતસરનો વિરજાહોમ તો એણે કર્યો નહોતો છતાં એને સાચો સંન્યાસી બનવાની ઉત્કટ ઇચ્છા હતી. ગુરુ મળ્યા હતા, ઇષ્ટદેવ પણ મળ્યા હતા - એમની સંયુક્ત આશિષો પણ કલ્યાણ નહીં કરી શકે?

શું ઈશાને એકલપંથી બનીને જ ધ્યેય લગી પહોંચવું પડશે?

એના સાથીદારને એક ડોલી

ઊંચકવાનું કામ મળી ગયું હતું. આશાભરી નજરે એણે ઈશાન સામે જોયું - ''હાથ લગાઓગે બાબા?''

''ક્યૂં નહીં?'' તીર્થસ્થાનને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરીને ઈશાન તૈયાર થઈ ગયો. જેનો સત્તુ ખાધો છે તેનું યત્કિંચિત્ ઋણ વાળવાનો આ મોકો મળ્યો છે તો શા માટે જવા દેવો?

પંથ તો કઠિન હતો, ડોલીમાં બેઠેલી સુકલકડી વૃદ્ધાનો ભાર બહુ નહોતો પણ એ જરાય સ્થિર નહોતી રહેતી. એની પ્રત્યેક હિલચાલથી ડોલીવાલાને કેટલું કષ્ટ પડે છે તેનો એને સહેજેય ખ્યાલ નહોતો.

પણ કુદરતે સાટું વાળ્યું. હિમવર્ષા શરૂ થઈ. પાંચેક હજાર ફીટથી એકધારાં સરકતાં આવતાં રૂના પોલ જેવાં બરફનાં છોતરાં એમના નિઃશબ્દપણાથી જ કોઈ ચમત્કાર જેવાં લાગતાં હતાં. નીચેની ઊંડી ખીણમાં ક્યાં ગાયબ થઈ જતાં હતાં તેનો કંઈ પત્તો લાગતો નહોતો. સાથે અસહ્ય ઠંડીનો પણ અનુભવ થતો હતો. ઈશાને પોતાના સાથી સામે જોયું. એની પાસે તો કામળોયે નહોતો, છતાં ચહેરા પર સ્મિત હતું. કદાચ એ આવી ઠંડીથી ટેવાઈ ગયો હશે, ઈશાને વિચાર્યું, જિંદગીમાં પહેલી વાર ડોલીવાળો બન્યો હતો, પોતાનું કામ તો કુશળતાથી નભાવવું જોઈએને? ડોશીમાને એમના ઉતારા પર હેમખેમ ઉતારીને ઈશાને નિરાંતને શ્વાસ લીધો અને હાથમાં જે કંઈ મુકાયું તે પોતાના સાથીદારને આપી દીધું.

''નહીં નહીં બાબા! આધા આપકા.''

''આપને તીર્થકા દર્શન કરવાયા. બડી મહેરબાની! યહ રખ લીજિયે - કામ આયેગા.''

''ઔર આપ?''

''દેખતા હૂં, યહ દંડ કહાં લે જાતા હૈ.'' કહીને ઈશાને ચાલવા માંડ્યું. અંધારું થવાને હજી ત્રણચાર કલાકની વાર લાગશે એવું દેખાતું હતું.

ઓહો! પેલો ક્ષીણ વારિપ્રવાહ એટલામાં થોડો સધ્ધર થઈ ગયો હતો? ઈશાનના પગ એ કિનારે વળ્યા, ત્યાં જુવાન છોકરા-છોકરીઓનું એક ટોળું તોફાને ચડ્યું હતું. ગીતો ગવાતાં હતાં - કંઈક નાચ જેવું પણ લાગતું હતું હસાહસ અને ટપલાટપલીથી વાતાવરણ જીવંત થઈ ઊઠ્યું હતું. ઈશાન થોડી વાર ત્યાં જ રોકાઈ ગયો.

એક છોકરાએ પાસે આવીને પૂછ્યું, ''આ જાદુઈ કમંડળ છે કે સાદું?''

''ખબર નહીં - કાલે જ મળ્યું છે.''

''અરે વાહ! એ ઈશુ, રોનક, મિની! આવો! આ કોઈક મળવા જેવી મૂર્તિ લાગે છે - હજી કાલે જ કમંડળ મળ્યું છે.''

છોકરાંઓ ઈશાનની આસપાસ ફરી વળ્યાં. ચિત્રવિચિત્ર પ્રશ્નો પૂછ્યા પછી એમનું કુતૂહલ થોડું શાંત થયું એટલે મુદ્દાની વાત પર આવ્યાં. ''તમને મંજીરાં

પર તાલ વગાડતાં આવડે?''

''કદાચ.''

''વાઉ - કેવો સરસ જવાબ! તો એમ કરો, અમારા ઢોલક પર હાથ અજમાવો. પછી અમારા ડિનર પર તમને ઇન્વાઇટ કરીશું. ફાવશેને?''

''ના''

''વાય નૉટ?''

''સાયંસંધ્યા પહેલાં કશેક પહોંચવાનું છે મારે!''

''રોનકની બાઇક છે. પહોંચાડી દઈશું તમને. ઓ.કે.?''

''ના.''

''પણ કેમ?'' મિનીએ પૂછ્યું.

''મજા નહીં આવે.''

''વૉટ ઇઝ યૉર આઇડિયા ઑફ મજા? ભગવદ્‌ગીતા?''

''પ્રિસાઇઝલી!''

''અરે રોનક, ઈશુ, સાવંત - અહીં આવો. આ તો ઇંગ્લિશ બોલે છે. ભણેલા લાગે છે.''

ઈશાન હસી પડ્યો. એને સમજ પડી કે આ લોકો ટીખળ નથી કરતાં. દંડકમંડળવાળો માણસ અંગ્રેજી બોલે તેની એમને ખરેખર નવાઈ લાગે છે.

''તમે અમને ભગવદ્‌ગીતા શીખવાડી શકો?''

''કદાચ બની શકે. પણ આમ ''પેંગડે પગ ને બ્રહ્મઉપદેશ'' ન બની શકે મારાથી. એક વાત પૂછું?''

''બોલો.''

''તમારે ભગવદ્‌ગીતા શા માટે શીખવી છે?''

''અરે યાર, અમે બધાં નેક્સ્ટ વીક એક જર્મન યુનિવર્સિટીમાં ભણવા જવાનાં છીએ. ત્યાંના લોકોને અહીંનાં કલ્ચર ને લિટરેચર ને એવી બધી માથાફોડીમાં બહુ ઇન્ટરેસ્ટ હોય છે. હવે આપણને કોઈ ગીતા માટે કંઈ પૂછે ને આપણને કક્કોયે ના આવડતો હોય તો કેવું દેખાય? સમજ્યાને?''

''સમજી ગયો.''

''તો થોડું ઘણું શીખવી દો ને ડિનર પહેલાં! વી કૅન પે યુ.''

''થૅન્ક્સ પણ મારાથી નહીં બને - સૉરી!''

''ચા-લો. અમારું હાર્ડ લક!''

ઈશાને એક સહાનુભૂતિભરી નજર નાખીને ચાલવા માંડ્યું. સાવંતે પાછળથી બૂમ પાડી, ''વી કૅન સ્ટિલ ગિવ યુ ડિનર!''

''તમે બોલ્યા એટલેથી જ મળી ગયું - વિશ યુ ગુડ લક!'' કહીને ઈશાને ચાલવા માંડ્યું. કેવાં મજાનાં છોકરાંઓ હતાં. ભલે જર્મની જતાં. કશુંક કામનું ભણીને આવશે, આ દેશને કામ લાગશે. કોને ખબર પાછાં આવશે કે ત્યાં જ રહી જશે.

એ લોકોને કહ્યું હતું કે ''સાંયસંધ્યા પહેલાં કશેક પહોંચવાનું છે મારે - એ સ્થળ કયું હતું? વાણીનો વ્યર્થ વિનિયોગ કર્યો એ કંઈ સારું ન થયું - નિઃશબ્દ

પ્રાર્થના થઈ ગઈ. પ્રભુની કૃપા હશે તો એ સ્થળ જડશે જ. કદાચ એ ઈશાનની રાહ જોતું હોય એવું પણ બને.

લાગણીના વમળમાં ખેંચાતો એ ચાલ્યો જતો હતો છતાં એની આંખો ખુલ્લી હતી. અચાનક એણે શંકુ આકારનાં તપખીરિયા રંગનાં લાકડાંમાંથી બનાવેલી પાંદડીઓનો ગોટો જમીન પર પડેલો જોયો. એને કુતૂહલ જાગ્યું. પછી તો એણે એવાં નાનાં મોટાં અનેક રમકડાં આમ તેમ રઝળતાં જોયાં. પછી સમજાયું કે એ માનવસર્જિત નહોતાં. કુદરતી - અરે, એ વૃક્ષરાજની જ કરામત હતી. કદાચ એના મૂળ પાસે બેસીને સાયંસંધ્યા થઈ શકે. તરત જ ઉપરથી એક બીજું મોટું, પાકું ફળ ખર્યું. કદાચ ઈશાનને એ સમજાવવા કે ત્યાં સાયંસંધ્યા ન થઈ શકે. કોઈ પણ જાતનું ધ્યાન ન થઈ શકે. ઈશાન હસી પડ્યો. ગફલત કરતા બાળકને કાન પકડીને સીધે રસ્તે ચડાવવાનું કામ માતાનું અને તેવું જ ઈશ્વરનું પણ છે. એણે એક ફળ ઊંચક્યું, જરા વાર હાથમાં રમાડ્યું ને પછી રસ્તાની ધારે ગોઠવી દીધું - કદાચ કોઈ બાળકને કામ લાગે.

આ દરમ્યાન સૂરજ તો પોતાની નિશ્ચિત ગતિથી અસ્તાચળ તરફ ઢળતો જ જતો હતો. ઈશાને સ્થિરતાથી એક કોર ઊભા રહીને મનમાં બધા મંત્રો ક્રમ પ્રમાણે યાદ કરવા માંડ્યા - સૂર્યનો ઝળહળતો સોનેરી રંગ લાલ થતો ગયો અને એ ક્ષિતિજ પાછળ સંતાય એ પહેલાં તો ઈશાનના મંત્રો પૂરા થઈ ગયા અને એણે પોતે શાંત અને સમાહિત અવસ્થા પ્રાપ્ત કરી. થોડોક વખત ત્યાં ઊભા રહ્યા પછી એણે પાછું ચાલવા માંડ્યું. થોડેક છેટે ગયા પછી જાણે એની જ રાહ જોતો હોય એમ એક સુંદર પ્રભાવશાળી કૂતરો નાનકડી ટેકરી પરથી ઊતરી આવ્યો અને એની સાથે સાથે ચાલવા લાગ્યો. ત્યાં માલિકી કે અનુચરપણાની છાયા સરખી નહોતી. જાણે બે મિત્રો સાથે સાથે ચાલ્યા જાય છે. વાણીની કશી જરૂર નથી.

આ કઈ પ્રજાતિનો કૂતરો હશે? શું કોઈ વિદેશી માણસ એને અહીં લઈ આવ્યો હશે કે એ પોતે એક કાળે નાનું ગલૂડિયું હશે અને પોતાની માથી વિખૂટું પડી ગયું હશે?

જે હોય તે, અત્યારે તો સહપ્રવાસી તરીકે એનાથી ઉત્તમ બીજું કોઈ ઈશાનને ન મળે, કોઈક વખત આંખો મળી જાય ત્યારે વ્યર્થ શબ્દોના કોલાહલને બદલે એક મૂક આશ્વાસન મળતું - ''હું સાથે જ છું. બરાબર સાચા સ્થળે પહોંચાડી દઈશ. ચિંતા ન કરશો.'' અને એણે પાછું એ કરી બતાવ્યું. માઈલેક ચાલ્યા પછી એક આશ્રમના દરવાજા પાસે થંભી જઈને એણે આછો ઘુરકાટ કર્યો.

તરત ઘેરા ગેરુઆ રંગનાં વસ્ત્રો પહેરેલી બે યુવતીઓ દોડતી આવી અને દરવાજો ખોલીને ઈશાનને સસ્મિત

આવકાર આપ્યો.

જાતજાતનાં ફૂલોવાળો નાનકડો પણ મનમોહક બાગ અને વચમાં ચારેતરફ મોટી ઓસરી ને મધ્યમાં ત્રિકોણાકાર છાપરાવાળું મકાન! આમ તો આય કોઈ પ્રકારનો જોગણીઓનો મઠ હશે, જેના ચોકીદાર કહો કે રક્ષણહાર કહો - પેલા ઈશાનને લઈને આવેલા શ્વાનના જોડીદારો જ હશે એવું લાગતું હતું.



''અતિથિ કે બારે મેં માતાજી કો સૂચના દે આયેગી કાવેરી?'' જરાક મોટી લાગતી સાધ્વીએ કહ્યું, પણ કાવેરી ચાલવા માંડે તે પહેલાં ઈશાન બોલી ઊઠ્યો, ''કોઈ જરૂરત નહીં મૈયા - મૈં ચલા જાઉંગા!''

''તનિક રુકો, પ્રસાદ પા લો ફિર જો કરના ચાહો સો કરો. મગર મૌસમ ઠીક નહીં હૈ! છોટાસા કંકર ગિરતે ગિરતે ઇતના બડા હો જાતા હૈ કિ રાસ્તે મેં રુકાવટ હો જાતા હૈ...''

''નર્મદાજીને ઠીક હી બતાયા - રાતભર ઠહરને મેં કોઈ વ્રતભંગ ન હોતા હો તો રુકના હી અચ્છા હૈ... વરના જૈસી આપકી ઇચ્છા.'' કાવેરીએ કહ્યું.

ઈશાન વિચારમાં પડ્યો. એવું કોઈ વ્રત તો લીધું નહોતું જે તૂટી જાય. આમ સ્વાભાવિક રીતે જ ગુરુના આદેશ પ્રમાણે સ્ત્રીઓથી થોડો સાવધ રહેતો હતો ઈશાન. એને દુવિધામાં પડેલો જોઈને નર્મદાએ કહ્યું, ''કમસે કમ, રોટી ખાઓ, માતાજી કા દર્શન કરો ફિર મન ચાહે તો ચલે જાના.''

''જૈસા આદેશ! કહીને ઈશાને કાવેરી સાથે ચાલવા માંડ્યું. કદાચ આ સાધ્વીઓએ પેલા દેખાવડા કૂતરા વટેમાર્ગુઓના રક્ષણાર્થે જ રાખ્યા હશે. એ એકલદોકલ પ્રવાસીને આ આશ્રમ લગી લઈ આવતા હશે - એમાં જ એમના કર્તવ્યની ઇતિશ્રી.''

આશ્રમ નાની કુટિરમાં જ હતો. એક ઝાંખા દીપકના તેજમાં કોઈ ગ્રંથનું અધ્યયન કરવા બેઠેલાં વડાં સાધ્વીને ઈશાને પ્રણામ કર્યા ને શાંતિથી એક બાજુ ઊભો રહ્યો.

''ગોપાલજી કા પ્રસાદ લે કર રાતભર રુકને મેં કોઈ તકલીફ ન હો તો વૈસા હી કીજિયે. વરના જૈસી આપકી મરજી - યહાં લૅન્ડસ્લાઇડ કા ખતરા રહેતા હૈ - સુના હોગા.''

ગ્રંથના પૂંઠા પર શ્રીમદ્ ભાગવત મોટા સોનેરી અક્ષરે લખેલું હતું ને વડાં માતાજીના રેશમી જેવા સફેદ વાળ મંદ પ્રકાશમાં પણ ચમકતા હતા તે જોઈ ઈશાન બોલ્યો, ''પ્રસાદ કા અનાદર તો નહીં કર સકતા - રાત કો ગેટ કે બાહર હી સો જાઉંગા ઔર સૂર્યોદય કે સમય નિકલ જાઉંગા માતાજી - આપ લોગોં કો જ્યાદા કષ્ટ દેના નહીં ચાહતા.''

''ઠીક હૈ - વૈસા હી કરો.'' માતાજીએ કાવેરીને કંઈક સૂચના આપી અને મોટેથી કહ્યું, ''શાલીન આપ કે પાસ સો જાએગા. બહુત હી સમજદાર હૈ - વહી, જો આપકો યહાં લે આયા. ઠીક હૈ?''

''જી!'' અબ મૈં ચલૂં? સુબહ તો શાયદ દર્શન નહીં હોગા. આશીર્વાદ દીજિયે.''

''આશીર્વાદ ઈશ્વર કા. હમ લોગ તો મામૂલી ઇન્સાન હૈં!''

આ વખતે જરા વધારે ભક્તિભાવપૂર્વક ઈશાને એમને પ્રણામ કર્યા અને પછી ત્યાંથી નીકળી ગયો.

પ્રસાદમાં લાલ રાજગરા જેવા ધાન્યના રોટલા અને દડિયામાં કશીક શીંગોનું શાક હતું. હરિપ્રતાપસિંહ કદાચ આ જોઈને ગભરાઈ જાય... ઈશાનનો ચહેરો મલકાયો.... ને પછી એણે બ્રહ્માર્પણ કરીને ઝાડનાં પાંદડા પર મૂકેલા રોટલા અને દડિયામાંનું શાક ખાઈ લીધું.

''ઔર ચાહિયે?'' નર્મદાએ બારણાની બહારથી પૂછ્યું.

''ના જી!'' કહી ઈશાન જેમાં ખાધું હતું તે પાંદડાં ઊંચકવા ગયો.

''રહને દીજિયે - સબ હો જાએગા.''

બહાર હાથ-મોં ધોવાની ને પાણી પીવાની વ્યવસ્થા હતી. ઈશાને દરવાજાની બહાર પગ મૂકતાં કહ્યું, ''હરિ ૐ'' પછી શાલીનને શુંય સમજાવ્યો હશે કે એ પણ ઈશાનની સાથે બહાર નીકળી ગયો.

ખુલ્લા આકાશ નીચે સૂવાનો અનુભવ ઘણો રોમાંચક હોય છે. આકાશ આટલું વિશાળ છે અને આટલા બધા ગતિમાન અને તેજસ્વી તારાઓથી ભરેલું છે એ ખબર બિચારા નગરવાસીઓને તો જિંદગીભર નથી પડતી - એ સદ્ભાગ્ય કેટલીક એક વસ્ત્રધારી અને એક કે અડધા રોટલા પર દિવસ ખેંચી કાઢનારને જ મળે છે. બેમાંથી કયા વર્ગની દયા ખાવી અને કોની ઈર્ષ્યા કરવી એ નક્કી કરવાનું કામ સહેલું

નથી. કદાચ કોઈ એવો દેશ હોય કે જ્યાં સૌને મનપસંદ કામ અને શરીરયાત્રા માટે જરૂરી ચીજો મળી રહે તો... કદાચ ત્યાંના વતનીઓ દુઃખી થવાના બીજા માર્ગો પણ શોધી કાઢે - ''અરે અરે ઈશાન, તૂ કહાંસે કહાં ચલા ગયા બેટા?'' ગુરુદેવનો સ્નેહાળ કંઠ સંભળાયો અને ઈશાન શરમિંદો થઈ ગયો - સાચે, આ સંસાર તો સ્વપ્નમાત્ર છે - એ જેને આધારે દેખાય છે તે સત્યને શોધવું જરૂરી છે - એ ત્રિકાલાબાધિત સત્યનો - બ્રહ્મનો પોતે જ રજત અને ઇપ્સિતાને પહેલો પાઠ આપ્યો હતો - અથાતો બ્રહ્મજિજ્ઞાસા - એ માત્ર શબ્દો હતા?

ઈશાન શરમાઈ ગયો. આ નાનકડા આશ્રમનાં માતાજી પણ અત્યારે ભાગવતનું વાચન કરી રહ્યાં હતાં. એમાં જે કૃષ્ણચરિત્ર હતું એ પણ શું મિથ્યા હતું? એને અત્યંત ઉત્કટતાથી બાંકેબિહારી યાદ આવ્યા. એમના ક્ષણમાત્રના વિયોગથી વહી નીકળેલી અશ્રુસરિતા શું સાચી નહોતી? ઈશાનના પોતાના હૃદયના અગાધ ઊંડાણમાંથી પ્રગટેલી અને કાબૂ બહાર જતી રહેલી એ જલધારા ઈશાને જાતે જ નહોતી અનુભવી?

ઈશાને પાસું બદલ્યું તે સાથે પડખામાં સૂતેલા શાલીને પોતાનો પંજો એના પર નાખ્યો ને બે ક્ષણમાં પાછો નિદ્રાધીન થઈ ગયો. ઈશાને પોતાની બધી મૂંઝવણ ઉનાળામાં ભૂલથી ઓઢી લીધેલી રજાઈની માફક દૂર ફેંકી દીધી અને નિર્દોષ બાળકની પેઠે દૂર દૂરના આકાશ અને એમાં ચમકતા તારાઓના પ્રકાશ સામે જોતો જોતો ઊંઘી ગયો.

એની આંખો ખૂલી ત્યારે તારા ખોવાઈ ગયા હતા અને પ્રભાતનો મંદ ઉજાસ પહેલા રવિકિરણની રાહ જોતો હતો. એ ઊઠી ગયો. કમંડળના જલ વડે મુખપ્રક્ષાલન કર્યું અને શાલીનને જરા થાબડીને ચાલવા માંડ્યું. શાલીન પણ ઘણો સમજદાર હતો. કૂદકો મારીને દરવાજો ઓળંગીને અંદર જતો રહ્યો. કદાચ હવે એને અહેવાલ નહીં આપવો પડે. પેલી નર્મદા અને કાવેરી એને જોઈને જ સમજી જશે કે મુસાફર ચાલ્યો ગયો છે - કેવી બહાદુર અને સમજદાર સ્ત્રીઓ હતી આ બધી - નહીંતર આવી જગ્યાએ ભલે નાનકડો પણ આશ્રમ બાંધવો અને ચલાવવો કંઈ સહેલું છે?

પોતે શું આવું કરી શકે? ઈશાનને વિચાર આવ્યો. ના, એનું ભાગ્ય કદાચ જુદું છે - આ જ હોત તો એ હજુ ઉત્તરકાશીના આશ્રમમાં ન બેઠો હોત? મુંબઈમાં એણે આશ્રમ ન કાઢ્યો હોત? વૃંદાવનમાં આશ્રમોની ક્યાં ખોટ છે? ત્યાં પણ એક નાની હાટડી માંડી શકાત... ના-ના-ના! એનું એ કામ નથી.

''તો પછી તારું કામ શું છે ઈશાન?'' અંદર બેઠેલા કોઈએ પૂછ્યું, ''તને ઓળખવાનું. તારી સાથે એકાકાર થવાનું. જે અનાદિઅનંત બ્રહ્મ છે તે જ તું છે અને

તે જ હું છું. એ ખાતરીપૂર્વક સમજવાનું અને સ્વીકારવાનું. અને આ જે ચોમેર દેખાઈ રહ્યું છે તે સત્ય નથી માત્ર ભ્રમણા છે એનો અનુભવ કરવાનું.''

''તું એ કરી શકીશ?''

''નથી જાણતો. માત્ર એટલું જાણું છું કે મારે એ કરવાનું છે.'' અંદર અગાધ મૌન છવાઈ ગયું.

ઈશાન એ મૌનને પણ પેલે પાર જવા ચાહે છે. જઈ શકશે? કે અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટની માફક એને મળેલી આ જીવનની અમૂલ્ય ભેટ વેડફાઈ જ જશે? નથી જાણતો ઈશાન. એને હવે એ જાણવાની દરકાર પણ નથી. માત્ર એક ડગલું - આગળનું ડગલું ભરવાનું સમજાય એટલે બસ. એ ભરાઈ જાય પછી એની આગળનું પણ કોઈક બતાવશે. એમ કરતાં કરતાં એ પહોંચી જશે. જરૂર પહોંચી જશે.

નાનો હતો ત્યારે મોંએથી સિસોટી મારતો. આજે પણ એ મારવાનું મન થયું. મારી બેધડક મારી. અહીં કોઈ સાંભળનાર નથી - જોનાર નથી, પણ એથીયે કશો ફેર પડતો નથી. પાંચસો માણસની મેદનીમાં પણ એ આવી જ રીતે સિસોટી મારી શકે. શા સારુ ન મારે? એણે કયો અંચળો ઓઢ્યો છે જે સરી પડવાની બીક એને સતાવે?

એને આશ્રમ નથી જોઈતો તેમ અનુયાયીઓ પણ નથી જોઈતા. વનવગડામાં ખીલેલું પુષ્પ કોને કહેવા જાય છે કે મને સૂંઘો - મારી પ્રશંસા કરો, મારા જેવા બનો, તે કેમ બનવું એ મારી પાસેથી શીખો. મારા કાયદાકાનૂન પાળો - આ જ્ઞાન મારી પાસે જ છે. ફક્ત મારી પાસે તે મેળવો અને સુખી થાઓ?

ના, એ તો કોઈને કંઈ કહેતું નથી. બસ, પોતાની મેળે ઊગે છે. પાંદડીઓ એક પછી એક ખોલે છે. સુગંધ આવે તોય ભલે, ન આવે તોય ભલે - હવાની પ્રત્યેક લહરી સાથે તે ડોલે છે અને સાંજ પડતાં ખરી જાય છે. ધારો કે કોઈએ એને દીઠું, ડાળીથી વિખૂટું પાડ્યું, વાળમાં ખોસ્યું, કોટમાં ખોસ્યું કે ગરમ તેલની કડાઈમાં જઈને નાખ્યું - એની સુગંધને વર્ષો લગી કેદ કરી રાખવા - ફૂલને તેથી કંઈ ફેર પડતો નથી. એ તો ઊગ્યું, ખીલ્યું અને ખરી ગયું; એ શું ઓછું હતું? ઈશાન પણ એવું જ ફૂલ થવા ચાહે છે... બે દિવસ થયો પણ ખરો.

ઓચિંતી ઝરમર વર્ષા થવા લાગી. સૂર્યનાં કિરણો એની આરપાર નાનકડું મેઘધનુષ રચીને સામેના પહાડની કાળી દીવાલોને શોભાવવા લાગ્યાં. ઈશાને જિંદગીમાં પહેલી વાર સંપૂર્ણ વર્તુળાકાર મેઘધનુષ જોયું. નાનકડું પણ અત્યંત તેજસ્વી. ભલે ને આકાશમાં નહોતું, હતું પાષાણ પર; છતાં એ મેઘધનુષ તો હતું જ. ઈશાન નવાઈ પામીને એને જોઈ રહ્યો. આકાશમાં એણે જોયેલા મેઘધનુષથી થોડેક છેટે બીજું આછા રંગનું મેઘધનુષ પણ હોય. આ પર્વતની

પશ્ચાદ્‌ભૂ પર દેખાતું તે તો એક અને અજોડ હતું.



અચાનક મા યાદ આવી. એ હંમેશાં કહેતી, મેઘધનુષ કોઈને બતાવાય નહીં. ઈશાનને બધું બધાને બતાવવાનો ઉમંગ - એને આ પ્રતિબંધ જરાય ન ગમે - એકાએક એને આટલાં વરસ પછી સમજાયું, મા શા માટે ના પાડતી તે.

આ તો મેઘધનુષ! હજુ સરખું દેખાય ન દેખાય ત્યાં તો વિલીન થઈ જાય. બૂમો પાડીને બધાને બોલાવ્યા હોય તે તો એમ જ કહેને કે ઈશાન જુઠ્ઠો છે? માને આ સૌથી નાનો દીકરો બહુ વહાલો હતો. એને કોઈ જુઠ્ઠો કહે તે માથી ખમાય નહીં. એટલે એ હંમેશાં કહેતી કે મેઘધનુષ કોઈને બતાવવાનું નહીં.

આજે જો એ અહીં હોત... આ સંપૂર્ણ વર્તુળાકાર આગળ કે પાછળ બીજા એકે આભાસ વગરનું અત્યંત તેજસ્વી અને મનોહર મેઘધનુષ જોઈને પણ શું એમ જ કહેત કે આ કોઈને બતાવાય નહીં?

ઈશાન તો પોતાને જે દેખાય છે - જડ્યું છે, તે બૂમો પાડી પાડીને આખી દુનિયાને બતાવવા માગે છે. ભલે કોઈ માને કે ન માને. એમાં એ શું કરે? મા તો હવે નથી, નહીંતર એને તો પહેલું બતાવત - કહેત, જો આ ચિરસ્થાયી છે. પાષાણ પર અંકાયેલું છે.

વિચારોની સાથે સાથે ચરણ પણ ચાલતાં હતાં. અહીંની એક મજા એવી હતી કે જળનાં નાનાં-મોટાં દરેક વહેણની આગળ એક વિશેષણ લગાડીને એને સૌ ગંગા જ કહેતા. ઈશાનને પણ આવી એક ગંગા મળી ગઈ હતી. પાંચ

છ દિવસ સ્નાન કર્યાથી એક જાતની આત્મીયતા બંધાઈ ગઈ હતી. રોજની પેઠે આજે પણ એ ત્યાં જ જવા ઇચ્છતો હતો, પરંતુ વચમાં જ એક અસહ્ય તીવ્ર દુર્ગંધ આવતાં રોકાઈ ગયો.

ધ્યાનથી જોયું તો પોતાના જ ગંદવાડમાં આમથી તેમ અમળાતું એક માનવશરીર. જેમતેમ નાક દાબીને ઈશાન એની પાસે પહોંચ્યો... એક ક્ષીણ અવાજ આવતો હતો - ''બેટા શામુ, અરે લલિત! કહાં ચલે ગયે સબ?''

''મૈં હૂં ન?'' ઈશાનથી આપોઆપ બોલાઈ ગયું અને એણે પેલા રુગ્ણ દેહને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. ભગવાં વસ્ત્રો જોઈ એના દિલમાં દયા સાથે આદર પણ પ્રગટ્યો, અરર, એક સાધુની વૃદ્ધાવસ્થામાં આ દશા? એમના ઊંહકારાની જરાય પરવા કર્યા વગર ઈશાને એમને ઊંચકી જ લીધા અને મૌજીગંગાને કિનારે લઈ જઈને સાફસૂફ કર્યા. એમણે માંડમાંડ હાથના ઇશારાથી સહેજ દૂર આવેલી કુટિર બતાવી એટલે ઈશાન દોડીને ત્યાં પહોંચ્યો. બારણાં જેવું કંઈ ખાસ હતું નહીં, અંદર પ્રવેશતાં મુશ્કેલી ન પડી. થોડાં પુસ્તકો અને વસ્ત્રો વેરવિખેર પડ્યાં હતાં. તાત્કાલિક કામ આવે એવાં થોડાં કપડાં લઈને ઈશાન પાછો ભાગ્યો અને મરણાસન્ન સાધુના દેહને બરાબર ઢાંક્યો. એમણે ઇશારાથી સમજાવ્યું કે પાણી પીવું છે એટલે ઈશાને પોતાના કમંડળમાંથી પાણી પાયું.

થોડી વાર પછી ગંગાજળના પ્રતાપે કે પાસે કોઈ છે એના ભાનથી તેઓ જરા ટટાર થયા અને ઈશાનને કહ્યું, ''ઉસ પેડ કે દો તીન પત્તે લે આઓ!'' ઈશાનને પહેલાં તો એ જ સાંભળીને થયું કે આ કંઈક લવરીએ ચડ્યા લાગે છે, પરંતુ મરતા માણસની ઇચ્છા પૂરી કરવી એ પણ ધર્મ સમજીને એણે સાધુએ બતાવેલાં પાન તોડી આણ્યાં. જરાતરા ધોઈને એમના હાથમાં મૂક્યાં. એમણે એ ખાવા માંડ્યાં અને થોડી વાર પછી ખાસા સ્પષ્ટ કંઠે કહ્યું, ''અબ સંકટ ટલ ગયા. બચ્ચા, રામજીને હી તુમ્હેં ભેજ દિયા. અબ એક ઉપકાર ઔર કરોગે? મુઝે મેરી કુટિયામેં પહુંચા દોગે?''

''જી!'' કહી ઈશાન એમને ઊંચકવા જતો હતો તેને અટકાવીને તેઓ જાતે જ ઊઠ્યા અને ઊભા પણ થયા. ઈશાનનો હાથ પકડીને બોલ્યા, ''ચલ સકૂંગા - તેરા હાથ થામ કે.''

ઈશાનને ઘણી નવાઈ લાગી, પણ જે પ્રત્યક્ષ હતું તેનો ઇનકાર ક્યાંથી થઈ શકે? આ હિમાલય છે - અનેક અજાણી વનસ્પતિનો ભંડાર! પણ આ... એણે પૂછ્યું, ''બાબા! આપકો કૈસે પતા?''

''વૈદ્ય જો હૂં - ઇતના સા પતા નહીં ચલેગા? અગર તુમ સીખના ચાહો તો મેરી સારી વિદ્યા દે સકતા હૂં... વે દોનોં લડકે બેઈમાન નીકલે - કાયાકલ્પ લે કર ભાગ ગયે... સો તો ઠીક, મેરા યહ હાલ કરનેવાલી ઔષધિ ભી અનજાનેમેં

પીલા દી... મગર આયુ શેષ હોગા - તુમ એન મૌકે પર આ ગયે... બતાઓ, તુમ્હેં ક્યા ચાહિયે?''

''કુછ નહીં,''

''અરે, ઇતની સેવા કી - ઔર કુછ નહીં ચાહિયે? ઐસા કૈસે ચલેગા? તુમ શાયદ નહીં જાનતે મૈં ક્યા દે સકતા હૂં.''

''અચ્છા, તો ક્ષમા કર દો ઉન દોનોંકો - યહી વરદાન ચાહતા હૂં... દે સકોગે બાપુ?''

વૈદ્યજી ચાલતાં ચાલતાં અટકી ગયા. ઈશાનની સામે જોવા લાગ્યા... પછી પૂછ્યું - ''ભગવા ક્યૂં નહીં પહેનતે?''

''છૂટ ગયા.''

''સચ્ચે સાધુ હો! દો તીન દિવ્ય ઔષધિયાં દે સકતા હૂં - રખના અપને પાસ - કિસીકો કામ આયેગી.''

''શાસ્ત્રીય જ્ઞાન તો હૈ નહીં મેરે પાસ. કુછ ઉલ્ટાપુલ્ટા કર બૈઠૂંગા. આપ સિર્ફ આશિષ દીજિયે... ઈશ્વરેચ્છાકે આધીન જીવન વ્યતીત કર સકૂં.''

વૈદ્યજી ઈશાનની સામે જોઈ જ રહ્યા. આવો નિઃસ્પૃહ માણસ એમણે જિંદગીમાં જોયો નહોતો. એના માથા પર હાથ મૂકવાને બદલે એનો હાથ પકડીને પોતાના શિરોભાગને સહેજ અડાડ્યો અને આસ્તેથી બોલ્યા. ''કલ્યાણમસ્તુ.'' પછી ઈશાનનો ટેકો લીધા વગર ત્રીસપાંત્રીસ વર્ષના માણસની અદાથી પોતાની કુટિર ભણી ચાલી ગયા.

ઈશાને વિચાર્યું, આજે મૌજીગંગા ભલે વાટ જોતી. મારે આ સ્થળથી થોડે દૂર જવું જોઈએ... ખાસો દૂર ચાલી ગયો, સ્નાન કરીને સૂર્ય સામે આંખો મીંચીને ગાયત્રીનું રટણ કરવા લાગ્યો. કેટલો સમય પસાર થઈ ગયો તેનું કંઈ ભાન રહ્યું નહીં... પૂર્ણપણે જાગૃત થયો ત્યારે એક શુચિતાનું, નિર્ભેળ આનંદનું આવરણ તેને વીંટાઈ વળ્યું હતું.

[આવતા અંકે સમાપ્ત]




કુદરતી સંગીતનો લયબદ્ધ લિસોટોઃ જિમ કોર્બેટ નેશનલ પાર્ક

☐ કૌશિક ઘેલાણી

આખા દિવસની મુસાફરી પછી એક એવા વિસ્તારમાં પ્રવેશ્યા જ્યાં પ્રકૃતિએ મારું સ્વાગત એક અલગ પ્રકારના સંગીતથી કર્યું. કોઈ પણ વ્યક્તિને પોતાના મોહપાશમાં જકડી લેવા સમર્થ એવી પ્રકૃતિ, પક્ષીઓના કલરવ અને મંદમંદ વહેતી કોસી નદીના પાણીનો રવ લયબદ્ધ રીતે મને હિમાલયના પાલવમાં એક બાળકની માફક આવકારી રહ્યો હતો. વિશાળકાય શાલનાં વૃક્ષો અને નાનકડો એવો વર્તુળાકાર રસ્તો પોતે જ મારી સાથે આંગળી પકડીને મુસાફર બનીને ચાલતો હોય એવું અનુભવી રહ્યો હતો. સૂર્યનાં કિરણો ગાઢ જંગલને વીંધીને ધરણીને ચૂમી રહ્યાં હોય એવું અપ્રતીમ દૃશ્ય જોઈને ઘડીભર માટે મન ધ્યાનસ્થ થાય. ક્ષિતિજ પર ડૂબી રહેલા સૂરજના પ્રકાશથી સોનેરી રંગે રંગાયેલો રસ્તો પણ જાણે અધીરો થઈને ક્ષિતિજને મળવા જઈ રહ્યો હોય એવું દીસતું હતું. ડૂબતા સૂરજનાં કોસીમાં પડતાં સોનેરી કિરણો અને જંગલનો પડછાયો જાણે કોઈ ચિત્રકારે બનાવેલી બેનમૂન કૃતિ હોય એવો ભાસ થતો. કોસી નદીના પટ પર પડતા સૂરજના પડછાયાને જોઈને ઘડીભર માટે એવું થઈ ગયું કે

એક નાનકડો પથ્થર ફેંકીને સૂરજના સોનેરી કાટમાળને પાણીની સપાટી પર તરતો જોઈ રહું. ગાડીની ઝડપ આપોઆપ ધીમી પડી ગઈ. લીલાછમ્મ પર્વતોના ઢોળાવમાં સરસ માટીનાં બનેલાં ઘર અને નાના એવા ગામડાને જોઈને કાયમ ત્યાં જ વસવાટ કરવાનું મન થઈ જાય. ગોધૂલીવેળાએ ઢોર-ઢાંખર, બકરીઓને લઈને ગામના લોકો ઘર તરફ પરત ફરી રહ્યા હતા. પોતાના માળા તરફ પરત ફરી રહેલાં પક્ષીઓનો કલરવ વધી રહ્યો હતો. હું મારા નિયત કરેલા સ્થળ પર પહોંચું તે પહેલાં સૂરજ ડૂબી ગયો હતો અને અંધારું ઘેરી વળ્યું હતું. અંધારું થવા છતાં રસ્તો સ્પષ્ટપણે જોઈ શકાય એટલો તો ઉજાસ હતો જ. જંગલમાં અંધારું અને રાની પશુઓના વિચિત્ર અવાજો સતત ભય પ્રેરે તેવા હોવા છતાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને રોમાંચ મને વધારે ને વધારે સમય આ ઊઘડતી રાત્રીને માણવા માટે પ્રેરતો હતો. જ્યાં રસ્તો પોતે જ એક મંજિલ છે, જ્યાં કુદરત તમારા પર ઓળઘોળ છે એવો અનુભવ દરેક પગલે થાય. જ્યાં વન્યસૃષ્ટિ અને હિમાલયની નદીઓનું મધુર ગાન તમને સંગાથ આપે એવો વિસ્તાર એટલે હિમાલયની પર્વતમાળામાં આવેલી દેવભૂમિ ઉત્તરાખંડ રાજ્યનું જિમ કોર્બેટ નેશનલ પાર્ક. ભારત દેશનો સહુથી પહેલો નેશનલ પાર્ક જે 1936માં "હેલી નેશનલ પાર્ક" તરીકે સ્વીકૃત થયો, દેશની આઝાદી પછી રામગંગા નેશનલ પાર્ક તરીકે ઓળખાયો પણ 1956માં એનું જિમ કોર્બેટના નામથી જ "જિમ કોર્બેટ નેશનલ પાર્ક" તરીકે નામકરણ થયું. તેઓ એક બ્રિટિશ





શિકારી હતા પણ તેઓએ કેમેરા સામે બંદૂક પડતી મૂકી અને પર્યાવરણ તથા વન્યજીવ સંરક્ષણની પ્રવૃત્તિમાં લાગી ગયા. નેશનલ પાર્કની સ્થાપનામાં એમણે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેમણે લખેલાં પુસ્તકો આ જંગલનો ખરો ચિતાર રજૂ કરે છે. તેમાં કોર્બેટ નેશનલ પાર્ક વિષે રહસ્યમય વાતો પણ છે, તેમના અનુભવોની ચર્ચા છે, તેમણે જંગલમાં ખેડેલા પ્રવાસ અને રાત્રિવર્ણન પણ છે. તેમણે અહીં નાની હલ્દ્વાની નામનું ગામ વસાવ્યું. આજે અહીં જિમ કોર્બેટનું સંગ્રહાલય પણ છે જેમાં એમણે શિકાર કરેલા માનવભક્ષી વાઘ અને દીપડાના મૃતદેહને સાચવી રાખ્યા છે. રામનગર ગામથી જ જંગલ વિસ્તારની શરૂઆત થાય છે. અહીં અગોચર વિશ્વનું સંગીત સતત વહ્યા કરતું અનુભવાય છે.

521 ચો.કિ.મી. વિસ્તારમાં પથરાયેલ જિમ કોર્બેટ નેશનલ પાર્કમાં 600 જેટલાં પક્ષીઓની વિવિધતમ પ્રજાતિઓ, 488 જેટલાં વિવિધતમ જાતનાં છોડવાઓ અને વૃક્ષો, અલગ અલગ પ્રજાતિઓનાં જીવજંતુઓ, પ્રાણીઓ, સરિસૃપ વગેરે જોવા મળે છે. રોયલ બેંગાલ વાઘ માટે જાણીતો નેશનલ પાર્ક હિમાલયની નયનરમ્ય પર્વતમાળાઓ, કોસી અને રામગંગા નદીના પટ જેવા પ્રાકૃતિક દૃશ્યથી સજ્જ ભારતનો સહુથી ખૂબસૂરત નેશનલ પાર્ક છે. હાથીઓનાં ટોળાં અહીંનું મુખ્ય આકર્ષણ છે. વન્યજીવોના તસવીરકારો, પક્ષીવિદો, પ્રકૃતિપ્રિય લોકો માટે આ જગ્યા સ્વર્ગ સમાન છે. અહીં દરેક પગલે એક અદ્ભુત વાઈલ્ડ વોયેજનો અનુભવ થાય.

ઢીકાલા ઝોન કોર્બેટ નેશનલ પાર્કનો મહત્ત્વનો ઝોન છે. કોઈ પણ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર આ ઝોન પર જ પસંદગી ઉતારે છે. પરિણામે અહીં બુકિંગ મળવું લગભગ મુશ્કેલ છે. અહીં જંગલની વચ્ચે જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી રહેવા માટે ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સુલતાન, સર્પદુલી, ગૈરલ અને ઢીકાલા ફોરેસ્ટ હાઉસ આવેલ છે. જે ધનગઢી ગેટથી 40 કિમી જંગલની અંદર આવેલ છે. ત્યાં સુધી પહોંચવાના

રસ્તાની મુસાફરી પણ એક અદ્ભુત સફર કહી શકાય. રસ્તામાં લગભગ મોટા ભાગનાં પ્રાણીઓ વિહરતાં જોવા મળે છે અને ક્યારેક ક્યારેક વાઘ પણ રસ્તો રોકીને રાજાની જેમ રસ્તા પર જ બેઠા હોય. એક વખત સફારી શરૂ થાય એટલે રોમાંચિત થઈ જવાય. જંગલનો રસ્તો અને રામગંગા નદીનો પટ આખા જંગલની એક ચિત્રકૃતિ જેવી ઝાંખી કરાવે. આંખો ક્યાંક ને ક્યાંક વન્યસૃષ્ટિમાં પ્રાણીઓને શોધે. ડ્રાઈવર અને ગાઈડ થોડી થોડી વારે ગાડી ઊભી રાખીને ધ્યાનથી રસ્તા પર જુએ, જાણે કંઈક શોધી રહ્યા હોય. તેઓ વાઘ અને દીપડાનાં પદચિહ્નો શોધતા હોય છે જેનાથી તાજેતરમાં વાઘ કે દીપડો કઈ દિશામાં ગયો છે એ ખ્યાલ આવી શકે. આ વિસ્તારની પ્રખ્યાત વાઘણ "પારવાળી" અહીંનું મુખ્ય આકર્ષણ છે. પારવાળી નામ એટલા માટે કે એ રામગંગાની પેલે પાર રહે છે અને આ વિસ્તારમાં રહેવા આવી છે. અત્યારે પારવાળી બચ્ચાંઓ સાથે વિહરી રહી છે. લગભગ 20-25 જેટલાં સફારીનાં વાહનો વચ્ચે પણ એ પોતાના આગવા અંદાજથી રસ્તા પર કલાકો સુધી બેસી રહે છે. હરણાંઓનું ટોળું અચાનક જ રસ્તો બદલી નાખતું જોવા મળે, તો ક્યાંક સ્થિર થઈને ચરતાં હરણ ચમકીને કાન સરવા કરીને આસપાસ નજર કરી લે. ચરતાં ચરતાં પણ થોડી થોડી વારે સચેત થઈને ચારે દિશાઓમાં જોઈ લે. જંગલનું વાતાવરણ એક અલગ જ રીતે શાંત થઈ જાય, વાંદરાઓ ઝાડની ટોચ પર ચઢી જાય, પક્ષીઓ ભયસૂચક રીતે ટહુકવા લાગે, વાંદરાઓ અને સાંભર




હરણો એકબીજાને ચેતવણી માટેના ભયપ્રેરક અવાજો સંભળાવે. સાંભળતાં જ આપણું મન થડકારો ચૂકી જાય. એવો અનુભવ થાય કે ક્યાંક આસપાસ વાઘ કે દીપડો હોવો જોઈએ. જંગલના દરેક જાનવરની પોતપોતાની અંદર અંદર વાર્તાલાપ કરવા માટેની એક આગવી ભાષા હોય છે. અહીં એ ભાષા અને રીત પ્રત્યક્ષ જોઈ તથા અનુભવી શકાય. ચેતવણી સૂચક ભય પ્રેરે તેવી ચીસો, પ્રાણીઓમાં અસામાન્ય વર્તન, બધાં હરણ એક જ સ્થળે ભેગાં થઈ જાય તેવું દશ્ય અહીં સરળતાથી જોવા મળે એટલે સમજી જવાનું કે વાઘ કે દીપડો આવી ગયો. ગાઈડને પણ વાંદરાઓ આ રીતે જ વાઘ અને દીપડાને સરળતાથી શોધવામાં મદદરૂપ થાય છે. દરેક રસ્તાની બાજુ પર આવેલા ઝાડ પર ઊંચે સુધી તીક્ષ્ણ નહોરથી ઊંડા ઘા પાડેલા અને પેશાબથી પોતાના સામ્રાજ્યની નિશાની કરેલી જોવા મળે. વાઘ સામાન્ય રીતે આવાં સૂચક નિશાનો પોતાની હદ દર્શાવવા માટે કરે છે જેથી બીજો કોઈ પણ હરીફ વાઘ જે તે વાઘના વિસ્તારમાં પ્રવેશી ન જાય. છતાં પણ જો કોઈ વાઘ બીજાની હદમાં પ્રવેશે તો બંને વચ્ચે ટેરેટરી ફાઈટ થાય છે અને એ ફાઈટ એટલી હદે ખતરનાક હોય છે કે મોટા ભાગના કિસ્સામાં વાઘ ગંભીર રીતે ઘાયલ થઈ જાય છે તો ક્યારેક મરી પણ જાય છે. ચેલેન્જ આપવા માટે એક વાઘ બીજા વાઘના વિસ્તારમાં આવીને જે તે ઝાડ પર પોતાના નહોર વડે વધારે ઊંચાં નિશાન કરવા પ્રયત્ન કરે છે. જે





તે વિસ્તારનો વાઘ જો લડાઈમાં હારી જાય કે સામનો કરવા સક્ષમ ના હોય તો તેણે પોતાનો વિસ્તાર હંમેશ માટે છોડવો પડે છે. ટૂંકમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે જંગલમાં હાથી હોય કે વાઘ દરેકે પ્રયત્નશીલ રહેવું પડે છે નહીંતર એક જ માનાં બે સંતાનો હોય તો પણ જે વધારે તાકાતવાન હોય એ જ જંગલ પર રાજ કરે છે.

ધરતીમાતાનું આભૂષણ એવું જંગલ અનેક વિસ્મયોથી ભરેલું છે. આખું જંગલ ૬ અલગ અલગ વિસ્તારોમાં વહેંચાયેલું છે. ઢીકાલા, બીજરાની, દુર્ગાદેવી, સીતાબની, ઝિરના અને સોનાનડી. ઢીકાલા ઝોનમાં હાથીઓ મસ્તીથી વિહરતા જોવા મળે છે. રામગંગાના પટ આસપાસ મસ્તીથી ઝુંડ પસાર થઈ રહ્યું હોય છે ત્યારે તેઓ જંગલમાં અદશ્ય થઈ જાય ત્યાં સુધી તેમને જોતાં રહેવું એ એક લહાવો છે. રસપ્રદ વાત એ છે કે હાથીઓનાં ઝુંડને માદા હાથી નિયંત્રિત કરે છે. તે જ નક્કી કરે છે કે કયો નર એના ઝુંડમાં રહેશે. હાથી પોતાનાં બચ્ચાંઓ પ્રત્યે ખૂબ જ સજાગ હોય છે અને બચ્ચાંઓ પર સહેજ પણ જોખમ જણાય કે તેઓ આક્રમક બની જાય છે. માત્ર જંગલ જ નહીં પણ જંગલ બહારના રસ્તા પર પણ હાથી ચાલતો હોય ત્યારે રસ્તો રોકાઈ જાય છે. પર્યાવરણ વિભાગના નિર્દેશ અનુસાર અહીં જંગલી પ્રાણીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. જ્યાં સુધી પ્રાણી પસાર થઈ ન જાય ત્યાં સુધી વાહન જે તે સ્થળ પર જ રોકી દેવામાં આવે છે. હાથી આક્રમકતામાં વાઘ કરતાં પણ વધારે ખતરનાક હોય છે. મા પોતાનાં બચ્ચાં સાથે ચાલી રહી હોય ત્યારે જંગલની રોનક અદ્‌ભુત દીસે છે. વિશાળ અરણ્યમાં કુદરતી સુંદરતાનો નજારો બધી ભૌતિક સુવિધાઓને ભુલાવી દે છે. વિશાળ ઘાસનાં મેદાનો પણ અહીં આવેલાં છે જેમાં ક્યારેક વાઘ છુપાઈને બેસી રહે છે તો ક્યારેક હાથી સહપરિવાર મિજબાની માણતા જોવા મળે છે. સામાન્યતઃ વાઘ અહીં સમૂહમાં



જોવા નથી મળતા પણ જો મા સાથે નાનાં બચ્ચાંઓ હોય તો ચોક્કસ જોવા મળે છે. ઢીકાલા સિવાય બીજરાની ઝોન પણ વાઘ માટે પ્રખ્યાત છે. ઢીકાલામાં જંગલનો અનુભવ ખૂબ જ અનૂઠો થાય છે. અહીંના લેન્ડસ્કેપ્સને વિશ્વભરના ફોટોગ્રાફરોએ કેમેરામાં ઝડપ્યા છે. કોર્બેટ નેશનલ પાર્ક ચોમાસા દરમિયાન 15 જૂનથી 15 નવેમ્બર સુધી બંધ રહે છે.

કોર્બેટ નેશનલ પાર્ક સિવાય આગળ વધતાં કુમાઓ વિસ્તાર પક્ષી-અભ્યાસ માટે વિશ્વવિખ્યાત છે. કુમાઓમાં વહેતી અલગ અલગ નદીઓની ધારાઓમાં રંગબેરંગી પક્ષીઓ જોવા મળે છે. અહીં પ્રકૃતિપ્રેમીઓ મહિનાઓ માત્ર પક્ષીઓ પાછળ ગાળે છે. અહીંનાં પક્ષીઓ ખૂબ જ સુંદર હોય છે. સાહિત્યમાં મોટા ભાગે જેનો ઉલ્લેખ થયો છે એવું દૂધરાજ અહીં ખૂબ જ સરળતાથી જોવા મળે છે. લીચીના બગીચાઓમાં તે માળા બનાવે છે. સામાન્ય રીતે જ્યાં વધારે કરોળિયા હોય ત્યાં દૂધરાજના માળાઓ વધુ હોય છે, કેમ કે દૂધરાજ કરોળિયાનું જાળું માળો બનાવવા માટે વાપરે છે. આ જ વિસ્તારમાં નૈનિતાલથી 15 કિમી જેટલું આગળ સાત-તાલ નામનું સ્થળ આવેલ છે જે પક્ષીઓની વિવિધતમ પ્રજાતિઓ જોવા માટેનું અદ્‌ભુત સ્થળ છે જે સાત અલગ અલગ તળાવોથી બનેલું છે. સમુદ્રતટથી 1370 મીટરની ઊંચાઈએ આવેલ આ સ્થળે નાની નાની એકધારી વહેતી નદીઓની ધારાના સંગીત સાથે પક્ષીઓનું મધુર ગાન લયબદ્ધ રીતે સાંભળવા મળે છે. એની સામે દુનિયાનું તમામ સંગીત વામણું લાગે. પાઈન અને ઓકનાં વૃક્ષોનું આ જંગલ ત્યાંની બાયોડાયવર્સિટી માટે વિશ્વવિખ્યાત છે. આ સ્થળ એક પ્રકારનું કુદરતી મેડિટેશન આપે છે. આ સ્થળ પર આવીને મેં કલાકો સુધી અલગ અલગ પક્ષીઓનાં



વર્તનને જોયું છે, જાણ્યું છે અને માણ્યું છે. સ્પોટેડ ફોર્કટેઈલ નામનું પક્ષી પિતૃપ્રેમ માટે જાણીતું છે. પક્ષીવિશ્વમાં ખરી સંવેદનશીલતા છે. મેં હંમેશાં જોયું છે અને અનુભવ્યું છે કે પક્ષીઓ ઈંડાં મૂકે, સેવે અને જવાબદારીપૂર્વક જતન કરીને બચ્ચાંને ઉછેરે. એ પણ મા અને બાપ સરખી જવાબદારીઓ લઈને. માળો બનાવવાની પ્રક્રિયાથી જ આ જવાબદારી શરૂ થઈ જાય. બચ્ચાં બરાબર ઊડતાં શીખી જાય, કોઈ પણ ખતરો હોય તો પ્રતિકાર કરતાં શીખી જાય, ટૂંકમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે એટલી ક્ષમતા એમનામાં આવે ત્યાં સુધી એમને સાચવે. ત્યાર બાદ એ બચ્ચાં સંપૂર્ણપણે સ્વતંત્ર. માતાપિતા સાથેની બધી જ માયા છોડીને સ્વતંત્રપણે જીવન શરૂ કરે. હિમાલયના સાત- તાલ એટલે કે સાત તળાવોના સમૂહના વિસ્તારમાં આવેલ ચાંફીમાં સ્પોટેડ ફોર્કટેઈલ મેલને મેં કલાકો સુધી જોયો છે જે બચ્ચાંને ખવડાવતો હતો. પિતા પણ માતૃત્વ નિભાવે છે. શાંતિથી બેસીને માત્ર ચાર-પાંચ ફૂટના અંતરેથી પક્ષીઓનાં અલગ અલગ પ્રકારનાં વર્તનને નજર સામે જોઈ શકીએ, જાણે આપણી સામે કુદરતી ડિસ્કવરી ચેનલ શરૂ કરીને મૂકી હોય. આ જગ્યા આશરે 500 જેટલાં વિવિધ પ્રજાતિનાં પક્ષીઓનું ઘર છે. જેમાં કેટલાંક યાયાવર પક્ષીઓ પણ છે. ઓક્ટોબરથી જૂન મહિના દરમ્યાન અહીં પક્ષીઓને જોવાની શ્રેષ્ઠ તક મળે છે પણ એપ્રિલ મહિનામાં અહીં મોટા ભાગનાં પક્ષીઓનું બ્રીડિંગ ડિસ્પ્લે જોવા મળે છે. નર પક્ષી સામાન્ય રીતે માદા કરતાં વધારે સુંદર અને આકર્ષક હોય છે. એ માદાને આકર્ષવા માટે વિવિધ પ્રકારના દેખાવ સાથે સુરીલા અવાજો કરે છે. કુદરતનો વૈભવ અહીં સાત-તાલ, ચાંફી અને પંગોત વિસ્તારમાં જોવા મળે છે. સાત-તાલથી 15 કિમી દૂર આવેલ પંગોત વિસ્તારમાં





ખૂબ જ જાણીતી બર્ડ ટ્રેઈલ છે. જ્યાં ચીર ફિઝન્ટ અને ખલીજ ફિઝન્ટ જોવા માટે દુનિયાભરના પક્ષીવિદો અને પર્યાવરણ રસિકો દર વર્ષે આવે છે. આ જગ્યાને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ "સ્ટુડિયો"ના હુલામણા નામથી ઓળખે છે, કેમ કે અહીં કોફીનો મગ અને કેમેરા લઈને કોઈ પણ જગ્યાએ શાંતિથી બેસી જાઓ તો આખા દિવસ દરમ્યાન લગભગ 50થી 100 અલગ અલગ પક્ષીઓના ફોટોગ્રાફ લઈ શકો. એ પણ જગ્યા બદલ્યા વિના. જાણે કે પક્ષીઓ સ્ટુડિયોમાં ફોટોગ્રાફ્સ પડાવવા માટે જ આવતાં હોય. આ સિવાય ચાંફી નામનું નાનકડું ગામ છે ત્યાં પણ વિવિધ રંગોનાં પક્ષીઓ જોવા મળે છે જેમ કે સ્પોટેડ ફોર્કટેઈલ, ક્રેસ્ટેડ





કિંગફિશર, વિવિધ પ્રકારનાં રેડસ્ટાર્ટ અને નસીબ હોય તો ટોની ફિશ આઉલ પણ જોવા મળે છે અહીં.

કોર્બેટમાં આવતા ઘણા પ્રવાસીઓને મેં વીલા મોઢે પરત ફરતા પણ જોયા છે. એમના ચહેરા પર એક પ્રકારનો અફસોસ હોય છે કે અમને વાઘ ના દેખાયો પણ જો તેઓ માત્ર ટાઈગરની અપેક્ષાથી નહિ પણ જંગલના વૈભવને માણવા માટે આવે તો દરેક વ્યક્તિ અચૂક કંઈક ને કંઈક એવું લઈને જાય છે જે તેમણે ક્યારેય ના જોયું હોય. મેં એવી વ્યક્તિઓને પણ જોઈ છે જે ચોક્કસ પ્રકારનાં પક્ષી જોવા માટે હજારો કિમી દૂરથી આવી હોય અને તે ચોક્કસ નક્કી કરેલા પક્ષી પાછળ દિવસોના

દિવસો અલગારી માફક ઘૂમ્યા કરે છે. મારા જેવા ફોટોગ્રાફર જેટલાં મળી જાય તેટલાં અલગ અલગ પક્ષીઓને કેમેરામાં ઝડપ્યા કરે. જ્યાં જુઓ ત્યાં કોઈ ને કોઈ ફોટોગ્રાફર 400 એમ.એમ. થી લઈને 900 એમ.એમ. સુધીના લેન્સ સાથે નજરે પડે છે. અહીં પક્ષીઓનું ચેકલિસ્ટ જોઈએ તો પણ 500 પ્રજાતિ કરતાં વધી જાય.

અહીં પ્રકૃતિનું સૌન્દર્ય જોવા માટે ધીરજ, નાનાં એવાં પક્ષીઓને શોધવા માટે ચપળ નજર, યોગ્ય પળને કેમેરામાં ઝડપવા માટેની તકેદારી, કદાચ કોઈ મોમેન્ટ ચૂકી જવાય તો ફરી મળવાની આશા સાથે અખૂટ ધીરજ, વહેલી સવારે સૂર્યોદય પહેલાં જ ઊઠી જવું અને પ્રકૃતિના ટાઈમટેબલ પ્રમાણે પોતાની જાતને કેળવવી, ખૂબ જ ચાલવું અને પક્ષીઓના વર્તનનો ઊંડાણપૂર્વક અભ્યાસ, અવલોકન જેવી દરેક બાબતોના પાઠ અહીં શીખવા મળી જાય છે. દેવભૂમિ ઉત્તરાખંડ ખરેખર દૈવિક છે એટલે જ અહીં કુદરત વાસ કરે છે અને અહીં કુદરતની નજીક હોઈએ એવી અનુભૂતિ દરેક વેલીમાં, દરેક વહેતાં ઝરણાંઓમાં, અલકનંદા, ભાગીરથી, રામગંગા, કોસી નદીના પટમાં, દરેક પક્ષીઓની પાંખમાં, એમના ટહુકાઓમાં, વાઘની ત્રાડમાં, હરણાંઓની નિર્દોષતામાં ખરેખર થાય છે. અહીં ઘડિયાળ પણ પક્ષીઓનાં મધુર ગાન, હરણોનો ઘુરકાટ અને વાઘ-દીપડાની ત્રાડ પ્રમાણે ચાલે છે. રોજ હાથીઓ આપણે જ્યાં રહીએ એવા વિસ્તારની આસપાસથી જ પસાર થાય તો ક્યારેક વાઘ પણ સામો મળી જાય. આપણે જ્યારે પ્રકૃતિના ઘરે જઈએ, પ્રકૃતિના નિયમાનુસાર રહીએ તો પ્રકૃતિ હંમેશાં કંઈક ને કંઈક બક્ષે જ છે. જંગલ એ તેઓનું ઘર છે, અને કોર્બેટ નેશનલ પાર્ક એ જ વિસ્તાર છે જે ભૂતકાળમાં નરભક્ષી વાઘ અને દીપડાઓ માટે જાણીતો હતો. અહીં આખું જંગલ પ્રકૃતિના નિયમ પ્રમાણે ચાલી રહ્યું છે અને પ્રકૃતિના નિયમને પ્રત્યક્ષ જોવો એ કુદરતની ભેટ કહી શકાય.

જિમ કોર્બેટે પોતાની બુક જંગલ લોરમાં લખ્યું છે, "મેં જંગલમાં જેટલો સમય વિતાવ્યો છે તે સમયે મને અખૂટ ખુશીઓ જ આપી છે. હું માનું છું કે મારી ખુશીનું ખરું કારણ પણ મુક્ત મને વિહરતા જીવો જ છે જેઓ સ્વતંત્ર મિજાજે પ્રકૃતિમાં મહાલે છે, પ્રકૃતિમાં કોઈ ચિંતાનું અસ્તિત્વ જ નથી હોતું કે કોઈ અસંતોષ નથી હોતો. પ્રકૃતિના નિયમ પ્રમાણે ટોળામાંથી જો કોઈ પક્ષીનો શિકાર થાય કે કોઈ પશુનો શિકાર થાય તો જેઓ બચી ગયાં છે તેઓ આંનદમાં પોતાની આજને એ રીતે માણે છે કે આપણો જવાનો સમય આજે તો નથી જ આવ્યો અને આવતી કાલનું તેઓ કંઈ વિચારતા જ નથી."

❑❑❑



અર્વાચીન બંગાળી સાહિત્યના અગ્રણી લેખક શિર્શેન્દુ મુખોપાધ્યાય (જ. ૨ નવેમ્બર ૧૯૩૫) અને સૌમિત્ર ચેટરજી કલકત્તાના કોબિતા ઉત્સવ ૨૦૧૮માં', છબી સૌ. આઇબીજી ન્યૂઝ

બહુઆયામી વ્યક્તિત્વ સૌમિત્ર ચેટરજીની વિદાય

☐ અમૃત ગંગર

આરો આરો આરો આલો
એઈ નયન પ્રભુ ઢાલો
સુરે સુરે બાંસી પુરે તુ
તુમી આરો આરો આરો દાઓ તાન

પ્રાણ ભોરિયે તૃષા હોરિયે
મોરે આરો આરો આરો દાઓ પ્રાણ

જેમની મહદ્અંશે, અને ખાસ કરીને સત્યજિત રાયના ફિલ્મ અભિનેતા તરીકે પ્રશંસા થાય છે, તે બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા સૌમિત્ર ચેટરજી (ચટ્ટોપાધ્યાય)ને રવીન્દ્રનાથ ટાગોરનું આ પ્રાર્થનાગીત ગાતાં સાંભળતાં જ વિશાળ ગગન તરફ જોઈને ઊંડી કૃતજ્ઞતાથી કહેવાનું મન થઈ જાય કે હે પ્રભુ મારી વાંસળીમાં તારા સૂર,



નિત્યાનંદ દત્તાનું અગત્યનું બંગાળી પ્રહસન *બક્સા બદલ* (૧૯૭૦) જેમાં સૌમિત્ર ચેટરજીએ મુખ્ય પાત્ર ભજવ્યું હતું. એક અલભ્ય તસવીર, છબી સૌ. લેખક

તારા સંગીતના પ્રાણ પૂરી દે, મારી આંખોમાં તારું તેજ આંજી દે! મારી વાંછનાઓને સમાવીને મારામાં નવી ચેતના સીંચી દે!

લાલ સમુદ્રમાં 'સિટી ઑવ ગ્લાસગો' નામના જહાજ પર મુસાફરી કરતી વખતે ટાગોરે આ ગીત પહેલી માર્ચ ૧૯૧૨ના દિવસે લખ્યું હતું. જહાજના તૂતક પર ઊભા રહીને શીતળ હવાની લહેરમાં આકાશ અને સમુદ્રના મિલનના અપ્રતિમ સૌંદર્યને જોતાં એકાવન વર્ષના રવીન્દ્રનાથ ટાગોરને આ ગીત સ્ફૂર્યું હતું. તેની સાથે તેમણે આનંદરૂપ નામે એક નાનકડો નિબંધ પણ લખ્યો હતો. અભિનેતા-નાટ્યકાર-ચિત્રકાર-કવિ-કાર્યકર-રેડિયો ઍનાઉન્સર-સંપાદક સૌમિત્ર ચેટરજી (૧૯ જાન્યુઆરી ૧૯૩૫-૧૫ નવેમ્બર ૨૦૨૦) ખૂબ અચ્છા કાવ્ય પઠનકાર પણ હતા, રવીન્દ્રનાથ ટાગોર (૭ મે ૧૮૬૧ - ૭ ઑગસ્ટ ૧૯૪૧)નાં કાવ્યોનું પઠન જેટલી સહજતા અને ઉત્કટતાથી કરે એટલી જ માત્રામાં જીવનાનંદ દાસ (૧૭ ફેબ્રુઆરી ૧૮૯૯ - ૨૨ ઑક્ટોબર ૧૯૫૪)નાં કાવ્યોનું. તેઓ જીવનાનંદના દીર્ઘ બંગાળી કાવ્ય વનલતા સેનનું જાહેરમાં પઠન કરતા ત્યારે કલકત્તાના સભાખંડો શ્રોતાઓથી

છલોછલ ભરાઈ જતા. તો આવો આપણે ૧૫ નવેમ્બર ૨૦૨૦ની સવારે જેમનું અવસાન થયું તે સૌમિત્ર ચૅટરજીને જીવંત કરતા તેમના વનલતા સેન કાવ્યના પઠનને આ લિન્ક દ્વારા આરંભે જ સાંભળીએ; https://www.youtube.com/watch?v=RdVuvE_bbdI

ને સાથે આ કાવ્યકૃતિની બંગાળી કડી જે તમે સ્ક્રીન પર જુઓ છો તેનો અર્વાચીન ગુજરાતી સાહિત્યના આગેવાન લેખક-વિવેચક ભોળાભાઈ પટેલે કરેલો સમાંતર અનુવાદ માણીએ:


હજાર વરસ થકી ભમું છું હું આ પૃથ્વીને પથે
સિંહલના સમુદ્રથી નિશીથના અંધારામાં
મલય સાગરે
ઘણુંય રઝળ્યો છું હું; બિંબિસાર અશોકના
ધૂસર જગતે
ત્યાં હું હતો; તેથીય દૂર અંધારામાં વિદર્ભ
નગરે;
એકાકી હું ક્લાન્તપ્રાણ, ચારે દિશે જીવનનો
સાગર સફેન,
મને બે ઘડીની શાંતિ આપી રહી નાટોરની
વનલતા સેન.

(નગ્ન નિર્જન હાથ, જીવનાનંદ દાસ, સંપાદન, અનુવાદ: ભોળાભાઈ પટેલ, ૨૦૦૫: સાહિત્ય અકાદમી, નવી દિલ્હી, પૃ.૫૯)

સૌમિત્ર ચૅટરજીના ફિલ્મ અભિનય તેમજ સત્યજિત રાય સાથેના તેમના સંબંધો વિશે તો તેમના નિધન પૂર્વે ને પશ્ચાદ અંગ્રેજી, બંગાળી અને ભારતની અન્ય (ગુજરાતી સિવાય) ભાષાઓમાં અઢળક લખાયું છે. અહીં મારા અંજલિ-લેખમાં થોડીક સાવ નવી અને અજાણી

સુમન મુખોપાધ્યાય દિગ્દર્શિત બંગાળી નાટક રાજા લિયર (૨૦૧૦)માં લિયરનું પાત્ર ભજવતા સૌમિત્ર ચૅટરજી, છબી સૌ.સુમન મુખોપાધ્યાય, છબી સૌ. ઇન્ડિયન ઍક્સપ્રેસ





૧૯૪૩ના બંગાળના ભીષણ દુકાળના વિષયને લઈને સત્યજિત રાય-દિગ્દર્શિત આશની સંકેત (૧૯૭૩)ના શૂટિંગ વખતે ફિલ્મમાં ગંગાચરણ નામે દાક્તર-શિક્ષકનું પાત્ર ભજવતા સૌમિત્ર ચૅટરજીના વાળ સરખાં કરતાં સત્યજિત રાય, છબી સૌ. ટેલિગ્રાફ

વાતોની સાથે તેમના સર્વાંગીપણાને ઉજાગર કરવાનો પ્રયત્ન કરીશ.

આજથી ચારેક દાયકા અગાઉ કલકત્તાના વિશાળ ટેક્નિશિયન્સ સ્ટુડિયોઝમાં હું સૌમિત્ર ચૅટરજીને મળ્યો ત્યારે સત્યજિત રાયની ફિલ્મકૃતિ હીરક રાજાર દેશે (૧૯૮૦)નો સમય હશે એટલે કે તેઓ હજી પિસ્તાલિસના હતા. સ્થાનિક મિત્ર અજય ડે સાથે હું શહેરના રાજ્યસંચાલિત આ વિશાળ ફિલ્મ સ્ટુડિયોઝની મુલાકાતે ગયો હતો. ત્યારે હજી નિત્યાનંદ દત્ત કલકત્તામાં જ રહેતા હતા પણ હું તેમનાથી પરિચિત નહોતો. પછી એંસીના દાયકામાં તેઓ મુંબઈ રહેવા માટે આવ્યા અને અમારી ફિલ્મ સોસાયટી સ્ક્રીન યુનિટના સભ્ય થયા. આ નિત્યાનંદ દત્તા એટલે એક વખતના સત્યજિત રાયના સહાયક દિગ્દર્શક અને ૧૯૭૦ની અગત્યની પણ અજાણી અને વિસરાઈ ગયેલી બંગાળી ફિલ્મ બક્સા બદલના દિગ્દર્શક. અગત્યની ફિલ્મ એટલા માટે કે આ ફિલ્મની પટકથા (ચિત્રનાટ્ય) સત્યજિત રાયે લખી હતી, એટલું જ નહીં તેનું સંગીત પણ તેમણે જ કમ્પોઝ કર્યું હતું. પથેર પાંચાલી નવલકથાના લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની વાર્તા આધારિત હતી ફિલ્મકૃતિ બક્સા બદલ. ખાસ વાત એ કે તેનું મુખ્ય પાત્ર સૌમિત્ર ચૅટરજીએ (અપર્ણા દાસગુપ્તા / સેન) ભજવ્યું હતું અને મારી જાણ મુજબ સૌમિત્ર ચૅટરજીના દુ:ખદ

નિધન પછી લખાયેલા અનેક લેખોમાં આ ફિલ્મ વિશે કોઈ ઉલ્લેખ થયો નથી. ફિલ્મની શરૂઆતની ક્રેડિટ્સમાં ચિત્રનાટ્યલેખક અને સંગીત કમ્પોઝર તરીક સત્યજિત રાયનું નામ મોટા ટાઈપ્સમાં દેખાય છે.

વળી, સૌમિત્રની સત્યજિત રાય સાથે ઓળખાણ કરાવવામાં પણ નિતુદાનો હાથ હતો. આવી અગત્યની વાતો મહદઅંશે અજાણી રહી છે. બક્સા બદલ ફિલ્મની વાર્તા તેનું ટાઇટલ સૂચવે છે તેમ રેલવેની મુસાફરી દરમિયાન બૉક્સ (સૂટકેસ) અદલબદલ થઈ જવાથી સર્જાતી રમૂજી ગરબડ વિશે છે. સૌમિત્ર ચૅટરજી મનોચિકિત્સક છે અને ભૂલથી એમની બૅગ જેમના હાથમાં ગઈ છે તે એક સુંદર મહિલા (અપર્ણા દાસગુપ્તા / સેન) છે. મનોચિકિત્સક હોવાથી તેઓ મહિલાના અલ્લડ વર્તનને ઉષ્માપૂર્વક પિછાણી શકે છે. આખરે બેઉ પ્રેમમાં પડે છે.

કલકત્તાના બૅલ વ્યુ નર્સિંગ હોમમાં ૧૫ નવેમ્બર ૨૦૨૦ના રવિવારની સવારે થયેલા સૌમિત્ર ચૅટરજીના દુ:ખદ નિધન બાદ કલકત્તા શહેરમાં તો સોપો પડી ગયો હતો, તેમની સ્મશાન યાત્રામાં

સત્યજિત રાયની અપુત્રયીની ત્રીજી ફિલ્મકૃતિ *અપુર સંસાર* (૧૯૫૯)થી સૌમિત્ર ચૅટરજીએ પોતાની ફિલ્મ અભિનયની કારકિર્દીની શરૂઆત કરી હતી, છબી સૌ. વિકિપિડિયા કૉમન્સ



કોરોના કાળનો સામનો કરીને હજારોની મેદની ઊમટી પડી હતી. અંગ્રેજી અને બંગાળી ભાષાના મીડિયાએ તેમને વિગતવાર શ્રદ્ધાંજલિઓ આપી હતી, સત્યજિત રાયની જગવિખ્યાત અપુત્રયીની ત્રીજી અને અંતિમ ફિલ્મકૃતિ અપુર સંસાર (૧૯૫૯)માં પુખ્ત વયના અપુ (અપૂર્વકુમાર રૉય)ની ભૂમિકા ભજવવાની સાથે સૌમિત્ર ચૅટરજીએ પોતાની ફિલ્મ અભિનયની કારકિર્દીનાં મંડાણ કર્યાં અને સત્યજિત રાયની છેક છેલ્લી ફિલ્મકૃતિ શાખા-પ્રશાખા (૧૯૯૦) સુધી તેઓ સાથે રહ્યા. એકત્રીસ વર્ષમાં ચૌદ ફીચર ફિલ્મોનો કોઈપણ કંકાસ કે કટુતા વિનાનો અભિનેતા-દિગ્દર્શકનો આવો સંગાથ જગતમાં જ્વલ્લે જ જોવા મળે. સૌમિત્ર ચૅટરજીએ બંગાળીમાં સત્યજિત રાય સંગે (અંગ્રેજીમાં ધ માસ્ટર ઍન્ડ આઈ) નામનું એક પુસ્તક પણ લખ્યું હતું. સત્યજિત રાય સિવાય બંગાળના મૃણાલ સેન, તપન સિંહા, અજય કાર, તરુણ મઝુમદાર, આસિત સેન જેવા અગ્રણી ફિલ્મ દિગ્દર્શકોની ફિલ્મકૃતિઓમાં પણ સૌમિત્ર ચૅટરજીએ વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી હતી.

હજી ચાર મહિના અગાઉ જ (એટલે સપ્ટેમ્બરમાં) કલકત્તામાં રહેતા મારા બંગાળી ફિલ્મદિગ્દર્શક મિત્ર માનસ બાસુ દ્વારા મેં સૌમિત્ર ચૅટરજીનો ફરી સંપર્ક કરવાની કોશિશ કરી હતી. મારો હેતુ નિત્યાનંદ દત્તાની ભાળ મેળવવાનો હતો. ઘણા સમયથી અમારો સંપર્ક તૂટી ગયો છે. તાજેતરમાં માનસે સૌમિત્ર ચૅટરજીને લઈને અરોરા બોરિયાલિસ નામની સુંદર ટૂંકી ફિલ્મ બનાવી છે. માનસે સૌમિત્રની સ્મૃતિ ઢંઢોળવાની કોશિશ કરી હતી પણ સદાય હસતા રહેતા અભિનેતા બીમારીમાં ઘણા ક્ષીણ થઈ ગયા હતા. હજી તેઓ તેમના ઘેર જ હતા. માનસે મને ફોન પર કહ્યું હતું કે તેઓ નિત્યાનંદ દત્તા અને તેમની ફિલ્મ બક્સા બદલનાં નામો સાંભળીને ખૂબ રાજી થયા હતા.

સૌમિત્ર ચૅટરજીએ અભિનયની શરૂઆત રંગમંચથી કરી હતી. અર્વાચીન બંગાળી રંગમંચના માંધાતા શિશિર કુમાર ભાદુરીને પોતાના મૅન્ટોર બનાવવાનું તેમ જ અહિન્દ્ર ચૌધરી જેવા ગુરુ પાસેથી રંગમંચના અભિનયની તાલિમ લેવાનું તેમને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ૧૯૫૯ના વર્ષમાં સૌમિત્રએ અપુર સંસારમાં ફિલ્મ અભિનયના ક્ષેત્રમાં પગલાં માંડ્યાં એ જ વર્ષે શિશિર કુમાર ભાદુરી (૧૮૮૯-૧૯૫૯)એ અંતિમ શ્વાસ લીધો હતો. સૌમિત્ર ચૅટરજીના બંગાળી કાવ્યોનાં સોળ પુસ્તકો પ્રગટ થયાં છે, તેઓ ઍખોન નામના બંગાળી સાહિત્યિક સામયિકનું સંપાદન પણ કરતા. નાટ્ય અભિનય અને નિર્દેશન સિવાય સૌમિત્ર ચિત્રકામ પણ કરતા.

સૌમિત્રને એક વાતનો રંજ હંમેશાં રહેતો અને તેઓ તેને વ્યક્ત પણ કરતાં, "લોકો હંમેશાં મારા ફિલ્મ અભિનયની વાતો કરે છે પણ હું કદી રંગમંચ પર અભિનય કરવાનું બંધ નથી કરતો. ઈવન બૌદ્ધિકો પણ મારા નાટ્યાભિનય વિશે વાત નથી કરતા. કેમ?"

સામાન્ય રીતે તેઓ ફક્ત સ્વદિગ્દર્શિત નાટ્યકૃતિઓમાં જ અભિનય કરવાનું પસંદ કરતા. પણ વિલિયમ શેક્સપિયરના બંગાળી કિન્ગ લિયરમાં તેમણે રાજા લિયરનું અવિસ્મરણીય પાત્ર ભજવેલું અને રાજા લિયર (૨૦૧૦) નાટ્યકૃતિના દિગ્દર્શક હતા સુમન મુખોપાધ્યાય. શારીરિક રીતે પરિશ્રમવાળા રાજા લિયરનો પાઠ ભજવતી વખતે સૌમિત્ર પાંસઠના હતા. તેઓ કહેતાં, "યુવાનીમાં હૅમલેટ ભજવવાની ખૂબ ઇચ્છા થતી પણ હવે આ ઉંમરે તો હું કિન્ગ લિયર જ ભજવી શકું." ('ઈફ હી વૉઝ ઑન ધ સ્ટેજ, યુ વુડ નૉટ લુક ઍટ એનીબડી ઍલ્સ', સુમન મુખોપાધ્યાય, ઇન્ડિયન ઍક્સપ્રેસ, ૨૧ નવેમ્બર ૨૦૧૯)

કોવિડ૧૯ લૉકડાઉન શરૂ થતા સુધી સૌમિત્ર ચૅટરજીએ કદી રંગમંચ છોડ્યો નહોતો. અને લૉકડાઉન દરમિયાન જ કોવિડે તેમની બીમારીને જટિલ બનાવી દીધી, દિવસો સુધી તેઓ કલકત્તાના બૅલ વ્યુ નર્સિંગ હોમમાં મૃત્યુ સામે ઝઝૂમતા રહ્યા અને આખરે ૧૫મી નવેમ્બર ૨૦૨૦ની સવારે અપુર સંસારના અપુ અને રંગમંચના રાજા લિયરે અંતિમ સલામી ભરી દીધી. અઢાર વર્ષ અગાઉ ત્રેવીસ એપ્રિલ ૧૯૯૨ના દિવસે આ જ નર્સિંગ હોમમાં તેમના શ્રદ્ધેય સત્યજિત રાયે પ્રાણ છોડ્યો હતો. જાણે નિયતિએ ગુરુ-શિષ્યનું અંતિમ શ્વાસ લેવાનું સ્થાન પણ એક જ હોવાનું નક્કી કર્યું હશે. તેમની અંતિમ ઘડી સુધી સૌમિત્ર ચૅટરજી સત્યજિત રાય તરફ ઊંડા આદરથી જોતા રહ્યા. એક વાર તો એમણે જાહેરમાં કહ્યું હતું જો સત્યજિત રાય મને એમની કોઈ ફિલ્મમાં દરવાનનો નાનોસરખો પાઠ ભજવવાનું કહેશે તો પણ હું તેમને કદી ના નહીં કહું.

આખરે અપુર સંસારનો અપુ પોતાના પુત્ર કાજલને ખભે મૂકીને સંસારની નૂતન સફરના પ્રયાણ આદરે છે. અપુએ પોતાનાં સૌથી નિકટનાં સ્વજનોને ગુમાવી દીધાં છે - બહેન (દુર્ગા, પથેર પાંચાલી, ૧૯૫૫), પિતા હરિહર અને માતા સર્વજયા (અપરાજિત, ૧૯૫૬), અને પત્ની અપર્ણા (અપુર સંસાર, ૧૯૫૯) એક પછી એક સદા માટે ચાલ્યા ગયાં છે. પણ આખરે અપુર સંસારનો અપૂર્વકુમાર રૉય હવે સાવ અટૂલો નથી. નાનકડો તેજસ્વી પુત્ર કાજલ તેની સાથે છે...

❑❑❑



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૨

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડો. શેફાલી થાણાવાલા

અમુક તારીખ અને અમુક વાર

એના હાથ-પગ પર ઊંડાં ચકામાં અને તાજા ઘા હતા. સાંકળથી બાંધી રાખવાથી પડેલાં. પંદર વીસ દિવસ દરગાહમાં કચકચાવીને બાંધી રાખેલો એને...

મુંબઈ એટલે આમ તો કેવું આધુનિક શહેર અને બીજી બાજુ આવી અંધશ્રદ્ધા!

'કેટેટોનિક સ્કિઝોફ્રેનિયા' નામનો રોગ થયો છે એ છોકરાને. આ રોગની બે અવસ્થાઓ હોય છે, જે એક ચક્રાકારે આવે છે. એક અવસ્થામાં રોગી સુષુપ્તાવસ્થામાં જતો રહે છે. જો રોગી ઉન્માદની અવસ્થામાં હોય ત્યારે એને દરગાહમાં બાંધી રાખ્યો હોય અને જો એ ધીમે ધીમે સુષુપ્તાવસ્થા તરફ ઢળવા લાગે તો ઘરના લોકોને અને સગાં-વહાલાંઓને લાગે કે એ વ્યક્તિ સુધરી ગઈ. આ છોકરાનું પણ એવું જ થયેલું. દરગાહ કે માંત્રિક; અંગારા, ધૂપ; ભૂવા ને બાધા-આખડીઓ, આ બધામાં કેટલીય વાર આ 'બહારનું' તો કાંઈ નથીને એવું મને રોગીનાં સ્વજનો

પૂછતાં હોય છે, ત્યારે સમજાવવું પડે છે કે આ બધું 'અંદરનું' જ છે.

આ પેશન્ટને કદાચ ઈ.સી.ટી.ની જરૂર પડશે એમ એના ઘરના સભ્યોને મેં સમજાવ્યું ત્યારે તેઓ આઘાતમાં જ સરી પડ્યા. સામાન્ય બોલચાલની ભાષામાં જેને શૉક કહેવાય છે એના વિષે લોકોમાં કેટકેટલી ગેરસમજ ફેલાયેલી છે... એ પણ એકદમ વિરુદ્ધ અંતિમોની! "આપી દો બે ચાર શૉક તમે.. એ સિવાય સારું નહીં થાય એને..." એ એક અંતિમ! તો "બીજું કાંઈ પણ કરીશું ડૉક્ટર, પણ શૉક નહીં આપીએ..." એ તદ્દન વિરુદ્ધ અંતિમ. અનેક લોકો તો સાઇકિએટ્રિસ્ટને 'શૉક આપવાવાળા ડૉક્ટર' તરીકે જ જાણે છે.

'શૉક' એટલે જ 'ઈ.સી.ટી.' અર્થાત્ 'ઇલેક્ટ્રો કન્વલ્સીવ થેરાપી'. સિત્તેર વર્ષ પહેલાં વૉન મેડ્યૂના નામના ન્યુરોલોજિસ્ટે એક મજાનું નિરીક્ષણ કર્યું. માનસિક રોગીઓના રુગ્ણાલયમાં કામ કરતી વખતે એના ધ્યાનમાં આવ્યું કે 'સાયકોસીસ' કે 'ગાંડપણનો ઝટકો' આવેલા રોગીને જો કોઈ કારણસર 'એપિલૅપ્ટીક ફીટ' કે આંકડી આવે તો ત્યાર બાદ એના 'સાયકોસીસ'ની તીવ્રતા ઓછી થઈ જાય છે. એણે પ્રયોગ ખાતર આવા દર્દીના બાવડાંમાં 'કેમ્ફરીન ઓઇલ' ના ઇન્જેક્શન આપ્યાં. થોડી જ મિનિટોમાં એ દર્દીને ફીટ કાં તો આંકડી આવી. વૉન મેડ્યૂના એક ક્રાંતિકારી પ્રયોગ કરી રહ્યો હતો. એણે નોંધ્યું છે કે એક શાસ્ત્રશુદ્ધ નિરીક્ષક તરીકે નજર સમક્ષ બનતી ઘટનાનું તટસ્થતાથી મૂલ્યમાપન કરવાની મારી ફરજ હતી. પણ એ ક્ષણે મારો ચહેરો ફિક્કો પડી ગયો હતો. ચાર ઇન્જેક્શન પછી એ દર્દીમાં સારી એવી સુધારણા જોઈ શકાઈ અને 'કન્વલ્સીવ થેરાપી'નો ઉદય થયો.

ત્યાર બાદ સરલેટ્ટી અને બિની એ બે ઇટાલિયન તબીબોએ 'ઇલેક્ટ્રિસિટી'નો સૌ પ્રથમ ઉપયોગ કર્યો. તેઓ રોમમાં આવેલા એક કતલખાનામાં જ્યારે માંસ ખરીદવા ગયા ત્યારે એમને ખ્યાલ આવ્યો કે 'ઝટકા' પદ્ધિતિથી જ્યારે જાનવરને મારવામાં આવે છે ત્યારે એને 'કન્વલ્ઝન' એટલે કે 'આંકડી' આવે છે... આ નિરીક્ષણમાંથી જ 'ઈ.સી.ટી.'નો જન્મ થયો.

મેં રોગીનાં સ્વજનોને કહ્યું કે આમાં ગભરાવા જેવું કશુંય નથી. આજે જે ઇ.સી.ટી. આપવામાં આવે છે એનું તાંત્રિક જ્ઞાન ઘણુંજ પ્રગતિ પામેલું છે. રોગીને પ્રથમ 'બેભાન' કરાય છે એટલે કે 'એનેસ્થેસિયા' આપવામાં આવે છે. ત્યાર બાદ સ્નાયુ શિથિલ કરનારાં ઔષધ આપવામાં આવે છે. (જેથી દર્દીને વાયોલન્ટ કન્વલ્ઝન ના આવે, કેમ કે એ જરૂરી પણ નથી). એક વિશિષ્ટ પદ્ધતિથી અને વિશિષ્ટ યંત્ર મારફત અંદર જનારો વિદ્યુત પ્રવાહ વધુમાં વધુ એક સેકન્ડ માટે જ આપવામાં આવે છે. વગેરે... વગેરે.

ઇ.સી.ટી.ના કોઈ દૂરગામી પરિણામો

નથી થતાં એ પણ વારંવાર ઠસાવીને કહેવું પડે છે. અર્થાત્ આ ઉપચાર કેવળ અમુક વિશેષ રોગોમાં જ કરવો જોઈએ, પણ અમારામાંના કેટલાક સાઇકિએટ્રિસ્ટ લોકો ઇ.સી.ટી.નો ઉપયોગ વૉશિંગ્ટનની કુહાડીની જેમ જ કરે છે. એનાથી ખરેખર તો ગેરસમજમાં વધારો જ થાય છે. કંઈ જ કારણ વગર બારથી ચૌદ ઇ.સી.ટી. આપનારા તબીબો પણ અમારામાં છે એ હકીકત હોવા છતાંય, જૂના જમાનાની ગેરસમજની બધી જવાબદારી લોકો પર નાખી શકાય નહીં. પરમ દિવસે જ એક સહકારી સાઇકિએટ્રિસ્ટ બોલ્યો, "સર્જનને કેવાં ટોન્સિલ અને એપેન્ડિક્સ મળી જાય છે કાપવાં માટે? કાર્ડિયોલોજિસ્ટને આઈ.સી.સી.યુ. ઍડમિશન, અનેક જાતની તપાસણીઓ અને ઇસીજી હોય છે કમાવા માટે. આપણી પાસે ઇ.સી.ટી. સિવાય બીજું છે શું?"

તો આવી પરિસ્થિતિ છે....

અમુક તારીખ અને અમુક વાર

ગયા અઠવાડિયે એક રોગીને ઇ.સી. ટી. આપવાનો પ્રસંગ આવ્યો જ. ઘરના બધા સભ્યોને બધી જ વાત વ્યવસ્થિત સમજાવ્યા પછી છ ઇ.સી.ટી.માંથી દર વખતે એક સભ્યને એક ઇ.સી.ટી. આપવાની પ્રક્રિયા મેં બતાવી પણ ખરી. ચલચિત્રોમાં બતાવવામાં આવે છે એવું કંઈ જ ભયાનક આમાં નથી એ પ્રત્યક્ષ બતાવીને સમજાવ્યું.

"અમે સાંભળ્યું હતું એવું કંઈ જ ભયાનક આમાં નથી." દર્દીનાં સગાં-વહાલાંઓ બહાર કહી રહ્યાં હતાં.

એનેસ્થેટિસ્ટ મિત્ર ડૉ. મહેશે પણ એમના દરેક ઔષધનું શું કાર્ય છે, એનેસ્થેસિયા કેમ આપવો પડશે એ બધું સમજાવીને કહ્યું.

વિચાર એવો આવે કે આપણે આ જે કર્યું તે બરાબર કર્યું કે ખોટું? થાય છે, બરાબર જ હશે. અદૃશ્ય સામાજિક મન જ્યારે જ્યારે આમ સામે આવે છે ત્યારે તેને થોડું જ્ઞાન અને દૃષ્ટિ આપવાનું ટાળવું શા માટે?

આજે છ વર્ષની એક નાનકીનાં માતા-પિતા મળવા આવ્યાં હતાં. રાણીને હૃદયરોગ હતો. એની શસ્ત્રક્રિયા વ્યવસ્થિત રીતે પતી ગઈ. પણ શસ્ત્રક્રિયા અને એની પહેલાંના એક વર્ષમાં કરવામાં આવેલી અનેક તપાસણીઓ, અસંખ્ય ડૉક્ટર્સની મુલાકાતો આ બધાને લીધે ઓપરેશન પછી રાણી એકદમ ચીડચીડી થઈ ગઈ હતી. ક્યારેક ક્યારેક તે એકલી જ દૂર એકીટશે શૂન્યમાં તાક્યા કરતી. ઘરમાંથી બહાર જવાનું એટલે ફક્ત ડૉક્ટરને ત્યાં જ... એવા ડરથી એ ઘરમાંથી બહાર નીકળવાનું જ ટાળતી. 'ડૉક્ટર' એ શબ્દથી જ એ ખૂબ ભયભીત થઈ જતી. હવે આ છોકરીને ઉપચાર માટે કેમ કરીને લાવવી એ પ્રશ્ન છે. આવતા અઠવાડિયે એના ઘરે આંટો મારી આવીશ એમ વિચાર્યું છે તો ખરું, જોઈએ શું થાય છે તે...

અમુક તારીખ અને અમુક વાર

આજનો દિવસ ખરેખર ખૂબ સરસ હતો.

શ્રીરંગ અને એની ભાવિ પત્ની રૂપા આજે કન્સલ્ટિંગ માટે આવ્યાં. સાડાચાર વર્ષ પહેલાં શ્રીરંગને એના ઘરના સભ્યો મારી પાસે લાવ્યા હતા. ત્યારે એની આંખોમાં એક પ્રકારની લાગણીશૂન્યતા ડોકાતી હતી. તદ્દન કોરી આંખો હતી એની. એનું વર્તન ક્યારેક ક્યારેક એકદમ હિંસક થઈ જતું. ક્રોધ પરનો એનો કાબૂ સાવ ગુમાવી બેસતો. પ્રથમ તબક્કાના તાત્કાલિક ઔષધોપચાર પછી એ ધીમે ધીમે સ્થિર થતો ગયો. મારી સાથે ગપ્પાં મારવા એ હંમેશાં આવતો. એણે બી.એસસી. પૂર્ણ કર્યું. એમ.એસસી.માં પણ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો અને ઉત્તમ નોકરી પણ મેળવી. એનો રોગ પાછો ઊથલો ન મારે એટલા માટે સતત બે વર્ષ એણે દવાઓ ચાલુ રાખી હતી. એ અમે ધીમે ધીમે ઓછી કરી નાખી. છતાં પણ અમારી મુલાકાતો ચાલુ જ હતી. એની ઉન્મત્ત અવસ્થા દરમ્યાનના અનુભવોની ચર્ચા અમે કરતા. આજે એણે મને પૂછ્યું, "ડૉક્ટર, તમે મને આપતા હતા એ ઊંઘની ગોળીઓ હતી?" આ એક હંમેશની ગેરસમજ હોય છે. જ્યારે કોઈને મલેરિયા થાય ત્યારે પણ તાવ આવે અને ટાઇફૉઈડ થાય ત્યારે પણ તાવ આવે. પણ બંનેનાં લક્ષણો અલગ અલગ હોય અને એટલે જ બન્નેનો ઉપચાર પણ અલગ હોય. માનસિક રોગો માટે પણ આજે વિશિષ્ટ ઔષધો ઉપલબ્ધ છે. એક જ લાકડીએ હાંકીને બધા રોગીઓને ઊંઘની દવા આપવાના દિવસો હવે ભૂતકાળની વાત છે.

"હવે મને પાછો રિલૅપ્સ નહીં થાય ને?" એનો બીજો પ્રશ્ન. જો દવાઓનો યોગ્ય કોર્સ અને નિયમિત 'ફૉલો-અપ' કરવામાં આવે તો 'રિલૅપ્સ'ની શક્યતાઓ બહુ જ ઓછી થઈ જાય છે, એ એને સમજાવ્યું.

એનાં લગ્ન રૂપા સાથે નક્કી થયાં છે. મારા કહેવા પ્રમાણે એણે લગ્નની વાત ચાલુ હતી ત્યારે જ રૂપાને એના જૂના રોગ વિશે જણાવી દીધેલું. મેં એને કહી રાખેલું કે આ વિષય પર કોઈ પણ સ્પષ્ટીકરણ જોઈતું હોય તો મારી મદદ લેજે. એટલે જ એ આજે રૂપાને લઈને આવેલો.

બધા જ માનસિક રોગો સો ટકા વારસાગત જ હોય એ અસત્ય ક્યારે ભૂંસાશે કોણ જાણે. આનુવંશિકતાનું પ્રમાણ વત્તે-ઓછે અંશે અલગ અલગ માનસિક રોગોમાં હોય છે, પણ એ ક્યારેય 'એક્સક્લુસિવ' અથવા 'એકમેવ' પરિબળ નથી હોતું. સાવ એક જ પ્રકારના રોગમાં પણ દરેક વ્યક્તિમાં રોગનાં લક્ષણો, રોગનો સમયગાળો, સારવાર પ્રત્યે રોગીનો પ્રતિસાદ, વ્યક્તિનું વ્યક્તિત્વ, અને રોગમાંથી સારા થવાનું પ્રમાણ અલગ અલગ હોઈ શકે છે.

એક એક મુદ્દો હું જેમ જેમ સ્પષ્ટ કરતો ગયો એમ એમ રૂપાના ચહેરા પરની વધતી જતી ચમક ઘણું કહી જતી હતી.

બાજુના ટેબલ પર એક ફૂલદાની હતી. એમાંનાં ફૂલોને સ્પર્શ કરતાં શ્રીરંગ બોલ્યો, "એક સમયે રોગની અસર હેઠળ મેં એક ફૂલદાની ફોડી નાખી હતી. પણ આજે આ ફૂલોનો રંગ કેટલો સરસ લાગી રહ્યો છે!"

"કારણ કે એ ફૂલોમાંના બધાય રંગ તેં પોતે ભર્યા છે." એની પીઠ પર ધબ્બો મારતાં મેં કહ્યું.


આજે વૈશાલી દસમું ધોરણ પાસ થઈ એટલે પેંડા લઈને આવી હતી. નેવ્યાસી ટકા મળ્યા છે એને. દસમા ધોરણની છમાસિક પરીક્ષા વખતે એનાં મા-બાપ એને મારી પાસે લઈ આવ્યાં હતાં. મહેનતુ સ્વભાવ અને અતિશય બુદ્ધિશાળી હોવા છતાંય પરીક્ષા નજીક આવે કે વૈશાલી બાવરી થઈ જતી. એની ઊંઘ ઊડી જતી. કંઈ જ યાદ નહીં રહે એવું એને લાગવા માંડતું. હાથ-પગ કાંપવા લાગતા. ચિંતા અને ડરનો જાણે અતિરેક થઈ જતો. અતિ ચિંતા અને ભયના રોગ પરનાં ઔષધો મેં ત્યારે વૈશાલીને આપ્યાં હતાં. પણ છમાસિક પરીક્ષા પત્યા પછી અમે ઔષધોની મદદ વગર અને ડર વિના પરીક્ષા આપવાની એક યોજના ઘડી કાઢી હતી. વૈશાલીને યોગના ક્લાસમાં દાખલ કરી. નિયમિત યોગાભ્યાસની સાથે જ એક ઓળખીતા શિક્ષકની મદદથી એની ઘણી બધી પ્રાયોગિક પરીક્ષાઓ (મૉક એક્ઝામ) લેવાનું નક્કી કર્યું. જેથી કરીને એ પરીક્ષાના ડરથી 'ડિકંડિશન' (ભયમુક્ત) થઈ શકે. તે ઉપરાંત દરેક પખવાડિયામાં અમે બન્ને શિક્ષણનો હેતુ, મહત્ત્વાકાંક્ષા, અભ્યાસ- પદ્ધતિઓ એવા અનેક વિષયો પર ગપ્પાં મારતાં. જેક લંડનથી લઈને તે એડિસનના જીવનચરિત્ર સુધીના અનેક વિષયો પર વાતો કરતાં. પોતાની મહત્ત્વાકાંક્ષા, અન્યોની અપેક્ષાઓ, તીવ્ર સ્પર્ધા આ બધામાંથી ઉદ્ભવતો નિષ્ફળતાનો ભય કેટલો મોટો હોઈ શકે છે! એડિસન જ્યારે ઇલેક્ટ્રિક બલ્બની શોધખોળના પ્રયોગો કરતો ત્યારે અનેક વાર એના પ્રયોગો નિષ્ફળ નીવડ્યા. પ્રયોગ નિષ્ફળ થાય એટલે તે કહેતો 'ઇલેક્ટ્રિક બલ્બ કેવી રીતે ન બનાવાય એની હજી એક રીત મને મળી ગઈ.' એનો દુર્દમ્ય આશાવાદ એવો હતો કે છેવટે એક દિવસ તો બધી જ ખોટી રીતોનો અંત આવી જશે અને એ દિવસે નક્કી મને બલ્બ બનાવવાની સાચી રીત મળી જશે. આમ અમારી વાતો ચાલતી રહેતી. બોર્ડની પરીક્ષા વખતે વૈશાલી રોજ મને ફોન કરતી. ત્યાર સુધી એને દવાઓની જરૂર રહી નહોતી. અને હવે તો એના ચહેરા પર આત્મવિશ્વાસનું સ્મિત રમી રહ્યું હતું..

શ્રીરંગ એન્ડ વૈશાલી બોથ મેઇડ માય ડે ટુડે!

[ક્રમશઃ]

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૨૨. નેરોગેજ ટ્રેનનાં પૈડાં

ઉતાવળ (haste)ને કોઈએ આધુનિક યુગનો દૈત્ય (demon) કહ્યો છે, એ દૈત્યનો ભાવનગરની હદમાં પ્રવેશ થયો નહોતો.

જીવનનો લય ધીમો હતો.

વસ્તી ઓછી, વાહનો ગણ્યાંગાંઠ્યાં, રસ્તા પહોળા, ક્યાંય ભીડ જોવા મળે નહીં.

અમારી ઓફિસના એટલા મોટા સ્ટાફમાં મોટા ભાગનાં માટે વાહન તે પોતાનાં ચરણ, વધુમાં વધુ સાઈકલ. આમાં એકમાત્ર અપવાદ તે સીનિયર ક્લાર્ક પ્રવીણ ચાવડા, મારા નામેરી. એમની પાસે કંઈક અતિ પ્રાચીન ફટફટિયું હતું, જે જરૂર પડ્યે ચાલુ તો થાય, પણ મહાપરાણે. વળી, અહંકાર એવો કે પોતાનાં કદ, ક્ષમતા અને કક્ષાને અવગણીને અપ્રમાણસરનો ઘોંઘાટ કરે.

બીજો અપવાદ બન્યા અશ્વિનભાઈ જોષી, આસિસ્ટંટ ઇન્સ્પેક્ટર. એમના દ્વારા નવાનકોર સ્કૂટરની ખરીદી થવી તે ઓફિસના ઇતિહાસની એક ક્રાંતિકારી ઘટના હતી. જોકે, આ પગલું (સ્કૂટરનું પગલું?) ભરતાં પહેલાં એ મારી પાસે આવીને આગોતરો બચાવ (મહાસાહસ માટેનું બળ ક્યાંથી આવ્યું?) કરી ગયા હતા. અન્યોની જેમ તેઓ, કુટુંબમાં કમાનાર એકમાત્ર સભ્ય નહોતા, પુત્ર કોલેજમાં લેક્ચરર હતો અને પુત્રવધૂ પણ કંઈક નોકરી કરતાં હતાં.

વાચકને મારી સાઈકલનો પરિચય નર્મદભાઈ ત્રિવેદીના સંદર્ભમાં થઈ ચૂક્યો છે. તેનો ઉપયોગ અંગત કામ પૂરતો મર્યાદિત હતો. ઓફિસે

જવા-આવવા માટે પગનું વાહન. મારું ઘર શિશુવિહાર સર્કલ પાસે હતું. શરૂઆતમાં ગાંધીસ્મૃતિ થઈને જતો. પછી કોઈએ વૈકલ્પિક ટૂંકો રસ્તો સૂચવ્યો. શિશુવિહારથી ભીલવાડા સર્કલ, ત્યાંથી એક સાંકડી ગલીમાં થઈ હલુરિયા ચોક સામે, એકબાજુ આલ્ફ્રેડ હાઈસ્કૂલ અને બીજી બાજુ અમારી ઓફિસ.

જોકે, રસ્તાની પસંદગી માટે અંતર તે એકમાત્ર ધોરણ હોઈ શકે નહીં. સાંજે ઘરભણી જવા માટે ગાંધીસ્મૃતિવાળો રસ્તો જ વધારે અનુકૂળ આવતો. લગભગ આખો દિવસ ખુરશીમાં બંધાઈ રહેવાનું, તેથી અંગો અકડાઈ ગયાં હોય. એ નિમિત્તે થોડું ચાલવાનું થઈ જતું.

રસ્તો પહોળો અને ખુલ્લો. મનને સારું લાગતું.

* * *

અવકાશ હતો, મોકળાશ હતી, તેથી તખ્તસિંહ પરમારસાહેબ અને નર્મદભાઈ જેવા મહાનુભાવો સાથેના સંબંધો શક્ય બન્યા. ઓફિસના સાથી કર્મચારીઓ સાથેના વ્યવહારમાં આત્મીયતા હતી. કોઈને કોઈ નિમિત્તે હું અરવિંદભાઈ રાવળ, હરિભાઈ ગોરડિયા તથા અન્ય ત્રણ-ચાર કર્મચારીઓના ઘેર પણ જઈ આવ્યો હતો.

શિહોર રાતવાસો કરવાનો થાય ત્યારે ઉતારો સરકારી રેસ્ટહાઉસમાં નહીં પણ મારા સાથીદાર શંકરલાલ કનાડાને ઘેર જ હોય. પહેલીવાર આ રીતે શિહોર જવાનું હતું ત્યારે અગાઉથી, ઓફિસમાં મારી પાસે આવી આમંત્રણ આ શબ્દોમાં આપ્યું હતું, 'મારે ઘેર રહેવાનું ન ફાવે, સાહેબ?'

આવા પ્રશ્નનો ઉત્તર એક જ હોય - ફાવે, ખૂબ ફાવે!

એમનાં પત્ની શિહોરમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતાં તેથી રહેવાનું શિહોર રાખ્યું હતું, ત્યાંથી ભાવનગર આવ-જા કરતા. સંતાનો નાનાં : બે પુત્ર અને એક પુત્રી.

એક શેરીમાં જૂની બાંધણીનું મકાન, જેમાં ઈંટો ઓછી અને લાકડું વધારે.

એમના આતિથ્યને ભૂલવું શક્ય નથી.

* * *

જીવનના એ લયનું પ્રતીક હતી ભાવનગર-મહુવા નેરોગેજ લાઈનની ટ્રેન, જેનો ઉપયોગ પ્રવાસ માટે ઓછો અને રમૂજ માટે વધારે થતો.

'બાપુગાડી' તો જોક્સ માટેનું ફળદ્રૂપ ક્ષેત્ર હતું. અમારા મદદનીશ ધ્રુવભાઈએ કહેલી આ જોક નમૂનારૂપ છે!

એક પ્રૌઢા ગામડેથી દૂધ વેચવા દરરોજ ટ્રેનમાં ભાવનગર જાય. એક દિવસ ટ્રેનના ડ્રાઈવરે એમને માથે બોઘરણું લઈ ચાલતાં જતાં જોયાં.

ટ્રેનના પાટા અને કેડી સમાંતર.

ડ્રાઈવરને નવાઈ લાગી. સહજ કૂતુહલથી પ્રેરાઈને પૂછ્યું, 'કેમ હાલતાં જાઓ છો, માડી?'

માડી કહે, 'આજે જરીક ઉતાવળ

છે, બટા.'

આપણે માની શકીએ કે આ ઉત્તરથી ડ્રાઈવરને સંતોષ થયો હશે.

આને શુદ્ર જોકના સંવર્ગમાં મૂકી શકાય તેમ નથી. પગે ચાલનાર કરતાં ટ્રેનની ગતિ ધીમી - આટલી વાત પર હસી લીધું, પરંતુ એ તો માત્ર સપાટી છે. ભીતર, અન્ય સ્તરે છે માનવીય સંબંધો.

'માડી' અને 'બટા' એવાં સંબોધનો.

ગતિ ધીમી હતી તેથી જ એ શક્ય હતું.

* * *

ટ્રેનનો વિષય નીકળ્યો છે તો થોડી વાત ભાવનગરને રાજ્યના અન્ય ભાગો સાથે જોડતી ટ્રેનોની પણ કરવી પડશે. અમદાવાદ-ભાવનગરની જેમ અમદાવાદ-દિલ્હી લાઈન પણ મીટરગેજ હતી, બ્રોડગ્રેજ નહીં. છતાં, દિલ્હીવાળી ટ્રેનની ગતિ વધારે અને અમદાવાદ-ભાવનગર ટ્રેનની ગતિ ઓછી, ખૂબ ઓછી, તેનું કારણ ટેક્નિકલ હશે કે સાંસ્કૃતિક? ભાવનગર-અમદાવાદ વચ્ચેની રાતની ટ્રેન 'સુપર ફાસ્ટ' એવા હુલામણા નામે ઓળખાતી. રાત્રે નવેક વાગ્યે ભાવનગરથી ઊપડે અને સવાર પડતાં તો, તે વખતની ચલણી ભાષામાં, અમદાવાદ ફેંકી દે.

ઉતાવળ નથી, તેથી 'ફેંકી દે' એ પ્રયોગ આગળ આપણે રોકાઈ શકીએ અને તેના વિવિધ આયામો વિશે ચિંતન કરી શકીએ.

ટ્રેનમાંથી ફેંકી દેવાયેલા પ્રવાસીઓનું કંઈક આવું ચિત્ર મને દેખાય છેઃ

એમને પથ્થર પર નાખવામાં આવે કે ધૂળમાં, કોઈને વાગતું નથી, હાથ-પગ છોલાતા નથી.

વસ્ત્રોને ધૂળ લાગતી નથી.

હસતાં હસતાં ઊભા થઈને, ડ્રાઈવર-ગાર્ડ તથા ટ્રેનને આવજો કરીને એ વિદાય લે છે.

એવી જ ભાવનગર-મહેસાણા ટ્રેન, વતન જવા માટે અમને એ જ વધારે અનુકૂળ આવે. 'રિઝર્વેશન' એવા ખ્યાલનો તે સમયે અમારી ચેતનામાં પ્રવેશ થયો નહોતો. સ્ટેશને જાઓ, ટિકિટ લઈને બેસી જાઓઃ આરામથી બેસવાની નહીં, સૂવાની જગ્યા મળી જાય. પત્ની તથા બાળકો સમય થતાં સૂઈ જાય.

એક માણસ આખી રાત બારી પાસે બેસી રહે. કુટુંબના વડા તરીકેની જવાબદારી તો ખરી જ, ઉપરાંત એમાં એનો સ્વાર્થ હતો.

લોકલ ટ્રેન અને રાતની મુસાફરીઃ કાવ્ય હતુંઃ એ અનુભવનું આલેખન કરવા માટે મારી પાસે કવિની ભાષા નથી.

મારી પાસે નથી, પણ અન્યો પાસે તો હોય ને? દસકાઓ પહેલાં 'Music of Trains' નામનું કાવ્ય ક્યાંક વાંચ્યાનું યાદ છે.

હવે ભાવનગર-મહુવા નેરોગેજ લાઈન પર આવીએ. ચિંતા કરવાની જરૂર નથી.

એ ટ્રેન આપણને લીધા વિના ઉપડવાની નથી. એ બધું જાણે છે, સમજે છે. એને આપણે નિર્જીવ યંત્ર માનીશું તો માત્ર એને નહીં, એક યુગને અન્યાય થશે. ટ્રેનને હૃદય છે, લાગણી છે. નાનામાં નાના મનુષ્ય પ્રત્યે પણ કરુણા છે. તેથી જ તો, મોડા પડેલા પ્રવાસીઓ, ઊંઘણશીઓ, આળસુઓ, આંધળા અને અપંગો - કોઈને છોડીને એ જતી નથી-

ટ્રેન, એના કોલસા અને વરાળ, ડ્રાઈવર, ગાર્ડ, સ્ટેશન માસ્તર, સાંધાવાળો, ભજિયાં-ગોટાના ફેરિયા, બે બાજુનાં વૃક્ષો, નદીનાળાં, ખેતરો-

ધરતીના શ્વાસોચ્છ્વાસ સાથે આ બધાનો લય જોડાયેલો છે.

* * *

મારા ઘરની સાવ પાસે હતું માણેકવાડી સ્ટેશન.

કોઈવાર રજાના દિવસે બાળકોને કહું, 'ચાલો.' સાત વર્ષની કવિતા અને પાંચનો જયદીપ દોડીને ડાબા-જમણા હાથની આંગળી પકડી લે.

હથેળી જેવડું સ્ટેશન.

પે...લી નાનકડી બારી જોઈ, ગોખલા જેવી? તે બૂકિંગ ઓફિસ. તમે બે જાઓ. આ પૈસા મુઠ્ઠીમાં દાબી રાખો. ટિકિટ ખરીદી લાવો.

પગના અંગૂઠા પર ઊંચાં થઈ ટિકિટ માટે સાથે હાથ લંબાવતાં ભાઈ-બહેન.

અરે, ઉતાવળ નથી, ઉતાવળ નથી! જુઓ, પ્લેટફોર્મ આખું ખાલી છે. મોટું, છત્રી જેવડું ઘડિયાળ લટકાવવામાં આવ્યું છે, પરંતુ તે આળસુના પીરની સામે જોવાથી કશો લાભ થવાનો નથી.

ટ્રેન દેખાઈ? દોડાદોડી ન કરો. જુઓ, લગભગ ખાલી છે.

દાખલ થયાં, વ્હીસલ વાગી, એન્જિનનું ભખ્ભખ્ થયું-

બેસવાનો, બારીની બહાર નિરીક્ષણ કરવાનો પ્રશ્ન નથી, કારણ કે-

લ્યો, આપણું સ્ટેશન આવી ગયું!

મહુવા તરફ જતાં શહેરનું બીજું સ્ટેશન તખ્તેશ્વર.

બાળકો ખોવાયેલાં ખોવાયેલાં લાગે. એમને સમજાય નહીં કે, જે બન્યું તે ખરેખર બન્યું કે ન બન્યું? કાળનાં પરિમાણોમાં આટલી મોટી ગરબડ હોઈ શકે- શરૂઆત થાય તે પહેલાં પૂરું?

ટ્રેન વિદાય લે તેને જોતાં ઊભાં રહીએ.

હવે?


હવે બીજું શું હોય? નિરાંતે ચાલતાં, ઠાગાઠૈયા કરતાં, પાછાં આપણા ઘેર.

જૂના સંબંધીઓ વિશે પૃચ્છા કરીએ તેમ મેં જીવરાજભાઈ મૈયાણીને ભાવનગર-મહુવા ટ્રેનના સમાચાર, બીતાંબીતાં, થડકતા હૈયે પૂછ્યા હતા - સ્વાસ્થ્ય કેવું રહે છે?

હરીફરી શકે છે કે નહીં?

- નથી રહ્યું, કંઈ નથી રહ્યું. પાટા પણ ઊખડી ગયા છે.

[ક્રમશઃ]



'ટ્રેનમાં ગાંધીજી' સાથે સફર

☐ રાજેશ પંડ્યા

લાભશંકર ઠાકરનો એક કાવ્યસંગ્રહ છેઃ 'કેમેરા ઓન છે.' આ સંગ્રહના મુખપૃષ્ઠ પર ચાર છબિ છે. એક છબિ ગાંધીજીની છે. જેમાં તે ચાલી રહ્યા છે, પીઠ કરીને. આપણાથી દૂર. જે જે છબિ જુએ એનાથી દૂર. 'હી ગોઝ આઉટ ઓફ ફ્રેમ.' કવિનો પ્રશ્ન છેઃ 'પૂછ પોતાને / એ / કેમ ગયા ચાલી / તારી ભાવદૃષ્ટિની ફ્રેમમાંથી?' આ છબિ દ્વારા ને એ વિશેના નાનકડા કાવ્ય દ્વારા લા.ઠા. આપણા અંગત જીવન અને જાહેર જીવન એમ અંતરબહિર માનવજીવનમાંથી ગાંધી ને ગાંધીવિચાર સદંતર બાદ થઈ ગયા છે તેનો સંકેત કરે છે.

છતાં ગાંધીજી કોઈ કોઈને, કોઈ ને કોઈ રીતે યાદા'વ્યા કરે છે. આજેય. એની સાખ પૂરે છે કિશોર વ્યાસનું 'ટ્રેનમાં ગાંધીજી' એ પુસ્તક. થોડાંક વરસો પહેલાં કિશોર વ્યાસે 'ગાંધીજીનો

અક્ષરદેહ'ના બધા ભાગનું વાચન કર્યું હતું તેનું એક સુફળ તે આ વિશિષ્ટ પુસ્તક. જોકે હિંદીમાં ડો. વાય. બી. આનંદ સંપાદિત 'ગાંધી ઔર રેલવે' (અને અંગ્રેજીમાં 'Mahatma Gandhi and the Railways') એવું પુસ્તક છે. એનાથી આ પુસ્તક ઘણું જુદું છે. પોતે એ પુસ્તક હજી સુધી જોયું નથી એવી નિખાલસ કબૂલાત લેખકે નિવેદનમાં કરી છે. ગાંધીજી વિશે તમે લખતા હો તો આવું સત્ય જણાવવાની તમારી જવાબદારી બને છે.

'ટ્રેનમાં ગાંધીજી' એ પુસ્તક મુખ્યત્વે ગાંધીજીના રેલપ્રવાસના વિધવિધ પ્રસંગોનું રસાળ કથાકથન કરે છે. પુસ્તકનો આરંભ બહુ સૂચક રીતે, 'હિંદસ્વરાજ'ના લેખન પાછળ રહેલી ભૂમિકાના ઉલ્લેખથી થાય છે. 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીએ અંગ્રેજી સુધારાની ભારે ટીકા કરી છે. એવા સુધારામાં રેલવે પણ છે. એ જ રેલવે દ્વારા ગાંધીજીએ ભારતની ઓળખ પામવા પુષ્કળ પ્રવાસ કર્યો. ભારતીય જનતાના નિસ્વાર્થ સ્નેહનો પરિચય પણ એમને રેલવેના સ્ટેશને સ્ટેશને થયો. સ્વરાજ્ય પ્રાપ્તિના વિચારો, આંદોલનના કાર્યક્રમો, રાજકીય મંત્રણા, દેશોન્નતિની યોજનાઓ, પ્રજાકેળવણી, પત્રાદિ લેખન, સહકાર્યકરો ને અનુયાયીઓ સાથેના સ્નેહસંબંધ - આ બધી બાબતમાં રેલવે ગાંધીજીના જીવનનું ગતિશીલ પ્રતીક બની રહે છે.

આ રેલવે જ મો. ક. ગાંધીને મહાત્મા ગાંધી સુધીના પ્રવાસે લઈ જનાર માધ્યમ છે. દક્ષિણ આફ્રિકાની એ પરિવર્તનકારી ઘટનાને કિશોર વ્યાસ પુસ્તકના આરંભમાં જ રજૂ કરે છે. શિયાળાની એ કડકડતી રાત ને નાતાલનું મેરિત્સબર્ગ સ્ટેશન ગાંધીજીના મનોમંથનના સાક્ષી બને છે. વળતા દિવસનો સૂરજ રંગદ્વેષનો રોગ નાબૂદ કરવા ને એ માટે જે જે દુઃખ પડે તે બધાં સહન કરવાના નિશ્ચય સાથે ઊગે છે. એ પછી ગાંધીજીના જીવનના બધા જ સૂર્યોદય આ નિશ્ચયને દૃઢ બનાવતા રહે છે.

જેમ દક્ષિણ આફ્રિકામાં તેમ ભારતમાં પણ ગાંધીજીના જીવનધ્યેયને બળ પૂરું પાડનાર ટ્રેન છે. ભારતમાં એમની પહેલી ધરપકડ પણ રેલવેમાં થઈ. ગાંધીજી ભારતના ગણમાન્ય નેતા બન્યા તેય આ ટ્રેનના કારણે. ગાંધીજી જ્યારે જ્યારે રેલવે પ્રવાસ કરતા હોય ત્યારે સ્ટેશન સ્ટેશને અનેક લોકો ટોળે વળે. દેશભક્તિનાં ગીતો ગાય, સૂત્રોચ્ચાર કરે, ગાંધીજીના નામનો જયઘોષ કરે. એ વખતે ટ્રેનના અન્ય મુસાફરોને ગાંધીજી પ્રત્યે અણગમો થાય. કેટલાકને તિરસ્કાર થાય. માત્ર સામાન્ય પ્રવાસીઓ જ નહીં, સાથીઓ પણ કંટાળે. એક વાર આચાર્ય કૃપલાણી, 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'મહાત્મા ગાંધી કી જય' બોલાવતા ટોળાથી ત્રાસી જઈ

'જહન્નમમાં જાય મહાત્મા' એમ બોલ્યા. એટલે કસ્તુરબાએ નારાજ થઈ કહ્યું 'પ્રોફેસર, તમે બાપુને જહન્નમમાં મોકલો છો.' કૃપલાણીએ જવાબ આપ્યો 'બાપુને નહીં, મહાત્માને.' કસ્તુરબા તો એ ભેદ સમજ્યાં નહીં પણ સાથીઓને જરૂર રમૂજ થઈ ને ભીડમાંય રાહત મળી.

બીજી કોઈ વાર, અમદાવાદ સ્ટેશનની માનવભીડથી ગાંધીજીને બચાવવા સરદાર પટેલે કાંકરિયા યાર્ડમાં ટ્રેન રોકાવી, એમને ઉતારી આશ્રમે પહોંચાડ્યા. લોકો સ્ટેશને રાહ જોતા રહ્યા. ગાંધીજીને ખબર પડી ત્યારે બહુ ક્ષોભ થયોઃ અને 'નવજીવન (૧-૬-૧૯૨૪)માં 'મને ક્ષમા કરજો' એવા મથાળાથી માફીનામું લખી પ્રગટ કર્યું. જે આજેય વાંચવા જેવું છે.

રેલવે સ્ટેશનો પર ઊમટતી આ ભીડ પાસેથી ગાંધીજી હરિજનકાર્ય માટે ફાળો ઉઘરાવતા. હરિજનફાળામાં કેટલીક વાર વસ્તુઓ પણ મળતી, તો એની ત્યાં ને ત્યાં હરાજી કરાતી. એક ચાંદીની રકાબીની તો ત્રણ વાર હરાજી થયેલી ને એનાં ૪૫૦૦ રૂપિયા ઊપજ્યા, પછી ચોથીવાર તેની હરાજી ન કરાઈ ને એ ગાંધીજીની પાસે જ રહી. 'ગાડીમાં હું હરિજનો માટે ફાળો ઉઘરાવવા સિવાય બીજું કશું કરતો નથી' એમ ગાંધીજી ભલે કહેતા હોય પણ પ્રવાસ દરમિયાન જાતજાતનાં કામ એમણે કર્યાં છે. ખાસ તો 'હરિજનબંધુ' અને 'નવજીવન' માટે લેખો લખવામાં ને વિશેષ તો પત્રો લખવામાં. ઈ.સ. ૧૯૩૩માં પૂનાથી મુંબઈ જતાં ટ્રેનમાં ગાંધીજીએ સરદાર પટેલને જે કાગળ લખ્યો છે તે ઘણી રીતે મહત્ત્વનો છે. આ પત્રમાં તેઓ સરદાર માટે મધ મોકલવા લખે છે ને પસ્તીમાંથી પરબીડિયાં બનાવવાની એમની ટેવ બિરદાવે છે. ગાંધીજીને મળ્યા પછી સરદારની જીવનશૈલીમાં કેટલું પરિવર્તન આવ્યું છે તેનો ખ્યાલ એથી આવે છે.

રેલવેમાં ગાંધીજી મોટેભાગે ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા. એ પાછળનો તેમનો હેતુ દેશની વાસ્તવિક સ્થિતિ નજરે જોવાનો અને સામાન્ય પ્રજાનાં દુઃખો જાણવાનો હતો. 'જે નેતાનું શરીર ત્રીજા વર્ગની મુસાફરીનો શ્રમ વેઠી શકે એમ હોય તેણે બીજા કે પહેલા વર્ગમાં બિલકુલ મુસાફરી ન કરવી જોઈએ' એમ તેમનું માનવું હતું. ઈ. સ. ૧૯૦૧ની કલકત્તા મહાસભા વખતે ફિરોજશા મહેતા, ચીમનલાલ સેતલવાડ, દીનશાજી વાચ્છા વગેરે સ્પેશિયલ સલૂનમાં મુસાફરી કરતા હતા, પણ ગાંધીજી ત્રીજા વર્ગમાં પેસેન્જર. ઈ. સ. ૧૯૪૨ની હિંદ છોડો લડત પછી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ એરકંડિશન્ડ કોચમાં સિમલા જતા હતા ત્યારેય ગાંધીજીએ તો ત્રીજા વર્ગના ડબ્બામાં જ પોતાની બેઠક સંભાળી હતી. પહેલા વર્ગની મુસાફરીને ગાંધીજીએ કલંક માન્યું હતું. તેઓ કહેતા કે 'જેમ વાઈસરોય સિમલાની દુર્ગમ ટેકરીઓની ટોચે બેસીને હિંદના લોકોના દિલ પર

રાજ્ય ન કરી શકે, તેવી જ રીતે પોતે પહેલા વર્ગમાં પ્રવાસ કરીને કરોડો લોકો સુધી સંદેશો ન પહોંચાડી શકે.'

ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કે સેકન્ડ ક્લાસની સુવિધા તો દૂર, ગાંધીજી થર્ડ ક્લાસની ખાસ સગવડો પણ સ્વીકારતા નહીં. એ જાણવા ઈ. સ. ૧૯૪૭નો આ પ્રસંગ જુઓ. ગાંધીજી લોર્ડ માઉન્ટબેટનને પહેલીવાર મળવા જતા હતા ત્યારે સરકારે વિમાન સુધીની ઓફર કરી. તેનો ઇન્કાર કરી, ગાંધીજીએ રેલવેના ત્રીજા વર્ગમાં જ જવાનું નક્કી કર્યું. એક સાદા ડબ્બામાં ગાંધીજીને આરામ નહીં મળે એમ માની મનુબહેને બે ખાનાવાળો ડબ્બો પસંદ કર્યો. ગાંધીજીને એની જાણ થતાં એમણે ભીડમાં લટકતા પેસેન્જર બતાવ્યા. બીજા સ્ટેશને એ ડબ્બો બદલી નાખ્યો ને મનુબહેનને પણ ('જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે તો વાપરવું, તેમાં હિંસા છે' એવો) પદાર્થપાઠ શીખવ્યો. આ પ્રસંગ લખતી વખતે મનુબહેન ગાંધીજીને યોગ્ય રીતે હિંદુસ્તાનના બાપુ કહે છે. રાષ્ટ્રપિતાનું બિરુદ પામતા પહેલાં સામાન્ય પ્રજાની એક બાપ જેમ હેતાળ કાળજી લીધી હોય તેવા બીજા પ્રસંગોય આ પુસ્તકમાં છે.

મનુબહેન સાથેની મુસાફરીમાં ગાંધીજીનું જે કડક વલણ જોવા મળે છે તે તો શિક્ષણના એક ભાગ તરીકે. બાકી ગાંધીજી પોતાના સહપ્રવાસી સાથીઓની ઘણી દરકાર રાખતા. એવા બે પ્રસંગ આ પુસ્તકમાં છે. મદ્રાસ ઇલાકામાં રેલગાડીના પ્રવાસ વખતે ગાંધીજીએ, મહાદેવભાઈ જાગે તે પહેલાં એમની માટે ચા અને ટોસ્ટ મગાવી રાખ્યાં હતાં. મહાદેવભાઈને ચા સાથે પાઉં, માખણ ખાવાનો શોખ હતો, એટલે. બીજો પ્રસંગ છે કૃપલાણી સાથેનો, સિંધના પ્રવાસ વખતે. બપોરી ભોજનવેળા ગાંધીજીએ એમને પૂછ્યુંઃ 'તમે કેમ કંઈ ખાતા નથી?' કૃપલાણીએ જવાબ આપ્યો કે 'હું જાજરૂ ગયો નથી. કેમ કે ત્રીજા વર્ગના ગંદા પાયખાનાની સૂગ છે.' 'તમે પહેલા કેમ ન કહ્યું?' એમ કહીને ગાંધીજીએ તેમને ટિકિટ લઈ ઉપલા વર્ગમાં જવા કહ્યું. આમ, પ્રવાસ દરમિયાન ગાંધીજી બીજાની જરૂરિયાતોને બરાબર જાળવી જાણે છે. પોતાના આગ્રહો બીજા પર લાદવાની કઠોરતા અહીં જણાતી નથી.

ગાંધીજી માટે ટ્રેન જ સત્યાગ્રહનું કાર્યાલય હતું. 'ત્રીજા વર્ગના પ્રવાસને હું મારા જીવનના અનુભવોમાંથી સૌથી કીમતી અનુભવ ગણું છું' એમ તેમણે અમથું નથી કહ્યું. આ ત્રીજા વર્ગની સુવિધાઓ વધારવા એમણે રેલવેતંત્રને પત્રો લખીલખીને તાકીદ કરી છે. એટલું જ નહીં ત્રીજા વર્ગના ઉતારુઓની ટેવો સુધારવા પત્રિકાઓ છાપીને કે લેખો લખીને એમને પલોટવા પ્રયત્નો કર્યા છે. એ દૃષ્ટિએ 'આગગાડીના મુસાફરો' અને 'ત્રીજા વર્ગના ઉતારુઓ' લેખ મહત્ત્વના છે. રેલવેની વર્તમાન વ્યવસ્થાને પણ

એ મહદંશે લાગુ પાડી શકાય. એમાં ગાંધીજીએ ત્રીજા વર્ગની હાલાકીનું જે વર્ણન કર્યું છે તે આજેય ટ્રેનના સામાન્ય ડબ્બાઓમાં જોવા મળશે, અને હાવરા-લાહોરની રેલવે લાઈન પર કાબુલીઓનો ત્રાસ વાંચીને આજના પાસ-હોલ્ડરોની યાદ આવી જશે. લગભગ એક સદી પછીય ઘણીખરી બાબતોમાં આપણે ત્યાં ને ત્યાં છીએ, એક પ્રજા તરીકે હજીય આપણે ઘણું શીખવા-સમજવાનું છે તેનો ખ્યાલ આવશે. ગાંધીજીના ટ્રેન પ્રવાસની સાથે સાથે આવી માર્મિક ટીપ્પણી પણ લેખક કરતા જાય છે. 'ટ્રેનમાં ગાંધીજી'ની આવી આવી કેટલીય રસપ્રદ વાતો તમને આ પુસ્તકમાં વાંચવા મળશે પણ હાલ તરત એ બાજુએ રાખી, પુસ્તકના અંતભાગનો એક હૃદયસ્પર્શી પ્રસંગ જોઈએ.

એક વાર કરણી રેલવે સ્ટેશન પર ભેગા થયેલા લોકો જ્યારે મહાત્મા ગાંધીની જય બોલાવતા હતા બુલંદ સૂરે ત્યારે 'માતા કસ્તુરબાની જય' બોલાવતો હરિલાલનો હળવો સૂર સંભળાય છે ને ગાંધીજી-કસ્તુરબા ભીડમાંય દીકરાને ઓળખી કાઢે છે. પછીના દૃશ્યસંવાદ માટે તમારે આ પુસ્તક 'ટ્રેનમાં ગાંધીજી' કે 'હરિલાલ ગાંધી' (ચંદુભાઈ દલાલ) અવશ્ય વાંચવું જોઈએ. અથવા રિચર્ડ એટનબરોની 'ગાંધી' સિનેમા જોવી જોઈએ. આ પ્રસંગવર્ણન પછી કિશોર વ્યાસ લખે છેઃ 'બા-બાપુની એ સાંજ ઉદાસીભરી બની ગઈ. હરિલાલ જીવનરસના પ્રતીક સમી મોસંબી લઈને કેટલા સમય પછી મળ્યા હતા પણ એનામાં એ (જીવનરસ) ક્યાં હતો? બા-બાપુના અંતરમાં સ્ટેશન પરની આ મુલાકાતે કાળજે ચીરા નહીં પાડ્યા હોય?'

આ પુસ્તક જેમ 'હિંદ સ્વરાજ'ની ભૂમિકાવાળા વિશિષ્ટ આરંભ સાથે શરૂ થયું તેમ પુસ્તકનું સમાપન પણ ગાંધીજીના અસ્થિવિસર્જનના વર્ણનથી વિલક્ષણ બની રહે છે. રેલવેતંત્રે છેલ્લીવાર ગાંધીજી (ના અસ્થિવિસર્જન) માટે સ્પેશિયલ ગાડી દોડાવી. ડબાની વચ્ચોવચ ઊંચા મંચ પર ફૂલોથી ઢંકાયેલો અસ્થિકુંભ મૂક્યો. સાથીઓ અનુયાયીઓ સૌ જોડાયા. એક પછી એક સ્ટેશને માનવમેદની ઊમટતી, પણ હવે ટ્રેનની બારીમાંથી ફાળો સ્વીકારનાર હાથ બહાર આવવાનો નહોતો. અહિંસા શીખવાડનાર બાપુને હિંસા વડે જ લોકો પાસેથી આંચકી લેવાયા હતા. આવા ભાવાર્દ્ર વર્ણનને લેખક આગળ વધારતા લખે છેઃ 'ગંગાનાં શ્વેત અને જમનાનાં નીલ વારિ જ્યાં એકઠાં થાય છે ત્યાં અસ્થિકુંભને લઈ જવામાં આવ્યો.... કુંભના અવશેષો ધીરે ધીરે વહેતા પ્રવાહમાં ભળતા ગયા.' આ વર્ણન ઘણું સૂચક છે. જેમ ટ્રેન એક સ્ટેશનને બીજાં સ્ટેશન સાથે જોડે છે તેમ ગાંધીજી ભારતના એક છેડાને બીજા છેડા સાથે,

એક પ્રજાને બીજી પ્રજા સાથે, હિંદુને મુસ્લિમ સાથે જોડતા રહ્યા જીવનભર ને ભારતની ગંગાજમુના સંસ્કૃતિ જાળવતા રહ્યા છેલ્લી ક્ષણ સુધી. પુસ્તકનું અંતિમ વાક્ય છેઃ 'હવે એક નવો પ્રવાસ શરૂ થયો.' ગાંધીમાર્ગ આ પ્રવાસને સ્વતંત્ર ભારતમાં જાળવી રાખવાનું કર્તવ્ય દરેક ભારતીયનું છે.

'ટ્રેનમાં ગાંધીજી' પુસ્તકનો આવો આરંભ-અંત કિશોર વ્યાસની ગ્રંથ સંકલનાની ઊંડી સૂઝનો પરિચય આપે છે. આ પુસ્તકનું લેખન-સંપાદન ઉપરાંત મુદ્રણ-પ્રકાશન પણ પ્રશંસનીય છે. એકસોએક પાનાંનું આ ઘાટીલું પુસ્તક ત્રીસેક જેટલી છબિઓથી ઉઠાવદાર બન્યું છે. છબિઓની ગોઠવણી પણ પ્રસંગાનુરૂપ છે. પુસ્તકની સજાવટ ને છપાઈ પણ સાદગીભરી છતાં આકર્ષક છે. પુસ્તકનાં પાનેપાને ચાલતા ગાંધીજીનું લઘુ રેખાંકન-પાનું પૂરું થવા આવે ત્યાં, જમીન પર ચાલતા હોય તે રીતે - મૂક્યું છે તે પણ રમણીય વિરોધ દ્વારા, ટ્રેન યાત્રાના વિકલ્પે પદયાત્રાના મર્મને દર્શાવે છે, આ રીતે ચાલતા રહેવું પોતાના પગે ટટ્ટાર એ જ સમગ્ર ગાંધી વિચારનું કેન્દ્રબિંદુ છે. ટ્રેન તો એમણે દેશકાર્ય માટે સ્વીકારેલો વિકલ્પ છે તેવો સંકેત પણ એમાંથી પ્રગટે છે.

આવું પુસ્તક કોઈ સાહિત્યિક કે વ્યાવસાયિક પ્રકાશન સંસ્થાએ નહીં, પણ કિશોર વ્યાસ જ્યાં છેલ્લા ત્રણેક દાયકાથી અધ્યાપન, અને દોઢ દાયકાથી આચાર્ય તરીકે સંચાલન કરે છે તે કાલોલની એમ. એમ. ગાંધી આર્ટ્સ અને કોમર્સ કોલેજે કર્યું છે. એમાં માત્ર ગાંધી અટકનું સામ્ય જ કારણભૂત નથી, શિક્ષણસંસ્થાની સામાજિક જવાબદારીનું અનુકરણીય સૂચન પણ છે. આ એમ. એમ. ગાંધી એટલે પંચ મહાલના લોકસેવક માણેકલાલ ગાંધી. મોહનદાસ ગાંધી વિશેનું આ પુસ્તક માણેકલાલ ગાંધીને અર્પણ કરીને કિશોર વ્યાસે પોતાની શિક્ષણ સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કર્યું છે ને એમ જનસેવાના સેતુને એક ગાંધીથી બીજા ગાંધી સુધી જોડી આપ્યો છે.

આ પુસ્તક વિદ્યાર્થીઓથી લઈને સામાન્ય વાચક સુધી વંચાય એ આજના સમયની તાકીદ છે. આપણી ચલણી નોટ ઉપર જ નહીં, પણ ચલણી નોટ રાખીએ છીએ તે ખિસ્સા નીચેના આપણા હૃદયમાંય ગાંધીજી ધબકતા રહે ને વર્તમાન કમઠાણોમાં એમનું વિસ્મરણ ન થાય તે માટેનો એક નમ્ર પ્રયત્ન એટલે 'ટ્રેનમાં ગાંધીજી' એ પુસ્તક. છેલ્લા છ-સાત મહિનાથી 'કોરાના'ને કારણે આપણે ક્યાંય જઈ શક્યા નહીં તો ગાંધીજી સામેથી આવ્યા, ટ્રેનમાં બેસીને આપણને મળવા. એને આપણા સુધી પહોંચાડનાર કિશોર વ્યાસનો આભાર!

['ટ્રેનમાં ગાંધીજી', લેખન - સંપાદન : કિશોર વ્યાસ, પ્રકાશક : એમ. એમ. ગાંધી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, કાલોલ (પંચમહાલ), પ્ર. આ. 2020, પૃ. 104, કિં. 100/-]



વાવ

☐ ગિરીશ ભટ્ટ

લગભગ રોજ રાતે વત્સલાનો ફોન આવે. મનોહર પ્રતીક્ષા કરી રહ્યો હોય ને ઘંટડી રણકે: 'કેમ છો તમે? નથી ગમતું ને મારા વિના? જમો છો ને બરાબર? રાતે દૂધ...?'

પછી પોતાની વાત: 'લેડી ડોક્ટરને બતાવ્યું. બધું બરાબર છે. બી.પી.યે બરાબર. પણ મનોહર, સવારે ક્યાં

ઠીક હતું? કેવી પીડા?'

ને પછી સાંત્વનાઃ 'હોય એ તો. પીડા વિના સુખ થોડું મળવાનું? આ તો સ્ત્રીનો નવો જન્મ. શિશુ અને મા-બેય સાથે જન્મે. એટલે જ સ્ત્રીને દ્વીજા કહે છે. ચોંકી ગયા ને, મનોહર? પછી... છણકોઃ 'છે તમારે કાંઈ? બધું અમારે!'

અને તન્વીના જન્મ પછી તો પુત્રની વાતોઃ 'મનોહર, કેવી પીડા આપતી હતી, હવે સુખ આપે છે પાર વિનાનું. મનોહર, મને જ ઓળખે છે. ભૂખ લાગે ને કોણ સાંભરે? તેનો કોમળ હાથ, મારી ભરીભાદરી છાતી જ શોધતી હોય!'

'મનોહર, તમારી ભાગીદાર આવી આ તો! તમે આવ્યા, ત્યારે કેવી ગુલાબી ગુલાબી લાગતી હતી? તમે તેને સ્પર્શતા પણ ડરતા હતા?'

'મનોહર... હવે તો...!'

'ને મનોહર... હું તો તેને મારું દૂધ જ આપવાની. ભલે ને, મારાં ફિગર્સ બદલાઈ જાય!'

મનોહરને ફફડાટ થતોઃ શું વત્સલા બદલાઈ જશે? નહીં મળે - જેવી હતી તેવી?

વત્સલા સપ્રમાણ હતીઃ નમણી, સુડોળ, ઘઉંવર્ણથી જરા ઊજળો વાન.

મિસિસ ભાટિયા કાયમ કહેતીઃ 'વત્સલા, શું કરે છે? ક્યા બોડી પાયા હૈ? અમે તો જિમ, ડાયેટ બધું કરીએ છીએ તો પણ તારા જેવા ક્યાં લાગીએ છીએ? તું તો... સ્વિટ, સ્માર્ટ, લવેબલ...!'

'મનોહર ઈઝ એ લકી, હબી!'

તે દરમિયાન મનોહરની પ્રમોશન સાથે બદલી થઈ હતી એની વાતો, કુતૂહલો, આનંદો હતો.

'વાહ... પ્રમોશન? મનોહર, આ ટેણકી ખુશી લાવી. કયું ગામ? અરે તમે હો ત્યાં મને ગમે જ. ને હવે આ તન્વી હશે. ક્યારે ચાર્જ લો છો?'

'મનોહર... વિદુલામાસી તો એ ગામમાં એક વર્ષ રહ્યાં હતાં. કહે કે પ્રાચીન ગામ છે, ગઢ છે, દરવાજા છે. એક રેતીના પટવાળી નદી છે.'

'સાચું ને, મનોહર? ગમશે મને તો, કેવી છે તમારી ઓફિસ? નજીક જ મકાન શોધજો. તન્વી નવી, ગામ નવું ને મનોહર, હું પણ નવી જ! તમારે નવી વત્સલામાંથી જૂનીને શોધવી પડશે.'

'તન્વીને? અરે, રાતે જાગરણ કરાવે છે ને દિવસે રાજકુંવરી... આરામ ફરમાવે છે. મનોહર, તમે આવા હતા? હું તો નો'તી. મા કહે છે. હવે તો સહુની સામે ટગર ટગર જોયા કરે છે. જાણે જૂની ઓળખાણ તાજી ના કરતી હોય!'

'મનોહર, મકાન મળ્યું? વાહ સરસ! કેવું છે? મેડી પરનું છે? રવેશ છે? દાદરો વળાંકવાળો? બે રૂમ? મોટા છે, એમ? બસ, હવે લઈ જાઓ અમને. અમને પણ સામાનની જેમ જાળવીને

લઈ જવાના! રવેશમાંથી આકાશ દેખાય છેને?' ને નવા રોમાંચ સાથે એ બન્ને નવા સ્થાને આવી પણ ગયાં.

'અરે, તમે તો પારણું પણ વસાવી લીધું, મનોહર? પણ... બહેનબા... રાતે તો મારી પડખે જ...! તમારું સ્થાન જોખમમાં...!'

મનોહર ચકિત હતોઃ સાચે જ... વત્સલા હવે અલગ સ્ત્રી હતી, રમતિયાળ, બોલકી, તન્વીમય. રૂપ પણ નિખર્યું હતું.

'ઘર જોયુંઃ ચાલશે, મનોહર. કલ્પ્યું હતું એ કરતાં સારું છે. ઘર માલિક દંપતી પણ ભલાં છે.'

બીજે દિવસે કહ્યુંઃ 'સામાન બરાબર ગોઠવાઈ ગયો. ડબલ બેડ, પડખે તન્વીનું પારણું, ભીંત પર કેલેન્ડર ને કબાટમાં... વસ્ત્રો. રસોડામાં બારી છે. નીચે વસ્તી છે. સામે... કોઈના ઘરનો રવેશ છે.'

રવેશમાં ડોકિયું કર્યુંઃ સામે ઘર હતાં, ભીનાં વસ્ત્રો વળગણીઓ પર સુકાતાં હતાં, તડકો હતો. કોઈ સ્ત્રી ભજન ગાતી હતી. નીચે આવજા હતી. તેને જોઈને એ સ્ત્રીએ પૃચ્છા કરી હતીઃ 'આવી ગયાં?... વૃંદાકાકી કહેતાં જ હતાં.'

તે પણ મલકી હતી.

તેણે તરત પ્રતિભાવ આપ્યોઃ 'કશું કામ હોય તો મને સાદ કરજો. આ પૂજા... બધું પતાવી દેશે. શાકમાર્કેટ તો સાવ નજીક છે, જમણી તરફ.'

વત્સલાને ગમ્યું. અહીં ખુલ્લાણ હતી, ફ્લેટ જેવું બંધિયાર પણ નહોતું.

રવેશમાં ખુરશી નાખીને બેસી શકાય, આ સ્ત્રી સાથે વાતો પણ થઈ શકે. બીજી સ્ત્રીઓ પણ હશે જને?

ત્રણ વર્ષ તો જોતજોતામાં પસાર થઈ જશે. વધુમાં વધુ ત્રણ વર્ષ હોય.

ને પછી તરત રવેશને ડાબે છેડે જવાયું.

તે ચોંકી હતીઃ શું છે ત્યાં સામે- વાવ? એક બોર્ડ પર વંચાયું - માધવ વાવ.

હા... વાવ. ખબર હતી કે વાવ એટલે પગથિયાંવાળો કૂવો. અડાલજની વાવ, અડીકડી વાવ... રાણકી વાવ! પગથિયાં ઊતરવાનાં ને પાણી મળે. જમીનનાં નીર, વરસાદનાં નીર...!

ઇતિહાસમાં ભણી હતીઃ રાજાએ ઠેરઠેર વાવ, કૂવા, તળાવ બંધાવ્યાં.

વાવ એટલે... ઊંડાણ...! પાતાળમાં ઊતરવું જાણે! વાવને કોઠા હોય. સાત કોઠાની વાવ...! વિસ્મય! જળને સાચવવાનો ઉપાય. જળ એટલે જીવન.

જરા લંબાઈ તો આખો વાવ-પરિસર સ્પષ્ટ થયો હતો. 'મોટો ચોક, આરસની ફરશ, પાકી બેઠકો, છોડવા, સૂચનાવાળાં બોર્ડઃ સરકાર દ્વારા સુરક્ષિત. ને પાછળ વાવ... પ્રાચીન બાંધકામ... અંધારું. તડકો થાય ત્યારે પાણીમાં ચાંદરડાં થાય. વત્સલા... જોતી

જ રહી. રોમાંચ થયો.

આ તો વાવ! ઘર સામે જ. રવેશમાંથી દર્શન થાય. થયું કે મનોહરે તો ઘરની સામેની વાવ વિશે તો કશું કહ્યું નહોતું. આ તો સરપ્રાઈઝ મળ્યું. ક્યાં જોઈ હતી એકેય? હા, ફોટા જરૂર જોયા હતા.

મનોહરે કહ્યું: 'હા... છે જને. ક્યારેક ક્યારેક ટુરિસ્ટ પણ જોવા આવે છે. આ વાવ તો વિખ્યાત છે. વત્સુ... આખું ગામ પ્રાચીન છે, દંતકથાઓ પર જીવે છે એમ જ માન. દરેક વ્યક્તિને ગામનો ઇતિહાસ કંઠસ્થ છે. મને આ વાવની કથા બેન્કના એક જૂના કસ્ટમરે કહી. એ પછી બીજા ચારેક આવ્યા હતા, એ કથા કહેવા. સહુને આ કથાઓનું ગૌરવ છે.

સાંજે પેન્શનરોનું એક જૂથ ત્યાં ગોષ્ઠિ કરે છે, સવારે ક્યારાઓને પાણી સિંચવા... એક છોકરો આવે છે. ક્યારેક પરિસરની સફાઈ થાય છે.'

બીજી સવારે વત્સલા વૃંદાકાકી સાથે ત્યાં ગઈ હતી, ને અડધા કલાક પછી રડમસ ચહેરે પાછી ફરી હતી: 'મનોહર... કરુણ કથા છે. પાણી માટે આવું કરવાનું? એક સ્ત્રીને મૃત્યુની દિશામાં ધકેલી દેવાની? આવું ભાખવાવાળો પણ કેવો? પેલી તેની દીકરીને ફીડિંગ કરાવતી હતી ને... મોકલી દીધી વાવમાં ઊતરવા!'

'તે જેમ ઊતરે એમ... નીર આવે! કેવી વિચિત્ર વાત? આવું બને ખરું? બિચારીને પાનેતર પહેરાવી તૈયાર કરી વાજતેગાજતે ઢોલ વગાડીને... ધકેલી! પેલી દીકરીનું તો છેલ્લું... ફીડિંગ? રાહ જોતી હશે ને બિચારી... તેની માનું?'

'એક તરસ ઝૂંટવી ને બીજી તરસ છિપાવવાની?'

'વ્હાય સચ વે... મનોહર? આટલો અન્યાય કરીને પેલીનાં ગીતો ગાવાનાં, તેને બિરદાવવાની? મનોહર...'

તે અક્ષરશઃ રડી પડી હતી.

નીચે વૃંદાકાકી કોઈને કહી રહ્યાં હતાં: 'બહેન... સાવ કોમળ સ્વભાવનાં છે.'

મનોહર સમજાવતો હતો: 'અરે, આ તો દંતકથા છે. ક્યાં સત્યકથા હતી?'

વત્સલાને એક જ રટણ હતું: 'મનોહર, એ નાની દીકરી પાસેથી મા લઈ લેવાની, પાતક ના થાય? તે તો માની છાતીને જ ઓળખતી હોય!'

'તન્વી હજીય... મારી છાતી જ શોધતી હોય છેને? માનો પર્યાય તેની...!'

'અને મનોહર, એ કેવી ક્ષણો હોય? તે ભરાતી હોય ને હું ખાલી થાતી હોઉં. પણ... મારું મન પ્રસન્નતાથી ભરાતું હોય, છલછલ થાતું હોય. મેં કહ્યું'તું ને કે હું તો તન્વીને ફીડિંગ જ...!'

'મનોહર... તમે નારાજ છોને?'

ને મેં... નવી વાત શરૂ કરી હતી. ઓફિસની. 'વત્સલા... ત્યાં તો સર...

સર થાય છે. સ્ટાફ ખુશ છે. આવો મેનેજર... તેમને મળ્યો જ નથી. વત્સલા, ...તારા પતિને કેટલો યશ મળે છે? ઉપલી ઓફિસવાળા... ખુશ છે.'

અને તેને નવી દિશા મળી હતીઃ 'મનોહર... ગામ ફળ્યું, ટેણકીયે ફળી. આ લોકો - વૃંદાકાકી ને કાકા પણ ભલાં છે.'

મનોહરને રાહત થઈઃ ચાલો, ભૂલી જશે એ તો! ટેવાશે... પડોશ સારો હતો.

ઘર... નજીક હતું, ઓફિસથી.

આ પછી... રોજ સાંજે, તે નવી નવી વાતો કહેતી હતીઃ 'મનોહર, પૂજા સાથે સતીને મંદિરે જઈ આવી. તન્વીને તો પૂજા સાથે પણ જામ્યું. ભલી છે પૂજા. બોલકી છે.'

અને મંદિરની વાત, સાવ ભેંકાર સ્થાન. પ્રાચીન મંદિર, જર્જર... પગથિયાં. સતીની મૂર્તિ છે. પરિસરમાં બીજી દેરીઓ છે, પાળિયાં છે. મનોહર... ઉદાસ થઈ જવાય. સતીની એકલતા... પણ સાલી. કથા છે કે આ ગામમાં એ સ્ત્રી સતી થઈ હતી. પોતે જ અંગૂઠામાંથી અગ્નિ પેદા કર્યો. ગામના લોકોએ તો રાજાના ડરથી તેને અગ્નિ ક્યાં આપ્યો હતો?

'પૂજા કહેતી હતીઃ ગામે સતીનો અપરાધ કર્યો એનું પાતક હજીયે ભોગવે છે. નદીમાં ક્યાં પાણી ટકતું હતું? સતીનો શ્રાપ, બીજું શું?'

તે સતીની મૂર્તિને પાલવનો છેડો માથે ઓઢીને નમી હતી, તન્વીને નમાડી હતી.

મનોહરે ફરી સ્પષ્ટતા કરી હતીઃ 'વત્સલા... આ તો દંતકથાનું ગામ છે. અહીં... પરંપરા સચવાઈ રહી છે. લોકો એમાં જ જીવે છે. તથ્ય તપાસવાની જરૂર કોઈને નથી.'

(2)

મનોહરે નોંધ્યું હતું કે વત્સલા... ક્યારેક ઉદાસ બની જતી હતી, રવેશમાં ક્યારેય ન જતી. પૂજા સાદ પાડે ને જવું પડે. ભલી સ્ત્રી હતી, વાતોડી હતી. તેને અવનવા તર્કો આવતા હતા. તરત જ વત્સલાને સાદ પડાયઃ 'દીદી... જરા આવો તો.'

ને તેને આવવું પડતું હતું, પરંતુ તે ક્યારેય વાવની દિશામાં જતી નહોતી.

આમ તો તેને... વાવની ભીંતો પરની કોતરણીઓ ગમી હતી, પગથિયાંઓ પણ ગમ્યાં હતાં. કેવાં, ઢાળ ઊતરતાં... નીચે ને નીચે સરી જતાં હતાં? ક્યાં જતાં હતાં - પાતાળલોકમાં? પાતાળ તો હજી કલ્પી શકાતું હતું પણ ક્યાં હતું સ્વર્ગ? અવકાશમાં... વાદળો ઉપર? તે હસી પડતી હતીઃ જે ના સમજાય એ સ્વર્ગ! પાતાળ!

ને પૂજા પૂછતીઃ 'દીદી... વાવમાં, પગથિયાં ઊતરેલી સ્ત્રીનો પુનર્જન્મ તો થયો જ હશે ને? પુરાણોમાં લખ્યું જ છે ને? ગરુડ પુરાણમાં, મારી મા કહેતી હતી. તે... આ ગામમાં તો નહીં હોય

ને? ઇચ્છાઓની પૂર્તિ માટે સ્તો? એ સ્ત્રીને કેટલી ઇચ્છાઓ હોય? પેલીને તેની દીકરીને ગોદમાં લેવાની, પેટ ધરાવવાની, અરે, જીવ તેનામાં જ હોય.'

'શું લાગે છે, દીદી?'

ને વત્સલા... ચકરાવામાં પડી જતી હતીઃ 'હા... એમ બને ખરું. ઇચ્છાઓ જ જન્મોનું કારણ છે.'

પણ આ વખતે તો સાદ નવા કારણસર હતો, કહેતી હતી ઉત્સાહથીઃ 'દીદી... નીચે જુઓ ટુરિસ્ટ આવ્યાં હતાં.'

નીચે કોલાહલ હતો. એક ગાડી અને બીજી જીપ ઊભાં હતાં. બે ત્રણ ગોરી ત્વચાવાળી વ્યક્તિઓ. બે પુરુષો ને એક સ્ત્રી.

કુતૂહલપ્રિય ટોળું ભેગું થયું હતું.

વત્સલા એ દિશામાં વળી. એક અધિકારી ગોરા પુરુષ સાથે વાત કરી રહ્યો હતો, બીજો પુરુષ વાવમાં જઈને ફોટાઓ લઈ રહ્યો હતો ને ગોરી સ્ત્રી બેઠક પર બેસીને કશું લખી રહી હતી.

તે ઊંચાઈ પરથી સ્પષ્ટ જોઈ શકતી હતી. રસ પડ્યો એ લોકોની પ્રવૃત્તિઓમાં. સંશોધન કરતાં હતાં, ઇતિહાસ અને સ્થાપત્યનો.

અંદરથી તન્વીનું રુદન સંભળાયું ને તેને પેલી સ્ત્રી અને તેની દીકરી યાદ આવી ગઈ. તે પણ આમ જ રડતી હશે, માના ગયા પછી?

ને તે રવેશનું બારણું વાસતી ભીતર

ચાલી ગઈ હતી.

પછી રડતાં રડતાં... તન્વીને ગળે વળગાડી હતી.

સાંજે આવેલા મનોહરને કહ્યું હતું. 'પથ્થરોમાં વળી શું સંશોધન કરવાનું? પેલી ટેણકીની ચીસો... તપાસો. હજીયે મળી આવશે વાતાવરણમાં! એ સ્ત્રીનાં ડૂસકાં પણ.'

વત્સલા ક્યાં કશું ભૂલી હતી?

મનોહરને થયું કે... તેણે આ મકાન ભાડે રાખીને મુસીબત વહોરી હતી.

બે દિવસ પછી વાત છેડીઃ 'ચાલ, ઘર બદલાવી નાખીએ. નદીની પેલી બાજુ... સરસ ફ્લેટ મળે છે. ત્યાં પણ રવેશમાંથી આકાશ દેખાશે.'

પણ તે માની નહોતીઃ 'ના મનોહર, આ છોડીને ક્યાંય નથી જાવું. તન્વી કેવી રમે છે વૃંદાકાકી સાથે? પૂજા સાથેય ફાવે છે. મને પણ ફાવી ગયું છે. તન્વી અહીં જ મોટી થઈ જશે. આ લોકો સાથે.'

મનોહરે રાહત અનુભવીઃ ચાલો, બધું ગોઠવાઈ જશે સમય સાથે. આ તો કોફીના કપમાંનું તોફાન ગણાય.

તે લોકો... સ્થાનિક થિયેટરમાં એક મૂવી પણ જોઈ આવ્યાં, લારી પર બરફના રંગીન ગોળા પણ આસ્વાદ્યા.

વત્સલાના પાલવ પર બરફગોળાના રંગો પણ ઊડ્યા હતા.

ને તે હસતી હતીઃ 'જુઓ, મનોહર... તમારી વત્સલા! કેવી લાગું છું?'

(3)

વચ્ચે નાનકડી ફરિયાદ આવીઃ 'મનોહર, કેવી છે તનુડી? ગોઠણિયાં ભરતાં શીખી છે ત્યારથી એક સ્થાને સ્થિર નથી રહેતી. ને કેવી ચંચળતા છે, ખૂણે ખૂણે ફરી વળે છે.'

'રવેશમાં જઈને પૂજા સાથે વાર્તાલાપો કરે છે.' પછી ગંભીર બનીને ઉમેર્યુંઃ 'મનોહર, વાવ તરફના ખૂણે પહોંચી જાય છે. શું જોતી હશે એ વાવમાં? એકીટશે જોયા કરે છે.'

મનોહરે માંડ શાંત પાડીઃ 'અરે, બાળક છે. જોયા કરે... આ કે બીજું. તે તો તને જ જોતી હોય. બધાંયમાં. અને ખાસ કરીને...! અચ્છા તો, તમારી દૃષ્ટિ પણ ત્યાં જ છે? મનોહર, હવે તે પણ છોડાવવું પડશે. વૃંદાકાકી કહેતાં હતાં. કરવું જ પડે. બીજા આહાર પર ચડાવવી પડે.

મનોહર... બહુ કપરું કામ છે પરંતુ...! તે રડી પડી હતીઃ 'જીવ નથી ચાલતો. શું કરું?'

એ પછી રોજ એની જ વાતોઃ 'મનોહર... એમ તો ના છોડેને? વૃંદાકાકીએ ઉપાય બતાવ્યો, કડવાણી ચોપડવાનો. અણગમતા મને, એમ કર્યું. ને... તે અટકી ગઈ. મારી સામે જોયું, ફરી વળગી ને ફરી... છૂટી પડી ગઈ.

મનોહર... જીવ નથી ચાલતો. પણ નો વે- માએ પણ ફોન પર એ જ કહ્યું.

કેવું મોં થઈ ગયું હતું?

ને પછી... બીજા દૂધ ભણી પણ ના જોયું.

આ નહીં, પેલુંય નહીં. મા જ દુ:શ્મન!'

ત્રીજે દિવસે... જરા સ્વસ્થ થઈ હતી: 'મનોહર, મારી પાસે ઢૂંકી પણ નહીં. બસ, જોઈ રહી ટગર ટગર.

ને પછી... બે ચમચી દૂધ પાણી પીધું.'

વૃંદાકાકીએ કહ્યું: વત્સલા, એમ જ થાય. જીવને ટેવાડવો પડે. મા એ બધું... ગમતું કે અણગમતું, કરવું પડે.

પછી ઉમેર્યું: 'છે તમારે કાંઈ?'

એ પછી બરાબર પાંચમે દિવસે... તેનો ફોન ઓફિસમાં રણક્યો હતો: 'મનોહર...! મેં ફીડિંગ બંધ કરીને કેવડી મોટી ભૂલ કરી! મારી ઉતાવળ, બીજું શું?'

તે રડમસ સ્વરમાં કહેતી હતી.

મનોહરને ધ્રાસકો પડ્યો હતો: વળી શું? વત્સલા સ્નાતક હતી, ડિબેટમાં ઇનામો લઈ આવી હતી, મજબૂત મનની હતી.

આ વાવે તેને ડખોળી નાખી હતી.

'મનોહર... મારે એ બંધ કરવાનું નહોતું. ખબર છે મનોહર, આપણી તન્વી આગલા કોઈ અવતારમાં પેલી વાવમાં ઊતરી હતી એ સ્ત્રીની બાળકી જ હશે. મને ઊગી નીકળ્યું છે. જન્મોની વાત કાંઈ ખોટી નથી, ગરુડપુરાણ શું કહે છે? અધૂરી ઇચ્છાથી જન્મો લગી અટવાવું પડે. તન્વી... પણ એ જ...! કેવી જોયા કરે છે રવેશમાં જઈને... એ વાવને! અરે, ત્યાં જ પહોંચી જાય, રોકું તો પણ...! જાણે તેની માને શોધતી નો હોય? મનોહર, મને પળે પળે એ જ પ્રતીતિ થાય છે. સ્મૃતિ હોય પણ ખરી ગતજન્મોની.

મનોહર, આ તો અગોચર શાસ્ત્ર છે. આ આપણી તન્વી નક્કી... પેલી જ હશે.'

તે રડતી હતી: 'મનોહર... મેં આ જન્મેય તેને દૂધવિહોણી કરી. કેટલું ભર્યું છે છતાંય...! તમારી અહીં બદલી થવી, અહીં વાવ સામે રહેવા આવવું - એ કાંઈ એમ જ ના હોય... તેની દૃષ્ટિ વાવમાં જ....! કાંઈ અમસ્તું જ?'

મનોહર થીજી ગયો હતો: હજી વત્સલા વાવમાંથી બહાર નીકળી જ નથી.

આ તો એક નવી દંતકથાનો જન્મ થયો!

મનોહરે... બદલીની અરજી કરી નાખી: મને એવા સ્થાને તાત્કાલિક બદલી નાખો જ્યાં એકેય વાવ ના હોય.

❑❑❑


''લોકોને મૂરખ બની રહ્યા છો એવું સમજાવવા કરતાં મૂરખ બનાવવા વધુ સરળ છે.''

- માર્ક ટ્વેઈન

* * *

''વિવેકહીન વ્યક્તિ સાથે દલીલ કરવી એટલે મરેલાની દવા કરવી.'' **- થોમસ પેઈન**

વાંદરાના સાહિત્ય સહવાસમાં ધર્મયુગના તંત્રી ધર્મવીર ભારતીને ઘેર અનેક કાવ્યમય સાંજોનો આનંદ મારી સ્મૃતિમાં છલકાય છે. એ કાવ્યગોષ્ઠીમાં વી.પી. સિંહ વડા પ્રધાન બન્યા પછી પણ ચોરીછૂપીથી આવીને કવિતા સંભળાવતા હતા. અટલબિહારી બાજપાઈ પણ હોંશે હોંશે સરપ્રાઈઝ એન્ટ્રી મારીને કવિતાઓ સંભળાવતા હતા. એકવાર અટલજીએ બહુ સરસ કિસ્સો સંભળાવ્યો હતો. અટલજી એકવાર કવિ નીરજ સાથે એક કવિસંમેલનમાં જવા બસમાં નીકળ્યા. મુસાફરી બહુ લાંબી હતી. રસ્તામાં બસ ખોટકાઈ ગઈ. બંને કવિઓને ચિંતા થવા લાગી કે ટાઈમસર પહોંચશું કે કેમ? છેવટે બસ ચાલી, અમે મોડી રાતે પહોંચી ગયા. હોલ ઉપર ગયા તો ખબર પડી કે કવિસંમેલન પૂરું થઈ ગયું છે. સ્ટેજ અને ખુરશીઓ ખાલી હતી. બંને કવિમિત્રો મૂંઝાયા કે અર્ધી રાતે જવું ક્યાં? તેઓ એ શહેરના ચોકમાં ગયા તો સદ્‌ભાગ્યે કાર્યક્રમના આયોજક એક હોટલમાં નાસ્તો કરતા હતા. બંને કવિઓને નિરાંત થઈ. આયોજકે એમને જમાડ્યા અને પોતાના ઘેર રાતવાસો કરવા લઈ ગયા પછી અટલજી કહે: "હવે આની પાસે પુરસ્કાર કેમ માગવો? અમારી કવિતા લીલા તોરણેથી પાછી ફરી." અટલબિહારી બાજપાઈ અત્યંત સંવેદનશીલ કવિ. ઉત્તમ મનુષ્ય જ સારી કવિતા લખી શકે છે.



ધર્મવીર ભારતી

કેમ સખી ચીંધવો પવનને-૪૫

☐ અનિલ રમાનાથ જોશી

મને ધર્મવીર ભારતી યાદ આવી ગયા છે. ગોંડલમાં જેમ મકરંદનું ઘર હતું હતું એમ મુંબઈમાં મારા માટે ધર્મવીર ભારતીનું ઘર હતું જ્યાં હું કારણ વિના જઈ શકતો હતો. ભારતીજી પોતે વર્ષો સુધી "ધર્મયુગ"ના તંત્રી રહ્યા છતાં તંત્રીપદનો કોઈ ભાર એમનામાં નહોતો. ધર્મવીર ભારતીમાં સેન્સ ઓફ હ્યુમર ખૂબ હતી. ભારતીજીએ ખુદ પોતાના મૃત્યુ વિષે શ્રદ્ધાંજલિ લખી હતી તે ખાસ જોવા જેવી છે. ભારતીજીએ

કલ્પના કરી હતી કે હું મૃત્યુ પામીશ ત્યારે લોકો કેવો પ્રતિભાવ આપશે? "જે છાપાંઓમાં તે લખ્યા કરતો હતો એના તંત્રીઓ હાશકારો અનુભવશે. હવે એના લેખ છાપવા અને પુરસ્કાર મોકલવાની કડાકૂટ ગઈ. કોઈ માસિકના સંપાદકે રજિસ્ટરમાં જોઈ લીધું કે એના નામે કોઈ લવાજમ બાકી તો નથી ને? જે મિત્રો પુસ્તકો ઉધાર લઈ ગયા હતા એ બધાએ મારાં પુસ્તકો પોતાના બુકશેલ્ફમાં ગોઠવી દીધાં. શોકસભાઓ ભરાઈ. શોકસભામાં ઉપસ્થિત બધા મિત્રોએ એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે પોતાનું નામ અને ફોટો અખબારી અહેવાલમાં છૂટી તો નથી ગયાં ને? લેખકો શોકસભામાં અંદરોઅંદર એકબીજાને પૂછતા હશે- છાપામાં ભારતીજીની ખાલી પડેલી કોલમની જગ્યાએ બીજો કોણ આવશે?'' રિયલી ધર્મવીર ભારતી એક જીવતા સર્જક હતા. શ્રદ્ધાંજલિ અને શોકસભાઓની પોકળતાની મજાક ઉડાવતા હતા. જીવતા જાણ્યા નહિ ને મૂઆ બાળ્યા નહિ એવો આ બધો ખેલ છે. મને તારીખ બાર સપ્ટેમ્બર 1997નો દિવસ બરાબર યાદ છે. વહેલી સવારે શાયર મિત્ર સૂર્યભાનુ ગુપ્તનો ટેલિફોન આવ્યો: "ભારતીજી અબ નહિ રહે.'' એ ક્ષણે તો હું લગભગ ભાંગી પડ્યો પણ બીજી જ ક્ષણે હું પહેરેલ લૂગડે સાહિત્ય સહવાસમાં પહોંચી ગયો. હજી એકાદ મહિના પહેલાં જ ધર્મવીર ભારતીએ મને કહ્યું હતું, "અનિલ, વરસાદ ઓછો થાય ત્યારે આપણે ટંકારા જરૂર જવું છે. તું મને એકવાર ટંકારા લઈ જા." ધર્મવીર ભારતી આર્યસમાજમાં શ્રદ્ધા રાખતા હતા. એટલે દયાનંદ સરસ્વતીના જન્મસ્થાન ટંકારા જવાની એમની અદમ્ય ઇચ્છા હતી. એ વર્ષના જુલાઈ મહિનામાં મારે જાવેદ અખ્તર અને સૂર્યભાનુ ગુપ્ત સાથે રાજકોટ જવાનું થયું એ વખતે ધર્મવીર ભારતી પણ સાથે આવવાના હતા પણ એમની તબિયત સારી નહોતી એટલે એમણે ટંકારા યાત્રા મોકૂફ રાખી.

જુહુથી સાહિત્ય સહવાસ જતાં રસ્તામાં મને આવા અનેક વિચારો આવી ગયા. વાંદરાના એમના નિવાસસ્થાને પહોંચ્યો ત્યારે વાતાવરણ એકદમ ગમગીન હતું. સૂર્યભાનુ ગુપ્ત પણ આવી પહોંચ્યો. ભારતીજીનો નશ્વર દેહ જમીન ઉપર પડ્યો હતો. ધર્મવીર ભારતી ઊંઘમાં જ મૃત્યુ પામ્યા હતા. આ વિષે ધર્મવીર ભારતીએ વર્ષો પહેલાં લખ્યું હતું: "રાત્રે એ સૂતો પછી એ ઊઠ્યો જ નહીં દાક્તરોએ કહ્યું એને 'અનબેલેન્સો ફેનીટિકો કાઈલીટ'ની બીમારી છે. આ બીમારી અતિ આધુનિક છે. આ બીમારી સહુથી પહેલાં અમેરિકાના એક લોકપ્રિય નવલકથાકારને અને બલ્ગેરિયાની એક સામ્યવાદી વૃદ્ધાના પોપટને લાગુ પડી હતી. એ દિવસથી બધા જ સારા લેખકો-કવિઓ આ બીમારીથી મરવાનું પસંદ કરે છે." વર્ષો પહેલાં ભારતીજીએ જે લખ્યું

હતું એવી રીતે જ તેઓ મર્યા. ધર્મવીર ભારતી પોતાના સમયથી બહુ આગળ જીવતા હતા. તમે ભારતીજીના આ શબ્દો વાંચો: "એકવાર એ ખુશ હતો ત્યારે જ મેં પૂછ્યું : અરે ભાઈ, સમયથી આગળ ભાગવાનું પાગલપન શું કામ તું કરે છે? તો એણે હસીને મને જવાબ આપ્યો: જો હું સમયથી જ બંધાઉં, યુગથી જ બંધાઉં તો હું કાંડાઘડિયાળ હોત, બેરોમીટર હોત પણ માણસ શું કામ હોત? હું ઇન્સાન છું." આ શબ્દો ધર્મવીર ભારતીના છે. ભારતીજીની અંતિમ યાત્રાનું એ દૃશ્ય હું ભૂલી શકતો નથી. એમના નશ્વર દેહને ઊંચકીને શબવાહિની સુધી લઈ ગયા. સૂર્યભાનુ અને મારા હાથમાં સળગતી દોણી હતી. અમે શબવાહિનીમાં બેઠા. સાયનના સ્મશાનગૃહમાં એમની દીકરીના હાથે અગ્નિસંસ્કાર અપાયો ત્યારે ઉપસ્થિત રહેલા સ્વજનોમાં સૂર્યભાનુ, અમિતાભ બચ્ચન, અભિષેક, કમલેશ્વર અને સત્યદેવ દુબેના મોઢામાંથી એક જ વાક્ય નીકળ્યું : "ઇમાનદારીનો એક યુગ સમાપ્ત થઈ ગયો.''

[ક્રમશ:]



સફેદ રંગનો અનુભવ

☐ સ્વાતિ સુચક શાહ

જીવન મેઘધનુષ જેવું હોય છે. એમાં વિધ વિધ રંગો જેવા પ્રસંગો હોય છે. કોઈ પ્રેમના લાલચટક, તો કોઈ રોમેન્ટિક કેસરિયા. કોઈ પીડા જેવા પીળા, તો કોઈ ખુશહાલી-શા લીલા. કોઈ જાંબુડિયા દિલદાર, તો કોઈ વાદળી... વિવિધતાનો પાર નહીં.

આજે હું મારા જીવનમાં બનેલા શુદ્ધ સફેદ રંગ જેવા પ્રસંગની વાત કરવા માગું છું. સફેદ કેમ? એ તો પૂરી વાત વાંચ્યા પછી તમને આપોઆપ સમજાઈ જશે.

મારા પતિ એક મેનેજમેન્ટ કોલેજમાં પ્રોફેસર છે. અમે એક બહુ પ્રખ્યાત યુનિવર્સિટી ટાઉનમાં કોલેજનાં કેમ્પસમાં રહીએ છીએ. કોલેજનું કેમ્પસ ગામથી છ કિલોમીટર દૂર

નાની-નાની ટેકરીઓની વચ્ચે એકદમ લીલોતરીભર્યા વાતાવરણમાં આવેલું છે. મિત્રોને મળવા કે મનોરંજન માટે ગામમાં જવું શક્ય નથી. કારણ કે દૂર છે. અહીં ઘણી પ્રવૃત્તિઓ થતી હોય છે. કોઈ માત્ર વિદ્યાર્થીઓ માટે હોય, કોઈમાં વિદ્યાર્થીઓ સાથે પ્રોફેસરો પણ સામેલ થાય, તો કોઈમાં એમના પરિવારોને પણ સામેલ કરવામાં આવે. અમે આવા કાર્યક્રમોની આતુરતાપૂર્વક રાહ જોતાં હોઈએ.

આવા જ એક કાર્યક્રમ અંતર્ગત, એક વખત આર્ટ ઓફ લિવિંગનો બે દિવસની વર્કશોપ રાખેલી હતી. એમાં વિદ્યાર્થીઓ માટે અલગ અને ટિચિંગ- નોન ટિચિંગ સ્ટાફ તથા તેમના પરિવારો માટે અલગ વ્યવસ્થા હતી. ગુરુ તરીકે શ્રી શ્રી રવિશંકરના જમણા હાથ સમાન એક મહત્ત્વની વ્યક્તિ આવી હતી. અમારે બે દિવસ સુધી સવારે ૯થી સાંજના ૪ સુધી ત્યાં હાજરી આપવાની હતી.

સવારે આઠ વાગ્યે મારો દીકરો સ્કૂલ ગયો. એટલે હું અને મારા પતિ બરાબર આઠ વાગી અને પચાસ મિનિટે હોલમાં પ્રવેશ્યાં. એક મોટા હોલમાં બધું ફર્નિચર બહાર કાઢીને પાથરણાં પાથરેલાં હતાં. ગુરુજી પણ લગભગ એ સમયે જ પ્રવેશ્યા. લગભગ દસ મિનિટમાં તો બધાં જ લોકો આવી ગયા. લગભગ પચાસેક લોકો હશે.

શરૂઆતમાં પ્રાર્થના અને પ્રાસ્તાવિક વક્તવ્ય થયાં. પછી શ્રી શ્રી રવિશંકર પર એક વિડિયો પ્રોગ્રામ જોયો. ત્યાર પછી શરૂ થયો ખરો અનુભવ એટલે કે સુદર્શન ક્રિયા. સુદર્શન ક્રિયામાં પહેલા ઉજ્જયીની ક્રિયા કરવાની હતી, જેમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયાને ધીમી કરવાની હતી. શ્વાસ લેતી વખતે ગણતરી કરવાની, રોકીને ગણતરી કરવાની અને પછી ધીમે ધીમે છોડતાં જઈને પણ ગણતરી કરવાની. આમ કરવાથી એક ચોક્કસ લંબાઈનો શ્વાસ લેવાય, ચોક્કસ સમય માટે રોકી શકાય અને પછી ચોક્કસ સમયમાં જ છોડી શકાય. થોડીવાર આ ક્રિયા કર્યા પછી વારો આવ્યો ભસ્ત્રિકા શ્વસનનો. આ પ્રકારના શ્વસનયોગમાં ઝડપથી શ્વાસ અંદર લઈને ખૂબ જોરથી બહાર કાઢવાનો હોય છે. આમાં શક્તિનો વપરાશ ખૂબ થાય છે. શરીર ખૂબ થાકી જાય છે. થોડીવારના ભસ્ત્રિકા પછી થોડા વખત સુધી ઓમકારનું ઉચ્ચારણ કરવાનું હતું. આખા હોલમાં બેઠેલી દરેક વ્યક્તિ એક સાથે લયપૂર્વક ઓમકારનું ઉચ્ચારણ કરે ત્યારે આખું જ વાતાવરણ શુદ્ધ અને પવિત્ર થઈ જાય. છેલ્લે વારો હતો સુદર્શન ક્રિયાનો. સુદર્શન ક્રિયામાં એક રીધમમાં શ્વસનક્રિયા કરવાની હોય છે. ધીરે-ધીરે શ્વસનની સ્પીડ વધારતા જવાની હોય છે. આખી ક્રિયાના અંતે તમારું શરીર પૂરેપૂરું થાકી જતું હોય છે, પરંતુ મન ફ્રેશ થઈ જાય છે.

આખી જ સુદર્શન ક્રિયાના અંતે ગુરુજીએ કહ્યું કે હવે હું સૂચના આપું એટલે પદ્માસન વાળી ધ્યાનમુદ્રામાં આંખ બંધ કરીને બેસવાનું છે અને ત્યાર પછી કહીશ ત્યારે શવાસન કરવું. મેં પૂરા મનથી સુદર્શન ક્રિયા કરી હતી. એટલો થાક લાગ્યો હતો કે હું સૂચના ભૂલી ગઈ. એમના કહેવા પછી ધ્યાનમાં બેસવાને બદલે મેં સીધું શવાસન જ કર્યું. બધાની આંખો બંધ હતી, માત્ર ગુરુજીની જ ખુલ્લી હતી. એટલે એ જ જાણતા હતા કે હું ધ્યાનને બદલે શવાસન કરી રહી છું. બાકી બધાં ધ્યાન કરી રહ્યાં હતાં. મારા અવિસ્મરણીય અનુભવની ખરી શરૂઆત અહીંથી થાય છે. ધ્યાન પછી ગુરુજીએ ક્યારે બાકી બધાંને શવાસન કરવાનું કહ્યું એ મને ખબર જ ન પડી. હું કોઈ અલગ જ અનુભવમાં સરી પડી હતી.

એક ચળકતા બરફની પારદર્શક શીલા જેવી કોઈ જગ્યાની વચ્ચોવચ હું હતી. જાણે ખૂબ બધા અજવાસ અને પારદર્શિતાની વચ્ચે. હું ત્યાં હતી, પણ મારું શરીર ન હતું. જાણે કોઈ સપનામાં ન હોઉં! એ વખતે મને મારા શરીરનો અહેસાસ જ ન હતો. હું એટલે આ શરીર એવો કોઈ ભાવ જ નહોતો. એ ચળકતી પારદર્શિતામાં હું ન તો ખુશ હતી, ન ઉદાસ. ન સુખી હતી,ન દુઃખી. નરી નિઃસ્પૃહતા હતી. કદાચ મોક્ષનો અનુભવ કે મોક્ષની સ્થિતિ આવી હોતી હશે? શરૂઆતની થોડી ક્ષણો મને એ ચળકતી પારદર્શિતા સિવાય કશું જ અનુભવાયું નહીં. પણ થોડી વાર પછી જાગૃતિનું સ્તર એટલું વધી ગયું કે હું એ ચળકતી જગ્યામાં હતી, પણ હોલમાં સૂતેલી દરેક વ્યક્તિના શ્વાસોશ્વાસનો અવાજ પણ મને સંભળાતો હતો. થોડીવાર પછી ગુરુજીએ બધાંને જમણી બાજુ પડખું ફરવાનું કહ્યું. હવે મને બધું સંભળાતું હતું પણ હું પડખું કઈ રીતે ફરું? હજુ મારું શરીર તો અનુભવાતું જ ન હતું. થોડો ગભરાટ થવા લાગ્યો. હું મારું શરીર અનુભવવાની કોશિશ કરવા લાગી. પણ વ્યર્થ! થોડીવાર પછી ગુરુજીએ બધાંને બેઠાં થવા કહ્યું. મારાથી તો એ પણ ક્યાંથી થાય? હવે હું ખરેખર ગભરાઈ ગઈ. મેં મદદ માટે બૂમો પાડવાનું શરૂ કર્યું. પણ અવાજ જ ન નીકળે. શરીર હોય તો અવાજ હોયને? મેં જોરથી "હેલ્પ હેલ્પ"ની બૂમો પાડવાનું ચાલુ રાખ્યું. લગભગ દસેક મિનિટ પછી એકદમ ક્ષીણ એવો "હેલ્પ હેલ્પ" નો અવાજ નીકળ્યો. મારી બાજુમાં મારા પતિનાં આસિસ્ટન્ટ હતાં. એમણે મને ઢંઢોળીને, "મેડમ શું થયું? મેડમ શું થયું?" એમ પૂછવાનું શરૂ કર્યું. એમનાથી થોડે જ દૂર મારા પતિ હતા. એમણે નજીક આવીને, પીઠથી સપોર્ટ આપીને મને બેઠી કરી. મારી આંખો ખૂલી. મારું ખુદનું શરીર અનુભવાયું. પરંતુ હજુ મારું આખું શરીર અક્કડ

હતું, જાણે મૃત્યુ પામેલા માણસનું હોય એવું. હોઠ સુક્કા હતા. અવાજ કાઢવાની સ્થિતિ ન હતી. હું જાણે શૂન્યમાં તાકતી હોઉં અથવા જે જોઉં છું એની કશી સમજ ન હોય એમ બેઠી હતી. ગુરુજીએ બધાંને કહ્યું કે જેને પોતાના અનુભવ વિશે કંઈ કહેવું હોય એ કહી શકે છે. બે ત્રણ લોકોએ પોતાના અનુભવ વિશે વાત કરી. કોઈ થાકી ગયું હતું, તો કોઈને માનસિક શાંતિનો અનુભવ થઈ રહ્યો હતો. મારાથી હજુ હલનચલન થઈ શકે એવું લાગતું ન હતું. એટલે જાતે અનુભવ શેર કરવાની ઇચ્છા દર્શાવવાનો સવાલ જ નહોતો. ત્રણ ચાર લોકો પછી ગુરુજીએ મને સામેથી કહ્યું, "મેડમ, તમારે કંઈ કહેવું છે?'' મેં મારી જગ્યાએ બેઠાં બેઠાં કહેવાનું શરૂ કર્યું. હજુ મોઢું સુકાયેલું હતું. માંડમાંડ બોલાતું હતું. મેં એમને કહ્યું કે હું એકદમ ચમકવાળી છતાં પારદર્શક જગ્યામાં હતી, જ્યાં કોઈ જ પ્રકારની અનુભૂતિ ન હતી, મારા હોવાની પણ નહીં. હું જાણે સાક્ષીભાવે એ પ્રકાશને જોતી હતી. જ્યારે મને તમારી સૂચનાઓ સંભળાતી હતી, પણ મારું ખુદનું જ શરીર અનુભવાતું ન હતું, ત્યારે હું ખૂબ જ ડરી ગઈ હતી. દસ મિનિટ બોલ્યા પછી મારાથી વ્યવસ્થિત રીતે બોલાતું હતું. ગુરુજીએ કહ્યું કે મેં દરેક ક્રિયામાં મારું ૧૦૦% આપ્યું હોવાથી મને આઉટ ઓફ બોડી એક્સપિરિયન્સ થયો હતો. મતલબ કે જ્યારે મને મારું શરીર ફીલ થતું ન હતું ત્યારે હું મારા શરીરમાં હતી જ નહીં. મારી આંખો આશ્ચર્યથી ફાટી ગઈ. શરીરમાં ન હતી તો હું હતી ક્યાં? તો બીજી તરફ ગર્વ પણ થયો કે હું મારા સો ટકા આપી શકી અને મને એક અનૂઠો અનુભવ પણ થયો. બાકીના લોકો પણ મને આશ્ચર્ય અને અહોભાવથી જોવા લાગ્યા હતા. સેશન પત્યા પછી ઘણા લોકોએ આવીને મારી સાથે મારા અનુભવ વિશે વાત કરી. પરંતુ એ દિવસે રાત સુધી મારા હાથ પગ ધ્રૂજતા હતા. ઘેર આવ્યા પછી મારી અનુભૂતિનું મેં ફરી વર્ણન કર્યું ત્યારે એમણે મને કહ્યું કે "હેલ્પ હેલ્પ"નો અવાજ મારા મોંમાંથી આવ્યો જ ન હતો. એને બદલે સાવ ધીમો "હ..., હ..., હ..." એવો અવાજ સંભળાયો હતો. એક વખત તો એવો વિચાર પણ આવી ગયો કે પહેલા જ દિવસે આવો અનુભવ થયો છે, હવે કાલે ફરી થશે તો? હું મારા શરીરમાં પાછી નહીં આવી શકું તો? ફરી ડર લાગશે તો? કાલનાં સેશનમાં જવું જ નથી. પણ રાત્રે ખૂબ સરસ ઊંઘ આવી. સવારે મારા પતિ સમજાવીને લઈ ગયા. બીજો દિવસ સામાન્ય રહ્યો.

બોલો, આ ઘટનાને ક્યા રંગનું નામ અપાય? કોઈ કહેશે આધ્યાત્મનો ભગવો. પણ મને તો આ શુદ્ધતા અને પૂર્ણતાનો સફેદ રંગ લાગે છે. આમ

પણ સફેદ રંગ મારો સૌથી ફેવરીટ. એ પણ એ જ કારણે કે એ શુદ્ધતા અને પૂર્ણતાનો રંગ છે.

આજે આ લખતી વખતે પણ એ ચળકતી પારદર્શિતા મારી આંખોની સામે તાદૃશ્ય થઈ રહી છે. હા, હવે ડર નથી લાગતો.

આ ઘટનાથી મારા જીવનની શારીરિક, સામાજિક, આર્થિક કે કોઈપણ રીતે દિશા બદલાઈ નથી. હા, માનસિક રીતે-સાયકોલોજીકલી મારી જિંદગીની દિશા જરૂર બદલાઈ છે. મને ઊંઘની તકલીફ હતી. રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી ઊંઘ ન આવે. ક્યારેક ખૂબ થાક લાગ્યો હોય અને ઊંઘ આવી જાય તો બે ત્રણ વાગ્યે ઊડી જાય, પછી છેક પાંચ છ વાગ્યા સુધી ઊંઘી જ ન શકાય. ઊંઘ આવે એ પણ સપનાઓથી ભરપૂર. એટલે સવારે ઊઠી ન શકાય. જિંદગીના કડવા અનુભવો યાદ આવવા લાગે. મન ધૂંધવાયા કરે. આ તકલીફ જાણે ગાયબ થઈ ગઈ. હું વધુ ખુશ રહેવા લાગી. નાની નાની વાતોનો આનંદ આવવા લાગ્યો. સ્ફૂર્તિ વધી, કાર્યક્ષમતા વધી. પારિવારિક સંબંધો વધુ મધુર બન્યા. મારો મજાકિયો સ્વભાવ વધુ મસ્તીખોર બન્યો. એકંદરે જિંદગીની દિશા સદંતર ભલે ન બદલાઈ હોય, પણ જિંદગી બહેતર ચોક્કસ બની.

❑❑❑


પુરુરાજ જોષીને નિવાપાંજલિ

૧૪-૧૨-૧૯૩૮ / ૧૨-૧૨-૨૦૨૦



કવિ, વાર્તાકાર, વિવેચક, અધ્યાપક અને સંગીતરસિક પુરુરાજ જોષીએ કારકિર્દીની શરૂઆત શિક્ષક તરીકે કરી હતી. છેલ્લે સાવલી કોલેજમાં ગુજરાતીના અધ્યાપકપદેથી નિવૃત્ત થયા. એમના પ્રથમ વાર્તાસંગ્રહ 'સોનેરી માછલીઓનો સળવળાટ'ને ગુજરાત સરકારનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તેમનાં અન્ય પુસ્તકોમાં 'માયાવિની' (વાર્તાસંગ્રહ), 'નક્ષત્ર' (કાવ્યસંગ્રહ), ઝુરાપો, 'મનનાં મેઘધનુષ' અને 'હૈયાં તરસે સરવર તીર' (નવલકથાઓ), 'કાળી સડક સફેદ મકાન' (અનુવાદ), 'કુદરતની કવિતા' (સંપાદન), 'સાક્ષાત્' અને 'આસંગ' (આસ્વાદલક્ષી વિવેચન), 'જિજ્ઞાસુની ડાયરી' (સાવલીના સ્વામીજીના પોતાને થયેલા પરિચયનું હૃદયસ્પર્શી આલેખન).

એમનો કંઠ સુરીલો હતો અને અનેક કૃતિઓ એમના કંઠે સાંભળવાનો લ્હાવો મળ્યો છે. એમનાં પત્ની બકુલાબેન હિન્દી સાહિત્યનાં સારા વાચક છે. નિખાલસ, સહજ અને નમ્ર એવા પુરુભાઈને નિવાપાંજલિ. **સં. જયદેવ શુક્લ**



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

ધ લોટરી

શર્લી જેક્સનની વાર્તા 'The Lottery' મને બે-ત્રણ કારણે બહુ જ ગમે. એક તો એનો ચમત્કૃતિભર્યો અંત જે આપણા મનમાં પડેલ લોટરી શબ્દના અર્થ જ બદલી નાખે છે. બીજું કારણ, પિરાન્દેલોની 'War' વાર્તાની જેમ અહીં કયા પાત્રનું ભાવિ દાવ પર લાગેલું છે, કોના જીવનની કટોકટીભરી ક્ષણની આ વાર્તા છે તે આપણને તરત નથી ખબર પડતી. સાવ સીધીસાદી વસ્તુસંકલના ધરાવતી આ વાર્તા આપણા મન પર અમીટ છાપ મૂકી જાય છે.

વાર્તાના આરંભે એક ગામની બહાર આવેલા મેદાનનું વર્ણન છે. 27 જૂનની સવાર છે. વાસંતી વાયરો ફૂલોને ડોલાવી રહ્યો છે. લીલાંછમ ઘાસવાળા મેદાનમાં

દસેક વાગ્યાની આસપાસ ધીમે ધીમે ગામના લોકો ભેળા થઈ રહ્યા છે. કેટલાક કસ્બાઓમાં તો વસ્તી વધારે હોવાને કારણે લોટરી પૂરી કરવામાં બે દિવસ લાગી જતા. પણ આ ગામમાં તો ખાલી 300ની જ વસ્તી હતી એટલે લોટરી બે કલાકમાં જ પૂરી થઈ જતી. દસેક વાગ્યે શરૂ કરે તોયે લોકો નિરાંતે બપોરે ઘરે ખાવા જઈ શકતા. હંમેશની જેમ સૌથી પહેલાં બાળકો ભેગાં થયાં. એમના ટોળાને કારણે મેદાન ગાજવા માંડ્યું. બધાં છોકરાં સરસ, ગોળ પથરાથી એમનાં ખિસ્સાં ભરવા લાગ્યાં. કેટલાકે તો ખૂણામાં પથરાનો મોટો ઢગલો કર્યો હતો. થોડીવારમાં પુરુષો એકઠા થવા માંડ્યા. અને પછી થોડીવારમાં ઘરમાં પહેરવાનાં ઝાંખાં પડી ગયેલાં કપડાંમાં સ્ત્રીઓ પણ આવવા લાગી. ઘડીકવાર તારી-મારી કરીને બધી સ્ત્રીઓ પોતપોતાના પતિ પાસે પહોંચી ગઈ. થોડીક વાર બાળકોનાં નામની બૂમો પડીને પછી બધાં પોતપોતાનાં મા-બાપ પાસે ગોઠવાઈ ગયાં.

મિ. સમર્સ ગામની તમામ પ્રવૃત્તિઓ- નૃત્યો, ઉત્સવોની જેમ લોટરી પણ સંભાળતા. હાથમાં લાકડાની કાળી પેટી લઈને તેઓ જ્યારે મેદાનમાં પહોંચ્યા ત્યારે લોકોમાં જરાક ગણગણાટ ફેલાઈ ગયો. પોસ્ટમાસ્તર મિ. ગ્રાવેસે ત્રિપગુ સ્ટૂલ મેદાનની વચ્ચે મૂક્યું. મિ. સમર્સે એ સ્ટૂલ પર કાળી પેટી મૂકી. લોટરીની આગલી રાતે મિ. સમર્સ અને મિ. ગ્રાવેસ કાગળની કાપલીઓ બનાવતા અને પેટીમાં નાખતા. બીજા દિવસે સવારે એ પેટીને બરાબર હલાવ્યા પછી લોટરી શરૂ થતી. પછી આખું વર્ષ આ કાળી પેટી ગમે ત્યાં, ગમે તેના ઘરે પડી રહેતી. આમ તો લગભગ બધી પરંપરાગત સામગ્રી ખોવાઈ ચૂકી હતી. બસ આ કાળી પેટી બચી હતી. પરંપરામાં માનનારાઓ એને બદલવાની હા નો'તા પાડતાં.

'લોટરીનો આરંભ થાય છે.' એવી મિ. સમર્સે જાહેરાત કરી એ પહેલાં મેદાનમાં જબરદસ્ત કોલાહલ હતો. પોસ્ટમાસ્તર દ્વારા મિ. સમર્સની લોટરી અધિકારી તરીકે સોગંદવિધિ કરાવવામાં આવી. કેટલાક ઘરડાઓને પહેલાં આ સોગંદવિધિ કઈ રીતે થતી તે યાદ હતું. પણ ધીરે ધીરે મોટાભાગના વિધિવિધાન બંધ થઈ ગયાં હતાં. મિ. સમર્સ ગામલોકોને સંબોધીને કશુંક કહેવા ગયા ત્યારે જ મિસિસ હચિસન ઉતાવળાં ઉતાવળાં મેદાન તરફ આવ્યાં. ટોળાની પાછળની ભાગે ઊભાં રહીને તેઓ અન્ય સ્ત્રીઓ સાથે વાતે વળગ્યાં. 'હું તો ભૂલી જ ગઈ હતી. ઘરમાં કોઈને જોયા નહીં એટલે પછી મને યાદ આવ્યું કે આજે 27મી જૂન હતી. એટલે પછી હું હડી કાઢતી આવી.' પછી તે ટોળામાંથી રસ્તો કરતી, એના પતિ અને બાળકો પાસે પહોંચી ગઈ. એને જોઈને

મિ. સમર્સે આનંદપૂર્વક કહ્યું: 'ટેસી હચિસન, અમને લાગતું હતું કે આજે અમારે તારા વગર જ ચલાવવું પડશે.' પછી એમણે ટોળાને સંબોધીને કહ્યું, 'ચાલો, મને લાગે છે કે આપણે લોટરી શરૂ કરી દઈએ, જેથી સૌ પોતપોતાનાં કામ પર પાછા જઈ શકે. એવું કોઈ છે જે હાજર ન હોય?'

'ડનવર... ડનવર' કેટલાકે એક સાથે જવાબ આપ્યો.

મિ. સમર્સે યાદી પર નજર નાખીને કહ્યું, 'ક્લાઈડ ડનબર. બરાબર છે. એનો પગ ભાંગ્યો છે. એના બદલામાં કોણ ખેંચશે?' ડનબરની પત્નીએ કહ્યું, 'હું ખેંચીશ' ને જેવું મિ. સમર્સે યાદી તરફ જોયું એ સાથે જ આખું મેદાન શાંત થઈ ગયું. મિ. સમર્સ બોલ્યા: 'બધાં તૈયાર છો? હવે હું નામ વાંચીશ. કુટુંબના મુખ્ય પુરુષોએ આ પેટીમાંથી કાપલી લેવાની છે. દરેકનો વારો આવી ન જાય ત્યાં સુધી કાપલી હાથમાં રાખી મૂકવાની છે. બધું બરાબર સમજાયુંને?'

લોકો વર્ષોથી આ બધું એટલી બધીવાર કરી ચૂક્યા હતા કે ભાગ્યે જ સૂચનાઓ સાંભળતા. મિ. સમર્સે પેલું નામ પોકાર્યું. 'સ્ટીવ આદમ.' એક માણસ ટોળામાંથી બહાર આવ્યો. મિ. સમર્સ સાથે ઔપચારિક 'કેમ છો, કેમ નહીં' કરીને ગભરાતાં ગભરાતાં એણે કાળી પેટીમાંથી એક કાપલી કાઢી. પછી કાપલીને કચકાવીને પકડી અને ટોળા બાજુ ગયા.

મિ. સમર્સ નામ બોલતા ગયા. એલન, એન્ડ્રુઝ, બેન્થામ...' એક પછી એક પુરુષો જઈ જઈને કાપલી લઈ આવતા હતા. એમના હાથમાં રહેલી કાપલી એમને વધુને વધુ અસ્વસ્થ બનાવતી હતી. ગામના સૌથી વૃદ્ધ વોર્નરને આદમે કહ્યું, 'એવી વાત સાંભળી છે કે ઉત્તર તરફના ગામડાંમાં હવે લોટરીના રિવાજોને લોકો ફગાવી દેવાનું વિચારે છે.'

વૃદ્ધ વોર્નર ગુસ્સે થઈને કહે છે, 'મૂરખના સરદારો છે. એમની વાતો નહીં સાંભળવાની. પેલી કહેવત છે ને કે, 'જૂનમાં લોટરી ને પાકથી ભરાય કોઠરી.' જો લોટરી છોડી દેશો તો મુશ્કેલીઓનો પાર નહીં રહે. હું પૂરા સિત્તોતેર વર્ષથી લોટરીમાં ભાગ લેતો આવ્યો છું.' મિ. સમર્સે પોતે પણ કાપલી લીધી. ડનબરની પત્નીએ એના વતી કાપલી લીધી. હવે તમામ પુરુષોનો વારો આવી ગયો હતો. એટલે મિ. સમર્સે પોતાની કાપલી હવામાં ઊંચી કરીને કહ્યું, 'સારું ત્યારે મિત્રો, હવે ખોલો તમારી કાપલીઓ.' લોકો શ્વાસ રોકીને ઊભા હતા. થોડીવાર પછી બધી જ કાપલીઓ ખોલવામાં આવી. બધી જ સ્ત્રીઓ એક સાથે બોલવા માંડી. 'કોનો વારો પડ્યો?' 'કોના ભાગે આવ્યું?' ને પછી એક અવાજે બધા કહેવા લાગ્યા. 'ભાઈ હચિસનનો વારો પડ્યો,' 'બિલ હચિસનને લાગી લોટરી...' અચાનક જ ટેસી હચિસને બરાડો પાડીને મિ. સમર્સને

કહ્યું, 'તમે મારા ઘરવાળાને કાપલી પસંદ કરવાનો સમય જ નો'તો આપ્યો. આ તો ચોખ્ખો અન્યાય છે. આવું ન ચાલે.'

બધા ટેસી પર ગરમ થયા. 'જરાક ખેલદિલ બન ટેસી, દરેકને સરખી જ તક મળી હતી. એનો પતિ બિલ પણ કહે છે, 'તારું ડાચું બંધ કર ટેસી.'

મિ. સમર્સે કહ્યું, 'ચાલો બધું સરસ રીતે પતી ગયું. હવે બાકીની વિધિ પણ જરા ઉતાવળે આટોપી લઈએ.' મિ. સમર્સે બીજી યાદી તરફ નજર નાખીને કહ્યું, 'બિલ હચિસન, તમારા કુટુંબમાં હવે બીજું કોઈ છે?'

મિસિસ હચિસન એની સાસરે ગયેલી દીકરીઓનાં નામ કહે છે પણ મિ. સમર્સ ના પાડે છેઃ 'દીકરીઓ એમના પતિના કુટુંબ સાથે કાપલી ખેંચે છે, પિતાના કુટુંબ સાથે નહીં.' ટેસીના કકળાટને કોઈ સાંભળવા તૈયાર નથી. હવે બિલના હાથમાંની કાપલી ઉપરાંત એના કુટુંબના સભ્યો જેટલી કાપલી પેટીમાં પાછી મૂકવામાં આવે છે. મિ. સમર્સ બિલને કહે છેઃ 'બધા એક પછી એક કાપલી લો અને વાળેલી જ રાખો. બાળકો સહિતના બધા સભ્યો કાપલી લે છે. મિ. સમર્સ કહે છેઃ 'ચાલો, હવે કાપલી ખોલો.' દીકરી, દીકરો, પતિ બધાની કાપલી કોરી નીકળી એટલે બધાં આનંદથી ઊછળી રહ્યાં હતાં. ટેસી કાપલી ખોલવા તૈયાર નથી. બિલ એના હાથમાંથી પરાણે કાપલી લે છે. ટેસીની કાપલી પર એક કાળું ટપકું હતું. મિ. સમર્સે આગલી રાતે કાપલીઓ તૈયાર કરતી વેળા આ ટપકું કર્યું હતું જે પહેલાં બિલ હચિસનના ભાગે આવ્યું હતું ને હવે ટેસીના ભાગે.

'ચાલો, હવે આપણે જલદીથી પતાવીએ.' મિ. સમર્સે કહ્યું, ગામના લોકો ભલે બધી પરંપરાગત વિધિઓ ભૂલી ગયા હોય, ભલે એમની કાળી પેટી સાવ જૂની થઈ ગઈ હોય પણ લોટરી નીકળે પછી શું કરવાનું એ બિલકુલ નો'તા ભૂલ્યા. પથ્થરો વાપરવાનું એમને બરાબર યાદ હતું. છોકરાંઓએ તૈયાર કરેલા ઢગલામાંથી બધાના હાથમાં પથ્થર આવી ગયા. કેટલાકે તો બે હાથે ઊંચકાય એવા મોટા પથ્થર ઊંચક્યા હતા. કોઈકે બિલ હચિસનના સૌથી નાના દીકરાના હાથમાં પણ પથ્થર પકડાવ્યા હતા.

ટેસી હચિસન હવે કૂંડાળું વાળેલા લોકોની બરાબર વચ્ચે હતી. હાથ લાંબો કરીને 'આ ન્યાય નથી' એવી એણે બૂમ પાડી એ સાથે જ એક પથ્થર એના માથામાં વાગ્યો. 'આ અન્યાય છે, આ બરાબર નથી' એવી એની ચીસ પછી બધા એકસાથે એના પર તૂટી પડ્યા પથ્થરો વડે...

આમ જોઈએ તો કોના નામની લોટરી નીકળશે એ કુતૂહલ સિવાય આ વાર્તામાં બીજું ખાસ રહસ્ય નથી. 'લોટરી' શબ્દ સાથે આપણા અર્થસંકેતો કશાકની પ્રાપ્તિના છે. પૈસા કે ચીજ-

વસ્તુ. લોટરીમાં મૃત્યુ મળે એ આપણી કલ્પના બહારની વાત છે. વાર્તારંભે અહીં છોકરાઓને પથ્થરો વીણતા બતાવ્યા છે. વચ્ચે વચ્ચે બધા માટે લોટરી અણગમતો પ્રસંગ છે એવા સંકેત પણ મળે છે. 'લોટરી' બંધ થવી જોઈએ એવા સંકેત પણ મળે છે. તોએ વાર્તાનો અંત ભાવક માટે કલ્પના બહારનો છે.

આ કંઈ લોટરીનો શિકાર બનેલાં મિસિસ હચિસનની જ વાત નથી. આપણા બધામાં રહેલી ક્રૂરતા અને કોઈ એકને બલિનો બકરો બનાવી ભાગી છૂટવાની વૃત્તિની આ વાત છે. આ ક્રૂર વિધિનો વિરોધ કરનારાં, ટેસીનાં કુટુંબીજનો પણ પોતાનો વારો નથી પડ્યો એ જાણી હરખાય છે. હાલ તરત એ સંકટ ટળી ગયું છે એટલે બધા તટસ્થતાથી વિધિમાં ભાગ લે છે. પોતાથી ઊંચકી ન શકાય એવડા પથ્થર મારનારા આપણી આસપાસમાં જ હોવાના. 'કોનો વારો પડ્યો?' એ બાબતે ડોકાં તાણતી ટેસી હચિસન પણ પોતાનું નામ આવ્યું પછી 'આ અન્યાય છે' એવા બરાડા પાડે છે. પાણી પોતાના પગ નીચે આવે તો જ આપણે બૂમ પાડીએ છીએને? ને પોતાની દીકરીઓનાં નામ લેતી ટેસી મૃત્યુને ઠેલવા ક્રૂર બની જાય છે. જે રીતે ટેસીના નામની કાપલી નીકળે પછી એનો પતિ અને સંતાનો તટસ્થ બની જાય છે. એ સંબંધોનું સત્ય પણ સમજાવે છે.

❑❑❑

શ્રદ્ધાંજલિ



ડૉ. હસુ યાજ્ઞિક
૧૨ ફેબ્રુઆરી, ૧૯૩૮
૧૦ ડિસેમ્બર, ૨૦૨૦

આજીવન અધ્યાપન અને અધ્યયનમાં સન્નિષ્ઠ. લોકસાહિત્ય, મધ્યકાલીન સાહિત્ય, શાસ્ત્રીયસંગીત, સંશોધન, વિવેચન અને સર્જનનાં લગભગ પોણા બસો પુસ્તકોથી એમણે ગુજરાતી ગિરાને સમૃદ્ધ કરી. કોરોના સંક્રમણની સારવાર બાદ રિપોર્ટ નેગેટિવ આવતાં ઘરે લાવવામાં આવ્યા. કુટુંબીજનોની હાજરીમાં શાંતિપૂર્ણ અંતિમ શ્વાસ લીધા. એમને 'નવનીત સમર્પણ'ની હાર્દિક શ્રદ્ધાંજલિ.

[પૃ. 34થી ચાલુ]
મૃત્યુ પછી વરદાન માગે છે કે તે પુત્રવતી બને અને યમરાજાને છેતરે છે, તેમ મૃત્યુને હરાવી પણ શકાય. તેમનાં નૃત્યોની રજૂઆતમાં આમ ઉદાસીની ઘેરી છાયા ટાળવા તેઓ રંગબેરંગી ribbonsનો ઉપયોગ કરી વાતાવરણમાં ઉત્સવનું સૂચન કરે છે.

Dance of Deathમાં મોટા live puppet સાથે તેઓ એક અત્યંત દુર્બળ વૃદ્ધ મનુષ્યને રજૂ કરે છે જીવન આમ નિર્ધન દશામાં લાચારીથી જીવવા કરતાં મૃત્યુને સ્વીકારવાનું પેલો વૃદ્ધ મનુષ્ય વિચારે છે. તે દ્વારા દર્શકોને એ પાત્ર માટે સહાનુભૂતિ અને દયા ઊપજે છે. ત્યાં પેલા live puppet - કશી ભૂમિકા ભજવતા નથી માત્ર પશ્ચાદ્ભૂમાં તેઓ ભાવહીન અવસ્થામાં ઊભા રહે છે.

એકવાર બીજિંગ-ચીનમાં ૧૯૮૮માં ત્યાંની ડાન્સ રીસર્ચ સંસ્થામાં નૃત્ય કરતાં કરતાં તેમણે પ્રિન્સ ગોંગના મકાનમાં પડેલાં એક લાકડાના આસનનો ઉપયોગ કરેલો. ત્યાં બેઠેલા અનેક સંશોધકો અને વિદ્વાનો જ્યાં બેઠા હતા તેમની વચ્ચેથી વિવિધ રૂપે તેઓ ફર્યા હતા. એટલું જ નહીં પણ તે મકાનના એક સ્તંભ પર ચડી પહેલે મજલે જઈ ત્યાંથી બીજી બાજુ નીચે ઊતર્યા હતા. ઊતર્યા ત્યારે ઉપલા વરંડામાં ઝાડુ પડ્યું હતું તે લઈને ઊતરેલા. ત્યારે એક વિવેચકે લખેલું: 'આસ્તાદ તેમનાં નૃત્યો દ્વારા ઝાડુનો ઉપયોગ કરી લોકો, લોકો સાથેનો વાતાવરણનો સંબંધ અને પ્રકૃતિ કઈ રીતે વીંટળાયેલાં છે, તે દર્શાવે છે.'

મોડર્ન ડાન્સમાં રસ ધરાવવા છતાં આસ્તાદને શાસ્ત્રીય બેલે (Classical ballet)માં રસ નથી. પરંતુ કેરળની કલરીપયટ્ટુ અને મણિપુરના થાંગ તા martial arts બન્ને પરંપરાના તે પ્રસંશક છે. તેમણે મણિપુરના થાંગ તાના વિખ્યાત ગુરુ પાસે તેનો અભ્યાસ કર્યો છે. તેમના થાંગ તા ગ્રુપ હુલા (Hula)ના કલાકારો સાથે તેમની નૃત્યરચનાઓ રજૂ કરી છે. આ ઉપરાંત મણિપુરના પુંગ-મૃદંગ વાદકો સાથે પણ નૃત્ય રચનાઓ રજૂ કરી છે. છેલ્લાં વીસેક વર્ષથી એમની


ટાગોરને શ્રદ્ધાંજલિ



સાથે વારંવાર મણિપુરમાં ઇમ્ફાલ જઈ ત્યાં રચનાઓ કરી ભારતભર તથા વિદેશોમાં તે નૃત્ય રચનાઓ રજૂ કરી છે. Celebrations નામે તે રચનાઓ પરિપક્વ રૂપે રજૂ થાય છે. તેની 15 દેશોમાં સફળ રજૂઆત તેમણે કરી છે.

ઇમ્ફાલમાં સીત્યબાન સિંઘ શ્રી શ્રી ગોવિંદજી નટસંકીર્તન ગ્રુપના વિખ્યાત ગુરુ પુંગ ચોલોમ, મૃદંગવાદક તરીકે શ્રાદ્ધ તથા લગ્નપ્રસંગે નિમંત્રણ મળતાં પુંગ ચોલોમ રજૂ કરી જીવનનિર્વાહ કરતા હતા. તેમને મળીને આસ્તાદે તેમની મંડળી Hulaના મૃદંગવાદક નર્તકો સાથે નૃત્યસંયોજના કરી. ૨૦૦૭માં પહેલી રચના Rhythm Divineની કરી જેમાં કેન્દ્રમાં આસ્તાદ નૃત્ય કરતા અને તેમની ચોતરફ મૃદંગવાદકો મૃદંગ વગાડતા, હવામાં ચકરાવો લેતા નૃત્ય કરતા. એ દિશામાં સાતેક વર્ષ પછી ૨૦૧૪માં તેમણે Rhythm Divine II. The River runs deepની રચના કરી. તેમની આ નૃત્યરચના માટે ફ્રાંસમાં બાસ્ટીલમાં ત્યાંના ઓપેરાહાઉસમાં નૃત્ય રજૂ કરવાનું નિમંત્રણ મળેલું.

તે દરમિયાન Elemental Divine રચના કરી તેમાં ઝોરોસ્ટ્રીયન ધર્મ-સિદ્ધાંતોને નૃત્ય દ્વારા વણી લીધા. તેમની નૃત્ય રચનાઓમાંના આ ગૂઢ રહસ્યવાદી mystral તત્ત્વથી આકર્ષાઈ દક્ષિણ કોરિયાના Seoul Factory નાટ્યસંસ્થાના ડાયરેક્ટરે તેમની રચનામાં Hamletના પિતાની ભૂમિકા માટે તેમને નિમંત્ર્યા હતા. જે તેમણે ત્યાંથી પાછા ફર્યા પછી બેંગ્લોર અને ચેન્નાઈમાં રજૂ કરેલી.

આસ્તાદ દેબુનું એક મહત્ત્વનું કામ તેમની બધીર અને મૂક બાળ કલાકારો સાથેની નૃત્યરચનાનું છે કોલકાતાની Action Players નાટ્ય-સંસ્થાના આશ્રયે ત્યાં મૂક અને બધીર વિદ્યાર્થીઓ સાથે કાર્યશાળાઓ (work shops) કરી તેમને નૃત્ય શીખવ્યું અને સંજ્ઞાઓને આધારે નૃત્યશિક્ષણ આપી સફળ નૃત્યરચનાઓ રજૂ કરી. તેમના આ કાર્યની ઘણી પ્રસંશા થઈ. વોશિંગ્ટનની વિખ્યાત ગોલોડેટ

યુનિવર્સિટી, જ્યાં બધીર વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, ત્યાંથી આસ્તાદને અમેરિકા નિમંત્રણ મળતાં તેમણે ત્યાંના વિદ્યાર્થીઓ અને કોલકાતાના વિદ્યાર્થીઓના સંયુક્ત નૃત્ય-કાર્યક્રમો રજૂ કર્યા. એક્શન પ્લેયર્સના 21 વિદ્યાર્થીઓને ગોલોડેટ યુનિવર્સિટીએ વોશિંગ્ટન નિમંત્ર્યા હતા અને અમેરિકાનાં પ્રમુખ શહેરોમાં નૃત્યો રજૂ કર્યાં હતાં. વોશિંગ્ટનમાં Deaf way II નામના આંતરરાષ્ટ્રીય નૃત્ય-સંમેલનમાં તેમની રચનાઓને દાદ મળી હતી.

આ ઉપરાંત ચેન્નાઈની ક્લાર્ક સ્કૂલ ફોર ડેફ તરફથી નિમંત્રણ મળતાં આસ્તાદે તે શાળાના વિદ્યાર્થીઓ સાથે નૃત્યરચનાઓ કરી છે.

આસ્તાદે વય વધવા સાથે તેમની નૃત્ય-સંકલનમાં અત્યંત મંથર ગતિથી શરૂ કરી દ્રુત ગતિમાં એકલ નૃત્યો રજૂ કરવાં શરૂ કર્યાં અને તેમની કથકની પ્રારંભિક નૃત્યશૈલીમાં કલાકાર જેમ ચક્કર વર્તુળો લે છે તેનો સુંદર વિનિયોગ કરવો શરૂ કર્યો હતો. ટર્કીના દરવેશ નૃત્યકારોનું ગોળગોળ ફરવું અને આધ્યાત્મ સાથે અનુસંધાન કરવું તેમાં પ્રેરિત છે. ગુંડેચા બંધુના ધ્રુપદ સંગીતના સહારે પ્રાર્થનાની ભાવના તેમાં નિહિત છે. બન્ને હાથ ફેલાવી ઈશ્વર પ્રતિ વિનંતિ કરતા હોય તેવી ઉત્કટતાના તેમાં દર્શન થાય છે.

રાઈમ ડિવાઈનમાં મણિપુરના ડ્રમ-નૃત્યકારો સાથે પુંગ ચોલોમની રજૂઆત





પ્રાર્થના

ધીરેધીરે દ્રુત ગતિમાં તેઓ આપણને સ્તબ્ધ કરે તેવાં ચારસો ચક્કર કોઈ પણ પ્રકારનું સંતુલન ખોયા વિના રજૂ કરી શકે છે તેમાં પણ એક વિશિષ્ટ પોષાકની તેમણે રચના કરી છે. લાંબો ઘેરવાળો ડગલો અને તે ઘેર ચક્કર લેતાં ફેલાય. તેમનું નર્તન અને સાથેનું સંગીત એક hypnotic feeling સર્જે છે.

આસ્તાદ મૂલતઃ એકલ નર્તન કલાકાર (soloist) છે પણ તેમણે અન્ય કલાકારો સાથે તેમની જોડે collaboration દ્વારા કામ કર્યું છે. તેમાં નોંધપાત્ર કામ છે સલામ બાલક ટ્રસ્ટના કલાકારો સાથેનું. તાજેતરમાં NCPAની Golden Jubilee નિમિત્તે મુંબઈમાં તેમણે Unbroken and unbound નામે નવી નૃત્યરચના રજૂ કરી હતી. તેમાં પહેલા વિભાગમાં અત્યંત ધીમી ગતિમાં આસ્તાદે Offering પ્રાર્થના રજૂ કરી હતી. તેમાંની meditative quality, તેમની પીઠ જમીન તરફ નીચી કરી, બે હાથ ઊંચા આકાશ પ્રતિ લઈ જવાની સ્થિતિ જાણે કે ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતોને પણ વટાવી જતી જણાઈ હતી.

તેમણે ગાંધીજીના કેટલાક સિદ્ધાંતોને લક્ષમાં રાખી સલામ બાલક ટ્રસ્ટના કલાકારોને નિમંત્રી તેમના દળમાં 'દાંડીકૂચ'ની સુંદર રજૂઆત કરી હતી. જે રીતે નૃત્યકારો વચ્ચેની જગ્યાના અંતરને જાળવી નૃત્ય કરે છે તેમાં આસ્તાદ જે રીતે spaceનો ઉપયોગ કરે છે તે આપણું ધ્યાન ખેંચે છે. લાઠી દ્વારા ભૂમિ પર કલાકારો જે પ્રકારે આકાર આંકે છે અને સમૂહનૃત્યો કરે છે તે આપણને મંત્રમુગ્ધ કરી મૂકે છે.

પરંતુ જ્યારે કાર્યક્રમની છેલ્લી

રજૂઆતમાં ગાંધીજીના ચહેરાના maskનાં વિવિધ અંગો રંગમંચ પર એક પછી એક કલાકારો લાવે છે, ગાંધીજીનાં કાન, ચહેરો, નાક પર મૂકવાનાં ચશ્માં ત્યારે ગાંધીજીનો ચહેરો મૂર્તિમંત થાય છે અને એક ખૂણે બે હાથ જોડી આસ્તાદ નતમસ્તકે ઊભા રહે છે, એ દૃશ્ય વિસ્મયકારક છે. એ મહોરાંની રચના શમશૂલ નામના નૃત્યકારે કરી છે. મને આ રચના જોવાની તક સાંપડી હતી અને તે અવિસ્મરણીય રહી છે.

આમ આવા વિશાળ ફલક પર કામ કરતા આ વિરલ કલાકારની પચાસ વર્ષથી પણ વધુ કારકીર્દિને જોતાં તેઓ અભિનંદનના અધિકારી બને છે. પણ સાથે એક એવો પણ પ્રશ્ન પૂછવાનું મન થાય કે આસ્તાદની આ શૈલી જેને eclactic કહી શકાય તેના ઉત્તરાધિકારી કોણ? આસ્તાદ તેમની નૃત્યમંડળીને કેમ સ્થાપતા નથી? કેમ તેઓ એક સંસ્થા ઊભી કરતા નથી? આસ્તાદ કહે છે કે તેઓ એવી સંસ્થા ઊભી કરવામાં માનતા નથી. તેમનાં ભાતીગળ સતત પ્રવાસશીલ જીવન અને કાર્યક્રમોમાં તેવી રીતે સંસ્થા સ્થાપવાનું શક્ય નથી. આ ઉપરાંત આટલાં વર્ષોનાં તેમનાં અનુભવો, પ્રવાસો, સર્જનશક્તિ, કલ્પનો, કલ્પનાઓ, સંગીતની સૂઝ અને સાહસ વગેરે અન્ય કલાકારો સહેલાઈથી અવગત કરી શકે નહીં.

આસ્તાદની નૃત્યયાત્રા તે માટે તેમણે કરેલાં અનેક બલિદાનો, શરૂમાં કોઈ તેમને દાદ આપતું નહીં. અવગણના, પ્રેક્ષકો આવે નહીં, પ્રેક્ષકોની શોધ,



જાતે જ પ્રોગ્રામો ગોઠવે, તેને માટે અરજીઓ કરે, વ્યક્તિગત રીતે મળવા જાય, ડેમોન્સ્ટ્રેશન કરી દેખાડે, જે રકમ આપે તે રકમ લઈ ગાડું નભાવે, અને અનેક યાતનાઓ પછી કંઈક નામના થઈ. ૧૯૯૬ લગી તો સંગીત નાટક અકાદમી અને ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રીલેશન્સ જેવી સંસ્થાઓ તેમનાં નૃત્યોને મોડર્ન ડાન્સ તરીકે સ્વીકારવા તૈયાર નહોતી. પરંતુ પશ્ચિમના દેશોમાં તેમનાં નૃત્યોને આવકાર મળ્યો અને ભારતમાં ૧૯૮૪ની ઐતિહાસિક East-West Dance Encounter પછી મૃણાલિની સારાભાઈ, કુમુદિની લાખિયા, ચંદ્રલેખા, મંજુશ્રીચાકી સરકાર, આશા કુર્લાવાલા (પછી તેઓ ઉત્તરા આશા કુર્લાવાલા નામે જાણીતાં થયાં) અને અન્ય કલાકારો નવીન, નૂતન શૈલીઓ ઉપજાવી, તેના મૂળ તેમની શાસ્ત્રીય શૈલીમાં સાચવીને કરતા, તે મૂવમેન્ટને કારણે લોકો આ પ્રકારનાં નૃત્યોનો સ્વીકાર કરવા લાગ્યા હતા. તેથી આસ્તાદ દેબુને તેમની રચના માટે મોટું પીઠબળ મળ્યું.

છતાં તેમના કાર્યક્રમો માટે ભંડોળ ભેગું કરવું. લોકોને કાર્યક્રમ સ્પોન્સર કરવા માટે વિનંતિઓ કરવી વગેરે આકરી પરિસ્થિતિનો તેમને સામનો કરવો પડ્યો હતો. આ માર્ગ ઘણો કઠણ છે પોતાના કામમાં શ્રદ્ધા, તનતોડ મહેનત અને લીધેલું કામ પૂરું કરવાની લગન વગેરેને કારણે ધીરેધીરે તેમનો મોડર્ન ડાન્સર તરીકે માન્યતા મળી. સંગીત નાટક અકાદમીએ તેમને મોડર્ન ડાન્સ માટે એવોર્ડ ૧૯૯૬માં આપ્યો અને પછીનાં વર્ષોમાં પદ્મશ્રીનું રાજ્યસન્માન પણ ૨૦૦૭માં મળ્યું. વિદેશોમાંથી પણ અનેક સન્માન પ્રાપ્ત થયાં.

આસ્તાદ દેબુ મિલનસાર સ્વભાવના અને અત્યંત નમ્ર પ્રકૃતિના કલાકાર છે. તેમના વ્યક્તિગત અભિગમ વિશે વર્તમાનપત્રોમાં પોતે વારંવાર ઇન્ટરવ્યુઝ આપી તેમની શૈલી વિશે સમજાવવાની તેમની કુનેહ, તેમના ફોટોગ્રાફ્સ અને વિવેચકોનાં વિવેચન વગેરે દ્વારા તે છેલ્લાં પચાસ વર્ષથી લોકોની નજરમાં રહ્યા છે. નિરાશ થવાના અનેક પ્રસંગો આવ્યા છતાં તેમણે આશા મૂકી નથી અને હસમુખા રહ્યા છે.

તેમની પાસે જે કલાકારો નૃત્ય શીખ્યા છે તેમને તેમણે પ્રોફેશનલી તૈયાર કર્યા છે. ગુરુ-શિષ્ય પ્રણાલી અનુસાર. આજે તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે છતાં ક્યારેક ભારતમાં તેમને માન્યતા ઓછી મળી છે તેનું તેમને હજી પણ ઓછું આવે છે પરંતુ તેમના હસમુખા સ્વભાવ અનુસાર તેઓ કહે છે 'હજી તો ઘણું કરવાનું બાકી છે અને તે માટે મને ઘણી હોંશ છે.' આજે તેઓ ભારતના ગૌરવનું એક યશસ્વી પ્રકરણ છે.

❑❑❑

તમારી દૃષ્ટિએ

સૌ પ્રથમ તો આરાધના ભટ્ટને અભિનંદન. પેલવા નાયક જેવી યુવાપ્રતિભાએ સંગીતક્ષેત્રે કયા પ્રકારનું અર્પણ કર્યું તેનો વિસ્તૃત પરિચય આ પ્રશ્નોત્તરી દ્વારા થયો. જેની સાથે પ્રશ્નોત્તરી કરવાની છે તેનું વ્યક્તિત્વ, તેની કળાવિભાવના, કળા પાછળ રહેલી ભૂમિકાઓ - વગેરેનો પરિચય હોવો બહુ જરૂરી છે. પેલવા નાયકને માત્ર સંગીતમાં જ રસ નથી, અન્ય કળાઓમાં, માનવવિદ્યાઓમાં, સમાજવિદ્યાઓમાં - અને સાથે સાથે જીવન જીવવાની આપણી પદ્ધતિઓમાં ઊંડો રસ છે એ આ યુવાન સંગીતકારની વાતોમાંથી જાણવા મળ્યું. જેમ જેમ આપણે વિકસતા જઈએ છીએ તેમ તેમ આપણને જગત વિશે, જીવન વિશે, જાત વિશે પ્રશ્નો થવા માંડે છે. આ પ્રશ્નો દ્વારા આપણે જાતને પણ પામીએ છીએ. પેલવા નાયકે સાચું જ કહ્યું કે સંગીત દ્વારા આત્મપરિચય થાય છે - આ આત્મપરિચય પ્રત્યેક સંવેદનશીલ માનવીને થાય.

રવીન્દ્રનાથ ઠાકુરે શાંતિનિકેતનની સ્થાપના શા માટે કરી? માનવી જેમ પ્રકૃતિથી દૂર સરતો ગયો તેમ તેમ તેના જીવનમાં એકલવાયાપણું, અસંગતિ પ્રવેશતાં ગયાં - માતૃભાષા માટે અઢળક પ્રેમ ધરાવતાં પેલવા નાયકે પ્રાચીન ગુરુકુળ પરંપરા પ્રમાણે પ્રકૃતિની વચ્ચે રહીને સંગીતની તાલીમ લીધી, જાતતપાસ માટેની પ્રેરણા પણ ત્યાંથી મળી. વળી, આ સાધનામાંથી એક મહત્ત્વનો બોધપાઠ મળ્યો - માનવીની બધી જ પ્રવૃત્તિઓ આધ્યાત્મિક બની શકે. સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી, એ વાત તેમના વ્યક્તિત્વમાં વણાઈ ગઈ છે.

બહુ ઓછા સર્જકો પોતાની સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા અસ્તિત્વની સમજ મેળવતા હોય છે, આવા વિરલ સર્જકોમાં પેલવા નાયક એક છે એનો ખૂબ ખૂબ આનંદ.

આરાધના ભટ્ટને એક વિનંતી કરું? આ આખી મુલાકાતનો હિન્દી અનુવાદ કરાવીને દિલ્હીથી પ્રગટ થતાં 'સંગના'માં મોકલી આપો. ભારતના બીજા લોકોને પણ અસામાન્ય સૂજ ધરાવતાં પેલવા નાયકનો પરિચય થશે.

- શિરીષ પંચાલ

સુચિબેન વ્યાસ કોઈ જીવતી જાગતી, પોતાની ફરજ બજાવતી વ્યક્તિ માટે લખે, 'દરવાજે ધોળા દિવસે પણ બીક લાગે તેવો, ખૂંધા ખવીહ જેવો દરવાન સફેદ યુનિફોર્મમાં બેઠો હોય' અને નવનીત તે છાપે પણ ખરું?
એ દરવાન જો હકીકત હોય તો સુચિબેને અને નવનીતે બન્નેએ તેની માફી માગવી જોઈએ.

- ધ્રુવ ભટ્ટ



ભવન્સ-વૃત્ત

ભારતીય વિદ્યા ભવનના ૮૩મા સ્થાપનાદિનની ઉજવણી



ડૉ. ગણપતિ વી. હેગડે

ભારતીય વિદ્યા ભવન, મુંબઈ ખાતે ૭ નવેમ્બર ૨૦૨૦ના રવિવારે ભવનના ૮૩મા સ્થાપનાદિનની ઉજવણીના ભાગરૂપે ડૉ. ગણપતિ વી. હેગડેનું સંસ્કૃત ભાષામાં 'સમાજ કલ્યાણ અને સંસ્કૃત શિક્ષા' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું.

અદ્વૈત વેદાંત કોલેજના સહાયક પ્રાધ્યાપક અને ભવન્સ મુંબાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલય, મુંબઈના આચાર્ય ડૉ. ગણપતિ વી. હેગડેએ કુલપતિ મુનશીજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને ભારતીય વિદ્યા ભવનના સંસ્કૃત શિક્ષણ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પ્રદાનની પ્રશંસા કરી હતી. સંસ્કૃત ક્ષેત્રને આવરી લેતા શૈક્ષણિક પદ્ધતિ, બીજી ભાષાઓ શીખવાનું મહત્ત્વ, શિક્ષાનું માધ્યમ સંસ્કૃત, સંસ્કૃત પ્રસારનાં સાધનો, સમાજકલ્યાણમાં સંસ્કૃતની ભૂમિકા વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. વિશાળ સાહિત્ય, યોગ, આયુર્વેદ, જ્યોતિષ, વાસ્તુ, પુરાણો અને અન્ય ધર્મોગ્રંથોમાંથી અનુરૂપ વિષયની વિવિધ અર્વાચીન વ્યાવસાયિક અભ્યાસક્રમની સમૃદ્ધ માહિતી મળે છે તેનો ઉલ્લેખ કર્યો હતો.

પરીક્ષા વિભાગના સહાયક પરીક્ષા સંચાલક શ્રી કૃષ્ણ કુમાર ઝાએ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગાઈ કરી હતી. મુનશીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા સ્વાગત પ્રવચનમાં ભારતીય વિદ્યા ભવનની બહુ પરિમાણીય શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો અને વ્યાખ્યાતાનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઉપરાંત આભારવિધિ પણ કર્યો હતો.

અમદાવાદ કેન્દ્રઃ વિદાય સમારોહ



ભવન્સ અમદાવાદ કેન્દ્રના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી રોહિતભાઈ મહેતાનું ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦ના અવસાન થયું હતું. પ્રેરણાદાયી વ્યક્તિત્વ અને સાચા માર્ગદર્શક રોહિતભાઈએ ૪૦થી વધુ વર્ષો સુધી તેના અધ્યક્ષ હતા અને તેમના માર્ગદશર્ન હેઠળ સંસ્થાએ વિકાસ સાધ્યો હતો. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

પંચકુલા કેન્દ્રઃ આંતરરાષ્ટ્રીય માહિતી ૨૦૨૦ રમતક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ ભવન્સ વિદ્યાલય, પંચકુલા કેન્દ્રના ધોરણ ૮નો વિદ્યાર્થી ઉદિત સાંઘી ૨૦૨૦ના આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ ઇન ઇન્ફોર્મેટિક્સના જૂથમાં પસંદ થયો. IOI શાળાકીય વિદ્યાર્થીઓ માટેની વિશ્વમાં ખૂબ શ્રેષ્ઠ પોગ્રામિંગ સ્પર્ધા છે.

ભારત તેની ટીમની પસંદગી ઇન્ડિયન નેશનલ ઓલિમ્પિયાડ ઇન ઇન્ફોર્મટિક્સ (INOI)માંથી શ્રેષ્ઠ નિર્ણાયક વિદ્યાર્થીઓની ટૂંકી યાદીમાંથી કરે છે. જે દર વર્ષે જાન્યુઆરીમાં આયોજિત થાય છે. આ વર્ષે INOIમાં રજૂઆત કરનારાઓમાંથી ૩૨ વિદ્યાર્થીઓએ ૫ કલાકના સમયગાળામાં ખૂબ અઘરા ત્રણ પ્રોગ્રામિંગ કોયડા ઉકેલવાના હતા. ઉદિત તેમાં વિજેતા ઘોષિત થયો.

ઉદિતે છેલ્લાં બે વર્ષની INOIમાં સારું રજૂ કર્યું હોવા છતાં અને ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષમાં છેલ્લી યાદીમાં સ્થાન પામવા છતાં તે સ્પર્ધામાં પાંચમા ક્રમે આવ્યો અને ભારતીય જૂથમાં તક ગુમાવી. પણ તેના સતત પ્રયાસે તેને તક આપી.

ઉદિત સાંઘી



ઉદિતને પ્રોગ્રામિંગ અને ગણિતમાં તીવ્ર રસ છે. પાંચ વર્ષની ઉંમરે તે ક્રિકેટના રન-રેટસ ગણી શકતો અને અઘરા ગાણિતીક કોયડા ઉકેલી શકતો. ધોરણ ૮નું પ્રોગ્રામિંગ કરવો તેને માટે રસપૂર્ણ હતું. તેણે અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. એમાં બે રજતચંદ્રકોઃ એશિયા-પેસિફિક ઇન્ફોર્મેટિક્સ ઓલિમ્પિયાડ અને બેક-અપ વિનર ઇન ગૂગલ કોડ ઇન પણ સામેલ છે.



ક્રિતી શર્મા

પંચકુલા કેન્દ્ર: ભવનની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ક્રિતી શર્માએ રાષ્ટ્ર માટે ગૌરવશીલ કાર્ય કર્યું છે. અત્યારે તે મુંબઈમાં તેના IITનાં ત્રીજાં વર્ષમાં ભણે છે. સમગ્ર રાષ્ટ્ર એને સન્માનથી જુએ છે.

તેણે પૃથ્વીની સૌથી નજીકથી પસાર થતા એક લઘુગ્રહની શોધ કરી છે. જો કે આ લઘુગ્રહ પૃથ્વીને કોઈ હાનિ કર્યા વગર પસાર થઈ ગયો છે. કાલટેક ખાતે ZTF પાસેથી માહિતીનો ઉપયોગ કરવાના માંડ કલાક બાદ જ એણે આ શોધ કરી હતી. ક્રિતી IITB શાખામાં કાર્યરત છે. કાલટેક વિકાસ સહકાર્યનું નેતૃત્વ કરે છે જે ઝડપથી થતી અવકાશી ઘટનાઓનું નિરીક્ષણ કરે છે. વિશ્વભરના ખગોળવિદોનો એમાં સહકાર લેવાય છે. સુપરનોવા અને ન્યૂટ્રોન તારા, બ્લેકહોલનું વિલીનીકરણ અને પૃથ્વી પાસેના લઘુગ્રહોનું નિરીક્ષણ જેવી વૈશ્વિક ખગોળીય ઘટનાઓનું પરીક્ષણ કરે છે. આ જૂથમાં ભારત, ટાઈવાન, યુકે અને યુએસના સભ્યો સાથે મળી સંશોધન કરે છે.

કોઈમ્બતુર કેન્દ્ર: શ્રદ્ધાંજલિ



શ્રી પી. આર. કૃષ્ણકુમારની સ્મૃતિમાં કેન્દ્રે શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમનું નિધન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના થયું હતું. કોઈમ્બતુર કેન્દ્રે પદ્મશ્રી પી. આર. કૃષ્ણકુમાર વારિરજીને તેમની આયુર્વેદ ઔષધિ અને ભારતીય સંસ્કૃતિમાં ઉત્કૃષ્ટ સેવાને કારણે ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૧માં શ્રેષ્ઠ સન્માનરૂપે કુલપતિ મુનશી એવોર્ડથી નવાજ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ખ્યાતનામ પત્રકાર, લેખક અને અર્થશાસ્ત્રી શ્રી અરુણ શૌરી ઉપસ્થિત હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

નડિયાદ કેન્દ્રઃ કલાસમન્વીકરણ ઉપર વેબિનાર

આનંદ સહોદયના સૌજન્યથી નડિયાદ કેન્દ્રે 21 ઓગસ્ટ 2020ના 'શિક્ષણમાં કળાસમન્વીકરણ એક વિહંગાવલોકન' વિષય પર એક સફળ વેબિનારનું આયોજન કર્યું હતું. આનંદ સહોદય જૂથનાં આચાર્યો, વરિષ્ઠ અધિકારીઓ, સહયોગીઓ અને શિક્ષકો મળીને 100 કરતાં વધુ સભ્યોએ એમાં ભાગ લીધો હતો. શિક્ષણમાં કળાસમન્વીકરણ કરવા માટેનાં વિવિધ ઉપોયો અંગે સહુ સભ્યોએ પોતપોતાના સર્જનાત્મક વિચારો રજૂ કર્યા. દરેક સહભાગીએ વિષય પર પોતાનાં સૂચનોથી વેબિનારને સમૃદ્ધ બનાવ્યો. આવા સુંદર આયોજન માટે યજમાન શાળા અને ભવનના નડિયાદ કેન્દ્રના સહભાગી આચાર્યો અને અન્ય સભ્યોએ પ્રશંસા કરીને ધન્યવાદ આપ્યા હતા.

શિક્ષકદિનની ઓનલાઈન ઉજવણીઃ ચંડીગઢ કેન્દ્ર

ભવન્સ ચંડીગઢ કેન્દ્રે વીડિયો વાર્તાલાપ દ્વારા શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહ અને જોમપૂર્વક કરી હતી. વિદ્યાર્થીઓના ઉત્સાહ અને થોડા મહિનાથી અવિરત કામ કરતાં શિક્ષકોનાં સન્માનને લક્ષમાં રાખી કાર્યાલયે મહામારીને માત આપીને સર્વે શિક્ષકોને આ પ્રસંગે કાર્ડ ઈમેલ કર્યા. ઉજવણીમાં રમત, સંગીત અને સુંદર કાવ્યો દ્વારા પુષ્ટિ થઈ હતી. કેબિનેટે મુલાકાત અને પ્રશ્નોત્તરીની આનંદ શ્રેણીનું આયોજન કર્યું હતું. ઉજવણીના સાતત્ય સાથે વહીવટ વિભાગે તેમના શિક્ષકો માટે પરોક્ષ ઉજવણીનું આયોજન કર્યું હતું. લગભગ 28 વર્ષથી જોડાયેલાં શ્રીમતી નિલુ તિવારીએ ભવન સાથેની યાત્રા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ શ્રીમતી સુષ્મા અરોરાએ કાવ્યાત્મક રીતે, શ્રીમતી તલવિન્દર કૌરે સંસ્થાના ભાગરૂપે કદરદાની વ્યક્ત કરી અને વરિષ્ઠ આચાર્યા શ્રીમતી વિનીતા અરોરાએ વિદ્યાર્થી અવસ્થાથી લઈ શિક્ષક સુધીના પ્રયત્નોએ પોતાનું વ્યક્તિગત જીવન કેવી રીતે ઘડાયું તે વાત કરી હતી.

ચંડીગઢ કેન્દ્રના અધ્યક્ષ શ્રી આર.કે. સાબૂએ પોતાના વ્યક્તિઘડતરમાં શિક્ષકોનો કેવો સિંહફાળો રહ્યો છે તે જણાવતાં આજની કપરી સ્થિતિમાં પણ ઉત્તમ પરિણામ લાવવા બદલ શિક્ષકોનું અભિવાદન કર્યું હતું. એમણે શિક્ષકવર્ગને પોતાનાં વિદ્યાપ્રદાનના કાર્યને નિષ્ઠાપૂર્વક વળગી રહેવા અને નવી પેઢીને સંસ્કારથી સુસજ્જિત કરવા પ્રતિબદ્ધ બનવા આહ્‌વાન કર્યું.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

સંજુ વાળા: એ – 77 આલાપ એવન્યુ, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

રમણીક સોમેશ્વર : c/o ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ- (કચ્છ) 370 001, મો. - 9429342100

યોસેફ મેકવાન: 302, એન્જલ ડિવાઈન, સંત કબીર સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-380009.

વિપાશા: vipasha2010@hotmail.com

ગૌરાંગ ઠાકર: એ/401, સેંકટમ હૉમ્સ, જે. કે. મૉટર્સની સામે, પાલ, સુરત

ભાવેશ ભટ્ટ: એચ-503, સ્વામિનારાયણ કેસલ-1, અર્જુન-આશ્રમની પાસે, ગ્રીનસિટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-382481

કિરણકુમાર વી. મહેતા: 'સરસ્વતી કૃપા', ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-385001. જિલ્લો: બનાસકાંઠા (ગુજરાત). મો. 9512405166

સુનીલ કોઠારી: 94/એશિયાડ વિલેજ, ન્યુ દિલ્હી-110049. email: sunilkothari1933@gmail.com

બિપિન પટેલ: 18, આરોહીવિલા, બોપલ, અમદાવાદ-380 058.

ભાણદેવ: સરસ્વતી નિકેતન આશ્રમ, કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન, પો. જોધપુર રીવર, મોરબી-363 642.

ધીરુબહેન પટેલ: ગંગોત્રી બંગલો, સી/8, રાજહંસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

કૌશિક ઘેલાણી: બંગલો નં. 8, પહેલા માળે, જય અંબે સોસાયટી, માકાઈપૂલ રોડ, અડાલજણ, સુરત-9

અમૃત ગંગર: ઈ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૭. ફોન: ૯૮૨૧૩૭૩૫૭૧

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

રાજેશ પંડ્યા: એ/5, ઋતુરાજ સોસાયટી, નૂતન વિદ્યાલય પાસે, કસ્તુરબા નગરની બાજુમાં સમા, વડોદરા-390024.

ગિરીશ ભટ્ટ : પ્રશાંતિ નિલયમ, માધવ નગર, સુરેન્દ્ર નગર, પીન-363001. મો. 6353969139

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

સ્વાતિ સુચક શાહ: સુવર્ણા-2, ટેપ્મી કેમ્પસ, મણિપાલ, કર્ણાટક-567104.

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.



વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

આચાર્ય : આજે તમને નાછૂટકે શાળાએ બોલાવ્યા છે મોહનભાઈ. તમારો છોકરો નિશાળમાં બહુ જ ધાંધલ કરે છે.

મોહનભાઈ : ઈ તો અમારે ઘરમાંય કાળાકોપના ધાંધલધમાલ કરે છે. પણ અમે તમને કોઈ દા'ડો બોલાવ્યા?

☺ ☺ ☺

કાલે સવારમાં છાપું વાંચીને ધક્કો વાગ્યો એમાં લખ્યું હતું કે 'નોબેલ ફોર આશારામબાપુ!'

તરત બીજાં છાપાં પર તરાપ મારી એમાં સ્પષ્ટ લખ્યું હતું કે 'નો બોલ ફોર આશારામબાપુ,'

સાચ્ચે જ યાર સોશિયલ ડિસ્ટન્સિંગ કેટલું જરૂરી છે?

☺ ☺ ☺

લગભગ આઠેક લાખને તો કોરોના ઉપાડી ગયો. પણ એમાંના કોઈએ ચીનના રાષ્ટ્રપતિ કે વૈજ્ઞાનિકોનું ગળું ન પકડ્યું, એકાદ બે ફેંટ નો મારી. સાચ્ચે જ દોસ્ત! મારો તો હવે ભૂતો પરથી બિલકુલ વિશ્વાસ જ ઊઠી ગયો!

☺ ☺ ☺

ડોક્ટર : ક્યાં દુઃખે છે?

દર્દી : ફી ઓછી કરો તો કહું.

ડોક્ટર : ના કરું તો?

દર્દી : તો શોધી લ્યો જાતે!

હાસ્યેન સમાપયેત

શિક્ષક: ''શાહજહાં કોણ હતો?''

મગન: ''કડિયો.''

શિક્ષક ગુસ્સે થઈને: ''કયા ગધેડાએ તને આવું શિખવાડ્યું?''

મગન: ''સાહેબ, તમે જ કાલે કહ્યું હતું કે શાહજહાંએ તાજમહેલ બાંધ્યો હતો.''

☺ ☺ ☺

''ચેસ એક માત્ર એવી રમત છે જેમાં લગ્નજીવનનું સાચું પ્રતિબિંબ ઝિલાયું છે.''

''કઈ રીતે?''

''બિચારો રાજા એક જ ચાલ ચાલી શકે, જ્યારે રાણીને તમામ ચાલ ચાલવાની છૂટ છે.''

☺ ☺ ☺

એક પ્રખ્યાત વકીલને કોઈએ પ્રશ્ન કર્યો, ''રામાયણ અને મહાભારત વચ્ચે શું તફાવત છે?''

વકીલે ફોડ પાડ્યો, ''રામાયણમાં અપહરણનો ફોજદારી ગુનો બને છે, જ્યારે મહાભારતમાં જમીન વિવાદનો દીવાની ગુનો બને છે.''

આ જ પ્રશ્ન જ્યારે પ્રખ્યાત સાહિત્યકારને પૂછવામાં આવ્યો ત્યારે એમણે માર્મિક ઉત્તર આપ્યો, '' હરણનું વસ્ત્ર બનાવવામાંથી નીપજ્યું એ રામાયણ અને વસ્ત્રનું હરણ કરવામાંથી નીપજ્યું એ મહાભારત.''

☺ ☺ ☺

ચિત્રકાર: ''સાહેબ, તમારાં પત્નીનું આબેહૂબ ચિત્ર દોરી આપું. જોઈને તમને થશે કે હમણાં બોલી ઊઠશે.''

પતિ: ''તો રહેવા દે ભાઈ!''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

